
સપ્ટેમ્બર, ૨૦૧૫

પાવન હૃદય

# દૂત

મૂળ સામયિકની સ્થાપના: ૧૯૧૧
વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/-



‘હૃદયમાં હરનિશ રે’જે, કૃપાળ પવિત્ર આત્મા’

# હાર્દિક શુભેચ્છા



## ક્રિસ્ટી રમેશભાઈ યોસેફભાઈ (ગુતાલવાળા)

**નિવૃત્ત શિક્ષક (એમ.એ.બી.એડ્.)**

**જન્મ તા. ૧૯-૯-૧૯૫૫**

ધી ખેડા જિલ્લા આર. સી. મિશન કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ. નડિયાદ
અસ્તિત્વના પારદર્શક પંદર વર્ષ ઊજવી રહી છે. આ સોસાયટીના ચેરમેનશ્રી તરીકે આપે બહુમૂલ્ય સેવાઓ
આપી છે. અને આજેય મૂક સેવક તરીકે આપનો અવિરત સહકારી સાથ મંડળીને મળતો રહે છે.
જેને શિરોધાર્ય લેખી તમામસ ભાસદો આપના પ્રત્યે ઋણાનુભાવ પ્રગટ કરે છે.
અગાધ આયુષ્યની ષષ્ઠીપૂર્તિ સુધી આપે પ્રેરણાદાયી જીવન વિતાવ્યું છે.
શાળાના શિક્ષક તરીકે, સમાજના સેવક તરીકેની આપની ઓળખ રહી છે.
આજે અમો સૌ આપને શુભેચ્છા પાઠવતા
આપના દીર્ઘજીવી તંદુરસ્તીભર્યા જીવનની પ્રાર્થના કરીએ છીએ.

## શુભેચ્છકો

ક્રિસ્ટી અનિલકુમાર એમ. - ચેરમેનશ્રી
ડાભી અરૂણકુમાર એ. - વા. ચેરમેનશ્રી
પરીખ હેતલકુમાર એમ. - મેનેજીંગ ડિરેક્ટરશ્રી
મેકવાન સુનિલભાઈ જે. - જો. મે. ડિરેક્ટરશ્રી
ક્રિસ્ટી દિપકકુમાર વાય. - મંત્રી /મેનેજરશ્રી

### ડિરેક્ટરશ્રી

પરમાર સંદિપ એસ.
ડાયર્સા ફ્રાન્સિસ એસ.
પરમાર મેરીબેન પી.
મેકવાન જોસેફ ડી.
પરમાર રજનીકાંત જે.
પરમાર કેશુભાઈ બી.
પરમાર પ્રકાશભાઈ એચ.

તથા

ધી ખેડા જિલ્લા આર. સી. મિશન કર્મચારી
ધિરાણ અને ગ્રાહક સહકારી
મંડળી લિ. નડિયાદ, જિ.ખેડાના
સર્વ સભાસદ ભાઈ-બહેનો

# HAPPY BIRTHDAY TO YOU !!!



તેના આયુષ્યની મર્યાદા ઠરાવેલી છે
તેના મહિમાઓની ગણતરી તારા હાથમાં છે. (અય્યુબ ૧૪:૫)
ષષ્ઠીપૂર્તિ શુભેચ્છા
ક્રિસ્ટી રમેશભાઈ યોસેફભાઈ
(ગુતાલવાળા)
નિવૃત્ત શિક્ષક (એમ.એ.બી.એડ્.)
જન્મ તા. ૧૯-૯-૧૯૫૫
જન્મ લીધો છે
અમરપટો નથી
માનવી છીએ
તો પછી
શા માટે ભરી દીધી છે જિંદગીને
કડવાશ, તિરસ્કાર, અહંકાર, સ્વાર્થ અને
લોલુપતાથી
પ્રેમ, આનંદ, નમ્રતા, પરોપકારથી
જીવી લો, જિંદગીને
મેળવી લો પ્રભુના સ્વર્ગીય અમરપટ્ટાને
જીવી લો જિંદગીને
પ્રભુને ગળે વળગાળીને.
ચિ. હેત્વી પ્રતીકકુમાર મેકવાન (પૌત્રી)
જન્મ તા. ૧૯-૯-૨૦૧૪
પ્રતીક, નયના, પૂરવ
સમગ્ર મેકવાન પરિવાર
૨ / 'સારપ', ઝેવિયર્સ પાર્ક, નડિયાદ
લાંબા આયુષ્યથી હું તને તૃપ્ત કરીશ, અને તને મારું તારણ દેખાડીશ. - ગીતશાસ્ત્ર

| ૨૫મી પુણ્યતિથિ | | ૧૭મી પુણ્યતિથિ |
|---|---|---|

# શ્રદ્ધાસુમન





| સ્વ. સારાહબેન ગાબ્રિયેલ મેકવાન | | સ્વ. ગાબ્રિયેલભાઈ એમ. મેકવાન |
|---|---|---|
| ૧૭-૯-૧૯૨૬ | આલોકે આગમન | ૦૫-૦૧-૧૯૨૦ |
| ૧૫-૯-૧૯૯૦ | પરલોકે ગમન | ૦૫-૦૪-૧૯૯૮ |

અમોને અતિ વ્હાલા મા-બાપુજી
વટવૃક્ષ બની શીતળ છાયા આપી તમે!
વિશાળ કુટુંબનું, જતન કરી તમે !!
ઉચ્ચ સંસ્કારનાં બીજનું જતન કરી તમે !!!
છોડી અમને મઝધારમાં ચાલ્યા ગયા તમે !!!!

વ્હાલી મા! તારી વિદાયને જોતજોતામાં ૨૫ વર્ષનાં વહાણા વહી ગયાં. તારી છબીમાં તારો પ્રેમાળ ચહેરો નિહાળી તારા જીવનનાં સંભારણા આજે પણ અમારાં નયનોને ભીંજવી દે છે.

વ્હાલી મા! તારી પુણ્યતિથિના ત્રીજા દિવસે આવતી તારી જન્મતિથિ, અમોને પ્રભુ ઈસુના પુનરૂત્થાનની યાદ અપાવે છે તેવી જ રીતે તમો આજેય અમો વચ્ચે એજ નયનરમ્ય હાસ્ય સાથે જીવંત છો.

વ્હાલાં મા-બાપુજી, જીવનમાં અથાગ પરિશ્રમ કરી અસંખ્ય કષ્ટો વેઠી તમે અમ સૌનું જીવનઘડતર કર્યું છે.

અમારાં જીવન પ્રકાશમય, સુખમય બનાવ્યાં છે. પ્રેમ - લાગણી - શ્રદ્ધાનાં સંસ્કારોનું સિંચન કરી તમોએ પ્રભુનાં નિષ્ઠાવાન ચાકરની ફરજ અદા કરી છે. આપની ખોટ ક્યારેય પુરાશે નહીં, આપની યાદ ક્યારેય વિસરાશે નહીં.

સંતોનાં સાનિધ્યમાં અને દૂતોનાં દરબારમાં, ચિરનિંદ્રામાં પોઢી ગયેલ મા-બાપુજી, પરમપિતા આપના દિવ્ય આત્માને અનંત વિરામ અને પરમશાંતિ બક્ષો.

એજ અભ્યર્થના સહ આપની આશિષ, અમીકૃપા યાચીએ છીએ.

આપની પુનિત સ્મૃતિમાં,

ઈલા - ઈગ્નાસ
શીલા - રાજા - જયંત
ઉષા - ડેવિડ

અનિતા - પ્રકાશ
જયા - કનુ
માર્થા - રમેશ
મારીયા - વિનાયકરાવ
વિમળા - પૉલ
તથા સમસ્ત એસ.જી.એમ. પરિવાર





# ૫ મી પુણ્યતિથિ

## સ્વ. આન્દ્રેઆસ પાઉલભાઈ ડાભી

આગમનઃ ૨૧-૦૧-૧૯૩૨

*પિતા કદી મરતા નથી, પિતા હંમેશા સંતાનોમાં દેખાય.*
*પિતાના હેતના મૂલ્ય કદી ચૂકવ્યા ના ચૂકવાય.*
*એકલા હાથે આખો દિવસ તનતોડ મહેનત કરતા*
*છતાં સાંજે ઘોડો થઈ પ્રેમથી અમને રમાડતા,*
*એ બચપણને યાદ કરીને આંખો ભીની થાય.*
*અમને આભમાં ઊડાડવા ધૂળમાં બાપુ તમે રઝળતા,*
*અડધું ખાતા, અડધું સૂતા, ચિંતાનો ડુંગર લઈને ફરતા,*
*સંતાનો માટે તમે જે વેઠ્યું, કદીના વિસરાય.*
*પ્રેમના મીઠાં ઝરણાં સામે દુનિયાના સૌ દરિયા ખારાં,*
*તમે એવા ઓઠા, અમે પણ તમ વિણ સાવ નોંધારા,*
*સદા આશીર્વાદ આપતા હાથ હજી દેખાય.*
*તમ અજવાળું હજી અમારે મારગડે રેલાય,*
*પિતા કદી મરતા નથી, પિતા હંમેશા સંતાનોમાં દેખાય.*



પ્રયાણઃ ૧૯-૦૯-૨૦૧૦

આપનાં દુઃખી ધર્મપત્ની
**લેટિસ્યા આન્દ્રેઆસ ડાભી**
ક્રિશ્ચિયન સ્ટ્રીટ, વડતાલ

આપના સંતાનો

દિપક ડાભી
પિનલ ડાભી
ઍગ્નેલ ડાભી (રિક્કી)
નડીઆદ

સુનિલ ડાભી
સેજલ ડાભી
શ્રેય ડાભી (બબલુ)
વડોદરા

રશ્મિકાંત ડાભી
હેમા ડાભી
ઋત્વી ડાભી (ખુશી)
આણંદ

અનિકેત ડાભી
શીલા ડાભી
આદિત્ય ડાભી (આદિ)
વડતાલ

*Listen to me, distant nations, you people who live far away!*
*Before I was born, the lord chose me and appointed me to be His servant.*
*Isaiah 49:1*

# Hearty Congratulations!
# for silver Jubilee of Concecrated Life



***Our Dearest Sr. Smruti***

May God Shower His Precious Blessings upon you.
May God give you good health and peace of mind.

**From :**

| | |
|---|---|
| **Johnbhai-Reginaben** | **(Papa - Mummy)** |
| **Rajesh - Sunita** | **(Bhai - Babhi)** |
| **Alpesh-Sneha** | **(Bhai - Babhi)** |
| **Stuti - Rozar** | **(Niece - Nephew)** |

*"Sangita - Smruti", Christian Street,*
*Sarkar Pole, Karamsad*

**Publisher's Name**
**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**
Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**
**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**
**Anand Press**
P.B. No. 95,
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**
**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રી:**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રી:**
જસવંત મેકવાન (મો: ૯૪૨૭૩ ૮૨૯૯૭)

**સહતંત્રી:**
શૈલેષ ક્રિસ્ટી (મો: ૯૪૨૭૦ ૦૪૦૦૨)

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેસ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
સ્નેહલતા ભાટિયા

**લવાજમ, જાહેરાત અને પ્રસાર**
ઈલોમીના એ. મહિડા

**ટાઈપ સેટિંગ:** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈન:** વિજય મેકવાન



# અનુક્રમણિકા

**તંત્રીલેખ**
રોકાણ કરીએ ✦ જસવંત મેકવાન ૦૯

**કાવ્યધારા (સંપાદક: ડો. સિલાસ પટેલિયા)** ૧૨
રમેશભાઈ મેકવાન ✦ સૂર્યકાન્ત ડી. પરમાર 'સૂર' ✦ નટુભાઈ વાઘેલા ✦ બકુલ મેકવાન ✦ ડો. સિલાસ પટેલિયા

**તમારો પત્ર** ૧૩
'રાજબંધુ' જયંત એમ. પરમાર ✦ પ્રા. રેમંડ આર. પરમાર ✦ ફ્રાન્સિસ ગાલુસ મેકવાન ✦ અમિત ચૌહાણ ✦ રમણ ગાલુસ મેકવાન

**લેખો**
માનવવિકાસમાં શિક્ષણ... ✦ બ્રધર અંતોની રાયપ્પણ ૧૫
સ્વ. ડો. કલામને સલામ ✦ ઈન્દુ રાવ ૧૬
સેમેસ્ટર પદ્ધતિમાં મૂલ્યાંકન ✦ ઈગ્નાસ મેકવાન ૧૮
અગમચેતી પ્રણાલી ✦ ફાધર આઈવન ડી'સોઝા એસ.ડી.બી. ૨૦
મુક્તિદાતાનાં માતા ✦ ફાધર રિચર્ડ લોપીસ ઈ.સં. ૨૨
કૂંખ ✦ અજ્ઞાત ૨૪
ક્રૂસનો જયઘોષ ✦ સિસ્ટર રેશ્મા માનુએલ ૨૫
દીકરી બચાવો : માત્ર નારાવાદ! ✦ ફાધર જોસેફ પરમાર ઈ.સં. ૨૬
અક્ષરોના અજવાળે દીઠી કાલ ✦ ડો. સિલાસ પટેલિયા ૨૮

**કિશોરમિત્ર (સંપાદક: રાજેશ ક્રિશ્ચિયન)** ૩૧-૩૪
પુરોહિતથી ધર્માધ્યક્ષ અને મહાધર્માધ્યક્ષ ✦ ફાધર નિલેશ પરમાર ૩૬
મહાધર્માચાર્યને પ્રણામ ✦ સંકલન : સહતંત્રી ૩૮
પુનિત ક્રૂસની પ્રતિષ્ઠા ✦ જાસીન્તા સી. ડાભી ૪૦
ધર્મજનોના ધર્માધ્યક્ષશ્રીના સાંનિધ્યમાં ✦ સંકલન : સહતંત્રી ૪૨
ગ્રીનસ્કૂલ ✦ શ્રી. જે. પી. પરમાર અને તંત્રી ૪૬
ચાલો ફરવા જઈએ ✦ રાજેશ ક્રિશ્ચિયન ૪૮

**પંખીની પાંખે (સંપાદક: શૈલેષ ક્રિસ્ટી )** ૫૫


**આવરણ:** 'મારો આત્મા હું એના પર ઉતારીશ અને એ દેશવિદેશની પ્રજાઓમાં ધર્મની ઘોષણા કરશે.' (માથ્થી ૧૨:૧૫) પરમપિતાએ ભગવાન ઈસુ ખ્રિસ્ત અને પ્રેષિતોને પવિત્ર આત્માનું વરદાન આપ્યું છે. ધર્મસભાની દૃશ્ય ઉપાસનાવિધિઓ મારફતે આજે પણ શ્રદ્ધાળુઓમાં પવિત્ર આત્માનો સંચાર થાય છે જે ધર્મસભાને વેગ આપે છે.

આ અંકમાં અને કિશોરમિત્રમાં લીધેલ ફોટોગ્રાફ્સ સૌજન્ય: ગુગલ




"વિટંબણાઓના બોઝથી લદાયેલા આપણે હારી થાકી જઈએ ત્યારે જ માતા મારિયા આપણી પડખે ઊભાં હોય છે. જે ખ્રિસ્તીજન માતા મારિયાનો મા તરીકે અનુભવ કરતો નથી તે મા વિહોણા હોય છે!"

## ગુજરાતના
## કેથલિકોનું સર્વાંગી માસિક



✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કૅથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કૅથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્‌ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.


**લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું**

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

**કાર્યાલયનો સમયઃ**

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847**
**http://www.gspbooks.in/periodicals.php**
**e-mail : phdoot@gmail.com**


**લવાજમ**

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૪૫૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

**એપ્રિલ, ૨૦૧૫ 'દૂત' અંકથી જાહેરખબરના નવા દર**

| | |
|---|---|
| છેલ્લું કવરપેજ | : રૂા. ૧૨,૫૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : રૂા. ૧૧,૦૦૦ |

**અંદરના સામાન્ય પેજ**

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૭,૨૦૦ |
| અર્ધું પેજ | : | રૂા. ૩,૬૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૧,૮૦૦ |
| ટચુકડી | : | રૂા. ૦,૬૦૦ |

**જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.**

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

**લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત**

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.


'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧
**Ph. (Office) : (02692) 241578 / 240161**

**Mob. 94084 20847 e-mail : phdoot@gmail.com**



## તંત્રીલેખ...



# રોકાણ કરીએ

એક તોફાની રાતે, ચાલીસી વટાવી ગયેલ એક દંપતી, નાનકડી હોટલમાં રાતવાસો ગાળવા, એકાદ ઓરડો ફાળવવા, સામે ઉભેલા રીસેપ્શનીસ્ટને વિનંતી કરે છે. મૂશળધાર વરસાદ પડતો હતો. વાદળોનો ગડગડાટ અને વીજળીનો ચમકાર રાતના અંધકારને વધારે ભયાનક બનાવી રહ્યો હતો. હોટલના રીસેપ્શનીસ્ટએ વિનયથી જણાવ્યું : 'આપના જેવા સદ્‌ગૃહસ્થ દંપતીને આવા સમયે ઈન્કાર કરવાની મારી હિંમત ચાલતી નથી, પણ વાસ્તવિકતા એ છે કે, શહેરમાં મહત્ત્વપૂર્ણ અધિવેશનને કારણે બધીજ હોટલ ખીચોખીચ ભરેલી છે. જો આપને વાંધો ન હોય તો મારી ઓરડી આપને આપી શકું!' દંપતી આનાકાની કરતું રહ્યું અને રીસેપ્શનીસ્ટ આગ્રહ કરતો રહ્યો, છેવટે તેઓ રોકાયાં.

બીજા દિવસે સવારે મહેમાન દંપતી બિલ ચૂકવવા માટે કાઉન્ટર પર આવ્યાં, તેમણે ઘણો આગ્રહ બલ્કે દૂરાગ્રહ કર્યો પણ રીસેપ્શનીસ્ટ એકનો બે ન થયો. 'આપે બિલ ચૂકવવાની જરૂર નથી કારણ એ તો મારી ઓરડી હતી જે ભાડે આપતા નથી.' દંપતી આગ્રહ કરતું ઉભું રહ્યું, થોડીવાર પછી પેલા સદ્‌ગૃહસ્થે રીસેપ્શનીસ્ટને કહ્યું, 'તમે એક એવા મેનેજર છો, જેઓ અમેરિકામાં સર્વોત્તમ હોટલના માલિક હોવા જોઈએ.' તેમની વાત સાંભળી રીસેપ્શનીસ્ટએ સ્મિત કર્યું અને વાતને મજાક માની, તેમને વિદાય આપી રોજના કામકાજમાં જોતરાયો.

થોડાંક વર્ષ પછી, પેલા સામાન્ય રીસેપ્શનીસ્ટને અમેરિકાથી પેલા સદ્‌ગૃહસ્થનો પત્ર મળ્યો જેમાં પેલી ભયંકર રાત્રીમાં કરેલા ઉપકારની પ્રસન્નતા ફરી યાદ કરી હતી. અને થોડા દિવસ મહેમાનગતિ માણવા આમંત્રણ પાઠવ્યું હતું એટલું જ નહીં તેમાં આવવા-જવાની મુસાફરીની ટિકિટ પણ બીડાણ હતી. અમેરિકા પહોંચ્યા બાદ પેલા સદ્‌ગૃહસ્થ આ ભારતીય રીસેપ્શનીસ્ટને એક નવી જ ઈમારતના આંગણમાં લઈ ગયા, 'આ હોટલ છે, જેના મેનેજર આપ હશો.' પેલો રીસેપ્શનીસ્ટ હજુ માની શકતો ન હતો, તેણે આવી મજાક ન કરવા વિનંતી કરી, ત્યારે પેલા સદ્‌ગૃહસ્થે પોતાની ઓળખ આપતાં જણાવ્યું 'મારુ નામ વિલિયમ વાલ્ડ્રોફ એસ્તોર છે. આ હોટલ મારી માલિકીની છે, આખી ઈમારતનો માલિક હું છું.' પેલો યુવાન સાંભળતાં જ અવાક થઈ ગયો. મૂળમાં તે હોટલું નામ - વાલ્ડ્રોફ એસ્તોરિયા હતું, ન્યુયોર્કની ગણનાપાત્ર હોટલોમાંની એક, જે યુવાન તેનો પ્રથમ મેનેજર બન્યો એનું નામ હતું જ્યોર્જ સી. બોલ્ટ.

અમેરિકન લોકપ્રિય પ્રોત્સાહક જોન મેસોન નોંધે છે : 'કઠે ત્યાં સુધી આપો' માં કોઈ ત્યાગ ભાવના નથી, તે એક રોકાણ છે, કઠે ત્યાં સુધી આપશો નહીં, તેના કરતાં સારું લાગે ત્યાં સુધી આપો. ઉદાર, સમૃદ્ધ બનશે. અન્યને મદદરૂપ બનવા જતાં સ્વયમ્ મદદને પાત્ર બને છે. ઉપરોક્ત સત્ય ઘટના વાંચ્યા પછી નથી લાગતું કે ઉદારતાનું રોકાણ આપણને સર્વોચ્ચ વળતર આપી શકે એમ છે!

બાઈબલના જૂના કરાર (૧ રાજાઓ : ૧૭)માં સારફતની વિધવા અને પયગંબર એલિયાની હૃદયસ્પર્શી કથા છે. પ્રભુની વાણી અનુસાર એલિયા સારફતના સિદોન ગામમાં ગયો. ગામની ભાગોળે એક વિધવાને લાકડાં વીણતી જોઈ. એલિયાએ કૂંજામાં થોડું પાણી અને થોડો રોટલો લાવવા હાંક મારી. પેલી સ્ત્રીએ કહ્યું, 'તમારા ઈશ્વરના સમ, માટલીમાં મૂઠી લોટ અને બરણીમાં થોડું તેલ છે એ સિવાય મારી પાસે કશું ખાવાનું છે નહિ. આ હું બે ચાર લાકડાં ભેગાં કરું છું જેથી જઈને મરવા પહેલાં મારે માટે અને મારા દીકરા માટે કંઈ રાંધી શકું.' એલિયાએ કહ્યું : 'ગભરાઈશ નહિ, જા ને એ પ્રમાણે કર. પણ પહેલાં તારી પાસે જે કંઈ છે, તેમાંથી મારે માટે એક ચાનકી બનાવી લાવ, અને ત્યાર પછી તારા દીકરા માટે અને તારે માટે બનાવજે. પ્રભુનું વચન છે કે, પ્રભુ ભૂમિ પર વરસાદ ન મોકલે ત્યાં સુધી માટલીમાંનો લોટ કદી ખૂટશે નહિ અને બરણીમાંનું તેલ ખલાસ થશે નહિ.'

સારફતની વિધવાએ એલિયાના કહેવા પ્રમાણે કર્યું, પરિણામે પ્રભુનાં વચન પ્રમાણે પયંગબર અને પેલી બાઈના કુટુંબને ખાવાનું ખૂટ્યું નહિ. કથામાં આગળ વધતાં વિધવાનો દીકરો માંદગીમાં મરણ પામ્યો. પેલી સ્ત્રીએ પયગંબરને અરજ કરી. એલિયાએ તેના પર પ્રાર્થના કરી અને વિધવાના દીકરાને જીવનદાન મળ્યું.

નવા કરાર (માથ્થી ૧૦:૪૦-૪૨)માં ઈસુ 'સત્કાર્યનો બદલો'માં સીધો જ હિસાબ પરખાવે છે. 'જે તમારો સત્કાર કરે છે તે મારો સત્કાર કરે છે, અને જે મારો સત્કાર કરે છે તે મને મોકલનારનો સત્કાર કરે છે. જે કોઈ પયગબરનો પયગંબર લેખે સત્કાર કરે છે, તેને પયગંબરનો બદલો મળશે, અને જે કોઈ સાધુજનનો સાધુજન લેખે સત્કાર કરે છે તેને સાધુજન લેખે બદલો મળશે.' એટલે પ્રભુને નામે પધારનારનો સત્કાર કરવામાં પણ સાર છે. આપણી સંસ્કૃતિની 'અતિથિ દેવા ભવ:'ની ભાવના અહીં ઉજાગર થાય છે.

માથ્થીના ગ્રંથમાં એક સામાન્ય સત્કર્મને પણ લેખામાં આવશે તેની ખાતરી પ્રભુ ઉચ્ચારે છે : 'જે કોઈ આ નાનેરા જનોમાંના એકાદને મારા શિષ્ય લેખે પ્યાલો ઠંડુ પાણી પણ પાશે તેને હું ખાતરીથી કહું છું કે, તેનો બદલો મળ્યા વગર નહિ જ રહે.'

'સંન્યસ્તજીવન વર્ષ'ની ઉજવણીમાં રંગ લાવી દે તેવું સંન્યસ્તો કે શ્રદ્ધાળુઓ માટે ઈસુ (માથ્થી ૧૭:૨૯)નું વચન તો જુઓ : 'જેણે જેણે જેણે મારે નામને ખાતર ઘરબાર, ભાઈબહેન કે છૈયાંછોકરાંનો અથવા ખેતરજમીનનો ત્યાગ કર્યો હશે છે, તેને સો ગણું પાછું મળશે અને તેઓ શાશ્વતજીવન પ્રાપ્ત કરશે.'

ઠેકઠેકાણે ઈસુ માનવને સત્કર્મ કરવા શીખ, આદેશ, પ્રોત્સાહન, પ્રેરણા આપે છે. અંતિમ ન્યાય (માથ્થી ૨૫:૩૧-૪૬) માં ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, અજાણ્યા પ્રવાસીને આશરો, ઉઘાડાને વસ્ત્ર, માંદાની અને કેદીની મુલાકાત કરનારને શાશ્વત જીવનની લહાણી કરવાનું વરદાન અને એમ ન કરનારને શાપિત ગણી શાશ્વત અગ્નિની સજાની ચેતવણી પણ આપે છે. સરપાવ આપવા માટે એક જ બાબત નિર્દેશ કરે છે : 'આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે જે કંઈ કર્યું છે તે મારે માટે જ કર્યું છે.' (માથ્થી ૨૫:૪૦)

ભગવાન ઈસુનું ઉપરોક્ત વિધાન ઘણીવાર આપણા વાંચવામાં, સાંભળવામાં આવ્યું હશે અને તેની અસર પણ થઈ હશે, પરંતુ વડાધર્મગુરુ લિયો ૧૩માએ જેમને 'તમામ સેવાકાર્યના રક્ષક સંત' તરીકે જાહેર કર્યા છે, તેવા સેન્ટ વિન્સેન્ટ દે પોલે સમગ્ર જીવન 'અદના આદમીની સેવા'માં ગાળ્યું તેનું પ્રેરકબળ આ વચન માત્ર હતું. બાળપણમાં એક ગરીબ ભિખારીની આજીજી સાંભળી બચાવેલી ૩૦ પેની આપી દીધી હતી, 'જે ગરીબમાં ગરીબને મદદ કરે છે તેને ઈસુ ખૂબ ચાહે છે' એવી સમજ તેમનામાં બાળપણમાં જ હતી. કંગાળ-ગરીબને મદદરૂપ બનવા જ તે ધર્મગુરુ બનવાનો વિચાર કરે છે, તેમના માબાપની સ્થિતિ પણ સામાન્ય હતી એટલે પુરોહિતની તાલીમ પૂર્વે ઉચ્ચશિક્ષણનો ખર્ચ કાઢવા પરિવારના નિર્વાહના એકમાત્ર સાધન બળદો માબાપે વેચી નાખ્યા હતા! 'હે પ્રભુ, ગરીબોની સેવા માટે મને ઉત્તમ માધ્યમ બનાવજે.' એ વિન્સેન્ટની નિત્ય પ્રાર્થના હતી.

પુરોહિત બન્યા પછી પણ ધનવાનોને વૈભવી જીવન છોડી ગરીબને સહાય કરવા ઉપદેશ આપતા હતા : 'જેઓ ગરીબની ઉપેક્ષા કરે છે તેઓ પ્રભુની ઉપેક્ષા કરે છે.' સંત વિન્સેન્ટના ઉપદેશની ઘણા લોકો પર અસર થઈ, તેઓ પોતાની સંપૂર્ણ બચત ગરીબોને આપવા આગળ આવ્યા. હજારો સ્ત્રીપુરુષો વિન્સેન્ટનાં સેવાકાર્યમાં સહભાગી બન્યા, તેમના માટે તેઓએ સંગઠનની રચના કરી. વિન્સેન્ટ અને સાથીદારો, ખેતીવાડીમાં રોકાયેલા ખેતમજૂરોને, ધાર્મિક જીવનથી કંટાળેલા લોકોને, કારાવાસમાં સજા ભોગવતા કેદીઓને, જહાજ પર કામ કરતા ગુલામોને, સુધારણાની આવશ્યકતાવાળા પુરોહિતગણને, પેરિશમાં દવાખાનામાંના દર્દીઓને, રક્તપિત્તિઓને, અનાથ(૪૦,૦૦૦)બાળકોને, યુદ્ધો અને ભૂખમરાને કારણે મરણ પામેલાઓ (અંત્યોષ્ઠિમાં)ને મદદરૂપ બન્યા હતા.

વિન્સેન્ટની તન મન ધનની ઉદારતાને કારણે, તેમણે સ્થાપેલા મિશન સંઘના ઉપયોગ માટે એક જમીનદારે ૧૨૦ એકર જમીન ભેટમાં આપી, મિશન કેન્દ્રની મુલાકાત માટે, લેડી અગ્યુલિને ઘોડાગાડી ભેટ આપી હતી, રોગીઓને સંસ્કાર મેળવી, પ્રાર્થના કરતાં કરતાં પવિત્ર મોતને શરણ તેઓ થયા, તેમની દફનવિધિ પૂર્વે જ લોકોએ તેમનો સંત તરીકે આદર કર્યો હતો. છેવટે ૧૬ જૂન, ૧૭૩૭માં વડાધર્મગુરુ ક્લેમેન્ટ ૧૨માએ વિન્સેન્ટને સંત જાહેર કર્યા હતા, તેમના પવિત્ર અવશેષોને હજુ પેરિશમાં જાળવી રાખવામાં આવ્યા છે.

સવારે જાગ્યા અને રાતે સૂતા, તે વચ્ચે દિવસભરમાં ક્ષણવાર, એકવાર પણ 'અદના આદમી' વિશે વિચાર કર્યો હોય તેવા કેટલા વ્યક્તિ હશે! વિચારને સદાચરણમાં અમલમાં મૂક્યો હોય તેવા કેટલા હશે! અવળચંડુ મન આડીઅવળી ગણતરીમાં પડી જશે, પણ એની જરૂર લાગે છે? હું મારી જાતને પ્રશ્ન કરું તો ઉચિત લેખાશે. ભગવાન ઈસુએ જે આમ આદમીની તરફેણ કરી છે, તેના વિશે વિચારવા, તેને સહાયરૂપ બનવા હું શું કરું છું, એ મારા ઉધ્ધાર માટે અનિવાર્ય છે.

ઈ.સ ૧૯૧૩માં સાહિત્યમાં પ્રથમવાર એક બિનયુરોપિયન તરીકે નોબેલ પ્રાઈઝ મેળવનાર કવિકુલગુરુ રવીન્દ્રનાથ ટાગોરની એક સુપ્રસિદ્ધ વાર્તા જ્ઞાનદ્યોતક છે. એક દિવસ સવારે, એક ભિખારીએ ઘર છોડતાં પત્નીને ઝોળીમાં થોડા ચોખા નાખવા કહ્યું, જેથી લોકો માની શકે કોઈકે ભીખ આપી છે; ખાલી ઝોળીમાં કોઈને કંઈ પણ આપવાનું પસંદ ન પણ પડે! ભિખારણે થોડા ચોખા ઝોળીમાં નાખ્યા અને ભિખારી ભીખ માટે નીકળી પડ્યો. રસ્તામાં તે મનોમન વિચાર કરવા લાગ્યો કે આજે વિશેષ અમાવસ્યા છે, આજે મેળો હશે, ઝોળી ભરીને ભીખ મળશે.

ભિખારી રાજમાર્ગ પર પહોંચ્યો અને ત્યાં જ તેના સાંભળવામાં આવ્યું કે રાજા સુવર્ણરથમાં થોડીક વારમાં આવી રહ્યા છે. આજે અંગરક્ષક કે અન્ય સેવકો વિના રાજા એકલા સુવર્ણરથમાં સવાર હતા એટલે તેમની નજીક પહોંચી મનવાંછિત દક્ષિણા માગી લેશે. રાજા પાસેથી શું માગવું તેનાં દિવાસ્વપ્ન જોવા તે લાગ્યો. ભિખારી જ્યાં ઉભો હતો ત્યાંજ આવીને રાજાનો રથ ઉભો રહ્યો, ભિખારી જ્યાં હાથ લંબાવે તે પહેલાં જ રાજાએ સુવર્ણરથમાંથી નીચે ઉતરી ભિખારી સામે હાથ લંબાવ્યો. રાજા, એક ભિખારી પાસે ભીખ માગી રહ્યો છે, એમ ભિખારી માનવા તૈયાર ન હતો, પણ રાજાએ ભિખારીને કંઈક આપવા આગ્રહ કર્યો. આજે મારી ઝોળી રાજાના દાનથી છલકાઈ જશે એમ માનતો ભિખારી રાજાને શું આપી શકે? રાજા તો આપનાર અને ભિખારી તો અંતે લેનાર.

રાજાએ ભિખારીને કહ્યું, 'હું જાણું છું ભિખારી માગણ છે પણ આજે હું તકલીફમાં છું, મને તારી પાસેથી દાન જોઈએ છે, એક જ્યોતિષીએ જણાવ્યું છે કે આપણો દેશ સંકટમાંથી પસાર થઈ રહ્યો છે, આ સંકટમાંથી ઉગારવાનો રસ્તો જ્યોતિષીના પ્રમાણે રાજમાર્ગ પર મળનાર સૌ પ્રથમ વ્યક્તિ પાસેથી ભીખ માંગવી અને તમે પ્રથમ વ્યક્તિ છો, મને મદદ કરો, તમારી પાસે જે કંઈ હોય, થોડામાંથી થોડું મને આપો.' ભિખારી આનાકાની કરવા લાગ્યો, રાજા વિનંતી કરતો રહ્યો, આખરે ભિખારીએ ઝોળીમાં હાથ નાખ્યો અને થોડાક ચોખાના દાણા રાજાના હાથમાં મૂક્યા. રાજાએ ભિખારીનો આભાર માન્યો અને સુવર્ણરથમાં પાછા ગયો.

ભિખારી નાખુશ હતો કારણ રાજા પાસેથી કંઈ મળવાને બદલે ગાંઠના ચોખા ગયા! તે મેળામાં ગયો જ્યાં રૂપિયા-પૈસામાં ઘણુંયે મળ્યું, ઝોળી લગભગ ભરાઈ ગઈ, તેમ છતાં રાજાને આપેલ ચોખાનો તેને અફસોસ થતો હતો. ઘેર પત્ની આગળ પણ એજ અફસોસ ફરી અને ફરી વ્યક્ત કર્યો. ભિખારીની પત્નીએ ઝોળી ખાલી કરી અને દરેક વસ્તુ અલગ કરી, ત્યારે તેના જોવામાં આવ્યું કે ત્યાં કેટલાક સોનાના ચોખાના દાણા હતા. ભિખારીને તરત જ સમજાયું કે, આ એટલા જ દાણા છે જેટલા તેણે રાજાના હાથમાં મૂક્યા હતા. તે બૂમ પાડી ઉઠ્યો, 'હે પ્રભુ, મેં આખી ઝોળી રાજાના હાથમાં છલકાવી દીધી હોત તો...'

દસ હજાર રૂપિયાનો કમાણીદાર દસ રૂપિયા આપવામાં રડમસ થઈ જાય છે. આપ્યું તેને યાદ કરીને જે મળ્યું છે, તેનો આનંદ વિસારે પાડીએ છીએ. ભગવાને જે આપ્યું છે, તેનો આભાર માનીએ, સંતોષી બનીએ, આપીને રોદણાં રડીને સમય અને શક્તિ ખર્ચીએ તો! તે આપણું સ્વાસ્થ્ય બગાડી શકે.

પરંપરાગત તીર્થધામ અને કેટલાક જ્ઞાતિ સમુદાય ઘણે ઠેકાણે 'અન્નક્ષેત્ર' અથવા 'રાહતદરે રસોડાં' નિભાવે છે, તે સમાજનું જમા પાસું છે. દાનવીરોની ઉદારતાને કારણે જ સતત ચાલતાં રહે છે. સમયાંતરે તેમાં શુષ્કતા આવે છે, કેવળ યંત્રવત નવો દિવસ ઉગતો હોય છે, એમાં લાગણીની ઉષ્મા નહિવત રહેવા પામે છે, ત્યારે મક્કમ નિર્ધાર જ આપણને ઈશ્વરદત્ત સહાનુભૂતિ વડે સહાય કરવા પ્રેરે છે, સતત સેવારત રાખે છે.

'ઈન્ટિરિયર ડીઝાઈન'ના વ્યવસાયમાં કાર્યરત ૩૬ વર્ષીય અઝહર મકસુઈ, જરૂરિયાતમંદને પહોંચી વળવામાં સફળ રહ્યા છે. પિતાના મૃત્યુ પછી માએ ભારે સંઘર્ષ કરી, અઝહર અને તેના ભાઈભાંડુએ ઉછેર્યાં હતાં એટલે 'ભૂખ' શું છે, તે તેણે અનુભવ્યું છે. 'ભૂખ'ની વ્યગ્રતાએ તેને 'ભૂખ્યાને ભોજન આપવા મજબૂર કર્યો છે, એક દિવસ પોતાની કાર બ્રેકડાઉન થતાં, પુલ નીચે પગપાળા ચાલવાનો અવસર આવ્યો. પુલ નીચે લક્ષ્મી નામની એક અપંગ સ્ત્રી ભૂખને કારણે વલોપાત કરી રહી હતી, પૂછપરછ કરતાં, ચાર દિવસથી તે ભૂખી હતી. અઝહરે પોતાનું ટિફિન તેને ખવડાવ્યું. બીજા દિવસે અઝહરની પત્નીએ ૧૫ લોકો માટે રાંધી આપ્યું. ભૂખ્યાંની સંખ્યા વધતાં રોજમદાર રસોઈઆની મદદ લીધી, અને ફ્લાય ઓવરની ખુલ્લી જગ્યામાં રસોડુ કરી હૈદરાબાદમાં દાબીરપુરા પુલ નીચે હવે રીતસર અન્નક્ષેત્ર શરૂ કર્યું. હાલમાં રોજના સો જેટલા ભૂખ્યાંને ભોજન આપે છે. એક હાથે શરૂ કરેલ આ અન્નદાનયજ્ઞમાં પ્રતિ મહિને નવા નવા મિત્રો-શુભેચ્છકો જોડાય છે. કોઈપણ સંજોગોમાં તે બંધ કરવાનો વિચાર કરતો નથી.

પુલ નીચે આવનાર ભૂખ્યા જનને દિવસમાં એકવાર તો નિશ્ચિતરૂપે ભોજન આપવાની તેની નેમ છે. એક માણસનો એકાદ સદ્‌વિચાર સુંદર પરિણામ લાવી શકે તેનો આ પ્રત્યક્ષ અનુભવ છે.

સદ્‌વિચાર - સદ્‌ભાવનાને રોજબરોજના વ્યવહારમાં જીવનમાં આચરણમાં મૂકવા સંખ્યાબંધ તક આપણને મળી શકે એમ છે.

આપણી આજુબાજુના વિશ્વમાં પ્રવર્તમાન ગરીબી, એકલતા, હતાશા અને અડચણમાંથી આમ આદમીને ગૌરવ અને રાહત આપવા આપે પસંદગી કરવાની છે.

આપના ઉત્સાહ, નિર્ણાયકબળ, અને કર્તવ્યનિષ્ઠાના મૂલ્યોને ડગલેને પગલે આચરણમાં મૂકવા જીવનરાહ આપે શોધવાનો છે.

સત્કર્મનો આરંભ કરીએ તો મિત્રો-શુભેચ્છાનો સહયોગ અચૂક પ્રાપ્ત થશે.

સેવાની શાળામાં જીવનશિક્ષણના-માનવતા અને સાદગીના પદાર્થપાઠ શીખવા મળશે, જ્યાં સર્વોત્તમ મિત્રનો મેળાપ અને અમાપ આધ્યાત્મિક ફાયદો આપને થશે.

સૌથી શ્રેષ્ઠ બાબત, આમ આદમીની ચાહત દ્વારા સદા પરમાત્માનો સાક્ષાત્કાર તમને થશે. જો આપને યોગ્ય લાગે તો —

જરૂરિયાતમંદના જીવનમાં સુખની એકાદ પળ ઉભી કરવા એકાદ સત્કર્મ કરો. આ સત્કર્મ સમય, નાણાં, આશ્વાસન એમ કોઈપણ પ્રવૃત્તિ દ્વારા શક્ય બને.

શક્ય હોય આજુબાજુમાં કોઈ સેવાભાવી મંડળ હોય તો તેના સભ્ય બનો. મંડળને યોગ્ય સહાય કરો.

એકાદ અઠવાડિયામાં એકબે કલાક જરૂરિયાતમંદ માટે ખર્ચવાની તમન્ના, આપણને આધ્યાત્મિક શાંતિ આપશે જે આપણા તનમનને આરોગ્ય આપશે.

જરૂરિયાતમંદને મદદરૂપ બનવાની પ્રત્યેક શ્રદ્ધાળુની પવિત્ર ફરજ છે, એટલે એકલા હાથે પણ કરી શકીએ, પણ સંગઠનમાં સહાયભૂત થવાથી, સેવાભાવીઓનો સંગ સત્સંગ બની જશે, જે આપણું જીવન સફળ અને સાર્થક કરશે. રાહ જોવાની, ઝાઝુ વિચારવાની જરૂર નથી, પરમાત્મા આપણી પડખે ઉભા છે, જીવનદાન કરીને જીવન આનંદ લૂંટીએ. યાદ રાખીએ :

'કભી પ્યાસે કો પાની પિલાયા નહીં, બાદ અમૃત પિલાને સે ક્યા ફાયદા;
કભી ગિરતે હુએ કો ઉઠાયા નહીં, બાદ આંસુ બહાને સે ક્યા ફાયદા!'

રોકાણ કરીએ તો વળતર મળનાર જ છે. 'ક્ષમા કરશો તો ક્ષમા પામશો, આપશો તો પામશો. માપ ખાસું દબાવીને, હલાવીને અને ઉભરાતું તમારા ખોળામાં રેડવામાં આવશે. જે માપથી તમે ભરી આપશો તે માપથી જ તમને ભરી આપવામાં આવશે. (લૂક ૬:૩૮)

— જસવંત મેકવાન

Email : jasvantmacwan@ymail.com

***ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષપદેથી નિવૃત્ત મહાધર્માધ્યક્ષશ્રી પરમપૂજ્ય સ્તાનિસલાઉસ ફર્નાન્ડીસ એસ.જે.ને નિરામય દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થનાઓ અને મહાધર્માધ્યક્ષ સ્થાને પદારુઢ પરમપૂજ્ય મહાધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાનને પરમેશ્વરના અબાધિત વરદાન પ્રાપ્તિ માટે હાર્દિક શુભેચ્છાઓ.***

***'દૂત' પરિવાર***

# કાવ્યધારા



### પામવાના પ્રયત્નો

કોઈ કહે છે અહીં છે,
કોઈ કહે છે ત્યાં છે,
કોઈ કહે સજીવ છે
કે કોઈ આત્મા છે!
તને શોધવાને જતન કરું છું,
તને પામવાના પ્રયત્નો કરું છું.
કોઈ કહે વગડામાં કે પહાડમાં મળે,
તું ક્યારેક વાયરામાં કે
મૌનમાં મળે તું!
દરેક ધર્મસ્થાને ભજન કરું છું,
તને પામવાના પ્રયત્નો કરું છું.
તારું જ છે આ સર્જન ને
તું જ નથી હાજર,
ખૂંદી વળ્યો હું પર્વત
ને જંગલોની ચાદર!
તારી અજાયબીને નમન હું કરું છું,
તને શોધવાના પ્રયત્નો કરું છું!
સંતાઈને રહેવામાં
તુજને મજા શી આવે,
તારો દયાળુ ચહેરો
કાં અમને તું બતાવે!
તારા અનામી નામનું
સ્તવન હું કરું છું,
તને શોધવાના પ્રયત્નો કરું છું!

*— રમેશભાઈ મેકવાન*

### યાદ

ભૂલવું શું એ જાણતો નથી,
આપણો સાથ વિસરાતો નથી!
ભૂલ મારી છે કે તમારી,
ભૂલ ભૂલાતી નથી!
તમે અમારા નયનમાં જ તો છો,
પણ નયન ખોલાતાં જ નથી!
ખોલાય જો આ નયન,
તો અશ્રુઓ સુકાતાં નથી!
બીક લાગે કે યાદ તમારી,
અશ્રુમાં વહી તો નહીં જાય!

*— સૂર્યકાન્ત ડી. પરમાર 'સૂર'*

### 'કવિતા એ ક્રોસ'

'કવિતા એ ક્રોસ છે'
તો મારે એ ક્રોસ ઊંચકવો છે!
ભલેને એ ભારેખમ હોય.
તને ઊંચકીને જવાનો પંથ પણ
ભલેને દુર્ગમ હોય —
છો પડી જવાતું ત્રણ વાર,
પણ સિમોન જેવાનો ભેટો તો થશે ને!
અને માની મમતા પણ મળશે,
ને કોઈક તો આંસુ પાડશે!
અને પરસેવો લૂછશે!
અને તો જ જગત જાણશે ને
કે કવિતા કરવી સહેલી નથી!

*— નટુભાઈ વાઘેલા*

### ડો. કલામને સ્મરણાંજલિ

મહોબ્બત કા લાયા થા પયગામ,
અય તું કલામ;
હો જાતિ, યા હો મજહબ,
તેરે વાસ્તે સબ થે સમાન.
ફરિશ્તા ખુદા કા બનકે
ઉતર આયા થા, અય તું કલામ;
ચહેરે પર ફૂલ સી માસુમિયત,
ઔર બચ્ચો કી મુસ્કાન.
હો પૂરબ, યા હો પશ્ચિમ,
સભી કા પ્યારા, અય તું કલામ;
સારે જગમેં, ચારો ઔર,
ચાહત કા તુને કિયા થા એલાન.
સારા જહાં રો રહા થા,
નેક ઈન્સાન થા, અય તું કલામ;
સબ કે દિલમેં રહેગા તેરા સ્થાન,
તુઝે દિલસે સલામ!

*— બકુલ મેકવાન*

### મનની માટીમાં.......
### (૧૪ સપ્ટેમ્બર - દાદા-દાદી દિન નિમિત્તે)

દાદા-દાદીનાં હૂંફાળા ખોળે
ખેલેલાં મનભરી મુક્તતાથી....
ખોળે એ દિવસો મન!
ના મળે એ —
ને તોયે હૈયામાં એ ખોળો ઝૂલે!
બચપણનાં સ્મરણો એમાં ઝૂલે,
ને ફરીફરી મન આનંદે ખૂલે,
ભલે વહી ગયાં વર્ષો
ને તોયે એ ના કશું ભૂલે....
એ આંગણું
જ્યાં દાદીના ખોળે માથું ઢાળી,
સાંભળેલી પરીઓની વારતાઓ!
એ આંગણું
જ્યાં દાદાના ડંગોરાને
બનાવેલો ઘોડો!
એ
હજીય અંતરના આંગણે —
લાગે એ આંગણું દૂર
ને તોયે એ આંખમાં તરવરે...
મનની માટીમાં
એ દાદાદાદી તો
સજ્જડ મૂળ, ઊંડેરા,
જેના પર ઝૂમે આ જીવનવૃક્ષ!

*— ડો. સિલાસ પટેલિય*

સરનામું:




To,
**ડો. સિલાસ પટેલિયા**
**૨૦૧-સેફ્રોન ક્લાસિક**
SBS Colony, **ડિલક્ષ ચાર રસ્તા**
**નિઝામપુરા વડોદરા - ૩૯૦૦૦૨**
**મો: ૯૩૭૭૨૬૬૮૨૮**




# તમારો પત્ર




### (૧)

જુલાઈ ૨૦૧૫ના 'દૂત'ના ઉઘડતા પાને આમંત્રિત તંત્રીલેખ ઈસુસંઘી ફાધર વિનાયક જાદવની કલમે કંડારાયેલા લેખે - 'સંત ઈગ્નાસ અને મધ્યકાલીન ગુજરાતી સંતોના અનન્ય ભક્તિનો મહિમા સ્થાપ્યો. સંત ઈગ્નાસના જીવનમાં ઈસુના પ્રેમનો સંચાર થયો. અને પરિવર્તન આવ્યું.'

સંતોના જીવનમાં જ્ઞાન, ભક્તિ અને કર્મનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો. સંત ઈગ્નાસના જીવનમાં ત્રણ ગુણો, સાક્ષાત્કાર, સાયુજ્ય અને સક્રિયતાનો સુમેળ જોવા મળ્યો જેના વડે 'ઈસુસંઘ'ની સ્થાપના કરી. ત્રણ વ્રતો આપ્યાં. આજ્ઞાધીનતા, વિશુદ્ધતા અને ગરીબાઈ.

ઈસુસંઘી ફાધર જીમી બાર્નાબાસ ડાભીએ ૨૫ જુલાઈ પેરેન્ટસ ડે નિમિત્તે 'ઘરડા ગાડાં વાળે' લેખ વાલી-સંતાનોને સંદેશ આપતો લખ્યો. અભિનંદન ફાધર જીમી. 'સહકારનો માર્ગ - શ્વેતા ડી. ક્રિશ્ચિયનનો લેખ સમજદારી પૂર્વક લખાયેલો લેખ છે. બહેનને ધન્યવાદ.

સાંપ્રત સમાજની વિકટ સમસ્યા છૂટાછેડા તેને અટકાવવાનો વિકલ્પ સમાજે શોધ્યો છે ખરો? લગ્નજીવનમાં છૂટાછેડા માર્ગ નથી, પણ રસ્તા વચ્ચેનો પથ્થર છે. ભાઈ જોન્સી પી. મેકવાનને અભિનંદન. 'સાચુ સુખ સર્જનહારની શ્રદ્ધામાં' ચિંતાનાત્મક લેખમાં રાજુભાઈએ દરેક ધર્મમાં ધર્મજન, પ્રણેતામાં પૂરો વિશ્વાસ કરી પાખંડથી દૂર રહે તેમાં જ સાચુ સુખ છે. આમ તો જીવનનું ધ્યેય સુખ અને શાંતિ છે, પણ તેમાં શ્રદ્ધાનો ઉમેરો થાય તો માનવજીવન સોળેકળાએ દીપી ઊઠે છે. — 'રાજબંધુ' જયંત એમ. પરમાર (વડોદરા)

### (૨)

'દૂત' અંક જુલાઈ-૨૦૧૫માં 'બાઈબલમાં જીવનદર્શન' એ મારા અનુવાદિત પુસ્તક પર લાભદાયી લેખ લખવા બદલ ડો. થોમાસ પરમાર (પૂર્વતંત્રી)નો આભાર. જેમની પાસે સંપૂર્ણ બાઈબલ હોય તે સૌએ આ પુસ્તક જોડાજોડ રાખવા જેવું પુસ્તક છે. બાઈબલની છઠ્ઠી આવૃત્તિ તૈયાર કરવામાં મને આ પુસ્તક મારફતે અસાધારણ લાભ થયો છે.

'ઓગષ્ટ'નો આખો અંક સંત દોન બોસ્કોને સમર્પિત કર્યો એ બદલ તંત્રીશ્રી તથા સમગ્ર તંત્રીમંડળને અભિનંદન. મેં સંત બોસ્કો વિશે વર્ષો પહેલાં 'ઈંટાળાનો કડિયો' નામે સંતના જીવનચરિત્રનો અનુવાદ કર્યો હતો. તે હાથવગું હોય તો હું વાંચી જવાની ભલામણ કરું છું. જીવનચરિત્રના સ્વરૂપની દૃષ્ટિએ પણ આ બેનમૂન રચના છે. ફાધર અશ્વિન મેકવાન એસ.ડી.બી.એ પુસ્તકમાંથી ટાંકેલા રખડુ છોકરા ગરેલ્લીના પ્રસંગ પરથી જ આ પુસ્તક કેટલું રોચક, રસિક ને પ્રેરણાદાયી છે, તેનો ખ્યાલ આવશે.

— પ્રા. રેમંડ આર. પરમાર (અમદાવાદ)

### (૩)

ઓગસ્ટ-૧૫ના 'દૂત'નું મનનપૂર્વક વાંચન કર્યું. પ્રથમ તો તંત્રીલેખ 'હાજરીનો ઓછવ' સમાજને ઘણું કહીં જાય છે! વર્તમાન સમયમાં ઘરમાં પતિ-પત્ની બંને જણાં નોકરીમાં જોતરાયેલાં હોઈ પોતાનાં સંતાનોને ઝાઝો સમય આપી શકતાં નથી. ફક્ત વૃદ્ધ દાદા-દાદીના સહારે બાળકો રહે છે. કેટલાક કિસ્સામાં આયા કે અજાણ્યા માણસો દ્વારા બાળકો સાચવવામાં આવે છે. આવી રીતે માબાપની સતત ગેરહાજરી પુખ્ત ઉંમરના સંતાનો માટે ઘાતક પૂરવાર થાય છે. આવી પરિસ્થિતિ સમાજને માટે લાલબત્તી સમાન છે.

ચાલુ વરસે ભારતમાં દોન બોસ્કોની દ્વિશતાબ્દી જન્મજયંતી સલેશિયન સંઘ દ્વારા ઉજવાઈ રહી છે. પાર વગરની વિટંબણાઓ વેઠીને પણ દોન બોસ્કોએ યુવાનોને સન્માર્ગે વાળવા અથાક પરિશ્રમ કર્યો છે. ફાધર અશ્વિન મેકવાન લિખિત 'દોન બોસ્કો' તથા ફાધર મયંક પરમાર લિખિત 'ગુજરાત સલેશિયન પરિવાર'માં ભારતમાં દોન બોસ્કોનું આગમન કેવી રીતે થયું તે જણાવ્યું છે. પૂજ્ય ફાધરને અભિનંદન.

'વ્યાનીનું જીવન' લેખ ફાધર રત્નાસ્વામી દ્વારા લખાયેલ ઉત્તમ લાગ્યો. જોન વ્યાનીના આદર્શ પ્રમાણે સર્વ પુરોહિતો પોતાનું જીવન જીવે અને શ્રદ્ધાળુઓના આધ્યાત્મિક ઘડતરમાં અમૂલ્ય ફાળો આપે એજ પ્રાર્થના, ફાધર રત્નાસ્વામીને અભિનંદન.

'મેરા ભારત મહાન'માં પ્રા. રોમાન ભાટિયાએ દેશની પ્રગતિની ઝાંખી કરાવી છે. દેશ વિકાસની હરણફાળ ભરી રહ્યો છે તેની છણાવટ આંકડા સાથે સુયોગ્ય રીતે કરવા બદલ પ્રા.રોમાનને અભિનંદન. તદુપરાંત અલ્પેશ પરમાર લિખિત 'પંદર ઓગસ્ટ'માં આઝાદીના પર્વ સાથે માતા મરિયમના સ્વર્ગારોહણને સાંકળી લેવાથી ખ્રિસ્તી શ્રદ્ધાને બળવત્તર બનાવવામાં સહાય મળે છે, લેખકશ્રીને અભિનંદન.

ઈન્દુરાવ લિખિત લઘુકથા 'શુકન' આપણા શિક્ષિત સમાજને પડકારરૂપ છે. ઘણાં કુટુંબોમાં દારૂના વ્યસનના કારણે એનાં માઠાં પરિણામ માસુમ બાળકોને ભોગવવાં પડે છે. એવા લોકોએ ચેતી જવાની જરૂર છે. બહેનશ્રીને અભિનંદન સાથે આભાર.

આ ઉપરાંત અન્ય લેખો, કાવ્યો, કિશોરમિત્ર જેવા વિવિધ લેખકોને પણ અભિનંદન. 'દૂત' ઉત્તરોત્તર પ્રગતિ કરતો રહેશે, એમાં શંકા ન હોય! — ફ્રાન્સિસ ગાલુસ પરમાર (ચાવડાપુરા)

**(૪)**

ઓગસ્ટ, ૨૦૧૫નો 'દૂત' વાંચ્યો. તંત્રીલેખ 'હાજરીનો ઓછવ' સમયને અનુરૂપ રહ્યો. કુટુંબના સભ્યો વચ્ચે જે ખરો સંવાદ થવો જોઈએ એ વર્તમાન સમયમાં થતો નથી. તંત્રીશ્રીએ વર્તમાન કૌટુંબિક જીવનનું સૂક્ષ્મ નિરીક્ષણ કરી કહેવા યોગ્ય અને કરવા યોગ્ય હોય તે જણાવ્યું છે.

ભરત મકવાણાની કવિતા ગમી. કવિતામાં ખુમારીથી જીવી જવાની વાત કરી છે. કાવ્યમાં શબ્દોની ગૂંથણી અને પ્રાસ યોગ્ય છે.

કહેવું યોગ્ય છે કે સ્ત્રી શક્તિ છે તો પુરુષ સહનશક્તિ છે. ફ્રાન્સિસ ગાલુસ મેકવાનની કવિતા 'નારી'માં નારીને પણ ખરા અર્થમાં કષ્ટ સહન કરનારી દર્શાવી છે. 'બંધન તોડવા અને સેતુ રચવા' વસાવા કૌશિકનો લેખ હૃદયસ્પર્શી લાગ્યો. મેં આ લેખ વાંચ્યો એ પૂર્વે જ મને મારા ફળિયામાં રહેતા અશ્વિનભાઈએ આ લેખનો ઉલ્લેખ કરી તેની કદર કરી હતી. લઘરવઘર સ્ત્રી સાથે ભોજન વહેંચીને ખાનારા જોન સાહેબ જેવા માણસને સો સો સલામ કરવી પડે!

ફાધર રત્નાસ્વામી પોતે ફાધર હોઈ એમને તો વિવિધ સંતો વિશે વાંચવાનું - વિચારવાનું અને ધર્મજનો સમક્ષ એના વિશે વાત કરવાનું થતું હશે અને એ રીતે સંત વ્યાનીનું જીવનનું સંક્ષિપ્તમાં નિરુપણ કર્યું છે. ફાધર આપને ખાસ અભિનંદન.

સંતોના જીવન વિશેનાં લખાણ 'દૂત'માં પ્રગટ કરવાં આવશ્યક છે. તેમના જીવનની ઘણીબધી સમજવાલાયક અને ઉતારવાલાયક વાતો અંગ્રેજી પુસ્તકોમાં સમાયેલી છે. સંન્યસ્તવર્ગ સંતોનાં જીવનચરિતો અંગ્રેજીમાં વાંચીને એનો ગુજરાતીમાં ભાવાનુવાદ કરી 'દૂત'માં આપે એ સરાહનીય અને પ્રશંસાપાત્ર કાર્ય છે. સંત દોન બોસ્કો વિશે ફાધર અશ્વિન મેકવાને જે લેખ લખ્યો છે તે અભિનંદનને પાત્ર છે. 'મેરા ભારત મહાન'માં પ્રા. ડો. રોમાન ભાટિયાની દૃષ્ટિ ઉજાગર થાય છે.

લેખિકા ઈન્દુ રાવની 'શુકન' લઘુકથા સમયને અનુરૂપ રહી. અહીં સત્યમ-સ્તુતિ અને એમની દીકરી શુકનની વાત છે. સત્યમના વધતા જતા વ્યસનોને લઈને સ્તુતિ ત્રાસી ગઈ છે, તે ત્રાસ સહન કર્યે જાય છે. કથાના અંતે શુકન પોતાની વ્હાલસોયી મા ગુમાવે છે. સતત પોતાની જ દુનિયામાં રાચતો પતિ સત્યમ અંતે પોતાની પત્નીને ગુમાવી દે છે. કરુણ અંતવાળી આ લઘુકથા વર્તમાન સમયની વાસ્તવિક્તાને ઉજાગર કરે છે.

'દૂત'માં અભિપ્રાયરૂપે પાંચ પત્રો પ્રગટ કરવામાં આવ્યા છે વાચકો તરફથી મળતા પત્રો એવું સૂચવે છે કે વાચકોને 'દૂત' વાંચવામાં રસ છે. — અમિત ચૌહાણ (વલાસણ)

**(૫)**

ઓગષ્ટ 'દૂત'માં તંત્રી લેખનમાં માબાપની હાજરી માનવ જીવનમાં એક પ્રેમાળ પાસા હેઠળ સર્વોત્તમ જમા પાસું છે. ઘણી જરૂરી પ્રક્રિયામાં ચિંતા ઓછી, શાંતિ વધારે. માબાપનો ચાહતનો દીપ આપણા જીવનમાં ઈશ્વરપ્રેમ સ્વરૂપનો, અનુભવના સાક્ષી બનીએ. અભિનંદન.

કાવ્યધારમાં 'નારી' અને 'ખુમારી'ની સુંદર રજૂઆત માટે અભિનંદન છે. દુઃખમાં મુસીબતોમાં નારીને ખુમારીનું જોમ જોવાયું. અભિનંદન. દોન બોસ્કોની લેખમાળામાં તેમને યુવાનોના સાચા મિત્ર વર્ણવ્યા છે. મિત્ર કાજે પ્રાણ તજનાર પ્રભુ ઈસુના જીવનના પર્યાય જેવા બની ગયા. નબળાઈમાં શ્રેષ્ઠ જીવન, વ્યાનીના જોન મેરીએ સંતપદ હાસલ કર્યું. ધર્મપ્રાંતીય ધર્મગુરુઓ કાજે આધ્યાત્મિક જીવનનું લક્ષ્ય એક સર્વોત્તમ માર્ગ વર્ણવ્યો છે. અભિનંદન.

— રમણ ગાલુસ મેકવાન (કરમસદ)

**નવેમ્બર - ૨૦૧૫**

**મહત્વના દિવસો :**

૦૭ નવેમ્બર - શિશુ સુરક્ષાદિન
૧૨ નવેમ્બર - રાષ્ટ્રીય પક્ષીદિન
૧૪ નવેમ્બર - બાળદિન
૧૬ નવેમ્બર - રાષ્ટ્રીય પત્રકારદિન
૧૮ નવેમ્બર - એન.સી.સી. ડે
૨૦ નવેમ્બર - બાળ અધિકારદિન
૨૪ નવેમ્બર - આં.રા. સ્વૈચ્છિક રક્તદાનદિન
૨૬ નવેમ્બર - રાષ્ટ્રીય બંધારણદિન

**ધર્મસભાના મહત્ત્વના દિવસો :**

૦૧ નવેમ્બર - સર્વ સંતોનું પર્વ
૦૨ નવેમ્બર - સર્વ સદ્ગત ભક્તોની સ્મૃતિ
૧૫ નવેમ્બર - કમ્યુનિકેશન ડે
૧૮ નવેમ્બર - સંત પીટર અને પાઉલના મહામંદિરનું પ્રતિષ્ઠાપન
૨૧ નવેમ્બર - કુમારી મરિયમનું મંદિરમાં સમર્પણ
૨૨ નવેમ્બર - રાજરાજેશ્વરનું પર્વ
૨૯ નવેમ્બર - આગમનઋતુનો પહેલો રવિવાર 'દૂત' રવિવાર
૩૦ નવેમ્બર - પ્રેષિત સંત આંન્દ્રિયા

**૫ ઓક્ટોબર, ૨૦૧૫ સુધી લેખ 'દૂત' કાર્યાલયને તેમજ કાવ્ય, કાવ્યધારાના સંપાદકને મોકલવા વિનંતી.**

# માનવવિકાસમાં શિક્ષણ – ધર્મશિક્ષણનું સ્થાન
## (સપ્ટેમ્બર મહિનાનો પ્રાર્થનાનો હેતુ)

✍ બ્રધર અંતોની રાયપ્પણ

*૧. યુવાવર્ગ માટે શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે નવી તકો વધતી જાય*

*૨. ધર્મશિક્ષકો પોતાની શ્રદ્ધાને અનુરૂપ જીવન જીવીને પ્રભુના શુભસંદેશની ઘોષણાના સાચા સાક્ષીઓ બની રહે.*

*શિક્ષણ દરેક વ્યક્તિના જીવનમાં યોગ્ય ઘડતર લાવવામાં પાયાની ભૂમિકા ભજવે છે. વિશ્વવ્યાપી ધર્મસભા શિક્ષણને ખૂબ જ અગત્યનું સ્થાન આપે છે. આખી દુનિયામાં ખ્રિસ્તી સંસ્થાઓએ શિક્ષણના ક્ષેત્રમાં જે ફાળો આપ્યો છે તે સાચે જ નોંધપાત્ર છે.*

**શિક્ષણ પ્રાપ્ત કરવાનો દરેકનો હક છે :** મોટા ભાગનાં દેશોમાં શિક્ષણ પ્રાપ્ત કરવા માટે સહુને સમાન હક આપવામાં આવેલ છે. બધી જ વ્યક્તિઓ શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે. ઉંમર, જાતિ, ધર્મ, ગરીબઅમીર, ઊંચનીચના ભેદભાવ વગર બધા લોકો શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે. લોકો જેટલાં શિક્ષિત છે તેટલો મજબૂત સમાજ બને છે; અને શિક્ષણ જેટલું સારું તેટલું જીવનમાં ઉપયોગી નીવડે છે. સરકાર તરફથી મળતી નોકરીની યોજનાનો લાભ લેવા અને સારા નાગરિકો તરીકે જીવન જીવવા શિક્ષણ મદદરૂપ બને છે. આમ શિક્ષણ આપણું જીવન સુખમય બનાવે છે. જીવન સુખી તો ઘર સુખી. ઘર સુખી તો કુટુંબ સુખી, કુટુંબ સુખી તો જ સમાજ સુખી.

**શિક્ષણ આપવું તે માબાપ અને ગુરુજનોની જવાબદારી :** શિક્ષણ આપવાની પ્રથમ જવાબદારી માબાપની છે. બાળકના જન્મથી માબાપ પોતાના વાણી ને વર્તન દ્વારા બાળકના પ્રથમ શિક્ષક બને છે.

એક વખત એક સ્ત્રી મહાત્મા ગાંધીજીને મળવા ગયાં. તેમણે તેમને પૂછ્યું, મારાં બાળકને ક્યારથી શિક્ષણ આપવું જોઈએ?

ગાંધીજીએ વળતો પ્રશ્ન પૂછ્યો, બાળકની ઉંમર કેટલી છે?

સ્ત્રીએ જવાબ આપ્યો, ત્રણ વર્ષ

ગાંધીજીએ કહ્યું, તમે ત્રણ વર્ષ મોડાં પડ્યાં છો.

બાળકના આ દુનિયામાં આગમનના પહેલા દિવસથી શિક્ષણ આપવું તે માતાની પવિત્ર ફરજ છે. કુટુંબમાં બાળકો પ્રેમ, માફી, સેવા, સ્વ ત્યાગ વગેરે મૂલ્યો શીખે છે.

બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવું તે સરકારની ફરજ છે. સરકારની આ ફરજ અદા કરવામાં બીજી સંસ્થાઓએ યોગદાન આપવું જરૂરી છે.

શિક્ષણ રોજગારી સાથે સંકળાયેલું માધ્યમ છે, આજે ઘણાં ખરા યુવાન-યુવતીઓ બેરોજગાર છે. યોગ્ય માર્ગદર્શનના અભાવે પણ યુવાન યુવતીઓ રોજગારીથી વંચિત રહી જાય છે. યુવાન લોકોને, શિક્ષણ અને રોજગારી વચ્ચે સેતુ બનાવવા માટે માર્ગદર્શન પૂરું પાડવાની જરૂર છે. ભારતમાં અને બીજા ઘણા દેશમાં ખ્રિસ્તી સંસ્થાઓ શિક્ષણ ક્ષેત્રે મોટો ફાળો આપી રહી છે. કેથલિક ધર્મસભાએ શિક્ષણ અને રોજગારી માટેની પરિપૂર્ણતા માટે એક વ્યવસ્થિત અભિગમ પૂરો પાડવા મથવું જોઈએ. વિકલાંગ બાળકોની વૃદ્ધિ માટે તેમની અનુકૂલનતા અનુસાર શિક્ષણ આપવાની જરૂર છે.

**કેથોલિક શાળાઓ ધર્મશિક્ષણને મહત્ત્વનું સ્થાન આપે :** ધર્મસભા બાળકોને ભણતર ઉપરાંત વ્યક્તિગત રીતે ઈશ્વર સાથે સંબંધ રાખવા પ્રોત્સાહન આપે છે. વિદ્યાર્થીઓના ભૌતિક, બૌદ્ધિક, સામાજિક, આધ્યાત્મિક અને નૈતિક વિકાસને પ્રોત્સાહન આપી શિક્ષણ દ્વારા વિકાસ સાધવા માટે ધર્મશિક્ષણની જરૂર છે. ધર્મશિક્ષણ વિદ્યાર્થીઓના નૈતિક મૂલ્યોની ઓળખમાં તેમને મદદરૂપ થઈ શકે છે. આ માટેનો અભ્યાસક્રમ ચોક્કસ વિસ્તાર માટે ઠોકી બેસાડાય નહિ. આ માટે સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે શિક્ષકો દ્વારા નૈતિક મૂલ્યોનું ઘડતર કરી શકાય. સરકારી શાળામાં શિક્ષણ લઈ રહેલાં બાળકો માટે વિશેષ અભ્યાસક્રમ નક્કી કરી મૂલ્યોનું શિક્ષણ આપવા સરકારે, શિક્ષકોએ, માબાપે અને ધર્મસભાએ પૂરતા પ્રયત્નો કરવા જોઈએ.

**ધર્મશિક્ષકો પોતાની શ્રદ્ધાને જીવનમાં જીવીને પ્રભુના શુભસંદેશની ઘોષણાના સાચા સાક્ષીઓ બની રહે :** આજથી સવાસો વર્ષ પહેલાં ગુજરાતમાં સ્પેનીશ ધર્મગુરુઓનું આગમન થયું હતું. તેની સાથે જ ધર્મશિક્ષણને વેગ આપવા માટે ધર્મશિક્ષકોએ મોટું યોગદાન આપ્યું છે. એ જમાનામાં વીજળી પણ ન હતી. શિક્ષણ પ્રત્યે રૂચિ, રસ ન હતો. તે સમયમાં ધર્મશિક્ષકો પોતાના ઘરમાં સમાજના બાળકોને શિક્ષણ આપતા. સાથે સાથે ધર્મની પવિત્ર વિધિઓમાં લોકોને દોરી લાવતા. ધર્મશિક્ષણ આપવામાં તેમણે મુખ્ય ભૂમિકા ભજાવી હતી. આપણે આ સત્ય હમેશાં મનમાં રાખવાની જરૂર છે. ધર્મશિક્ષણ ફક્ત વર્ગમાં આપવામાં આવતું નથી, પણ ધર્મશિક્ષકના સમગ્ર શ્રદ્ધામય જીવન દ્વારા આપવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય ધર્મશિક્ષણ સંમેલનના ભાગરૂપે શ્રદ્ધા વર્ષને ધ્યાનમાં રાખી વડાધર્મગુરુ ફ્રાન્સિસે પોતાના વક્તવ્યમાં જણાવ્યું છે કે, "વિશ્વવ્યાપી ધર્મસભાને દુનિયાના ખૂણે ખૂણે પ્રભુ ઈસુને સાથે લઈ જવા ડરવાની કોઈ જરૂર નથી, અને ધર્મશિક્ષકોએ ધર્મશિક્ષણ આપતાં ગભરાવાની જરૂર નથી. ધર્મશિક્ષક ધર્મસભાનો આધારસ્તંભ છે. ધર્મવિભાગમાં શ્રદ્ધાળુઓને શિક્ષણ આપવાની ફરજ ફક્ત ધર્મશિક્ષકોની નથી, ધર્માધ્યક્ષ, ધર્મગુરુઓ અને ધર્મભગિનીઓની પણ છે, કારણ કે, શુભસંદેશની ઘોષણા કરવી એ ફક્ત સંન્યાસીઓનું કામ નથી પરંતુ જેણે જેણે સ્નાનસંસ્કાર લીધો છે એ બધાંની શુભસંદેશની ઘોષણા કરવાની ફરજ છે. જેને જેને પ્રભુનો અનુભવ થયો છે તેણે તેણે પોતાના જીવન દ્વારા બીજાને સારો નમૂનો આપીને સાક્ષીઓ બનવાની જરૂર છે. આ બધા હેતુઓ માટે આપણે પ્રાર્થના કરીએ. ●



# સ્વ. ડો. કલામને સલામ

## (એક સાચા દેશભક્ત અને આદર્શ શિક્ષક)

✍ ઈન્દુ રાવ

ડો મનમેન, મિસાઈલમેન, પીપલ્સ પ્રેસિડન્ટ જેવાં અનેક બિરુદોથી નવાજાયેલા તથા પદ્મભૂષણ(૧૯૮૧), પદ્મવિભૂષણ(૧૯૯૦) 'ભારતરત્ન'(૧૯૯૭) જેવા અનેક પુરસ્કારોથી પુરસ્કૃત સ્વ. ડો. એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબ એક અસાધારણ માનવ હોવા છતાં અંગત જિંદગીમાં સામાન્ય બની રહ્યા. એમને માટે 'ઓલિયા', 'ફકીર' જેવાં વિશેષણ જ સાર્થક ગણાય. ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૩ શિક્ષકદિન નિમિત્તે ડો. કલામ સાહેબ 'The Hindu'માં પોતાના ઈન્ટરવ્યુમાં કહ્યું હતું :

"If the people remember me as a good teacher that will be the biggest honour for me." 'જો લોકો મને એક સારા શિક્ષક તરીકે યાદ કરે તો તે મારા માટે સર્વોચ્ચ આદર હશે.'

ડો. કલામ સાહેબ એક વૈજ્ઞાનિકથી રાષ્ટ્રપતિપદે પહોંચ્યા પછી પણ સારા શિક્ષક બની રહેવાની તેમની દિલી તમન્ના હતી. એક મિસાઈલમેને પોતાના જીવન દ્વારા સારા શિક્ષક કેવા હોવા જોઈએ, તેની મિસાલ પૂરી પાડી છે. જીવનભર શિક્ષકો-વિદ્યાર્થીઓને ઉમદા-ઉન્નત પ્રગતિશીલ વિચારોનું ભાથું પૂરું પાડતા રહ્યા. કલામ સાહેબે શિક્ષકોને સમજાવ્યું કે શ્રેષ્ઠ શિક્ષકો સતત નવાં-નવાં સંશોધન કરવામાં રચ્યાપચ્યા રહે છે. વિદ્યાર્થીઓને નૂતન વિચારોનું પ્રદાન કરતા રહે છે એટલું જ નહીં, તેઓને પ્રગતિશીલ વિચારો કરતા રહેવાની આદત પણ પાડે છે. વાસ્તવમાં શિક્ષક સમાજની કરોડરજ્જુ સમાન છે. વિદ્યાર્થીઓમાં મહત્ત્વાંકાંક્ષા જગાવનાર આધારસ્થંભ છે. શિક્ષક જ વિદ્યાર્થીઓનાં સ્વપ્નને નક્કર વાસ્તવિકતામાં ફળીભૂત કરવામાં મદદરૂપ બને છે.

સ્વ. ડો. કલામ સાહેબ શિક્ષણ જગતમાં ખળભળાટ મચાવતા ગયા હોય એવું લાગી રહ્યું છે. શિક્ષક જીવડો નવું નવું વિચારતો થાય, નવીન પ્રયોગ કરતો થાય, વિદ્યાર્થીઓનું હિત જોતો થાય અને શિક્ષણને ભ્રષ્ટાચારના પંજામાંથી છોડાવવા પોતાનો સિંહ ફાળો આપે તો ડો. કલામ સાહેબનું સ્વપ્ન સાર્થક! ડો. કલામ સાહેબ એક ઉત્સાહી-સ્વપ્નશીલ-સાહસિક વિદ્યાર્થી એક કર્મનિષ્ઠ વૈજ્ઞાનિક, સાચા-નિખાલસ-નિરાભિમાની રાષ્ટ્રપતિ જેઓમાં બાળપણથી સર્વધર્મ સમભાવની ભાવના આચરાઈ હતી. પિતા સાથે નમાજ પઢવી, મિત્ર એહમદ જલાબુદીન સાથે શિવમંદિરની પ્રદક્ષિણા કરવી. હિન્દુ સ્કૂલમાં શિક્ષણ લઈ ત્રિચીની સેંટ જોસેફ કોલેજમાં ચાર વર્ષ હોસ્ટેલમાં રહી બી.એસ.સી.ની ડિગ્રી મેળવી હતી. જ્યાં એમના શિક્ષક ફાધર ચિન્નાદુરાઈનો એમના જીવનમાં મોટો પ્રભાવ હતો. બાળપણમાં પહેલાં મિત્ર પછીથી એમના બનેવી અહેમદ જલાલુદ્દીન પાસેથી વિજ્ઞાનની શોધો, મેડિસિન તથા સાહિત્યની વાતોએ એમને દીર્ઘદૃષ્ટિ આપી હતી. સ્વ. ડો. કલામ સાહેબનું Simple living and high thinking 'સરળ જીવન અને ઉચ્ચ વિચારધારા.' જીવન, નાના-મોટા સૌ કોઈ પ્રેરણાદાયી બની રહ્યું છે. એમના ઉમદા વિચારો નવી દિશા-નૂતન દુનિયા દેખાડનારા છે. તેમણે કહ્યું કે, 'સ્વપ્ન એ નથી જે તમે ઊંઘમાં જુઓ છો, સ્વપ્ન એ છે જે તમારી ઊંઘ ઉડાડી મૂકે.'

સ્વ. ડો. કલામ સાહેબ જીવનપર્યંત પોતાના સ્વપ્નને સાકાર કરવા કઠિનતમ પરિશ્રમ કરતા રહ્યા. એમનામાં અખૂટ દેશદાઝ ભરેલી હતી. ભારત દેશને વિશ્વ વિકસિત દેશમાં સર્વોચ્ચ સ્થાને પહોંચાડવાનું તેમનું વિઝન 'India 2020' (ભારત-૨૦૨૦) માં પ્રગટ થાય છે. તેઓ જણાતા હતા કે આવનારી નવી પેઢીને આપણે એ માટે તૈયાર કરવાની છે. એટલે જ્યારે જ્યારે અને જ્યાં-જ્યાં એમને પોતાના વિચાર પ્રદર્શિત કરવાની તક મળે એ બધે દોડી જતા. એક સારા લેખક અને અચ્છા વક્તા તરીકે તેઓએ માત્ર દેશમાં જ નહીં પરદેશમાંય મોટી નામના મેળવી. આવી અસાધારણ વ્યક્તિ જે ગુમાનથી પર અને નમ્રતા સાદગીથી ભરેલી હતી એ એમના મોટાઈ માટે ક્યો શબ્દ વાપરીશું? કારણ શબ્દોય ઝાંખા-ખોખલા પડી જાય છે.

સ્વ. ડો. કલામસાહેબ બાળકો અને યુવાનોમાં અતિ લોકપ્રિય નેતા બની રહ્યા. તેઓ કલાકોના કલાકો બાળકો-યુવાનો સાથે એમના ભવિષ્ય વિશે વિચારતા અને ચર્ચા કરતા રહેતા. સેંકડો બાળકો રોજેરોજ એમને પત્ર લખીને પ્રશ્નો પૂછતાં રહેતાંને દરેકને તેઓ સંતોષજનક - પ્રોત્સાહક જવાબો આપતા. એ પત્રની પસંદગી કરીને 'Children ask kalam' - ગુજરાતીમાં અનુવાદ 'ભારતીય ચેતના' પ્રકાશિત થયેલ છે. જેનો અન્ય ભાષામાંય અનુવાદ થયેલ છે. અહીં બાળકોએ પૂછેલા કેટલાક પ્રશ્ન રજૂ કરી રહી છું.

એક નાનકડી બાળકીએ એમને પૂછ્યું, 'હું વૈજ્ઞાનિક કેવી રીતે બની શકું?

'કલામ સાહેબે બાળક જેવા જ નિર્દોષ હાસ્યથી જવાબ આપ્યો, બસ તું આવી રીતે વારંવાર સવાલો પૂછતી જા અને સવાલો પૂછતાં પૂછતાં જ તું એક દિવસ વૈજ્ઞાનિક બની જઈશ.'

એક વિદ્યાર્થીએ એમને સવાલ પૂછ્યો, 'દુનિયાનો સૌથી પ્રથમ વૈજ્ઞાનિક કોણ હતો' કૃપા કરીને મને જણાવો.

કલામ સાહેબનો જવાબ હતો : "વિજ્ઞાન જન્મ લે છે અને જીવે છે માત્રને માત્ર પ્રશ્ને દ્વારા વિજ્ઞાનની પૂરેપૂરી (સંપૂર્ણ) આધારશિલા પ્રશ્ન કરવો તે છે. માતાપિતા અને શિક્ષકગણ સારી રીતે જાણે છે કે બાળકો કદીયે સમાપ્ત ન થાય તેવા પ્રશ્નોના સ્રોત છે, એટલે દુનિયાનો સૌ પ્રથમ વૈજ્ઞાનિક બાળક છે."

એક તરુણનો પ્રશ્ન હતો : 'ભારતના નાગરિકો માટે આપનો શો સંદેશ છે?' કલામ સાહેબે ગંભીરતાપૂર્વક જવાબ આપ્યો કે 'હું દરેક સ્થળે બાળકો અને યુવાપેઢી નીચે મુજબના શપથ લેવડાવું છે.'

૧. હું મારું શિક્ષણ, મારું હરેક કાર્ય સમર્પણ ભાવનાથી કરીશ અને એમાં શ્રેષ્ઠ બનીશ.
૨. ઓછામાં દસ અભણ જનોને વાંચતાં-લખતાં શીખવીશ.
૩. ઓછામાં ઓછા દસ છોડ રોપીને જતનપૂર્વક ઉછેરીશ.
૪. મિત્રને મુશ્કેલીમાં મદદ કરી તેનું દુઃખ દૂર કરવા પ્રયત્નશીલ રહીશ.
૫. ગ્રામ્ય અને શહેરી વિસ્તારની મુલાકાત લઈને, ઓછામાં ઓછા પાંચ જણને દારૂ-જુગાર જેવા વ્યસનોમાંથી મુક્તિ અપાવીશ.
૬. હું પોતે પ્રામાણિક જીવન જીવીશ અને ભ્રષ્ટાચારથી મુક્ત સમાજ રચવા કોશિશ કરીશ.
૭. પોતે જાગૃત નાગરિક રહીને પરિવારને કર્મશીલ બનાવીશ.
૮. વિકલાંગ લોકો સાથે મૈત્રીભર્યો વ્યવહાર રાખીને તેઓ પણ સામાન્ય માનવ છે તેવો અનુભવ કરી શકે તે માટે અથાગ પરિશ્રમ કરીશ.
૯. હું આપણા દેશ અને દેશવાસીઓની સફળતા પર ગર્વ કરીને ઉત્સવ મનાવીશ.

આ પ્રકારના અનેક પ્રશ્નો દેશ-વિદેશના વિદ્યાર્થીઓ તેમને પૂછતા રહેતા તેઓ વિચારણીય, ચિંતનાત્મક સરળ શૈલીમાં જવાબ આપતા રહેતા.

સ્વ. ડો. કલામ સાહેબ આપ વિદ્યાર્થીઓના અતિપ્રિય નેતા બની રહ્યા હોવાથી 'સંયુક્ત રાષ્ટ્રસંઘ (UNO) યુનો દ્વારા ૧૫મી ઓક્ટોબર આપના જન્મદિનને વિશ્વ વિદ્યાર્થીદિન' (World Students Day) ' તરીકે ઉજવવાનું નક્કી કરીને સાચે જ આપને મોટું સન્માન આપ્યું છે. તામિલના બંને પૂર્વરાષ્ટ્રપતિ ડો. રાધાકૃષ્ણ અને ડો. એ.પી.જે. અબ્દુલ કલામ, એક શિક્ષકદિન અને એક વિદ્યાર્થીદિન તરીકેનું બહુમાન મેળવીને તમે અક્ષરદેહે 'અમર' બની ગયા. તેમ છતાં આજે ખેદ સાથે કહી રહી છું કે આપણી ગુજરાતી ભાષામાં કહેવત છે ને કે 'હાથી જીવે ત્યારે લાખનો, મરે ત્યારે સવા લાખનો!' કલામ સાહેબ તમે જીવતા હતા, ત્યારે લોકોએ — પ્રચાર-પ્રસાર માધ્યમોએ, શિક્ષણ સંસ્થાઓ તથા વિભિન્ન સંસ્થાઓએ આજે જેવી કરી રહ્યા છે તેવી, તમારાં કાર્યોની પ્રશંસા કરી હોત તો તમારી છાતી ખુશીના માર્યા ગજગજ ફૂલી હોત એ ચોક્કસ! ખરે તમે ખૂબ ઊંચા ગજાના વીર ફકીરનું જીવન જીવી ગયા. ડો. કલામ સાહેબ અમારી સમસ્ત શિક્ષક આલમના તમને લાખ લાખ જુહાર! ●



ઓલીવીયા ક્રિએશન
લગ્નની મેક્ષી, કોમ્યુનિયન ફ્રોક, તથા કોમ્યુનિયન સુટ (છોકરાઓ માટે) ફુલ સેટ. રૂા.૩,૫૦૦/- થી શરૂઆત થાય છે.
અંજના શૈલેષ (૯૮૭૯૧ ૮૧૩૪૮)
૧૧, આશીર્વાદ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, પાધરીયા આણંદ
*અમેરીકાથી પરત આવી ગયા છે.*


*૨૭ જુલાઈ, ૨૦૧૫ના રોજ હૃદયરોગના હુમલામાં ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે.અબ્દુલ કલામે ભારતથી દુનિયાથી અલવિદા લીધી! પોતાના વ્યાખ્યાનોમાં પોતાના ગુરુજનો - ઈસુસંઘી સંન્યસ્તોનો ઘણીવાર ઉલ્લેખ કરતા હતા. ૫ સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ રાષ્ટ્રીય સ્તરે, શિક્ષકદિનની ઉજવણી પ્રસંગે કરેલી ગુરુવેદનામાં, એક શિક્ષકે કરવા જેવાં વ્રતની સૂચિ તેમણે આપી હતી.*

૧. અધ્યાપનકાર્યને હું ચાહીશ, અધ્યાયનકાર્ય જ મારો આત્મા અને મારો જીવનધ્યેય બનશે.
૨. રાષ્ટ્રવિકાસના કાર્યમાં હું મહત્ત્વનું યોગદાન કરી રહ્યો છું એમ એક શિક્ષક તરીકે હું બરાબર સમજું છું.
૩. માત્ર વિદ્યાર્થીઓને ઘડવાના જ મારા પ્રયોજન ઉપરાંત, ધરતી ઉપર, ધરતી નીચે કે ધરતીથી ઉંચે, તાકતવર યુવાવર્ગને પ્રજ્જવલિત કરવાનો મહાયજ્ઞ પણ કરું છું.
૪. કોઈપણ વિદ્યાર્થી સર્વાંગી વિકાસથી બાકાત રહેવા ન પામ્યો હોય, સાધારણ વિદ્યાર્થી પણ ઉચ્ચ સિદ્ધિનો અધિકારી બન્યો હોય ત્યારે જ હું મારી જાતને એક મહાન શિક્ષક ગણી શકું!
૫. વિદ્યાર્થીઓ આગળ મારું જીવન એ જ મારો સંદેશ બને તે રીતે, મારા જીવનનું આયોજન અને વર્તન વ્યવહાર વ્યક્ત કરીશ.
૬. વિદ્યાર્થીઓ, સુશિક્ષિત અને મુક્તમનના નાગરિક તરીકે મહોરી ઉઠે તે માટે તેમનામાં સબળ જિજ્ઞાસાવૃત્તિ જાગ્રૃ ત કરવા માટે તેમને પ્રશ્ન કરવા અને પ્રત્યુત્તરની ખોજ કરવા પ્રોત્સાહન આપીશ.
૭. ભાષા, સમાજ કે ધર્મના કારણે હું કોઈનો પક્ષપાત કરીશ નહીં. હું બધાજ વિદ્યાર્થીઓ સાથે એકસમાન વ્યવહાર કરીશ.
૮. અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દ્વારા હું મારી ક્ષમતાઓનું રોજરોજ સંવર્ધન કરતો રહીશ જેથી મારા વિદ્યાર્થીઓને હું ગુણવત્તા સભર કેળવણી આપી શકું.
૯. મહાન વિચારોથી મારા મગજને સભર કરવા હું સતત પ્રયત્નશીલ રહીશ જેથી ઉમદા વિચાર અને કાર્યનો પ્રસાર મારા વિદ્યાર્થીઓ મધ્યે કરી શકું.
૧૦. વિદ્યાર્થીઓની સફળતાની હું સદાયે ઉજવણી કરીશ.

વિદ્યાર્થીઓને જીવનદૃષ્ટિ મળી રહે તે માટે શિક્ષકોએ તજવીજ કરવી અને ભવિષ્યના વર્ષમાં આચરણમાં મૂકવા યોગ્ય જીવનમૂલ્યોનું સંક્રમણ પણ શિક્ષકોએ જ કરવું રહ્યું. આ ભગીરથ કાર્યમાં ઈશ્વર આપને આશિષ આપે.

સંકલન : તંત્રીશ્રી
Courtsy : Jivan Aug.2015



# સેમેસ્ટર પદ્ધતિમાં મૂલ્યાંકન

✍ ઈગ્નાસ મેકવાન

*મદદનીશ શિક્ષક અને તજજ્ઞ, સેંટ જોસેફ હાઈસ્કૂલ, ગોમતીપુર-અમદાવાદ*

RTE - 2009 અંતર્ગત થયેલ જોગવાઈ મુજબ તેમજ RTE એક્ટ-ની કલમ-૨૧ના અમલીકરણ બાદ ગુજરાત રાજ્યમાં ધોરણ ૧ થી ૮ પ્રાથમિક વિભાગ અને ધો. ૯ માધ્યમિક વિભાગમાં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન (School Based Comprehensive Evaluatian) ની વર્ષ ૨૦૧૧થી શરૂઆત કરવામાં આવી. વિદ્યાર્થીઓ પરનું ભારણ ઘટે તથા વધુ ઉંડાણપૂર્વક સર્વગ્રાહી શિક્ષણ પ્રાપ્ત કરે.

તે હેતુસર ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરવામાં આવી છે.

કેળવણી દ્વારા માનવીનો સર્વાંગીય વિકાસ સાધી શકાય છે અને તે રીતે કેળવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં શારીરિક અને સ્વાસ્થ્ય વિકાસ, માનસિક વિકાસ, સામાજિક અને આર્થિક વિકાસ, વ્યાવસાયિક અને સાંસ્કૃતિક વિકાસ સાધી શકાય છે. જેના માટે જુદા જુદા શૈક્ષણિક વિષયો, સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓ, મૂલ્યાંકન પદ્ધતિઓની જરૂર પડે છે. લેખિત પદ્ધતિ ઉપરાંત મૌખિક, પ્રાયોગિક, સામૂહિક, અવલોકનાત્મક, સ્પર્ધાત્મક, પ્રોજેક્ટ જેવી વિવિધ પદ્ધતિઓ દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સાધી શકાય છે.

"શિક્ષણની પ્રક્રિયા દરમ્યાન વિવિધ પરિબળોની ક્ષમતા, પ્રભાવશીલતા અને પરિણામોના વિશ્લેષણ વ્યાખ્યાયિત કરવાની પ્રક્રિયા એટલે મૂલ્યાંકન."

મૂલ્યાંકનની પ્રક્રિયાઓને ધ્યાનમાં રાખીને શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના બે પ્રકાર છે :

૧) શૈક્ષણિક મૂલ્યાંકન અને (૨) સહ-શૈક્ષણિક મૂલ્યાંકન

**૧) શૈક્ષણિક મૂલ્યાંકન :**

શાળાકીય સર્વગ્રાહી શૈક્ષણિક મૂલ્યાંકનને ત્રણ ભાગમાં વિભાજીત કરવામાં આવ્યું છે.

(અ) રચનાત્મક મૂલ્યાંકન (Formative Assessment - FA)

વિદ્યાર્થીઓને શીખવવામાં આવેલ અભ્યાસક્રમના કોઈ ચોક્કસ એકમનું પ્રોત્સાહક વાતાવરણમાં રચનાત્મક પધ્ધતિથી કરવામાં આવતું મૂલ્યાંકન એટલે રચનાત્મક મૂલ્યાંકન

રચનાત્મક મૂલ્યાંકનનો મુખ્ય હેતુ અભ્યાસક્રમમાં કોઈ ચોક્કસ એકમનું શિક્ષણકાર્ય કર્યા બાદ વિદ્યાર્થીઓની જ્ઞાન અને સમજશક્તિની ચકાસણી કરીને જરૂર પડે તો તેનું નિદાન કરીને ઉપચારાત્મક શિક્ષણ આપીને તેનુ લક્ષ્ય સિદ્ધ કરવાનો છે.

- રચનાત્મક મૂલ્યાંકન માટે પ્રોજેક્ટ વર્ક, એસાઈનમેન્ટ, મૌખિક પ્રશ્નો, વર્ગકાર્ય, ગૃહકાર્ય, ચેકલીસ્ટ, પ્રાયોગિક કાર્ય, જૂથચર્ચા, અવલોકન વગેરે જેવી પ્રવિધિનો ઉપયોગ કરી શકાય છે.
- શૈક્ષણિક ક્ષેત્રમાં મુખ્ય સાત વિષયોમાં પ્રથમ સત્ર દરમ્યાન FA-1 અને FA-2 તથા બીજા સત્રમાં FA-3 અને FA-4 દ્વારા રચનાત્મક મૂલ્યાંકન કરવાનું હોય છે. આમ, સમગ્ર વર્ષ દરમ્યાન દરેક FAના ૧૦ ટકા ગુણભાર ગણાતાં કુલ ૪૦ ટકા ગુણભાર રચનાત્મક મૂલ્યાંકનનો રહે છે.

(બ) સત્રાંત મૂલ્યાંકન (Summative Assessment SA) :

વર્ષ દરમ્યાન બંને સત્રના અંતે પ્રણાલિકાગત લેખિત પરીક્ષાથી લેનાર મૂલ્યાંકનને સત્રાંત મૂલ્યાંકન (SA) તરીકે ઓળખવામાં આવે છે.

- આ પ્રકારના મૂલ્યાંકનમાં બોર્ડ દ્વારા નક્કી કરેલ પ્રશ્નપત્રના પરિરૂપને આધારે પ્રશ્નપત્ર તૈયાર કરી વિદ્યાર્થીઓની સમજશક્તિ, તર્કશક્તિ, સર્જનાત્મક શક્તિ વગેરેની ચકાસણી કરવામાં આવે છે.
- શૈક્ષણિક સત્રમાં મુખ્ય સાત વિષયમાં પ્રથમ સત્ર અને દ્વિતીય સત્રના અંતે અનુક્રમે SA-1 અને SA-2નું સત્રાંત મૂલ્યાંકન કરવામાં આવે છે. જેમાં દરેક સત્રાંત મૂલ્યાંકનનો ૩૦ ટકા ગુણભાર ગણતાં બે સત્રાંત મૂલ્યાંકનનો કુલ ૬૦ ટકા ગુણભાર વાર્ષિક પરિણામ માટે તૈયાર થશે.

અવલોકનના આધારે નિર્દેશકો (Indicators through observation)

મુખ્ય વિષય ઉપરાંત વૈકલ્પિક વિષયોમાં રચનાત્મક અને સત્રાંત મૂલ્યાંકનને આધારે ગ્રેડ નક્કી કરવામાં આવે છે તથા ગ્રેડની સાથે વિદ્યાર્થીઓમાં રહેલી હકારાત્મક બાબતો, ક્ષમતાઓ, કૌશલ્યો અને વલણને ધ્યાનમાં રાખીને નિર્દેશકો પણ આપવામાં આવે છે.

**(૨) સહ-શૈક્ષણિક મૂલ્યાંકન :**

સહ-શૈક્ષણિક મૂલ્યાંકનના બે પ્રકાર છે.

૧) સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને ૨) વ્યક્તિત્વ વિકાસના આવશ્યક ગુણો.

(ક) સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓ : આ પ્રવૃત્તિઓને બે ભાગમાં વહેંચવામાં આવી છે. શારીરિક સ્વાસ્થ્ય અને રમતગમત સાથે

વ્યક્તિગત કે સાંઘિક પ્રવૃત્તિઓનો સમાવેશ આ વિભાગમાં કરવામાં આવે છે.

જેમાં એન.સી.સી., સ્કાઉટ અને ગાઇડ, યોગ, જિમ્નેસ્ટિક, વગેરે જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરી શકાય છે.

સાહિત્યિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓ, સર્જનાત્મક કૌશલ્યો વિકસે તેવી પ્રવૃત્તિ, જનજાગૃતિ અંગેની પ્રવૃત્તિઓ, પર્યાવરણ જાગૃતિ, આરોગ્યજાગૃતિ તેમજ સામાજિક સેવાપ્રવૃતિ જેવી પ્રવૃતિઓનો આ વિભાગમાં સમાવેશ કરવામાં આવે છે.

(૨) સહ-શૈક્ષણિક ક્ષેત્રમાં વ્યક્તિત્વ વિકાસ માટેના આવશ્યક ગુણો :

વિદ્યાર્થીના વ્યક્તિગત વિકાસના આવશ્યક ગુણો પૈકી મુખ્ય ત્રણ ગુણોના વિકાસનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

i) જીવન-કૌશલ્ય ii) મૂલ્યો iii) વલણો

i) **જીવન-કૌશલ્ય :** જીવનના ઉચ્ચ ધ્યેયોને સાર્થક કરવા માટે આવશ્યક કૌશલ્યોને જીવન કૌશલ્યો તરીકે ઓળખવામાં આવે છે. જીવન કૌશલ્યોને ત્રણ ભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે. વૈચારિક કૌશલ્ય, સાંવેગિક કૌશલ્ય અને સામાજિક કૌશલ્ય.

– સમસ્યા-ઉકેલ, કોયડા-ઉકેલ, સર્જનાત્મક વિચાર શક્તિ, વિવેચન શક્તિ વગેરેનો વૈચારિક કૌશલ્યમાં સમાવેશ થાય છે.

– લાગણી અને સંજોગો પર કાબુ, કરુણા, દયા, સહાનુભૂતિ, મક્કમતા વગેરેનો સાંવેગિક કૌશલ્યોમાં સમાવેશ થાય છે.

– સંઘભાવના, સહકારની ભાવના, જરૂરિયાતમંદોને મદદ તેમજ આદરભાવ જેવાં કાર્યોનો સામાજિક કૌશલ્યમાં સમાવેશ થાય છે.

ii) **મૂલ્યો :** વ્યક્તિમાં રહેલી વિશિષ્ટ પ્રકારની હકારાત્મક વિચારશક્તિ અને માન્યતાઓને મૂલ્યો તરીકે ઓળખવામાં આવે છે.

વિદ્યાર્થીઓનું વર્ગકાર્ય દરમ્યાન, સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ દરમ્યાન, શાળાની અંદર અથવા શાળા સંકુલની બહાર તેમનામાં રહેલી પ્રામાણિકતા, કર્તવ્યનિષ્ઠા, સહાનુભૂતિ, સત્યનિષ્ઠા જેવાં મૂલ્યોનું મૂલ્યાંકન કરવાનું હોય છે અને નિર્દેશકો સ્વરૂપમાં નોંધ કરવાની હોય છે.

iii) **વલણ :** વ્યક્તિના અન્ય વ્યક્તિ, વસ્તુઓ, પ્રસંગ કે પરિસ્થિતિ પ્રત્યેનો માનસિક ખ્યાલ એટલે વલણ.

વિદ્યાર્થીના સહાધ્યાયીઓ, શિક્ષકો, પર્યાવરણ, સામાજિક રીત-રિવાજો, શાળા, શાળાની મિલકત, અભ્યાસ પ્રત્યેનાં હકારાત્મક અભિગમનો આમાં સમાવેશ કરવામાં આવે છે.

**પર્સન્ટાઈલ રેન્ક :** વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓના પરિણામને ટકાવારીને બદલે પર્સેન્ટાઇલ રેન્કમાં મૂલવવામાં આવે છે.

'મુખ્ય વિષયોના પ્રથમ અને દ્વિતીય સત્રને અંતે મળેલા કુલગુણને ધ્યાનમાં રાખીને જે-તે વિદ્યાર્થીના ગુણાંક કરતાં ઓછા ગુણાંક ધરાવતાં વિદ્યાર્થીઓની સંખ્યાની ટકાવારી દર્શાવવાની ક્રિયા એટલે પર્સન્ટાઇલ રેન્ક.'

**લાભાલાભ :**

- ✓ મૂલ્યાંકન બે ભાગમાં વિભાજીત થવાથી વિદ્યાર્થી-વાલીગણનો માનસિક તણાવ દૂર થાય.
- ✓ ગોખણપટ્ટીને બદલે વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય.
- ✓ વિદ્યાર્થી સ્વ-અધ્યયન અને સ્વ-મૂલ્યાંકન કરતો થાય.
- ✓ વિદ્યાર્થીમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઓળખી શકાય.
- ✓ ક્રિયાત્મક શિક્ષણ મેળવવાની તથા વિચારવાની પુરી તક મળે.
- ✓ નિદાનાત્મક અને ઉપચારાત્મક શિક્ષણ વડે શિક્ષણ પ્રક્રિયા સુદૃઢ બને.
- ✓ વિદ્યાર્થીઓમાં સંશોધનાત્મક અભિગમ કેળવાય છે.

- × વિદ્યાર્થીઓ અભ્યાસ પ્રત્યે નીરસ બને છે.
- × સેમેસ્ટર પધ્ધતિને કારણે પુસ્તકોનો ખર્ચ વધુ થાય છે.
- × નાપાસ થવાની સંભાવના હોવાથી વર્ગકાર્યમાં તેમજ પરીક્ષા પ્રત્યે ઉદાસીનતા જોવા મળે છે.
- × કૌશલ્યો અને મૂલ્યોનું મૂલ્યાંકન સાચા અર્થમાં થતું નથી પરંતુ પરંપરા બની જાય છે.
- × વિદ્યાર્થીઓમાં સર્વાંગી વિકાસનો ધ્યેય સિદ્ધ થતો જોવા મળતો નથી.
- × પર્સન્ટાઇલ રેન્કમાં મૂલ્યાંકન થતું હોવાથી વિદ્યાર્થીઓ મેરીટની ગણતરી ખોટી કરે છે.

સંદર્ભઃ શાળાકીય સર્વગ્રહી મૂલ્યાંકન - ૨૦૧૧
(ગુજરાત રાજ્ય મા. અને ઉ.મા. બોર્ડ, ગાંધીનગર)


## મકાન વેચવાનું છે

૧૫/બી, રોઝરી સોસાયટી, ઈ.એમ.ઈ. પોસ્ટ ઓફિસ રોડ, કોન્વેન્ટ સ્કૂલની પાછળ ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૮
(ફસ્ટ ફ્લોર - ૮૦૦ સ્કવેર ફૂટનું બાંધકામ) ગેસ લાઈન સાથે

**સંપર્ક : ૯૮૨૫૭ ૯૩૫૩૩**

સવારના ૧૦.૦૦ થી સાંજના ૫.૩૦
ખ્રિસ્તી ભાઈબહેનોએ જ સંપર્ક કરવો.


### પાવન હૃદય દૂતને મળેલ દાન

| | | |
|---|---|---|
| સ્વ. વિક્ટર ઓતમાર | ગામડી-આણંદ | ૧૦૧ |
| વિલ્યમભાઈ નાનજીભાઈ પરમાર | વડોદરા | ૧૦૦ |
| રાકેશ મેકવાન | અમદાવાદ | ૧૦૦ |
| સ્વ. પિન્કીબેન વિજય પ્રવાસીના સ્મરણાર્થે | ચાંદખેડા | ૧૦૦ |
| ઈસબ મોજીસ ક્રિશ્ચિયન | મણિનગર | ૧૦૦ |
| પ્રફુલ્લભાઈ નાગરભાઈ | નડીઆદ | ૧૦૦ |
| જોનભાઈ આર. મેકવાન | કંથારિયા | ૧૦૦ |



# અગમચેતી પ્રણાલી



✍ ફાધર આઈવન ડી'સોઝા એસ.ડી.બી.

*રેક્ટર, દોન બોસ્કો, કપડવંજ*

આજની શિક્ષણ વ્યવસ્થાના માળખામાં ક્યાંક, કોઈક ઊણપ અવશ્ય છે, કારણ કે તેની સાથે સંકળાયેલ - વિદ્યાર્થી, શિક્ષકગણ, વાલીગણ એમ સમગ્ર શિક્ષણજગત એક પ્રકારના અજંપામાં જીવે છે. સ્વતંત્ર ભારતમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે, ગુણવત્તા નહીં! શિક્ષણના સર્વાંગી વિકાસના હેતુમાં જીવનમૂલ્ય હાંસિયામાં ધકેલાઈ ગયું છે અને તેને સ્થાને સ્વાર્થ કે ઉપયોગિતા અગ્રેસર રહ્યાં છે. ગાંધીજીની ત્રણ એચ - મગજ, હાથ અને હૃદય (3 H - Head, Hand, Heart)ની કેળવણીમાં કેવળ મગજની કેળવણી રહી જવા પામી છે, એટલે શ્રમ અને સંવેદનાની બાદબાકી થઈ ગઈ છે!

બાળકના જન્મથી માંડી મૃત્યુ સુધી તેનાં સંસર્ગમાં આવનાર લોકો દ્વારા સતત તેનું ઘડતર થાય છે, જેમાં માબાપ તથા સ્વજનો અગ્રસ્થાને હોય છે, ગુરુજનો, સાથીદારો અને અન્ય તે પછીના ક્રમમાં આવે છે. પ્રત્યેક બાળકના જીવનમાં વ્યક્તિગતરૂપે તેના ગુરુજીની ભૂમિકા મહત્ત્વપૂર્ણ હોય છે. દોન બોસ્કો - સલેશિયન સંઘ સંચાલિત શિક્ષણ સંસ્થામાં પ્રત્યેક શિક્ષક એક પિતા, મિત્ર એક વડીલબંધુ હોય છે. યુવાનો સાથે કામ કરતાં દોન બોસ્કોએ જાતે જ વિકાસ કરેલ અને પોતાના સાથીઓને સૂચવેલ શિક્ષણ પદ્ધતિને અગમચેતી પ્રણાલી (Preventive System) તરીકે ઓળખવામાં આવે છે.

૧૮૭૬માં દોન બોસ્કો જ્યારે રોમમાં હતા ત્યારે આર્જેન્ટિના સ્થિત દોન કેગલિરિયોને પાઠવેલા પત્રમાં તેમણે જણાવ્યું હતું : "સલેશિયન સંઘની સમગ્ર શિક્ષણ પ્રક્રિયાના કેન્દ્રબિંદુ સમાન અને સંઘના શાશ્વત વારસારૂપ અગમચેતી પ્રણાલી જ છે એવી ખાતરી મને દિનપ્રતિદિન થાય છે. આ પ્રણાલી કોઈ વિદ્યાકીય અભ્યાસની ફલઃશ્રુતિ નથી, તે આધ્યાત્મિકતા અને કેળવણીના અનુભવના ફળઃસ્વરૂપ છે. ભારે જતનરૂપ સંપાદિત કરેલી કે વૈજ્ઞાનિક સંશોધિત કરેલી પુસ્તિકા હું સલેશિયન સભ્યને આપતો નથી, પરંતુ યુવાનો માટેનો ઉત્સાહ, મારા સમગ્ર જીવનનો નિચોડ સુપરત કરું છું." અગમચેતી પ્રણાલીમાં દોન બોસ્કોનો યુવાનો માટેનો અદમ્ય ઉત્સાહ અને યુવાનો સાથેના જીવનની તરાહ જોવા મળે છે.

કેળવણીની આ અદ્વિતીય અગમચેતી પ્રણાલીનું સંશોધન - સંવર્ધન કરવામાં દોન બોસ્કો એક કેળવણીકાર તરીકે પોતાના જમાનામાં ઘણા આગળ નીકળી ગયા હતા, જે સાંપ્રત કાળમાં પણ એટલી જ પ્રેરણાદાયી અને વ્યવહારુ છે. વર્તમાન શિક્ષણ પધ્ધતિ બાળકેન્દ્રી અને વૈજ્ઞાનિક અભિગમવાળી છે, પરંતુ આધારભૂત સત્ય વિના નિષ્પ્રાણ બની રહી છે. દોન બોસ્કોની અગમચેતી પ્રણાલીનાં મૂળ ખ્રિસ્તના હૃદયમાં પડેલાં છે. ઈસુ ગુરુએ દોન બોસ્કોને, બાળકો-યુવાનોને વાસ્તવિકપણે પ્રેમ કરતાં શીખવ્યું. બોસ્કોએ અગમચેતી પ્રણાલીની રચના કરી જેના પરિણામે ઔદ્યોગિક ક્રાન્તિના કાળમાં તોફાની છોકરાઓને શ્રદ્ધેય ખ્રિસ્તી અને પ્રમાણિક નાગરિક તરીકે ઘડવામાં તેઓ કામયાબ રહ્યા હતા.

જ્યારે બાળક કેળવણીકારના આશ્રયમાં હતો અને શિક્ષણ અમુક વર્ગ પૂરતું જ મર્યાદિત હતું ત્યારે દોન બોસ્કોએ આ પ્રણાલીનો વિકાસ કર્યો હતો. તેમની શિક્ષણતરાહ એટલી અસાધારણ હતી કે પ્રત્યેક વર્ગ માટે સર્વ સ્વીકાર્ય બની. 'તમને ચાહવા માટે, તમે યુવાન છો, તેટલું જ મારા માટે પૂરતું છે.'ના વિશાળ સ્નેહસાગરમાં પ્રત્યેક યુવાનને માટે, નિશ્ચિત સ્થાન હતું. મોચી, લુહાર, દરજી, બેરોજગાર, અભણ એમ દરેકનો સમાવેશ આ પ્રણાલીમાં શક્ય હતો. માત્ર વાંચન-લેખન જ દોન બોસ્કો માટે શિક્ષણનો હેતુ ન હતો, જીવતરનું ઘડતર અને સમાજને ઉપયોગી બનવાનો હેતુ પણ હતો. ઈસુએ માછીમારની હોડીમાં બેસીને ઈશ્વરના રાજ્યનું રહસ્ય સમજાવ્યું હતું, દોન બોસ્કોએ રમતના મેદાન પર કે યુવાનના પ્રાકૃતિક પરિવેશમાં જઈને ઉન્નત જીવનનો રાહ શીખવ્યો હતો.

ભગવાન ઈસુએ પોતાની જાતને સામાન્ય પ્રજાથી અલિપ્ત રાખી ન હતી. તેઓ તેમની મધ્યે, તેઓમાંના એક હતા, ભોજન તેમની સાથે આરોગવાનું, ઉંઘવાનું પણ તેમની પડખે જ અને હરવાફરવાનું પણ તેમની સાથે જ. બાલિશ પ્રશ્નોનો પણ તેમણે જવાબ આપ્યો હતો, તેમને હડધૂત નહતા કર્યા. લોકો સાથે અત્યંત ધીરજવાન હતા, 'હું ક્યાં સુધી તમારી સાથે...' એમ અવારનવાર કહેતા, તાકીદ કરી હતી પણ સજા કરી ન હતી. દોન બોસ્કો અને યુવાનો વચ્ચે કોઈ અંતરાય ન હતી. તેમણે યુવાનોને એટલી સ્વતંત્રતા આપી હતી કે ક્યારેક છોકરાએ તેમની છાતી પર બેસી જતા! પ્રત્યેકની સાથે તેમનો સંપર્ક વ્યક્તિગત અને લાક્ષણિક હતો. ઈસુનો નિકોદેમસ કે શમરૂની બાઈ સાથેનો વ્યવહાર પરિસ્થિતિ પ્રમાણે હતો, પણ મુલાકાતની ફળઃશ્રુતિ ઉત્સાહ પ્રેરક હતી. રાતના અંધકારની મુલાકાત જીવનના પ્રકાશથી ઝળહળી અને પેયજલ માગીને જીવનજલ અર્પી દીધું!

ઈસુએ કોઈ સૈદ્ધાંતિક ઉપદેશ માટે વ્યાખ્યાનમાળા યોજી ન હતી, લોકોને તેમના પર્યાવરણમાંથી જ શીખ આપી હતી. ખેતરમાંના ફૂલ, નાનકડી ચકલી, નાનું બાળક વગેરેનાં દૃષ્ટાંત પાયામાં હતાં, ખોવાયેલો સિક્કો અને ઉડાઉ દીકરો તેમનાં ઉદાહરણ હતાં. પોતાની જાતને 'ભલા ગોવાળ'ની ઓળખ આપી હતી. વિધવાની કોડીની તેમણે નોંધ લીધી હતી. લોકોને તેમના રોજબરોજના અનુભવને આધારે ઈશ્વરના રાજ્યની સમજ આપી હતી, ખાતરી કરાવી હતી કે તેઓ જેવા છે તેવા જ તેમને ચાહ્યા છે. દોન બોસ્કોની અગમચેતી પ્રણાલી પણ આજ બાબતને અનુસરે છે. યુવાનો પાસેથી મોટા પરાક્રમની તેમને અપેક્ષા ન હતી, પણ સામાન્ય જીવનને અસાધારણ

રીતે જીવવાની કુનેહ તેમણે શીખવી હતી. તેઓ બાળકો-યુવાનોને તેવા જ બની રહેવા કહેતા : 'દોડો, કૂદો, બૂમો પાડો પણ પાપ કરશો નહીં.' ઈસુની જેમ, અહીં તેઓ ક્યારેય સમાધાન કરતા નહીં, તેઓ જેવા છે તેવા જ જીવવા દઈ ગામડાંના છોકરાઓ માંથી પણ સંત પેદા કરવાનો કસબ તેમની પાસે હતો. 'યુવાનો શાને ચાહે છે, તેને ચાહીને' દોન બોસ્કોએ અગમચેતી પ્રણાલીથી યુવાનોને પોતાનાં સંતાન બનાવ્યા. જો તમે કોઈને ચાહો છો, તો આપોઆપ 'કોઈ' જેને ચાહે છે, તેને તમે ચાહવા માંડશો.

આજે આપણે તેમના થોડા ઘણા વિવરણ અને પત્રને આધારે આ પ્રણાલી વિશે જાણી શકીએ છીએ. મે ૧૮૮૪માં રોમથી લખેલ પત્રમાં : 'દોમિનિક સાવિયો, મિકી મેગોન અને ફ્રાન્સિસ બેસુકોનું પવિત્ર જીવન, અગમચેતી પ્રણાલીના મહાવરાનું પરિણામ હતું. સંતોનાં જીવનચરિત્ર આ પ્રણાલીને સમજવા માટે ખજાનારૂપ છે, જેમાં દોન બોસ્કો આલેખન કરે છે કે, કેવી રીતે અગમચેતી પ્રણાલી નિશ્ચિતરૂપે પવિત્રતાના માર્ગે આગળ ધપાવે છે?'

વડાધર્મગુરુ સંત જોન પોલ દ્વિતીયના મતાનુસાર, દોન બોસ્કોની યુવાનો માટેની 'અગમચેતી પ્રણાલી' અર્થાત : '...નિશ્ચિત અનુભવ દ્વારા જે સારું છે તેને આગળ કરતી હકારાત્મક કેળવણીની કલા છે, જે વિદ્યાર્થીઓને સામેલ થવા હાકલ કરે છે. પ્રણાલી તેના ભવ્ય અને પ્રભાવશાળી લક્ષણથી સૌને ગુરુ-શિષ્યને આકર્ષે છે. આત્મગૌરવને સભાન કરીને, બાહ્ય સંજોગો અને રૂઢિઓનો વિરોધ કરીને, આત્મચેતના દ્વારા યુવાનો જાતે જ વિકાસ આદરે તેવી આ પ્રણાલી છે.' શું સારું છે! 'તે પ્રત્યે યુવાવર્ગમાં પ્રસન્ન અને સંતોષપ્રદ મહોર અંકિત કરી, દુરાચરણમાં સુધારણા કરી, નક્કર ચારિત્ર્ય ઘડતર દ્વારા ઉજ્જવળ ભાવિ માટે તૈયાર કરવાની આ અમૂલ્ય કલા છે.'

અગમચેતી પ્રણાલીમાં વ્યક્તિને મહત્ત્વ આપવામાં આવે છે, પ્રોત્સાહક, કાર્યક્રમ કરતાં વ્યક્તિને અગ્રેસર રાખે છે, 'અગમચેતી પ્રણાલી એ નિયમો નથી પરંતુ અનિવાર્યપણે પ્રેમસબંધ છે.' એમ કોઈએ જણાવ્યું હતું. 'યુવાનો માટે કંઈક કરવાનો અહીં આદેશ નથી, પણ યુવાનોનું કોઈક બનવાનું નિવેદન છે.' એમ તેમણે ઉમેર્યું હતું.

પોતાની પ્રવૃત્તિઓમાં નૈતિક સિદ્ધાંતોનો અમલ કરવા માટે, દોન બોસ્કો પોતાના અનુયાયીઓને વિનંતી કરે છે. આ પ્રક્રિયાને તેઓ 'વિવેક'(Reason) કહે છે. 'વિદ્યાર્થીના બૌદ્ધિક વિકાસ, જરૂરિયાત અને સંજોગો પ્રમાણે સત્ય અને સદાચરણ માટે, સબળ કરવામાં વિવેક મહત્ત્વપૂર્ણ કાર્ય કરે છે.' એક યુવાન છોકરા સાથે, સલેશિયન આજ સિદ્ધાંત વડે ક્રમાનુસાર ધીરજપૂર્વક કામ લે છે. દરેક વિદ્યાર્થીની મનોવૈજ્ઞાનિક યોગ્યતા પ્રમાણે કેળવણીકાર અનુસરે છે. દોન બોસ્કો સામાન્ય બુદ્ધિ, સાદગી, સાહજિકપણું અને સ્વયંસ્ફૂરણાનો સમાવેશ 'વિવેક'માં કરતા હતા. નિયમના ચીવટપૂર્વકના અવલોકન માટે તેમનો આગ્રહ હતો, પણ ઓછામાં ઓછા, શક્ય હોય તેટલામાં વિશ્વાસ મૂકી વધારે પડતાની અપેક્ષા ન હતી. વિદ્યાર્થી નિશ્ચિત નિયમથી સભાન બને તેવી એક પ્રકારની આ એક સમજાવટ છે.

ધર્મ(Religion), દોન બોસ્કો માટે તેમના જીવનનો સરવાળો અને સારાંશ હતો. ક્રિયાકાંડી પ્રાર્થનાની માન્યતાથી પર, માર્ગદર્શક, મિત્ર તેમજ પિતાતુલ્ય ભગવાન સાથેના સંપૂર્ણ સંવાદને તેઓ ધર્મ માનતા હતા. યુવાનો સાથે કામ કરતાં તેમણે આ દૃષ્ટિએ પોતાના જીવનમાં મનનચિંતન દ્વારા અનુસરણ કર્યું હતું. તેમનું શિક્ષણ પણ મૂળભૂત રીતે ધર્મ આધારિત હતું. ધર્મનું આચરણ કરવામાં અહીં વિશાળ સ્વતંત્રતા તથા આંતરસ્ફૂરણા જોવા મળી હતી. દોન બોસ્કોની ઓરેટરીમાં ઉપાસનાવિધિ ટૂંકી, રસપ્રદ અને સર્જનાત્મક હતી જેથી કરીને છોકરાઓને ઘણી પસંદ હતી.

પ્રેમાળ કરુણાભાવ(Loving Kindness), એ દોન બોસ્કો અને તેમનાં કેન્દ્રનો મુખ્ય સદ્‌ગુણ હતો. ધૈર્ય અને કરુણાની પ્રેરણા તેમને સંત ફ્રાન્સિસ દે સેલ્સના જીવનમાંથી મળી હતી. કુટુંબમાં ઘરનો મોભ જે પ્રમાણે કુટુંબનું પાલનપોષણ કરે તે પ્રમાણે ઓરેટરીમાં દોન બોસ્કો પારિવારિક સંભાળ રાખતા હતા, એવી જ કાળજી આજે પણ સલેશિયન સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની લેવામાં આવે છે.

વિવેક, ધર્મ અને પ્રેમાળ કરુણાભાવ એ અગમચેતી પ્રણાલીના ત્રણ મુખ્ય આધારસ્તંભ છે, તો સલેશિયન સહાય અને હાજરી, ઉલ્લાસ, રમતગમત અને ખેલકૂદ, અભિનયકલા, સંગીત, પ્રવાસ, સ્વતંત્રતા અને જવાબદારી વગેરે તેનાં સહાયક ઉપકરણો છે. વિદ્યાર્થીઓ સાથે સંકળાયેલા સો કોઈ તેમની કેળવણી માટે 'અગમચેતી પ્રણાલી'નો રોજબરોજ પ્રયોગ કરે, એજ દોન બોસ્કોનું માનવજાત વચાળે અનંત સ્મારક બનશે. ●

## હેપ્પી બર્થ ડે
## રિયોન (સીન્નુ)
### જન્મ: ૧૯-૦૯-૨૦૧૪



દરેક મા-બાપ ઈચ્છે, હંમેશાં પોતાના સંતાનની સફળતા,
મમ્મી-પપ્પા મને 'સીનુ' કહે, અર્થ એનો
'માનવ જેને મળી સફળતા.'

નામ મારું, મારાં મા-બાપના હૃદયનો ભાવ કે છે એક અપેક્ષા,
હોય જો અપેક્ષા તો, સફળતાના તો ઘણાં કઠિન હોય રસ્તા.

એટલે તો વિઘ્ન જન્મ સમયથી જ સામે આવી પડ્યું,
નાની ઉંમરે જ 'દવાખાનું', અમારી પનારે પડી ગયું.

ઈશ્વરની કૃપા અને મા-બાપનો પ્રેમ તો અપાર જ હતો.
કાકાઓ-મામાઓ એ કરેલો એ રઝળપાટ પણ કંઈ ખાસ હતો.

નાનીએ જ્યાં પ્રાર્થનાનું પૂર ચલાવી રાખ્યું હતું.
નાના તો હતા સ્વર્ગમાં જ, એમણે તો રૂબરૂ જ માગ્યું હતું.

નાનાની હાકમાં હાક નાંખવા, દાદી પણ પિતા પાસે પહોંચ્યા.
ઓપરેશનના દિવસે જ અમે બધા ચિંતા સાથે શોકમાં ડૂબ્યા.

દાદાએ આ કારમી ખોટ કોઈ પર વર્તાવા ના દીધી,
અને પોતાની શોકમગ્ન સ્થિતિને, પ્રાર્થનામાં વાળી દીધી.

પણ મારું આગમન કદાચ સ્વર્ગની સુંદરતા (Riyon)
સમ હતું મા-બાપ માટે.

આજે એક વર્ષ પૂરું થઈ રહ્યું છે મારું જ્યારે
કુટુંબની દરેક વ્યક્તિઓ નજર સમક્ષ આવે છે ત્યારે.

આટલો પ્રેમ અને આવા કુટુંબનું અહેસાન કેમ ચુકવીશ.
હે પ્રભુ પિતા! આભાર તારો, સદા તારો ઋણી રહીશ.




**લિ. સ્વ. માર્ગેટબેન,**
**યાકુબભાઈ તથા પરિવાર**
૬૧, પાવન પાર્ક, વડોદરા
મો.નં. ૯૮૨૫૮ ૧૪૯૭૩

# મુક્તિદાતાનાં માતા

✍ ફાધર રિચર્ડ લોપીસ ઈ.સં.

માતા ધર્મસભા તેના ઉપાસના ચક્ર દરમિયાન, વિવિધ સંતોના તહેવારો ઉજવે છે. એ તહેવારો જે તે સંતના મૃત્યુદિનના સ્મરણાર્થે ઉજવવામાં આવે છે. ધર્મસભા કેવળ ત્રણ વ્યક્તિઓની જન્મજયંતી ઉજવે છે. પ્રભુ ઈસુની જન્મજયંતી તે નાતાલ, સ્નાનસંસ્કારક યોહાનની જન્મજયંતી ૨૪મી જૂને અને માતા મરિયમની જન્મજયંતી ૮મી સપ્ટેમ્બરે. આ ત્રણ વ્યક્તિઓની જન્મજયંતી ઉજવવા પાછળ એક ચોક્કસ ધર્મવિદ્યાકીય કારણ છે : આ ત્રણેય વ્યક્તિઓનો જન્મ આત્માના સક્રિય પ્રભાવ હેઠળ થયો હતો. અને તેથી જ આ ત્રણેયને જન્મ પહેલાંથી જ મૂળ પાપની કોઈ અસર નડી નહતી. નિષ્કલંક જન્મ ધારણ કરનાર આ ત્રણેયની જન્મજયંતી ધર્મસભા ઉજવે એ યથાર્થ છે.

સ્નાનસંસ્કારક યોહાન માતાનાં ગર્ભમાં ઉછરી રહ્યા હતા ત્યારે પ્રભુની માતા મરિયમ યોહાનની માતા એલિસાબેતની મુલાકાતે અને મદદે આવે છે. તે મિલનની ઘડીએ જ માતા મરિયમના ઉદરમાં માનવ આકાર લઈ રહેલ ઈશ્વરપુત્ર ઈસુ સ્નાનસંસ્કારક યોહાનને પવિત્ર આત્માથી અભિષિક્ત કરે છે જેના પરિણામસ્વરૂપે એલિસાબેતના ઉદરમાં ઉછરી રહેલ યોહાન આનંદ અને ઉમંગથી ફરકી ઉઠે છે. પવિત્ર આત્માથી સભર એ બાળક મૂળ પાપના શાપમાંથી મુક્ત થઈ ઈસુના અગ્રદૂત તરીકે જન્મ લે છે. એની ઉજવણી ધર્મસભા ૨૪મી જૂને સ્નાનસંસ્કારક યોહાનની જન્મજયંતી ઉજવીને કરે છે.

સમગ્ર માનવજાતની મુક્તિ ખાતર ઈશ્વર પોતાના પુત્રને જગતમાં મોકલે છે. ઈશ્વરપુત્ર ઈસુ માનવમાતાને ખોળે જન્મ લે છે તે પવિત્ર આત્માના પ્રભાવ હેઠળ. નિષ્કલંક કુમારી મરિયમ ઈશ્વરની યોજનાને બિનશરત સ્વીકારી લઈને ઈશ્વરની મુક્તિયોજના સફળ બનાવવા માટે મહત્ત્વની જવાબદારી સ્વીકારે છે. મુક્તિદાતા ઈસુ એ પવિત્ર આત્માની દુનિયાને મળેલી પરમપિતાની અમૂલ્ય ભેટ છે. એ ભેટ સ્વીકારવા અને ઉજવવા માતા ધર્મસભા અને સમગ્ર વિશ્વ ૨૫મી ડિસેમ્બરે નાતાલ ઉજવે છે.

સપ્ટેમ્બર મહિનાની ૮મી તારીખે ધર્મસભા માતા મરિયમની જન્મજયંતી ઉજવે છે. ડિસેમ્બરની આઠમી તારીખે મરિયમના નિષ્કલંક ગર્ભાધારણનું પર્વ ઉજવીને ધર્મસભા માતા મરિયમનો જન્મ કેવી રીતે થવાનો છે તેની પૂર્વકલ્પના આપે છે. ઈ.સ. ૮૫૪ સાલની ૮મી ડિસેમ્બરે તત્કાલીન વડાધર્મગુરુ પિયૂષ નવમા પોતાના ધર્મસિદ્ધાંત 'Ineffabilis Deus' (અવર્ણનીય ઈશ્વર) દ્વારા એવી શિખામણ આપે છે કે 'ઈશ્વર મરિયમના ગર્ભાધાનના પ્રથમ ક્ષણથી જ ઈશજનેતા બનવા નિર્માયેલા મરિયમને મૂળ પાપથી સુરક્ષિત રાખી પવિત્રતાનું અદ્વિતીય વરદાન આપે છે.' અદ્વિતીય એટલા ખાતર કે આ વરદાન પામનાર મરિયમ એ માનવ ઈતિહાસમાં સર્જાયેલ એકમાત્ર વ્યક્તિ છે. આ અદ્વિતીય વરદાન આપવાનું કારણ એ કે ઈશ્વરના પુત્ર ઈસુને જન્મ આપનાર કૂખ નિષ્કલંક રહે.

માતા મરિયમનો જન્મ અને તેમનું જીવન, અને સાથોસાથ એમનું સાંપ્રત જીવનમાં અને ખ્રિસ્તી ધર્મશ્રદ્ધામાં આજનું સ્થાન કેવળ એક જ મકસદ પૂર્ણ કરવા માટે છે : ઈશ્વરના પુત્રને અને દુનિયાના મુક્તિદાતાને દુનિયા સમક્ષ ભેટરૂપે ધરવા. કેવળ ઈસુની ભેટ બધા માનવીઓ પાસે કેવળ ઈસુમાં બધાં લોકો શ્રદ્ધા ધરાવતા થાય; ઈસુની આજ્ઞાઓનું પાલન થાય; ઈસુ કહે તેમ બધાં લોકો કરતા થાય; ઈસુની કૃપા, તારણ અને મુક્તિ બધાને પ્રાપ્ત થાય; ઈસુનો મહિમા વધે; ઈસુખ્રિસ્ત છે, ઈશ્વરપુત્ર છે, મુક્તિદાતા છે એવી શ્રદ્ધાનો એકરાર સર્વ માનવીઓ કરે એ માટે મરિયમ અગત્યની ભૂમિકા અપનાવે છે.

ઈસુ ત્યાં મરિયમ અને મરિયમ ત્યાં ઈસુ! મરિયમના જીવનનો કેવળ એકમાત્ર મકસદ પૂર્ણ કરવા મરિયમ જે સૂત્રો અપનાવે છે તે આપણા ખ્રિસ્તી જીવન માટે દીવાદાંડીરૂપ બની રહેશે : 'હું તો પ્રભુની દાસી છું. તારી વાણી મારે વિશે સાચી પડો' (લૂક ૧:૧૮) અને 'એ કહે તેમ કરજો' (યોહાન ૨:૫). ઈસુના જીવનના દરેક મહત્ત્વના તબક્કે આ બે સૂત્રોનો અભિગમ અપનાવીને મરિયમ પોતાનો મકસદ પૂર્ણ કરવા મથે છે. પોતાની મુક્તિયોજના પૂરી કરવા ઈશ્વર કૃપાપૂર્ણ કુમારી મરિયમની પસંદગી કરે છે (લૂક ૧). ઈશ્વરના પુત્રની જનેતા બનીને મરિયમ દુનિયાને મુક્તિદાતાની ભેટ ધરે છે (માથ્થી ૧ :૨૫; લૂક ૨:૭). પોતાના બાળકને મંદિરમાં સમર્પિત કરીને સૌથી મહાન ત્યાગ કરે છે જેના પરિણામસ્વરૂપે પોતાનું હૈયું તલવારથી વિંધવા દે છે (લૂક ૨:૩૫). કાના ગામે ભરપટ્ટે જીવનની ભેટ આપનાર ઈસુને તેમના કાર્યની શુભ શરૂઆત કરવા મરિયમ ઈસુને ઝંપલાવે છે (યોહાન ૨). પુત્રના ક્રૂસ નીચે પુત્રનું દુઃખ નિહાળી, પીડાથી ભાંગી પડે છે (યોહાન ૧૯). ઈસુની ધર્મસભાની સ્થાપના ટાણે પવિત્ર આત્માની ભેટ સ્વીકારવા મરિયમ ઈસુના શિષ્યો સાથે હાજર છે (પ્રે. ચ. ૧:૧૪) જ્યાં જ્યાં ઈસુ છે ત્યાં ત્યાં મરિયમ છે.

મરિયમવિદ્યા અને ખ્રિસ્તવિદ્યા એકબીજા સાથે માતા-બાળકની નાળની જેમ જોડાયેલ છે. ઈસુ પાસે જવા મરિયમ સિવાય બીજો રસ્તો નથી. મરિયમ ત્યાં ઈસુ અને ઈસુ ત્યાં મરિયમ એ ખ્રિસ્તી ભક્તિનું હાર્દ છે. વડાધર્મગુરુ યોહાન પાઉલ બીજા 'મુક્તિદાતાનાં માતા' નામના પોતાના પરિપત્રકની શરૂઆત 'મરિયમનું મુક્તિદાતામાં જે આગવું સ્થાન છે' તેની વાત કરીને કરે છે. કેવળ ઈસુ એકમાત્ર મુક્તિદાતા છે. એ મુક્તિદાતાને જન્મ આપવાની જવાબદારી સ્વીકારીને ઈશ્વરના મુક્તિકાર્યમાં મરિયમ સહભાગી બને છે. ખરા દેવ અને ખરા માનવી ઈસુના માતા મરિયમ ઈશજનેતા છે.

મરિયમ આપણને ઈસુ પાસે લઈ જાય છે અને ઈસુને આપણી પાસે લઈ આવે છે. (યોહાન ૨:૧-૧૧) ઈસુ આપણને પોતાનાં માતાની ભેટ આપે છે. (યોહાન ૧૯ : ૨૫-૨૭). આપણા માટે પ્રાર્થના, વિનંતી અને મધ્યસ્થી કરનાર માતાની ભેટ ઈસુ પોતે આપે છે. ઈસુ પાસેથી કૃપાઓ મેળવી આપનાર આદ્ય મધ્યસ્થ તે મરિયમ! ઈસુ જીવનનો સ્ત્રોત તો મરિયમ આપણા સુધી ઈસુરુપી જીવન પહોંચાડનાર ઝરણું!

મરિયમ દ્વારા કરવામાં આવેલી મધ્યસ્થીની પ્રાર્થના ઈસુ સુધી પહોંચે છે. મરિયમને કરેલી પ્રાર્થના તેમનાથી એ પર ઈસુ સુધી પહોંચે છે. મરિયમ દ્વારા આપણે પ્રભુ મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશ પામીએ છીએ અને એમનાં દર્શનની અને કૃપાની ભેટ પામીએ છીએ.

મરિયમની જેમ દરેક ખ્રિસ્તી શ્રદ્ધાળુને ઈશ્વરના પ્રેમસંદેશના મધ્યસ્થ બનાવડાવી જવાબદારી સોંપવામાં આવી છે. અને તેથી જ આપણે એકબીજા પાસેથી પ્રાર્થનાની અપેક્ષા રાખીએ છીએ. શ્રદ્ધાથી અને પ્રેમથી કરેલી પ્રાર્થના ઈશ્વર સાંભળે છે. ઈશ્વર સુધી આપણી પ્રાર્થના પહોંચાડવા આપણા સંતો અને પવિત્રજનો આપણને મદદરૂપ થાય છે. આજે પણ આપણી વચ્ચે અનેક મધ્યસ્થીઓ હયાત છે કે જેઓ આપણી પ્રાર્થના ઈશ્વરને અને ઈશ્વરની કૃપા આપણને પહોંચાડવાનું કાર્ય કરી રહ્યાં છે. એ સર્વ મધ્યસ્થોના આદર્શ નમૂનારૂપ માતા મરિયમ છે, કારણ તેમના શ્રદ્ધામય આજ્ઞાપાલન દ્વારા આપણને ઈશ્વરની કૃપા-સાક્ષાત પ્રભુ ઈસુ પ્રાપ્ત થયા છે. માનવજાત પ્રત્યેના તેમના પ્રેમના પ્રતીક સમો ઈશ્વરની સર્વશ્રેષ્ઠ કૃપા-મુક્તિદાતા ઈસુની ભેટ આપણને મળી છે.

મરિયમનાં શ્રદ્ધા અને પ્રેમને લીધે અસંખ્ય શ્રદ્ધાળુઓ તેમની ભક્તિ કરતાં થયાં છે. મરિયમભક્તિ-પ્રાર્થના-મધ્યસ્થી ખ્રિસ્તી જીવનનો અવિભાજ્ય ભાગ બની ગયાં છે. ધર્મસભાના ઉપાસના ચક્રમાં મરિયમભક્તિ વિશેષ સ્થાન ધરાવે છે. ગુલાબમાળાની ભક્તિ, બુધવાર-શનિવારની નોવેના પ્રાર્થનાઓ, મે-ઓક્ટોબરની ભક્તિ વારંવાર ઉજવાતા વિવિધ મરિયમ તહેવારો અને મરિયમવિદ્યાને લગતા ધર્મવિદ્યાના સિદ્ધાંતો ખ્રિસ્તી જીવનનાં મહત્ત્વનાં પાસાંઓ બની ચૂક્યાં છે.

આના અનુસંધાનમાં એક વાતની તકેદારી રાખવી ખૂબ જ જરૂરી છે. માતા મરિયમની પૂજા નહીં થવી જોઈએ. મરિયમધામો, વેપાર કરનારા કેન્દ્રો અને પ્રવાસ કેન્દ્રો નહીં બનવા જોઈએ. મરિયમનો આદર્શ અપનાવીને ઈસુને અને પવિત્ર ત્રૈક્યને આપણી પૂજાના કેન્દ્રમાં રાખવું અગત્યનું છે. પૂજા કેવળ ઈશ્વરની થાય. મરિમય પ્રત્યેનો આદરભાવ અને મરિયમની મધ્યસ્થી, આપણને મૂર્તિપૂજા કરવામાં પ્રવૃત્ત કરે નહીં તે જોવું રહ્યું. ઈશ્વરના સર્જનને પરમેશ્વરનું સ્થાન આપીએ ત્યારે મૂર્તિપૂજાનું પાપ થાય છે. મરિયમ ઈશ્વરનું અદ્‌ભુત અને અદ્વિતીય સર્જન છે. તેમના પ્રત્યે સર્વશ્રેષ્ઠ આદરભાવ દર્શાવવો એ ખ્રિસ્તી વ્યક્તિની ફરજ છે, પણ તેમને પવિત્ર ત્રૈક્યની હરોળમાં સ્થાન આપવું એ યોગ્ય નથી.

ઈશ્વર પ્રત્યેનાં આજ્ઞાપાલનમાં, પ્રેમમાં અને પૂજામાં કેવી રીતે રત રહેવું એ આપણને મરિયમ પોતે સુંદર રીતે શીખવાડે છે. 'પ્રણામ મારિઆ અને પ્રભુમહિમાગાન પ્રાર્થનાઓ આપણને મરિયમની એ રીત બતાવે છે. આપણે ઈશ્વરનાં મહાન કાર્યો બદલ તેમની સ્તુતિ કરવા આ પ્રાર્થનાઓ દ્વારા મરિયમ સાથે જોડાઈ જઈએ છીએ. ઈશ્વરની મહાન કૃપાથી પરિપૂર્ણ મરિયમ ઈશજનેતા બનવાનું ભાગ્ય પામે છે. ઈશ્વરના મુક્તિકાર્ય માટે પોતાનો ભોગ આપનાર આ કૃપાપૂર્ણ સ્ત્રીને ભાગ્યવંત તરીકે બિરદાવીને આપણે તેમનું સન્માન કરીએ છીએ. આ પ્રાર્થનાના બીજા ભાગ દ્વારા આપણે મરિયમને સર્વોત્તમ મધ્યસ્થી તરીકે સ્વીકારીને આપણું વર્તમાન જીવન અને ભવિષ્ય મરિયમની મધ્યસ્થી વડે ઈશ્વરના હાથોમાં સોંપીએ છીએ.

ગુલાબમાળાની ભક્તિ આપણને ઈશ્વરપુત્ર ઈસુના જીવનના રહસ્ય ઉપર મનનચિંતન કરવા પ્રેરણા પૂરી પાડે છે. ગુલાબમાળાની ભક્તિ કરતાં દરેક પ્રણામ મારિઆ વખતે આપણે આપણી જાતને મરિયમ સાથે ઈસુની હાજરીમાં લાવીએ છીએ. મરિયમ જેમ ઈસુ સાથે એકરૂપ થયાં હતાં, તેઓ જેમ ઈસુના જીવનના દરેક મહત્ત્વના તબક્કે તેમની સાથે હતાં તેમ આપણે પણ ઈસુના કાર્યમાં, પીડામાં મૃત્યુમાં અને વૈભવમાં ઈસુ સાથે એકરૂપ થવા સજ્જ બનીએ છીએ અને એમ ગુલાબમાળાની પ્રાર્થના દ્વારા બળ મેળવીને ઈસુનું કાર્ય આગળ ધપાવવા હામ ભીડીએ છીએ. એવું કરીએ તો જ આપણી ભક્તિ અર્થપૂર્ણ ગણાય, અન્યથા એ યંત્રવત કરવામાં આવેલી પોપટપંચી ગણાશે.

મરિયમભક્તિ અને મરિયમના માનમાં ઉજવાતા તહેવારો મોટે ભાગે મરિયમનાં વિવિધ દર્શનો સાથે સંકળાયેલાં છે. આવાં દર્શનને પ્રતાપે ઘણા શ્રદ્ધાળુઓ મરિયમ દ્વારા ઈસુ ભણી ખેંચાયા છે. આવાં દર્શનને પ્રતાપે ઘણાં ભક્તોનાં હૃદયપરિવર્તન થયાં છે; પસ્તાવો કરીને ઈસુમય જીવનનો માર્ગ ઘણાં લોકોએ અપનાવ્યો છે અને એમ ઈશ્વરનાં કૃપાપાત્ર સંતાનો બન્યાં છે.

મરિયમ ભક્તિ ઈસુ ભણી લઈ જનાર માર્ગ બને તે ઈચ્છનીય છે, પણ મરિયમ ધામોનો વિચાર કરીએ તો એવું જોવા મળે છે કે મોટાં ભાગના ભક્તો ઈસુ કરતાં વધારે મહત્ત્વ મરિયમને આપે છે. મરિયમ પોતે એવું ઈચ્છતા નથી કે ઈસુ કરતાં તેમનું મહત્ત્વ વધે. મરિયમના જીવનનો ધ્યેય ઈસુનો મહિમા થાય અને લોકો ઈસુમાં શ્રદ્ધા ધરાવતા થાય તે છે. તેની સ્પષ્ટ સાબિતી આપણને યોહાનના શુભસંદેશમાં જોવા મળે છે. કાના ગામે ઈસુ તેમના પ્રેષિતિક કાર્યમાં ઝંપલાવીને, લોકોને 'ઈસુ કહે તેમ કરજો' (યોહાન ૨:૫) એમ કહીને મરિયમ પડદા પાછળ ખસી જાય છે. યોહાન પોતાના સંપૂર્ણ શુભસંદેશમાં ત્યારબાદ કેવળ ઈસુનાં કાર્યો, ચમત્કારો, વચનો, જીવન અને સમર્પણની વાત કરીને ઈસુનો મહિમા કરવામાં વ્યસ્ત છે. યોહાન ૨:૫ પછી પડદા પાછળ ખસી ગયેલ માતા મરિયમ ફરી આપણને યોહાન ૧૯:૨૫-૨૭માં એટલે કે શુભસંદેશમાં અંતના ભાગમાં જોવા મળે છે અને તે પણ ફરી એકવાર ઈસુના શિષ્યોને હિંમત આપવા તેમનાં માતા બનેલાં... માતા મરિયમ ત્યારબાદ ઈસુના અનુયાયીઓ સાથે સતત પ્રાર્થના અને મધ્યસ્થી કરતાં રહ્યાં છે.

દરેક યુગમાં ઈસુના ભક્તોને દર્શન આપીને માતા મરિયમ તેમને સહારો આપતાં રહ્યાં છે અને દુનિયાને ઈસુ ભણી પાછા વાળતાં રહ્યાં છે.

દુનિયાભરમાં મરિયમનાં દર્શનના લાભાર્થીઓ કાં તો બાળકો છે, અભણ છે, અપંગ છે, તરછોડાયેલાં છે અથવા તો ગરીબ છે. ઈસુ પાસેથી મળતી કૃપા અને મુક્તિની ભેટ તેઓ ઈસુનાં નાનાંઓને મેળવી આપે છે. ઈસુ પાસે સહુ આવે અને મુક્તિ પામે એ માટે માતા

*અનુસંધાન જુઓ પેજ. નં. ૨૪ પર*

લઘુકથા

# કૂંખ

✍ **અજ્ઞાત**

"કેટલામાં નક્કી કર્યુ?"

"બધુય થઈને... ત્રણ લાખ..."

"બસ....! ત્રણ લાખ જ...? બીજુ વધારાનું કશું? ... મે... તો... જાણ્યું તું કે તેઓને અમેરિકામાં બહુ મોટો બિઝનેશ છે... તો... વધારે..."

"બીજાને તો બે... અઢી લાખ જ મળે છે... આપણને તો સારા પૈસા કહેવાય...?"

એક ઘરના ઓરડામાં મહત્ત્વનો સંવાદ ચાલી રહ્યો છે. તેમની આંખો આગળ પડુ... પડુ થતું ઘર, ભૂખમરો, છોકરાનું ભણતર અને ખાસ તો દીકરીના લગ્નની ચિંતા વિકરાળ સ્વરૂપે ઊભી છે. પતિ-પત્ની છૂટક મજૂરીમાંથી પેટનું પણ પૂરું કરી શકતા નથી ત્યાં આજે આશાનો ચમકારો તેમને ચમકાવી રહ્યો છે.

કોઈકે ચીંધેલા માર્ગે ચાલીને પત્નીને ત્રણ લાખનો કરાર કરી નાંખ્યો છે. આ માટે તેણે માત્ર નવ મહિના ઘરથી દૂર રહેવાનું છે.! સ્વના જણ્યાને છોડીને પારકાને જણવા જવાનું છે. જેના માટે લોકો પથ્થર પૂજે છે તેવાને પોતાનું કંઈક વેચવાનું છે! છતાં... પણ... ત્રણ... ત્રણ... લાખ મળવા છતાં પણ અજીબો ગરીબ સન્નાટો તેમના ચહેરા પર છાઈ રહ્યો છે!! કરાર પાક્કો કરી દેવામાં આવ્યો છે! કરાર મુજબની બધી જ શરતોને વારંવાર સમજાવવામાં આવી છે. કરારના કાગળિયાં પર સહી પણ દેવાઈ ચૂકી છે. અને... હવે... તો... માત્ર આજની રાત જ અહીં કાલે સવારે તો નક્કી કર્યા મુજબ તેણે દવાખાના ભેગા થવાનું છે! ... નવી દુનિયામાં...!

તેણે વિચાર્યું... "કાલે... દેવળમાં... પ્રથમ મીસમાં જ જઈ આવું. પછી તો દસ વાગે તેને જવાનું છે. અને નવ મહીના બાદ જ..." તે વહેલી ઊઠી, તૈયાર થવા માંડી... કેલેન્ડરમાં બોલતી આઠમી સપ્ટેમ્બરની તારીખ પર પણ તેની નજર ના ગઈ... ઉતાવળા... ઉતાવળા કામ પતાવતી તે દેવળ તરફ ચાલી. દર રવિવાર કરતાં આ રવિવારે સંખ્યા તેને વધારે જણાઈ. દેવળના શણગાર જોઈને પણ તેને અચરજ થઈ. ફાધરે શરૂઆતમાં માતા મરિયમની જન્મજયંતીનો ઉલ્લેખ કરી ભક્તજનોને આવકાર્યા. જો કે તેના મનમાં તો નવી જ દુનિયા રચાતી હતી. દેવળમાં ક્રમાનુસાર વિધિઓ શરૂ થઈ. શુભસંદેશ પણ વંચાયો. ફાધરે ધર્મબોધ શરૂ કર્યો. તેના કાન સરવા થયાં... ફાધરના શબ્દો... "માતા મરિયમે જગતના કલ્યાણ માટે પોતાની કૂંખ પ્રભુને અર્પણ કરી. માતા મરિયમની કૂંખ તે જ ઘડીએ ધન્ય થઈ ગઈ. જેમાં જગતના તારણહારનો વાસ થયો. સંદેશો લઈને આવેલા દેવદૂતને તેમની વાણીને... સંદેશાને... માતા મરિયમે સ્વીકારી લીધો. પ્રભુની દાસી બનીને અને માતા મરિયમની એ સ્વીકૃતિ જગતની મહાન ઘટના બની ગઈ! ઈશ્વર તરફથી મળેલ અણમોલ ભેટનું કેવું અને કેટલું મહત્ત્વ છે તે માતા મરિયમે આપણને શીખવ્યું છે! ફાધરના અંતરમાંથી અવિરત બોધનો નિર્મલ પ્રવાહ વહેતો હતો....!!!"

તેના અંતરમાં બોધનો એકે એક શબ્દ નવું અજવાળુ પાથરતો હતો. ફાધરના શબ્દો... "પણ... પણ... આજે... ઈશ્વરની અમૂલ્ય દાન... બક્ષિશ... કેટલું મહત્ત્વ રાખ્યું છે? જેને જોઈએ તે બે - ચાર થોકડીઓમાં ભાડે લઈ જાય...! શું આપણે માતા મરિયમનું અપમાન નથી કરતાં? એના કરતાં તો કૂંખ કઢાવી નાંખવી સારી...!"

ફાધરનાં શબ્દોએ તેના ચિત્તમાં વાવંટોળ જગવ્યો... સાક્ષાત્ મા મરિયમ તેની સામે ઉદાસ ચહેરે ઊભેલાં દેખાયાં! તેમની આર્તવાણી તેના અંતરમાં સંભળાઈ. "મારા જન્મદિને તુ મને આ ભેટ આપીશ."

તેના હૃદયનો બંધ એકાએક તૂટ્યો. સ્વાર્થ-લાલચનું હલકુ દબાણ દૂર થયું. આંખો ટપકવા માંડી ટપકતાં આંસુને બાળઈસુ અને મા મરિયમ જ નિહાળી રહ્યાં હતાં.

ખ્રિસ્તપ્રસાદ લઈને ક્યારે એ ઘરે આવી તેની તેને પણ ખબર ના પડી. કબાટમાંથી રૂપિયા અને કરારના કાગળ લીધાં. કોઈને પણ જણાવ્યાં વિના ઉપડી સીધી ડોક્ટરને ત્યાં. વહેલી આવેલી જોઈને ડોક્ટર બોલ્યાં - "હજી તો વાર છે... કેમ આટલી વહેલી?"

તે પૈસા અને કરારનું કાગળ પરત આપતાં માત્ર એટલું જ બોલી - "આજે મને મારી સગી માએ જ બચાવી લીધી છે ડોક્ટર સાહેબ, જેના માટે કોઈ જ માફી નથી તેવી ભૂલ કરવા હું જઈ રહી હતી... પણ મને માફ કરજો સાહેબ, લો આ તમારું બધું પાછું, હવે મારાથી આ કદાપિ ના જ થઈ શકે અને શક્ય હોય તો તમે પણ બીજાને... આવું કર્હીં" બોલતાં - બોલતાં સડસડાટ ઘેર આવી.

કોણ જાણે કેમ પણ પત્નીને ઘેર પાછી આવેલી જોતાં પતિને પણ હૈયે ટાઢક વળી! આજે તેને પગે લાગવાનું મન થાય એવી દિવ્ય કાંતીના દર્શન તેના ચહેરા પર થયાં અને મા મરિયમનો ચહેરો તો...!!! ●

*અનુસંધાન પેજ. નં. ૨૩ પરથી...*

મરિયમ દર્શન દઈને એવાં નાનાંઓને જવાબદારી સોંપે છે. એવાઓને આપવામાં આવતા મરિયમના સંદેશામાં હંમેશા પસ્તાવો, પરિવર્તન, પ્રાર્થના અને શાંતિ માટે સર્વ નાનાં મોટાં મથ્યા કરે એ માટે પડકાર ફેંકવામાં આવે છે. દુનિયામાં શાંતિ ફેલાય, ઈસુનો મહિમા વધે અને ઈશ્વના રાજ્યનાં આગમન અને સ્થાપના થાય એ માટે સમયાંતરે દર્શન આપીને 'મુક્તિદાતાનાં માતા મરિયમ સો ભક્તોને નક્કર જવાબદારીઓ સોંપીને ઈશ્વરની યોજનામાં ભાગીદારી આપીને. ધન્ય બનાવે છે.

સપ્ટેમ્બર ૮મીએ આપણે આપણાં માતા મરિયમની જન્મજયંતી ઉજવી રહ્યાં છીએ ત્યારે તેમનો યોગ્ય આદર સત્કાર કરતાં થઈએ. તેમનાં જીવનનાં સૂત્રો આત્મસાત કરીને ઈશ્વરની વાણીને અનુરૂપ જીવન જીવીએ અને ઈસુ કહે તેમ કરતાં રહીએ તો તે માતા મરિયમને આપેલી જન્મદિવસની અર્થપૂર્ણ શુભેચ્છાઓ લેખાશે...! ●

# ક્રૂસનો જયઘોષ

✍ સિ. રેશ્મા માનુએલ

*દેવાશિષ હાઈસ્કૂલ, તવરા, વાઘોડિયા*



મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ભક્ત કવિ પ્રીતમ દાસની બહુપ્રસિદ્ધ પંક્તિ

'હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને.'

પરથમ પહેલાં મસ્તક મૂકી વરતી લેવું નામ જોને - માં 'હરિનો મારગ' ભક્તકવિના મતે શહાદતનો માર્ગ હોઈ શકે એવું તેની પછીની પંક્તિ ઉપરથી ફલિત થાય છે. કોઈપણ ભક્તવીર માટે ઈશ્વર પ્રાપ્તિનો માર્ગ જીવન જેટલો જ મૂલ્યવાન-મોંઘેરો હોય છે, એટલે ભક્ત જ્યાં અટવાય જાય ત્યાં એ માર્ગે પ્રસ્થાન કરેલા કોઈકને અનાયાસે અનુસરે છે, જીવન મેળવવા. ભગવાન ઈસુએ ક્રૂસનો માર્ગ, માથા સાટે મુક્તિ મેળવવાનો માર્ગ, સ્વયં એ રસ્તે જઈને વિજય પ્રાપ્ત કરી આપણને દર્શાવ્યો છે., એટલે જ ભક્તજનો ક્રૂસના માર્ગે-વધના માર્ગે આગળ ધપતાં પણ આનંદથી લલકારે છે : 'દુનિયા મારી પાછળ રહે, ક્રૂસ તો મારી આગળ રહે!'

મરણ વિશે આગાહી કરતાં ભગવાન ઈસુએ વારંવાર શિષ્યોને સમજાવ્યું હતું : '... યેરુશાલેમમાં માનવપુત્રને ક્રૂસે ચડાવશે પણ ત્રીજે દિવસે એ ફરી સજીવન થશે.' આગાહી સાચી પડતી હોય તેમ પર્વને ટાણે લોકોની માંગણી પ્રમાણે બરબ્બાસને છોડી મૂક્યો અને ઈસુને કોરડા મારીને ક્રૂસે ચડાવવા માટે સોંપી દીધા. સિપાઈઓએ કાંટાનો મુગટ ગૂંથીને તેમને માથે મૂક્યો, તેમના પર થૂંક્યા, સોટી માથામાં મારી, મશ્કરી કરી પછી તેમને ક્રૂસે ચડાવવા લઈ ચાલ્યા. રસ્તામાં કુરેનનો સીમોન તેમને ક્રૂસ ઉંચકવામાં મદદ કરે છે. ગુલગથા (ખોપરીનું સ્થાન) નામની જગ્યાએ ઈસુને ક્રૂસે જડ્યા પછી તેમણે તેમનાં વસ્ત્રો ચિઠ્ઠી નાખીને વહેંચી લીધાં. મધ્યાહ્ન થતાં આખા પ્રદેશ પર અંધકાર છવાઈ ગયો અને ત્રણ વાગ્યા સુધી રહ્યો. ઈસુ મોટેથી બૂમ પાડી ઉઠ્યા, 'મારા ભગવાન, મારા ભગવાન, તમે મને કેમ છોડી દીધો?' અને પ્રાણ છોડ્યા, ત્રીજે દિવસે કેટલીક સ્ત્રીઓ ઈસુને સુગંધી દ્રવ્યો લગાડવા ગઈ ત્યાં દૂતે સંદેશ આપ્યો : 'ક્રૂસે જડાયેલા નાસરેથના ઈસુ સજીવન થયા છે.'

ભૂતકાળની એ ઘટનાઓને શ્રદ્ધાઘોષણામાં આલેખવામાં આવી છે :'પ્રભુ ઈસુમાં અમે શ્રદ્ધા રાખીએ છીએ... તે ક્રૂસે જડાયા, મોતને શરણે થયા, કબરે દટાયા... ત્રીજે દિવસે ફરી સજીવન ઉઠ્યા.' 'બાઈબલમાં ઈશ્વરદર્શન'માં લેખક નોંધે છે : 'ઈસુનું મૃત્યુ માત્ર ક્રૂસ પરનું મૃત્યુ ન હતું. આ તો ક્રૂસને કેન્દ્ર બનાવતી એક પરિસ્થિતિ હતી. આ પરિસ્થિતિ ઈસુને માર્ગે ચાલવા માગનાર કોઈપણ જણને ક્રૂસ ભણી દોરી હતી' શાસકોની તાનાશાહી, સિપાઈઓનો રાજીઓ અને ફરોશીઓના કટ્ટરવાદે, ક્રૂસનું જાણે નિર્માણ કર્યું!

'જો કોઈ મારો અનુયાયી થવા માગતો હોય, તો તેણે પોતાની જાતનો ત્યાગ કરવો જોઈશે અને પોતાનો ક્રૂસ ઉપાડી મારી પાછળ આવવું જોઈએ.' (માથ્થી ૧૬:૨૪) ઈસુનાં વચન પ્રમાણે ઈસુને અનુસરનાર કોઈપણ શ્રદ્ધાળુ માટે ક્રૂસનો માર્ગ જ શાશ્વતજીવનનો માર્ગ છે. 'ઈશ્વરે આપણી વિરુદ્ધ જનાર ખતપત્રને ક્રૂસે જડી દઈ આપણા માર્ગમાંથી હટાવી દીધું છે. આપણાં બધાં પાપોની માફી બક્ષીને આપણને ઈસુની ભેગા ફરી સજીવન કર્યા છે.' એવી સાક્ષી સંત પાઉલ કલ્લોસાવાસીઓને આપણને આપે છે., એટલે સ્નાનસંસ્કારની દીક્ષા પ્રત્યેક શ્રદ્ધાળુને ઈસુના ક્રૂસના મૃત્યુમાં અને પુનરુત્થાનમાં સહભાગી બનાવે છે. સંત જોન ખ્રિસ્તોત્તમ પણ સ્નાનસંસ્કારની દીક્ષાને ક્રૂસ સાથે જોડી બતાવે છે. 'ઝબદીના છોકરાઓ - છોકરાની મા, પોતાના દીકરાઓને, રાજ્યમાં જમણે અને ડાબે હાથે બેસે એવી અરજ ગુજારે છે ત્યારે ઈસુનો જવાબ હતો : 'જે અગ્નિસ્નાનમાંથી હું પસાર થાઉં તેમાંથી તમે પસાર થઈ શકશો?' અહીં અગ્નિસ્નાનમાં ઈસુના પીડાદાયક મૃત્યુનો ગર્ભિત ખ્યાલ છે.'

બાઈબલમાં જૂના કરારમાં નૂહનું વહાણ (ઉત્પત્તિ ૫ થી ૯) મોરિયા ડુંગર પર ઈસહાકની આહુતિ આપવા, તેના પર લાદેલાં યજ્ઞ માટેનાં લાકડાં (ઉત્પત્તિ : ૨૨), યાકોબે સ્વપ્નમાં જોયેલી સીડી (ઉત્પત્તિ : ૨૮). મોશેના હાથમાંની ઈલમી લાકડી (મહાપ્રસ્થાન :૬, ૭) વગેરે સંકેતો જીવનવૃક્ષના છે, જે નવા કરારમાં ઈસુના ક્રૂસ. 'જીવનફળ દેનાર ફલિત થાય છે.'

'આ પુનિત તરુ ખીલ્યું ક્રૂસનું રે મધુરું ફળ તે ઈસુ રે,
આ નીરખી લો ને પ્રેમથી, દે જીવનફળ તે ઈસુ રે.'

કેવળ પ્રભુ ઈસુના ક્રૂસનું જ ગર્વ કરવાની પ્રાર્થના કરતા સંત પાઉલને તો પોતાના રોમેરોમમાં ઈસુની છાપ - ક્રૂસની છાપ હોવાનો ભરોસો છે. 'મારા શરીર ઉપર હું ઈસુની છાપ ધરાઉં છું.'
(ગલાતિયા : ૬ :૧૩)

એજ રાહે મહાન સંત લિયો એકરાર કરે છે : 'ઈસુનો ક્રૂસ, દરેક કૃપાના ઝરાનો ઉત્તમ સ્ત્રોત છે.' એટલે જ જેટલા પ્રેમથી ઈસુએ ક્રૂસને આલિંગન કર્યું હતું, તેટલા જ પ્રેમથી આપણે ક્રૂસને આલિંગન કરીએ તો, ઈસુના પુનરુત્થાન સાથે આપણી મુક્તિ ખચિત છે. સંત જોન (ક્રોન્સ્દત)ના શબ્દોમાં : 'સદાયે જયઘોષ કરનારા ક્રૂસનો મહિમા હો હે પ્રભુ. જ્યારે દુશ્મન પાપના પ્રલોભનમાં મને નાખે છે ત્યારે મારી સ્વતંત્રતા હણાઈ જાય છે., શ્રદ્ધાસભર અગણિતવાર ક્રૂસની નિશાની કરતાં પ્રલોભનથી છૂટકારો મળે છે અને હું હળવાશ અનુભવું છું. એક શ્રદ્ધાળુ માટે ક્રૂસ શક્તિશાળી સ્તંભ છે, જે સઘળાં અનિષ્ટથી તેને બચાવે છે, અદૃશ્યના આફતના ઓળાથી પણ ક્રૂસ તેનું રક્ષણ કરે છે.' માટે જ પુનિતક્રૂસનો પ્રતિષ્ઠાનું પર્વ ઉજવતાં પ્રાર્થના કરીએઃ

'ક્રૂસમાં જીવન, મુક્તિને પુનરુત્થાન અનંત
ક્રૂસનો મર્મ પામવા દેજો અંતરજ્ઞાન.' ●

# દીકરી બચાવોઃ માત્ર નારાવાદ!

## આપણી માનસિકતામાં આમૂલ પરિવર્તનની આવશ્યકતા




✍ **ફાધર જોસેફ પરમાર ઈ.સં.**

*પારસપાડા, દક્ષિણ ગુજરાત*

દરેક સંસ્કૃતિમાં પેઢી દરપેઢી ઉતરી આવેલી કહેવતો જે તે સંસ્કૃતિના સમૃદ્ધ વારસા અને લોકસમજ કે લોક-ડહાપણના સંકેતો છે, પરંતુ ક્યારેક આપણી નજરે એવી કહેવતો પડે છે કે જેને એકબીજાની સજ્જડ વિરોધી તરીકે સામસામે મૂકી શકાય છે. દા.ત. 'નારી તું નારાયણી' અને 'નારી નરકની ખાણ'. આવા સમયે આપણું મન સવાલ કરે કે આમાં શું ખાખ લોકડહાપણ નીતરી આવતું હશે? ખેર, જરા થોભો અને વિચાર કરો. ચતુર માણસને સમજાશે કે આ બે કહેવતો સમાજના બે જૂથનું પ્રતિનિધિત્વ કરે છે. એમાંનો એક નારીનો સજ્જડ વિરોધી તો બીજો છે સુધારક વર્ગ જે ચાલી આવતા જરીપુરાણા સિદ્ધાંતો અને જડબેલાસક માન્યતાઓથી પર ઊઠીને નારીને વધુ સન્માન ગણનારો વર્ગ.

નારી પ્રત્યેનો નિમ્ન ખ્યાલ રાખવો અને તે મુજબ તેની સાથે વ્યવહાર કરવો તે સમગ્ર માનવજાત માટે કલંકરૂપ... આ માન્યતા આપણે તોડવી પડશે, માત્ર 'દીકરી બચાવો' જેવા પોકળ નારાઓ અને દીકરી માટે સાંકેતિકરૂપ એક વર્ષ ઉજવણી કરવાથી આપણે કાંઈ ઝાઝું ઊકાળી શકવાના નથી. આપણે ભારતીયો વાતોનાં વડાં કરવામાં ખાસ્સા એવા નિપૂણ અને પાવરધા છીએ તે નિર્વિવાદ વાત ગણાય એ ખરું, હો'.

મૂળે પરદેશી પરંતુ ગુજરાતી જૈન સમાજના અભિન્ન અંગ બની ગયેલા ફાધર વાલેસે એકવાર પોતાના વ્યંગાત્મક લેખમાં આલેખેલું :'જગતને ચલાવે તે નર, નરને ચલાવે તે નારી'. આ લેખ આપણે બધાંએ વાંચવો અને અન્યને વંચાવવો રહ્યો. માત્ર વાંચીને અટકવાનું નથી. તેમાંથી કાંઈક ધડો લેવાની જરૂર છે. દરેક સમજુ નર આ નગ્ન સત્યને ચોક્કસ સ્વીકારશે કે જગતને અને દરેક નરને ચલાવવા નારી જ એક માત્ર સક્ષમ માધ્યમ છે. બાકીના બધાં વિકલ્પ અંતે માત્ર કામચલાઉ, તકલાદી અને વામણા માધ્યમો જ સાબિત થવાના. બેશક, મહાન અને અઠંગ તપસ્વી એવા વશિષ્ઠને મેનકાએ પોતાના કામણગારા રૂપથી લલચાવ્યા અને ચળાવ્યા હતા જે નારીનું મોહકરૂપ છે. જે રૂપ પાછળ દુનિયાની અડધી વસ્તી એટલે કે પુરુષો આકર્ષાય છે. પરંતુ નારીનું મહત્તમ કર્તવ્ય તેના જનનીરૂપ મા છે. જેનો આપણે બધાંએ નિ:શંકપણે લાભ મેળવ્યો છે. છતાં નારીના આ સર્જનના કાર્યને બિરદાવવામાં હું અને તમે. આપણે સહુ વામણા, નપુંસક અને નામાલા પૂરવાર થયા છીએ. રાજા રામમોહન રાય અને લોર્ડ વિલ્યમ બેંટિક જેવા સુધારાવાદીઓએ સદીઓ પહેલાં સતીપ્રથાનો વિરોધ કર્યો હતો. તેમ છતાં આજે એકવીસમી સદીમાં પ્રથમ ક્રમાંકિત બનવા હરખપદુડા બની જતા. હાંફી હાંફીને માંડ માંડ દોડતા ને લંગડાતા ભારતમાં આજેપણ સતી રિવાજનું ભૂત છાનુંછપનું ધૂણ્યા કરે છે. લોર્ડ વિલ્યમ પીંઢારાઓનો નાશ કરી શક્યા. પરંતુ એજ પીંઢારાઓનો આત્મા હજી ભારતીય સમાજમાં અજ્ઞાતવેશે હયાત છે જે પોતાના જ સમાજના અભિન્ન અંગો ગણાતી સ્ત્રીઓને લૂંટવામાં અને ચૂસવામાં કાર્યરત છે. ૧૨ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ દિલ્હી ખાતે ઘટેલ નિર્ભયા કિસ્સા શું આનું તાદૃશ અને વરવું ઉદાહરણ નથી?

સ્ત્રીઓ પ્રત્યે બિલકુલ અણછાજતું, આપણ સહુ માનવીઓને કાયમ શરમમાં મૂકતું, વલણ અને વર્તન બદલાય તે દિશામાં કાંઈક ચોક્કસ પગલાં બાબતે ઊંડો વિચારવિમર્શ થવો જરૂરી છે. કહેવાતાં અને નાહકનાં ચલાવી લેવાતાં, શાસ્ત્રોક્ત ઉલ્લેખોને હવે તગેડવાનો, ઉખેડવાનો અને ફગાવી દેવાનો સમય આવી ગયો છે. આ લેખ વાંચનાર દરેક પુરુષ (ખાસ કરીને બાપ) પોતાની દિકરી વિશે જરાયે અણઘટતું બોલાય, તેણીની ગમે તેવી અણછાજતી વાત થાય તે નિશંકપણે નહિ જ સ્વીકારી શકે તે સમજી શકાય તેવી બાબત છે. પરંતુ જ્યારે અન્યની દીકરી કે સ્ત્રીની વાત આવે ત્યારે તેની જીભે લાગેલાં તાળાં અનાયાસે ખૂલી જાય છે અને તરત જ તેનું બિભત્સ સ્વરૂપ પ્રગટી ઉઠે છે. આ જે કહેવામાં અને કરવામાં બે પરિણામ, વલણ કે વર્તન (standards) દરેક પુરુષ (અને સ્ત્રી)માં રહેલાં અને પડેલાં છે તેને સમજીને, વિચારીને, સખત શબ્દોમાં તેને વખોડીને, તેને એકસરખાં કરવામાં આવશે ત્યારે જ આપણા ભારતમાં જાતિય સમાનતા (Gender equality)નો સૂરજ ઉદય પામશે. તેની શુભ શરૂઆત થાય તે માટે આપણે કોઈ રાજકીય નેતાની ઉદ્‌ઘોષણાની જરૂર નથી.'જાગ્યા ત્યાંથી સવાર'ને ધોરણે દરેક કુટુંબે અને વિશેષ દરેક પુરુષે આમાં સવિશેષ પહેલ કરવાની રહેશે. આમ કરવામાં આવશે ત્યારે જ આપણે સહુ પોતાની અને પારકાની દીકરી વચ્ચેનો ભેદ કરતાં અને તે પ્રમાણે જીવન જીવતાં અટકીશું અને તે આપણને સમાનતાની ઉચ્ચ કોટિએ પહોંચાડશે.

એકવીસમી સદી એટલે પ્રસારણ માધ્યમોનો સતત મારો. દરેક આધુનિક ઉપકરણ માનવી ઉપર પોતાનાં પ્રલોભનોને ફેલાવી તેને વશીભૂત કરે છે. ત્યારે આવા ઉદાહરણોએ સ્વતંત્રતો નામે સ્વછંદતાને વિકસાવવાનો મોહ જતો કરવો જ પડશે. તેનો નૈતિક ઉપયોગ થાય તે માટે સહુ જાગ્રત વ્યક્તિએ પોતાનો ફાળો આપવાનો રહેશે. જરાપણ ગાફેલિયત આપણા માનવ સમાજ માટે મોટી આફત નોતરનારી બની રહેશે. આમ, ટી.વી., મોબાઇલ, ફિલ્મ, જાહેરાતોમાં જે બિભત્સતા અને હિંસાનું પ્રદર્શન થાય છે તેને આપણે વિશેષ પ્રયત્નો અને કઠોર પગલાંઓ દ્વારા ધીરે ધીરે પરંતુ મક્કમ નિર્ણયશક્તિથી ડામવું પડશે.

જાહેરાતોના મુલાયમ છતાં છેતરામણા અંચળા હેઠળ આપણે સ્ત્રીઓનાં નગ્ન શરીર અને નાજુક અંગ પ્રદર્શન દ્વારા મૂર્ખ લોકોને આકર્ષવાના અને ક્ષણ માત્રમાં કરોડો કમાઈ લેવાનો જે ધીકતો ધંધો ઉભો કર્યો છે તેના ઉપર જડબેલાસક લગામરૂપી ડૂચો મારવાનો સમય આવી ગયો છે. ફિલ્મોના અને ટી.વી.ના રૂપેરી પડદે પ્રદર્શિત ફિલ્મો અને અનેક ધારાવાહિકોમાં દર્શાવાતા લગ્ન બહારના લટૂડા-પટૂડા સંબંધોને હવે રોકવાનો સમય આવી ગયો છે. ફિલ્મમાં પણ નાયિકાના અંગપ્રદર્શન માટે વપરાતાં અશ્લીલ નૃત્યો, અભિનય અને દ્વિઅર્થી સંવાદો, ગીતો વગેરેને સેન્સરબોર્ડ નિષ્ઠાની મજબૂત કાતરથી બેરહમરીતે વેતરવાનાં રહેશે. આમ, વિવિધક્ષેત્રે , સ્ત્રીને સન્માન મળશે. તેના પ્રત્યે સમભાવના (equanimity) કેળવાશે ત્યારે જ આપણે સ્વસ્થ અને તંદુરસ્ત માનસિકતાવાળા સમાજના આપણા લક્ષ્ય તરફ ચોક્કસ રીતે આગળ વધી શકીશું.

આજે નારી જ્યારે દરેક ક્ષેત્રે પુરુષ સમોવડી થઈ જ ગઈ છે ત્યારે તેને માન આપવામાં તેનું સન્માન જાળવવામાં પુરુષવર્ગને શાની નાનમ, ભોંઠપ કે શરમ અનુભવાય છે? દરેક સમજુ અને સાત્વિક માબાપે પોતાના દીકરા-દીકરી વચ્ચેના વ્યવહારમાં સભાનપણે સમાનતાનો માપદંડ અપનાવવો જ પડશે અને જો આ હકીકત વાસ્તવિકતા ન હોય તો તેને વાસ્તવિકતામાં પલટાવવા માટે જરૂરી પગલાં અને માપદંડ અપનાવવા પડશે. કુટુંબમાં દીકરા-દીકરી વચ્ચેના વ્યવહારમાં રહેલા અંતરને હટાવવાનાં રહેશે.

આધુનિક માબાપ તરીકે ગમે તે ધર્મ કે સંપ્રદાયના અનુયાયી હોઈએ તો પણ સ્ત્રીને હલકી ગણનારા અને તેની સાથે ભેદભાવભર્યો વ્યવહાર શીખવનારા દરેક ધાર્મિક સિદ્ધાંતોને ફગાવવાનો અને તેનો સંપૂર્ણ જાહેર વિરોધ કરવા બાબતે જાગૃત થવાનો સમય આપણે માટે આવી ચડ્યો છે. હવે, તેના પ્રત્યે ગાફેલ રહેવાથી કે ઉદાસીન વલણ દાખવવું આપણે સહુ માટે શુભ પરિણામ લાવનારું નહિ હોય તે આપણે સહુએ કાન ખંખેરીને સાંભળી લેવા જેવી નક્કર તેમજ કઠોર હકીકત છે.

જે કુટુંબમાં માત્ર પુરુષવર્ગ જ નિર્ણય લે છે, જ્યાં સ્ત્રી પાત્રની માત્ર અવગણનાને ઉપેક્ષા જ થાય છે, તેવા વાતાવરણમાં બાળકો સ્ત્રી પ્રત્યે અણગમો, અણછાજતો વ્યવહાર વગેરે ગળથૂંથીમાંથી શીખી લે છે. કોઈએ તેમને સવિશેષ શીખવવો પડતો નથી અને ભવિષ્યમાં તેઓ પોતાના વલણો પ્રમાણે જ સ્ત્રી સાથે બેહૂદું વર્તન અનાયાસે જ કરશે તેમાં કોઈ શંકા હોય ખરી? તેથી પતિ-પત્ની વચ્ચે, માબાપ વચ્ચે સમાનતાભર્યું વલણ રાખવું અને તે પ્રમાણે જ વ્યવહાર રાખવામાં આપણે સમાન સન્માનવાળા સ્ત્રી-પુરુષના સમાજની રચના કરી શકીશું.

લેખના સહુ સુજ્ઞ વાચકોને, અંતર્યામી ઈશ્વર ઉદાર દૃષ્ટિ અને પોતાના વલણમાં જરૂરી સુધારા કરવા દૃઢ નિર્ણયશક્તિ આપે તેવી અભ્યર્થના. સર્વનું અને સર્વત્ર મંગલ થાઓ જેથી નારીત્વની થતી અવહેલનાના દુ:ખદ કિસ્સા રોજ દહાડે સાંભળવાથી થતી ગ્લાનિમાંથી સહુ મુક્તિ પામે. તથાસ્તુ. ●


## પ્લોટ વેચવાનો છે

આકાશ ટાઉનશીપ - ૨માં N.A. થયેલ બાંધકામ પરમિશન
સાથેનો ૧૨૨૫ ચો.ફૂટનો પ્લોટ વેચવાનો છે.

*ખ્રિસ્તી ભાઈઓને પ્રથમ પસંદગી આપવામાં આવશે.*

**સ્થળ :** આકાશ ટાઉનશીપ, તુલસી ગરનાળા પાસે,આણંદ

**સંપર્ક : મો. ૯૪૨૯૧ ૬૦૮૨૩**

## ડુપ્લેક્ષ વેચવાનું છે

ક્રિશ્ચિયન વસ્તીમાં વિદેશ જવાનું હોય તાત્કાલિક
૧૬૦૦ સ્કે. ફૂટનું ડુપ્લેક્ષ વેચવાનું છે.

B-૨૦૮ નતાશાપાર્ક - ૨, મિલિટરી બોયઝ હોસ્ટેલ પાસે, નિઝામપુરા-વડોદરા

**સંપર્ક : મો. ૯૭૧૨૩ ૩૦૪૦૮**

## મકાન વેચવાનું છે

જીવનદીપ સોસાયટી, લકી સ્ટોર સામે,
પુષ્પવિહારની બાજુમાં, ગામડી - આણંદ

:: સંપર્ક ::

**મો. ૯૩૭૪૫ ૪૧૯૪૭ / ૯૪૨૯૨ ૫૪૪૪૫**

## વેલાંકની માતાનાં દર્શને, પોટ્ટા રિટ્રીટ પ્રવાસ કેરાલા

**(ટ્રેન તથા લક્ઝરી બસ દ્વારા)**

**પ્રવાસ ફીઃ રૂા. ૭,૫૦૦/-   પ્રવાસ દિવસઃ ૧૬,**
**પ્રવાસની શરૂઆતઃ  ૧૨-૦૨-૨૦૧૬, શુક્રવાર**
**પ્રવાસની પૂર્ણાહુતિઃ  ૨૮-૦૨-૨૦૧૬ રવિવાર**

**નોંધઃ** (૧) પ્રવાસ ફીમાં માત્ર ટ્રેન - લક્ઝરી બસ ભાડું, રાત્રિરોકાણ અને રિટ્રીટ રજીસ્ટ્રેશન ફીનો સમાવેશ થાય છે. (૨) પ્રવેશ ફી તથા ભોજન વ્યવસ્થા પોતાના શિરે રહેશે. (૩) રીઝર્વેશન થયા બાદ કોઈપણ સંજોગોમાં ટિકિટ કેન્સલ કરવામાં આવશે નહિ અને એડવાન્સ ફી પરત આપવામાં આવશે નહિ. (૪) ઓળખપત્ર અવશ્ય આપવાનું રહેશે.

**—: આજે જ રીઝર્વેશન કરાવો : —**

**રૂા.૪,૫૦૦/-** એડવાન્સ ફી આપીને આપની ટિકિટનું રીઝર્વેશન કરાવવા માટે **તારીખ ૧૪-૧૦-૨૦૧૫, બુધવાર** સુધીમાં અચૂક અવશ્ય નામ નોંધાવશો.

**જોવાલાયક સ્થળોઃ** (૧) ચેન્નઈ દર્શનઃ સંત થોમાસની કબર (૨) સંત થોમાસ લીટલ માઉન્ટ (૩) સંત થોમાસ બીગ માઉન્ટ (૪) મીની વેલાંકની (૫) પોંડેચરી દર્શનઃ અરવિંદ આશ્રમ (૬) ચર્ચ (૭) બીચ (૮) વેલાંકની માતાનાં દર્શન બે દિવસ (૯) લાલ માટીની ભૂમિ સંત જોન દે બ્રીટો, ઓરીયૂર (૧૦) મીનાક્ષી મંદિર-મદુરાઈ (૧૧) આરોગ્ય માતાનું મંદિર, વાડીપટ્ટી (૧૨) કન્યાકુમારી દર્શનઃ સ્વામી વિવેકાનંદ રૉક (૧૩) ગાંધી બીચ (૧૪) ચર્ચ (૧૫) સંત દેવસહાયમ્ ચર્ચ. (૧૬) સનસેટ પોઈન્ટ (૧૭) કેરાલા દર્શનઃ કોરેટી ચર્ચ (૧૮) પોટ્ટા આશ્રમ (૧૯) હોલી લેન્ડ (પવિત્ર ભૂમિ) (૨૦) સંત આલ્ફોન્સાની સમાધિ (૨૧) વલ્લારપડા માતાનું ધામ (૨૨) સંત થોમાસના પવિત્ર જમણા હાથના અસ્થિ (૨૩) પ્રથમ સ્નાન સંસ્કાર આપ્યો તે સંત થોમાસ (૨૪) પલકના માતા મરિયમ, ત્રિચૂર (૨૫) ડિવાઈન રિટ્રીટ સેન્ટર, છ દિવસ (૨૬) આપના ઘરના દર્શનઃ "ઈમાનુએલ".

**આયોજકઃ કેરેસ્મેટીક બંધુઃ હેમંતભાઈ એમ. મેકવાન**
**"અનંત" બી/૧૦ વૈભવ સોસાયટી, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮ ૦૦૧**
**ફોન નં. ૦૨૬૯૨-૨૬૬૦૭૧   મોઃ ૯૪૨૭૬ ૩૫૮૯૫**

# અક્ષરોના અજવાળે દીઠી કાલ...
## (૮ સપ્ટેમ્બર, વિશ્વ સાક્ષરતાદિન નિમિત્તે)




✍ **ડૉ. સિલાસ પટેલિયા**

*સંપાદક : કાવ્યધારા ‘દૂત.’*

‘સાક્ષર’નો સાદો અર્થ ‘વાંચવા-લખવાની આવડતવાળુ’ ‘ભણેલું’ ‘શિક્ષિત’ ‘જેને અક્ષરજ્ઞાન થયું હોય એવું’ થાય છે.

બાળક નાનું હોય છે ત્યારે અન્ય પર અવલંબિત હોય છે. ભાષા એ સાંભળે છે. પરંતુ સમજી શકતું નથી. એને જે જોઈએ તે મળી તો જાય છે. મળવાની-મેળવવાની આ પ્રક્રિયામાંથી ભાષાના શબ્દોના સંકેતો એ સમજતું થાય છે અને એ સંકેતનો પદાર્થ એ માંગે છે, આરંભે ઈશારાથી, પછી શબ્દના ઉચ્ચારણથી. ધીમે ધીમે મોટું થાય છે. શબ્દોને ગોઠવીને બોલતાં શીખે છે. હવે એનું કામ ખાસ્સું સરળ થઈ ગયું હોય છે. શાળામાં જાય એ પૂર્વે એ પોતાની માતૃભાષા, આસપાસના સ્વજનો અને માનવ-સમાજ પાસેથી શીખી લે છે. જે ભાષા એ શીખ્યો છે, જેના વડે એનો વ્યવહાર ચાલતો રહે છે, એ ભાષાનો ‘કક્કો’ એને લખતાં વાંચતા આવડતું નથી. વાંચવા-લખતાં ના શીખે તોયે એનો વ્યવહાર તો ચાલે જ છે. વાંધો આવતો નથી! આમ છતાં એક મર્યાદિત-સીમિત દુનિયામાં જ એ બંધાયેલો રહે છે. એ લખતાં શીખે એટલે કે મૂળાક્ષરો, સ્વરો, વ્યંજનો અને શબ્દો શીખે, એના સંકેત અને અર્થ જાણે ત્યારે એક નવી જ દુનિયા ઉઘડે છે. આમ સમયાંતરે વાંચતાંય શીખે છે. સતત લખવાનું - વાંચવાનું એ ચાલુ જ રાખે તો એનામાં લખવા-વાંચવાની આવડત તથા રુચિ કેળવાય છે. આ શીખવાની પ્રક્રિયાનો પાયો થયો. એ દિશામાં જો એ આગળ વધતો રહે, તો શાળા તથા મહાશાળાનો જે વિધિવત્ અભ્યાસ હોય છે, એ પ્રાપ્ત કરવાની એને તક સાંપડે છે. જ્ઞાનનાં દ્વાર ખુલે છે.

લખતાં-વાંચતાં એ શીખે, રસ પડે, બચપણમાં એની વય-કક્ષા મુજબ એને વાંચન માટેની ચોપડીઓ મળે, એમાં એ રચ્યો-પચ્યો રહે, ત્યારે એનો અનુભવ કેવો હોય? લખતાં-વાંચતા આવડતું નહોતું ત્યારે અને આવડી ગયું, એ પછી એના મનની સ્થિતિ કેવી હોય? કેવો રોમાંચ એને થાય? કેવું રૂપાળું વિસ્મય ઉઘડતું આવે? એ સંવેદન જ ન્યારું છે! એને વ્યક્ત કરતું એક કાવ્ય, આવો વાંચીએ –

મારી આંખે તો એ પાનું
હતું કાળા કાળા અક્ષરોનું કીડિયારું!
ક્યાં હતી ખબર કે
એ કાળા કાળા અક્ષરોની અંદર
છે દેશ-દુનિયાની
અવનવી વાતો!
ક્યાં હતી ખબર કે
એ કાળા કાળા ધબ્બા નહોતાં,
એમાં તો હતી
માનવ હૈયાની સરવાણી!
એને આંખ ઉકેલે
તો કલકલ વહેતી, એને કાન સુણે!
આંખ ના ઉકેલી શકે
તો એ માત્ર ધૂણે....
જે ના સમજાય.
અક્ષરોથી બંધાયેલા એ હતા શબ્દો,
ને શબ્દોથી રચાયેલાં એ હતાં વાક્યો,
ને વાક્યોમાં હતા અર્થ,
ને હતી સંવેદનની લીલાઓ –
સુખની અને દુઃખની!
અક્ષર ઓળખતાં આવડ્યું,
શબ્દો સમજતાં ફાવ્યું,
વાક્યના મર્મ સુધી જવાયું....
ને સહસા –
ખુલી જ ગઈ નવી જ દુનિયા,
જેણે આ દુનિયાને જોવા
આપી નવી જ દૃષ્ટિ!

આ અનુભવ જેટલો રોમાંચક છે, એટલો જ એ મૂલ્યવાન પણ છે, કેમકે આ અનુભવ વાંચવાની-લખવાની અને શીખવાની પ્રક્રિયા જોડે કાયમ જોડાયેલો રહે છે. આ અનુભવ વડે જે સમૃદ્ધિ મળે છે, એ જ એના માટે બળવાન માધ્યમ બને છે. વિચારો તથા અનેકવિધ - અનેકરંગી સંવેદનોને બોલીને - લખીને પ્રગટ કરવાનું એ સાહસ કરે છે. એમાં સફળતા - નિષ્ફળતા મળે છે, એના વડે એ પોતાને સમજતો થાય છે. એટલે ‘સ્વ’ને સમજવાનો આ વાંચન-લેખન એક સેતુ બને છે. પોતાની કલ્પનાઓ, તરંગો, સ્વપ્નો, આદર્શોને અભિવ્યક્ત કરવા આ વાંચન-લેખન જ વારે ધાય છે! જે વેઠ્યું છે એનું બયાન કરવા એ સક્ષમ બને છે. જ્ઞાન મેળવવા માટે વાંચન માધ્યમ બને છે. મેળવેલું જ્ઞાન અન્યને આપવા માટે લેખન વળી બીજું માધ્યમ બને છે. આમ સાક્ષર, અજવાળું બને છે જે સતત અંધકાર સામે ટકી રહે છે.

હવે સવાલ એ છે કે જેની પાસે સગવડ છે, માબાપ ખુદ ભણેલાં છે, એને માટે લખવા-વાંચવાની તક સહજ જ હોય છે. એને માટે

પેલા કાવ્યનો રોમાંચ સ્વાભાવિક હોય છે. એ શાળા - મહાશાળાનું શિક્ષણ પામે છે. જ્ઞાન મેળવે છે. પરંતુ જેની પાસે કશી જ સગવડ નથી. માબાપ પણ અક્ષરજ્ઞાનથી વંચિત રહી ગયાં છે. જેનું જીવન રઝળપાટમાં વીતે છે. શ્રમ અર્થે અહીંતહીં ફરવું પડે છે. એક સ્થળે લાંબો સમય રહેવાનું બનતું જ નથી. જે નિરાધાર બાળક છે, જે ભિક્ષુકો છે, જે તરછોડાયેલાં છે, એવાં બાળકોનું શું? રોજીરોટીનો પ્રશ્ન જેને રોજનો છે, એને માટે અક્ષરજ્ઞાન કલ્પના બહારની વસ્તુ છે. આ અક્ષરજ્ઞાનથી વંચિત એવા વર્ગના બાળકોની જુદી જ દુનિયા છે. એ દુનિયાના અંધકારમાં સાક્ષરતાનું અજવાળું પ્રગટે એ અગત્યની બાબત છે. અપાર માનવીય કારુણ્ય, પારાવાર સ્નેહ સાથે જ આ 'જુદી દુનિયા'માં પ્રવેશવાનું હોય છે. એ વર્ગ માટે અંદરથી જ કશીક ચિંતા જાગે ને એમાં સ્નેહભરી કરુણા ભળે તો જ ને માત્ર તો જ આ પવિત્ર કર્મ થઈ શકે.

આ 'જુદી દુનિયા'ના બાળકો માટે કામ કરનારાઓની એક વિરલ અને વિશિષ્ટ બિરાદરી છે. એ સલામને પાત્ર છે. આવો એવાં થોડાંકનો સંક્ષેપમાં પરિચય મેળવીએ — દાયકાઓ પહેલાં અને આજની તારીખે પણ 'મિશનરી અદમ્ય ઉત્સાહ' સાથે મિશનરીઓએ શાળાઓ ચલાવીને ગુજરાતના અનેક ગ્રામ્યવિસ્તારોમાં શિક્ષણનો યજ્ઞ પ્રગટાવેલો, એનો લાભ સંખ્યાબંધ બાળકોને મળ્યો અને જીવનમાં ઘણી પ્રગતિ સાધીને તેઓ આગળ ધપતાં જ રહ્યાં છે. અન્ય સેવકોએ પણ આવાં ગરીબ વિસ્તારમાં અક્ષરજ્ઞાનનું અજવાળું મળે એ માટે પ્રયાસો કરેલા છે. બાબા આમ્ટેના પુત્રો મારફતે મધ્યપ્રદેશના આદિવાસી વિસ્તારમાં, જંગલના અંતરિયાળ ભાગમાં, આરોગ્ય અને શિક્ષણ અંગે જે કામ થયું છે એનું પણ સ્મરણ થાય છે. ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ વડે પણ આવા કામો હાથ ધરાતાં હોય છે. એકલદોકલ માનવીની આ દિશાની કામગીરી ભલે વિશાળ જગતમાં અપરિચિત હોય, છતાં એ અત્યંત સરાહનીય તો છે જ.

લીઓ ટોલ્સ્ટોય રશિયન સાહિત્યકાર - ચિંતક. મજૂરવર્ગના બાળકોને ભણાવવાનો, લખતાં-વાંચતા કરવાનો એમનો હૈયા સોંસરવો પ્રયાસ આજે પણ પ્રેરણાદાયી છે જ. આવાં તો અનેક ઉદાહરણો મળે. એનો ઈતિહાસ લખી શકાય. અહીં તો માત્ર આ દિશામાં થતા આ પ્રયાસોનો માત્ર ઉલ્લેખ છે. એના દ્વારા કહેવાનો અર્થ છે કે ચૂપચાપ કામ કરનારા આ બિરાદરો કેવી ખુદ્દારીથી, ખંતથી આ 'જુદી દુનિયા'ને રળિયાત કરતા હોય છે! એ વંદનને પાત્ર છે.

સ્મરણમાં ઝબકે છે, ગુજરાતી લેખિકા હિમાંશી શેલતનું પુસ્તક 'પ્લેટફોર્મ' નંબર ચાર; આમાં ઝૂંપડપટ્ટીનાં, રસ્તે ભટકતાં, ટ્રેનમાં ભીખ માગતાં ફરતાં બાળકોની દાસ્તાન છે. સ્નેહભેર આ બાળકોને ભેગાં કરવાં, વાતો કરવી અને અક્ષરના અજવાળે લઈ જવાં - આ પ્રયાસ! મૂળમાં અપાર પ્રેમ! તો જ આ કાર્ય પવિત્રકર્મ બને.

બીજા બે એક દાખલા ટાંકવાનું મન થાય છે કેમકે એ આપણા સમયના છે, એકદમ નજીકના ભૂતકાળના જ છે. ૨૭ જુલાઈ, ૨૦૧૧ના 'ઈન્ડિયા ટુડે'માં 'પ્રાચી રંગેનો' 'ધુનકી પક્કી શિક્ષક' લેખ પ્રગટ થયો હતો. એનો સાર અહીં આપું છું. શાહીન મિસ્ત્રી. શાહીનનો ઉછેર-ભણતર બ્રિટન, લેબેનોન, અમેરિકામાં થયું. ૧૮ વર્ષે એ ભારત આવી. હા, રજાઓમાં એ મુંબઈ દાદાદાદીના ઘરે આવતી. ૧૯૮૯માં શાહીને ઝૂંપડપટ્ટીના બાળકોના ચિમળાઈ ગયેલાં ચહેરાં જોયાં, ને એ ક્ષુબ્ધ થઈ ગઈ. એણે આ બાળકોને ભણાવવાનો નિર્ધાર તો કર્યો પણ જગા ના મળે. હિન્દી પણ બરાબર ના આવડે. એક કેન્દ્ર અંતર્ગત ૧૫ બાળકોને ભણાવવાનું શરુ કર્યું. ઘણા સંઘર્ષ બાદ હવે 'આકાંક્ષા ફાઉન્ડેશન' ચલાવે છે. એનાં ૫૮ કેન્દ્રો છે. ૬ શાળાઓ છે. સંખ્યાબંધ બાળકો શિક્ષણ પામ્યાં છે, પામી રહ્યાં છે. અક્ષરજ્ઞાનના અજવાળે આ બાળકો આગળ વધી રહ્યાં છે. સંગીત, ચિત્રકલા, મોડેલિંગ આદિ પણ શીખે છે. આ અંકમાં જ સરિતા એસ. બાલનનો 'ગુરુ કા જ્ઞાન' નામનો એક લેખ છે. કેરળના ત્રિશૂર ગામથી ૧૫ કિ.મી.ના અંતરે આવેલી કિરાલૂર ગામની શાળાની વાત છે. એના સ્થાપક પનિકા વીતિલ તિરુનેલ્લી મહમદ્ હુસૈન. શાળાનું નામ 'સાલસા બીલ' જેનો અર્થ થાય છે — 'સ્વર્ગની વસંત'. હુસૈન મૂળ કતરની એક કંપનીમાં સુપરવાઈઝર હતા. વતનમાં પરત આવ્યા. બધીજ કમાણી અને બાપીકી મિલ્કત શાળા પાછળ ખર્ચી. બાળકોને અક્ષરજ્ઞાન મળે એજ એમની અભિલાષા. આરંભમાં ૩૩ બાળકો હતાં. દર વર્ષે એમાં વધારો થતો ગયો. શાળાના પરીસરમાં જ એમનું ઘર છે. એમાંય ગરીબ બાળકો રહે છે. એમને કોઈ સંતાન નથી. એમનાં પત્ની પણ આચાર્યા છે. અક્ષરજ્ઞાનની સાથે બાળકોને પ્રકૃતિમય જીવતાં શીખવવામાં આવે છે. ખેતીવાડી કરવાની તાલીમ અપાય છે. શ્રમનો મહિમા એમના લોહીમાં ભળે એવું વાતાવરણ છે. સાચે જ નામ સાર્થક કરતું આ ધામ છે. રોમાંચ થાય. (સૌજન્ય : 'ઈન્ડિયા ટુડે' ૨૭ જુલાઈ ૨૦૧૧નો અંક)

આવા પ્રયાસોની પરંપરા રચાય એવી જ અભિલાષા વિશ્વ સાક્ષરતા દિનની યાદમાં હોય, એ સહજ છે. જેનામાં વાંચવા લખવાની આવડત ફૂટી છે એ જ એ અક્ષરજ્ઞાનના અજવાળે આગળ વધે છે અને સાક્ષરતાને સંપત્તિવાન બનાવે છે. એય અન્યને આ પંથે વાળે છે. એય લખીને પ્રગટ થાય છે એ પણ ગ્રંથો રચે છે યા વાંચે છે અને વાંચવા માટે અન્યને પ્રેરે છે. આવા સાતત્યનો-વિસ્તરણનો જ મહિમા છે. આ સંદર્ભમાં મરાઠી કવિ મંગેશ પાડગાંવકરના કાવ્યની બે પંક્તિ ટાંકવાનું યોગ્ય છે.

'ગ્રંથોના સ્પર્શથી તૂટે પગની જંજીર ગ્રંથોના સ્પર્શથી બને દીવાલો આકાશ.' (અનુ. વી.જી. દલાલ)

અક્ષરજ્ઞાનનો આ જાદુ છે. એ જ ખોલી આપે છે મુક્તિના દ્વાર! ખુલતાં રહો આવાં મુક્તિના દ્વારો અગણિત, સાક્ષરતા દિનની એજ પ્રાર્થના. ●


**MAA સ્ટીલ ફર્નિચર**

**દરેક પ્રકારના દીવાલગોખલા, કબાટો બનાવનાર.**
**બહાર ગામનાં કામ કરવામાં આવે છે.**

**મો.: ૯૯૦૯૪ ૧૫૧૮૦, ૯૫૭૪૯ ૫૪૭૮૯**

# નેશનલ એવોર્ડ પ્રાપ્ત કરવા બદલ

# અભિનંદન



**શ્રી મનોજ કાન્તીલાલ મેકવાન** (પ્રેસિડેન્ટ, સી.ડી.એસ.)

''માનવતા'' ના ધર્મની ભેખ ધરી, ''સેવા''ને પોતાનું જીવન કર્તવ્ય ગણી, સમાનતા અને ન્યાયની સફરમાં ઝંઝાવાતી તોફાનોની વચ્ચે પણ અડગ રહી આગળ ધપવું એ આપની ઓળખ છે. ગરીબો, પીડિતો અને પછાતો માટે શિક્ષણ અને કૌશલવર્ધનની સુવિધા ઉભી કરી તમે સ્વર્ગ સમું ''સી.ડી.એસ.'' સર્જ્યું. તમારા આ કાર્યની નોંધ લઈ ઈન્ડીયન સોલીડારિટી કાઉન્સીલ, નવી દિલ્હી દ્વારા સામાજિક કાર્યના ક્ષેત્રમાં તમારા અપ્રતિમ યોગદાન બદલ આપને

## જવેલ ઓફ ઈન્ડિયા

નેશનલ એવોર્ડ તા. ૧૨ ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ ક્રિષ્ના મેનન ભવન ઓડીટોરીયમ, સુપ્રિમ કોર્ટ નવી દિલ્હી ખાતે એનાયત કરવામાં આવેલ. સ્વચ્છ અને બિન રાજકીય પ્રતિભા ધરાવતા મહાનુભવો ડો. ભીષ્મ નારાયણ સિંઘ (પૂર્વ કેન્દ્રીય મંત્રી અને તમિલનાડુના રાજ્યપાલ), શ્રી ઓ. પી. વર્મા (પૂર્વ ચીફ જસ્ટીસ) શ્રી જોગીન્દર સિંઘ (પૂર્વ સી.બી.આય. ડાયરેકટર), ડો. ક્રિષ્નામૂર્તિ (પૂર્વ ચૂંટણી કમિશનર ઓફ ઈન્ડિયા) તથા શ્રી ઓ.પી. સકસેના (ઓલ ઈન્ડિયા લોયર્સ ફોરમના પ્રેસિડેન્ટ, સુપ્રીમ કોર્ટ)ની ઉપસ્થિતિમાં એનાયત થયેલ આ એવોર્ડ આપની અનન્યતા તથા સામાજિક-કાર્ય પ્રતિની નિષ્ઠાનું પ્રતિક છે. આપની આ સિદ્ધિ આપણા કુટુંબ માટે ગૌરવ-ચિહ્નરૂપ છે.

### આપની આ સિધ્ધી બદલ અભિનંદન પાઠવતા સ્વજનો

**વિજયા મનોજકુમાર મેકવાન**
**એલીસ મનોજકુમાર મેકવાન**
**એલન મનોજકુમાર મેકવાન**

જોનભાઈ તથા શારદા મેકવાન
સી. સરોજ મેકવાન
ડો. અલકા મેકવાન
મનીષ મેકવાન
વંદના મેકવાન

લલીતાબેન મેકવાન
દિનેશ તથા સુનીતા મેકવાન
સુનીલ મેકવાન
બીપીન તથા ભારતી મેકવાન

ચીમનભાઈ તથા હેમલતા પરમાર
પરેશ તથા ઈલા મકવાણા
શશીકાંત તથા કપિલા ગોહેલ
નિતીન તથા ડિમ્પલ પરમાર
ચિરાગ તથા ત્વરા પરમાર
અપૂર્વ તથા કેની મેકવાન

કેલ્વીન, પ્રિન્સ, સૃષ્ટિ, જોસુઆ, જયદીપ, વિજય, મીલીન્સ, લકી, ઈવા



# કિશોરમિત્ર

સપ્ટેમ્બર, ૨૦૧૫



**પ્રભુ ઈસુની કૃપા અને આશીર્વાદ**

**માનવજાતના ભલા માટે વાપરો**

## સ્વચ્છતા ત્યાં પ્રભુતા



અંગ્રેજી કિશોરમિત્ર (Soldiers of God)ના પ્રકાશક ફાધર મારીવલનેએ એક પ્રસંગ વર્ણવ્યો છે. એક વખતે તેઓ પાસેના એક નાનકડાં ગામે ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપી મોડી રાત્રે પાછા ફર્યા. પ્રાથમિક શાળાના સંચાલક હોવાને લીધે તેઓ દરરોજ રાત્રે શાળામાં એક આંટો મારતા. એ જ પ્રમાણે આજે પણ તેઓ કાર્યક્રમથી પાછા ફરીને સૂવા જતાં પહેલાં શાળામાં ગયા. શાળાની સીડી નજીક તેમણે ગંદી બદબૂ અનુભવી. પાસે જઈ જોયું તો સીડી પાસે કચરાનો ઢગલો હતો. મધ્યાહ્ન ભોજન કર્યા પછી વધેલી ખાદ્યસામગ્રી ત્યાં ફેંકી દીધેલી હતી. ફાધરે એ એંઠવાડ સાફ કરવાનું નક્કી કર્યું. એક પળનો પણ વિચાર કર્યા વિના તેમણે પોતાનો ઝભ્ભો કમરે બાંધી દીધો. મેદાનમાં જઈને પાણીની ટાંકીમાંથી ડોલ ભરી પાણી અને સાવરણો લઈ આવ્યા અને આખો ખૂણો વાળી નાખ્યો અને પછી પાણીથી ધોઈ નાખ્યો. અડધી રાતે એકલા હાથે આ કામ થોડું મુશ્કેલ તો હતું, પરંતુ ફાધર મારીવલને વિચાર્યું કે સ્વચ્છતા ખૂબ જરૂરી હતી. જો તેમણે એ રાત્રે ગંદકી સાફ કરી ન હોત તો સવાર સુધીમાં તો આખી સ્કૂલ ગંદી વાસથી ગંધાઈ ઉઠી હોત!

ફાધરે આ ઘટના એક વખત બીજી એક શાળાના વિદ્યાર્થીઓને જણાવી અને તેમનો અભિપ્રાય પૂછ્યો. તો જુદાં જુદાં જવાબો મળ્યાં. ઘણાં વિદ્યાર્થીઓએ પોતાની આસપાસનો વિસ્તાર સ્વચ્છ રાખશે તેમ કહ્યું. પણ એક બાળકનો વિચાર ફાધરને ખૂબ ગમી ગયો. તેણે કહ્યું કે હવેથી તે રોજ શાળામાં અડધો કલાક વહેલો આવશે અને સફાઈમાં મદદ કરશે. અને તમને આશ્ચર્ય થશે કે આજદિન સુધી તે બાળકે તેનું વચન નિભાવ્યું છે.

આપણી એક કહેવત છે : સ્વચ્છતા ત્યાં પ્રભુતા. પ્રભુને પણ સ્વચ્છતા ગમે છે. આપણે આ કહેવતને જીવનમાં ઉતારીએ અને તેનો રોજેરોજ અમલ કરીએ.

## જીવન ઉપયોગી જ્ઞાન :

અભિલાષાનું સ્વપ્ન હતું એક આદર્શ શિક્ષક બનવું. શિક્ષક બનવા તેમણે બી.એડ.નો અભ્યાસ કર્યો. તેની તાલીમ દરમિયાન તેમને એક શાળામાં જવાનું થયું. ત્યાં જતાં રસ્તામાં તેમણે કેટલાંક વિદ્યાર્થીઓને જોયા. તોફાને ચડેલા આ બાળકો બધાંને હેરાન કરી રહ્યા હતા. કૂતરાને પથ્થર મારતા હતા. એક અપંગ વ્યક્તિની મશ્કરી કરતા હતા, વગેરે.... આ દૃશ્યો જોઈ અભિલાષનું મન દ્રવી ઉઠ્યું. એક વખત તો તેમનું મન શિક્ષક બનવા પરથી ઊઠી ગયું. અને બીએડનો અભ્યાસ છોડી દેવા વિચાર્યું.

પરંતુ તેમના મગજમાં એક વિચાર આવ્યો, શા માટે પોતે એક જુદા જ પ્રકારના શિક્ષક ના બની શકે; અને બાળકોને સાચા માર્ગે વાળે. આખરે તેમણે અભ્યાસ પૂરો કર્યો.

અભ્યાસ પછી તેમને એક નાનકડી શાળામાં નોકરી મળી. તેમણે નક્કી કર્યું કે તેમની શૈક્ષણિક કારકિર્દી દરમિયાન મળેલી તકનો સદુપયોગ કરવો. પુસ્તકિયા જ્ઞાનને તેમણે જીવનમાં અમલી બનાવવા નક્કી કર્યું. સંજોગો પ્રમાણે જરૂરિયાતમંદને મદદ કરવી, પ્રાણી માત્ર પર દયા દાખવવી, અંધ વ્યક્તિને દોરવી, ભૂખ્યાંને ભોજન આપવું.... તેમના સંપર્કમાં આવે તે સહુને માતા જેવા નિઃસ્વાર્થ પ્રેમનો અનુભવ કરાવવો.

શરૂઆતમાં તો આ કામ ખૂબ મુશ્કેલ હતું, પરંતુ આખરે અભિલાષાને સફળતા મળી અને એક આદર્શ શિક્ષક તરીકે નામના મેળવી.

**સાર :** પુસ્તકિયા જ્ઞાનને જીવનમાં અમલ મૂકવાથી જ તેનું મહત્ત્વ બને છે.



**પ્રેરણામૂર્તિ મધર ટેરેસા :**

એમ કહેવાય છે કે ઈશ્વર બધે હાજર રહી ના શકે તેથી તેણે માતાનું સર્જન કર્યું. આ વાત મધર ટેરેસાને શતપ્રતિશત લાગુ પડે છે. ભારતીય મિશનરીઓની વાતો અને પત્રો વાંચ્યા પછી યુવાન કિશોરી આગ્નેસે ભારતમાં મિશનરી તરીકે સેવા આપવાનું ઠાની લીધું. ગરીબોમાં યે અત્યંત ગરીબની સેવા એ ઈશ્વર સેવા છે એમ તેઓ માનતાં. સમાજના અત્યંત પછાત અને તરછોડાયેલા લોકોના ઉત્થાનને તેમણે પોતાનો જીવનમંત્ર બનાવી લીધો હતો.

તેમનો જન્મ એક જુદા જ દેશમાં થયો હતો. છતાં મધર ટેરેસા એ સમગ્ર વિશ્વને પોતાની માતૃભૂમિ ગણી અને સમગ્ર માનવજાતને તેમના પ્રેમ અને સેવાનો અનુભવ કરાવ્યો. તેઓ આખી દુનિયાના ગરીબોનાં બેલી હતાં. અને તેથી જ દુનિયાભરના દેશોમાં તેમણે પોતાના સેવાકેન્દ્રો ખોલ્યાં. તેમનું તો એક જ ધ્યેય હતું - તરછોડાયેલાં લોકોને પ્રેમનો અનુભવ કરાવવો. એટલે તો તેઓ વિશ્વનાં મધર કહેવાયાં.

૫ સપ્ટેમ્બર, ૧૯૯૭ના દિવસે મધર ટેરેસાએ આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો હતો ત્યારે સમગ્ર વિશ્વે તેમને આંસુભરી શ્રદ્ધાંજલિ અર્પી.

પ્રેમ અને માનવતાના અનેક ઉદાહરણ મધર ટેરેસાના જીવનમાં જોવા મળે છે. એમાંનો એક પ્રસંગ જણાવું. મધર ટેરેસાને આખી દુનિયામાં ગમે તે જગ્યાએ જવા માટે વિમાનમાં ફ્રી - મફત જવાની અનુમતિ હતી. તેમને  ટિકિટ લેવી પડતી નહિ. પ્લેનમાંથી ઉતારવાનું એરપોર્ટ આવે ત્યારે બધાં પેસેન્જરો ઉતરી જાય ત્યાં સુધી મધર ટેરેસા રાહ જોતાં.  છેલ્લે તેઓ વિમાનના રસોડા - કેન્ટીમાં જતાં. અને ત્યાં જે પણ ખાદ્ય સામગ્રી બચી હોઈ તે પેક કરી આપવા કેન્ટીનના કર્મચારીઓને વિનંતી કરતાં. આ ખાદ્ય સામગ્રી તેઓ તે શહેરના શિશુ ભવનના બાળકોમાં વહેંચી દેતાં.

મધર ટેરેસાનો માનવ જાત પરના પ્રેમનું કેવું અનોખું ઉદાહરણ. સાચે જ મધર ટેરેસા સમગ્ર વિશ્વનાં માતા હતાં.

**નોંધ :** ધર્મસભા ૫ સપ્ટેમ્બર પુનિત મધર ટેરેસાનું પર્વ ઉજવે છે.

## ક્રૂસ : વિજયનું પ્રતીક

પ્રભુ ઈસુના સમયમાં ક્રૂસ એ લાંછનનું પ્રતીક હતું. ઘોર અપરાધીને સજા કરવા સૂળી પર ચઢાવવામાં આવતા અને ક્રૂસ પર મૃત્યુદંડ આપવામાં આવતો.

મૃત્યુદંડના પ્રતીક સમા ક્રૂસને તારણહાર ઈસુએ સ્વેચ્છાએ સ્વીકારી તેને વિજયનું પ્રતીક બનાવ્યું. ઈસુના ક્રૂસ પરના સમર્પણ ધિક્કારના પ્રતીક એવા ક્રૂસને પ્રેમના પ્રતિકમાં પલટાવી દીધું.

જે વધસ્તંભ પર ઈસુને મૃત્યુદંડ આપવામાં આવ્યો હતો એ ક્રૂસ રાજા કોન્સ્ટન્તાઈનનાં માતા સંત હેલીનાએ જેરુસાલેમના એક મંદિરમાંથી ઈ.સ. ૩૨૬માં શોધી કાઢ્યો હતો.

ત્યારથી આ પ્રતીકને પાવન ક્રૂસ તરીકે વિશ્વભરમાં નામના મળી છે. કાલવારી પર્વત પર જ્યાં ઈસુને મૃત્યુદંડ આપવામાં આવ્યો હતો એ સ્થળે રાજા કોન્સ્ટન્તાઈને ઈ.સ. ૩૩૫માં ભવ્ય દેવાલયનું નિર્માણ કરાવ્યું.

આ બંને ઘટનાની યાદમાં આપણી ધર્મસભા ૧૪ સપ્ટેમ્બરના દિવસે પુનિત ક્રૂસની સ્થાપનાનું પર્વ ઉજવે છે. સામાન્ય લાકડાનો ક્રૂસ હવે તો સમગ્ર ખ્રિસ્તી સમાજનું પ્રતીક બની ગયો છે. તેના દ્વારા તારણહાર ઈસુએ માનવજાતનું કલ્યાણ કર્યું.

ક્રૂસ દ્વારા આપણે ઈશ્વરની શક્તિ અને હાજરીનો અનુભવ કરી શકીએ છીએ. આપણા માટે ક્રૂસ એ કોઈ સામાન્ય ઘરેણું નથી પરંતુ સતત અનુભવાતી ઈશ્વરીય શક્તિ અને પ્રેમનું પ્રતીક છે.

આ વિશ્વાસ આપણને ઉપદેશ આપે છે અને એક મહાન પાઠ શીખવે છે : જો એક સામાન્ય એવા, લાંછનના પ્રતીક સમા, તિરસ્કાર પામેલા ક્રૂસને ઈસુએ પસંદ કરી તેને માનવના તારણનું પ્રતીક બનાવ્યો તો જો હું ઈસુનું શરણ સ્વીકારું તો હું ગમે તેવો પાપી અને નિર્બળ હોઉં તો પણ મારો ઉદ્ધાર થશે એમાં શંકાને લેશમાત્ર સ્થાન નથી.



**નોંધ :** વહાલા કિશોરમિત્રો, પુનિત ક્રૂસનો એક અવશેષ આપણા ગુજરાતમાં અંકલપુર (આંકલાવ) ખાતેના દેવળમાં પ્રસ્થાપિત કરેલ છે. જ્યારે તમે આંકલાવ (જિ. આણંદ) જાઓ તો જરૂર આ સાચા ક્રૂસના પુનિત અવશેષનાં દર્શન કરજો.

## હિંમત રાખો તો સફળતા મળે :

ગીચ એક જંગલ હતું. અસંખ્ય વૃક્ષોથી ભરેલું. જંગલમાં દરેક જાતનાં પ્રાણીઓ રહેતાં હતાં. આ જંગલમાં એક સસલું અને શિયાળ પણ રહેતાં હતાં. બંને વચ્ચે ગાઢ મિત્રતા, શિયાળાની ઋતુ પાસે હતી. સસલાએ પોતાના માટે એક ઘર બનાવવાનું નક્કી કર્યું. તેણે જંગલમાંથી પાંદડા, રેસા અને લાકડીઓ વીણી અને એક નાનકડી ઝૂંપડી બનાવી અને આરામથી ઝૂંપડીમાં રહેવા લાગ્યું.

સસલાની કદરૂપી ઝૂંપડી જોઈ શિયાળ તેની મજાક કરવા લાગ્યું. શિયાળે તો પોતાને માટે બરફના ચોસલા ગોઠવીને ઈગલું જેવું સુંદર ઘર બનાવ્યું. અને મજાથી શિયાળાની ઋતુ બરફના ઘરમાં પસાર કરી.

હવે જ્યારે શિયાળો પૂરો થયો અને ઉનાળાની ઋતુ શરૂ થઈ એટલે બરફનું ઘર પીગળવા લાગ્યું. અને થોડા સમયમાંજ આખું ઘર ઓગળી ગયું. શિયાળને સસલાની દીર્ઘદૃષ્ટિ પર માન ઉપજ્યું. અને તેણે પોતાને સસલાની ઝૂંપડીમાં આશરો આપવા વિનંતી કરી. પરંતુ સસલાએ નન્નો સંભળાવ્યો.

એક દિવસ સસલું ખોરાકની શોધમાં જંગલમાં ગયું હતું ત્યારે શિયાળ તેની ઝૂંપડીમાં ઘુસી ગયું. અને અંદરથી દરવાજો બંધ કરી દીધો. સસલું જ્યારે પાછું ફર્યું તો ઘર બંધ જોયું. તેણે બૂમો પાડીને દરવાજો ખોલવા કહ્યું. પરંતુ શિયાળે દરવાજો ખોલ્યો નહિ. અને તે ઘરમાંજ ભરાઈ બેઠું.

સસલું ઉદાસ થઈને રડવા લાગ્યું. તેને દુ:ખી જોઈ એક બળદ અને વરુ તેની મદદે આવ્યાં. પરંતુ ચાલક શિયાળ સામે તેમનું કંઈ ઉપજ્યું નહિ. આખરે એક લાલ કલગી વાળો કૂકડો મદદ કરવા આવી પહોંચ્યો. તેણે એક હાથમાં ચમકતી તલવાર લીધી. અને ઝૂંપડીની બહાર ઉભા રહી જોર જોરથી કૂકડે કૂક... એમ પોકારવા લાગ્યો. મરઘાની બાંગ સાંભળી શિયાળે તિરાડમાંથી બહાર જોયું. તેણે કૂકડાને હાથમાં ચમકતી તલવાર લઈ ઉભેલો જોયો. શિયાળ ડરી ગયું. અને માફી માંગતા માંગતા ઝૂંપડીની બહાર ભાગ્યું.

સસલાએ મરઘાભાઈનો આભાર માન્યો અને પોતાની ઝૂંપડીમાં પહોંચી ગયું.

## આવ રે વરસાદ.....

આપણે બધાંને ખુશીઓથી ભરેલ જીવન ખૂબ ગમે છે અને તેથી જ ઈશ્વરે આપેલ જીવનરૂપી ભેટની એક એક પળ આપણે માણવી જોઈએ. પરમેશ્વરે આપણને વિચારવા માટે બુદ્ધિશક્તિ પણ આપી છે. તેથી ક્યારે મોજ મજા માણવી અને ક્યારે કઈ વસ્તુનો ત્યાગ કરવો તેનો નિર્ણય સમજી વિચારીને લેવો જોઈએ. ઈશ્વરે પૃથ્વી પર બધી સુંદર વસ્તુનું સર્જન કર્યું છે, પરંતુ બધી વસ્તુ બધા માટે અનુકૂળ હોતી નથી.

એક દિવસ મિસ જેન વર્ગમાં વિદ્યાર્થીઓને કુદરતની ભેટો વિશે સમજાવતાં હતાં. ઈશ્વરે આપેલ વૃક્ષો, પાણી, ધરતી, જંગલો વગેરે માનવજાતની બહૂમૂલ્ય સેવા કરે છે તે શિક્ષિકાબેને સમજાવ્યું. ચોમાસાની ઋતુ હોવાથી બેને વરસાદ પર નાનો નિબંધ લખવા બધાં વિદ્યાર્થીઓને ઘરકામ આપ્યું. બીજે દિવસે પ્રકાશ સુંદર નિબંધ લખી લાવ્યો. તેણે વર્ગમાં નિબંધ વાંચ્યો.....

"વર્ષાઋતુ મારી મનપસંદ ઋતુ છે. ઉનાળામાં અતિશય ગરમી પડે છે. અને આપણે સહુ આતુરતાથી વરસાદના આગમનની રાહ જોઈએ છીએ. આ વખતે જ્યારે ચોમાસાની ઋતુનો પ્રથમ વરસાદ પડ્યો ત્યારે અમે બધાં ખુશીથી ઝૂમી ઉઠ્યાં."

વરસાદને લીધે રસ્તા ભીના થઈ ગયા હતા. ચારેબાજુ હરિયાળી ખીલી ઉઠી હતી. વરસાદને લીધે ઘણાં લોકો છત્રી લઈને નીકળ્યા હતા. મેં પણ શાળાએ જતી વેળાએ મારો રેઈન કોટ અને ટોપી પહેરી હતી. ધોધમાર વરસાદને લીધે પાણી ભરાઈ ગયાં હોવાથી વાહન વ્યવહાર પણ મંદ ગતિએ ચાલતો હતો. ઘણાં લોકો કામકાજના સ્થળે અને નિશાળે મોડા પહોંચ્યાં હતાં.



વરસાદને લીધે મારું કુટુંબ પ્રફૂલ્લિત થઈ ગયું હતું. બગીચામાં પાણી છાટવાની જરૂર ના રહેતા મારા પિતાજી ખુશ હતા. મારો ભાઈ કાગળની હોડી બનાવી ખાબોચિયાના પાણીમાં તરવા મૂકતો હતો. અમારો કૂતરો ટોમી પણ ખુશીનો માર્યો બગીચામાં અહીં તહીં દોડી રહ્યો હતો. મારી માતાએ વરસાદનું પાણી એકઠું કર્યું જેથી તે બીજા કામમાં વાપરી શકાય. આમ અમને બધાને વર્ષાઋતુ ખૂબ ગમે છે.

મિસ જેનને પ્રકાશે લખેલ નિબંધ ખૂબ ગમ્યો. તેમણે પ્રકાશને શાબાશી આપી અને 'કુદરતના કરિશ્મા' પુસ્તક ભેટ આપ્યું.

## દીકરીએ ભણાવી માતાને...

મિરિયમ અને તેનો પતિ મિકી આદર્શ દંપતી હતું. તેઓ બંને સ્વમાની અને મહેનતું હતાં. ગરીબાઈને લીધે તેઓ શાળાએ જઈ શક્યાં ન હતાં. બંને નિરક્ષર હતાં. તેમને તેમની નિરક્ષરતાની શરમ ન હતી. તેઓ જાણી જોઈને અભણ રહ્યાં ન હતાં, પરંતુ સંજોગોને લીધે ભણી શક્યાં ન હતાં.



મિકી શાકભાજીનો ધંધો કરતો અને મિરિયમ ઘર સંભાળવાની સાથે સાથે સિલાઈ કામ કરી આવક રળતી. આ દંપતીને બે સુંદર દીકરીઓ હતી. બંને ભણવામાં તેજસ્વી, શાળામાં હંમેશાં પહેલો નંબર લાવતી. અનેક ઈનામો પણ જીતતી.

એક દિવસ શાળામાં નાની દીકરી રાજીના વર્ગની શિક્ષિકાબહેને ભારત દેશમાં પ્રવર્તતી નિરક્ષરતા પર સમજાવ્યું. નિરક્ષરતા એ દેશ માટે મોટું કલંક છે અને સહુએ દેશમાંથી નિરક્ષરતા નાબૂદ કરવા પ્રયત્ન કરવો જોઈએ એમ જણાવ્યું. "દરેક વ્યક્તિ એક અભણ વ્યક્તિને ભણાવે" એ સૂત્ર તેમણે બધા બાળકોને આપ્યું.

રાજીએ શિક્ષિકાબેનની વાત બહું જ ધ્યાનથી સાંભળી, તેણે ઉભા થઈ કહ્યું કે તેના માતા-પિતા બંને અભણ છે અને તે સૌ પ્રથમ તેની માતા મિરિયમને અક્ષરજ્ઞાન આપવા માંગે છે. શિક્ષિકાબહેનને રાજીની વાત સ્પર્શી ગઈ. તેમણે રાજીને પ્રોત્સાહન આપ્યું. અને તેની હિંમત વધારી. દીકરીએ માતાને ભણાવવાનું શરું કર્યું. હવે મિરિયમબેન લખી વાંચી શકે છે.

## ચિંતન પુષ્પઃ

ઉત્તમ શિક્ષક ફક્ત વિદ્યાર્થીઓને ભણાવતો જ નથી પણ આદર્શ સમાજનું નિર્માણ કરે છે.



શિક્ષકદિને સહુ ગુરુજનોને આદર સાથે વંદન.

– રાજેશ ક્રિશ્ચિયન
મો. ૯૪૨૬૫ ૮૪૦૨૮
E-mail : rajesh.christian@yahoo.co.in

## વીસમી શ્રદ્ધાંજલિ



**સ્વ. જોનભાઈ ફિલિપભાઈ મેકવાન**

જન્મ: ૨૫-૦૮-૧૯૪૫

અવસાન: ૦૯-૦૯-૧૯૯૫

“જીવનમાં એક ક્ષણ એવી આવી કે જાણે વર્ષો વિત્યાં,
એ વર્ષો તો વિત્યાં પણ એ એક ક્ષણ નથી વિતતી.”
પ્રેમ, દયા, અનુશાસન એ શબ્દો જ જીવન હતું તમારું,
સઘળી પરિસ્થિતિમાં પ્રસન્નતા એ શબ્દો જ જીવન હતું તમારું.
તમારી સાથે વિતેલાં વર્ષો અમે ક્યારેય નહીં ભૂલીએ,
તમારા તરફથી મળેલ પ્રેમ અમે ક્યારેય નહીં ભૂલીએ.
કાંટાળો માર્ગ ક્યારેય નથી બન્યો સમસ્યા રૂપ,
તમે હંમેશ રહેતા નિખાલસરૂપ.
બીજાનું કષ્ટ પર્વત અને નિજનું ધૂળ સમાન,
કુળની માન-મર્યાદાનું રાખ્યું સદાય સન્માન.
શત્ શત્ પ્રણામ કરીએ આપને, આ નાનકડી શ્રદ્ધાંજલિ ભેટ આપને.

**લિ. કુસુમબેન તથા સમગ્ર દુ:ખી પરિવાર**
જીસસનગર, લોટિયાભાગોળ, આણંદ

## નર્સિંગ પ્રવેશ વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માટે મળો

ભારત સરકાર માન્ય કોર્સીસ
INC, KNC, KSNEB માન્ય કૉલેજ

| કોર્ષનું નામ | મુદ્દત | લાયકાત | ફી |
|---|---|---|---|
| GNM નર્સિંગ | 3½ વર્ષ | ૧૨ પાસ (આર્ટ્સ, કોર્મસ, સાયન્સ) | રૂા. ૫૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| પોસ્ટ બેઝિક B.Sc. નર્સિંગ | ૨ વર્ષ | GNM પાસ | રૂા. ૭૦,૦૦૦/- (પ્રથમ વર્ષ) રૂા. ૬૦,૦૦૦/- (દ્વિતીય વર્ષ) |
| B.Sc. નર્સિંગ | ૪ વર્ષ | ૧૨ પાસ (સાયન્સ, બી-ગ્રુપ) | રૂા. ૫૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |

* હપ્તેથી ફી ભરવાની સગવડ.
* SC/ST તથા લઘુમતીના વિદ્યાર્થીને સરકારી સ્કોલરશીપ.
* ઉત્તમ સગવડ સાથેની હોસ્ટેલ તથા કૉલેજ/સ્કૂલ.
* ઉપરોક્ત ફીમાં રહેવા-જમવા અને ટિકિટના ખર્ચનો સમાવેશ થયેલો છે. (ફક્ત GNM નર્સિંગ અને પોસ્ટ બેઝિક નર્સિંગ કોર્ષ માટે.)
* B.Sc. નર્સિંગ (૪ વર્ષ) માટે કૉલેજની હોસ્ટેલમાં રહેવું ફરજીયાત છે. જેનો દર મહિને ખર્ચ રૂા.૩,૦૦૦/- અલગથી છે.

**સંપર્ક કરો:- રેચલબેન સી. મેકવાન**
એ/૩/૧ લાલભાઈ સેન્ટર, લક્ષ્મીનારાયણ ચોકડી રોડ,
એદન પાર્કની સામે, ખોખરા, મણીનગર,
**મો. ૭૮૭૪૫ ૨૫૨૯૯ / ૯૮૨૫૧ ૧૭૮૯૬ / આણંદ: ૭૩૮૩૫ ૦૦૧૧૫**

## *25th Marriage Anniversary*



*Sunita & Chandrakant*
*29-09-1990 to 29-09-2015*

25 Long years of marriage are proof of the fact that love exists. Very few people are lucky enough to grow old together and reach this beautiful milestone. Congratulations for being the chosen ones.

***Your Lovely Children***
***Prima, Rechal, Prince***



## *Birthday Wishes to Dear Papa*

***Chandrakant Macwan***

Birthday Wishes on completing (22-09-1964 to 22-09-2015) 51st years.

You are a great man of God. Our father knew you before you were born. He even knew how great you are for us.

***We Love you Papa***
***From: Prima, Rechal, Prince***

# પુરોહિતથી ધર્માધ્યક્ષ અને મહાધર્માધ્યક્ષ

✍ ફાધર નિલેશ પરમાર

*રેક્ટર, સંત જોસફ સેમિનરી, નડિઆદ*

'શું પુરોહિત બનવું સહેલું છે?' આ પ્રશ્ન એક ઉમેદવાર દ્વારા હાકલ શિબિરમાં પૂછાયેલો. તેનો જવાબ હા અને ના બન્ને રીતે આપી શકાય. જે યુવાનો પુરોહિત બનવા આવે છે, તે જુદી જુદી આશાઓ અને અભિલાષા લઈને આવે છે. આ આશા જો પરિપૂર્ણ થાય તો તે પુરોહિતપદના પગથિયાં સુધી પહોંચી જાય છે, અને ન થાય તો કોઈ બે દિવસના, અઠવાડિયાના, મહિનાના કે વર્ષના મહેમાન બનીને જતા રહે છે. જો પુરોહિત બની જાય તો પણ ઘણા પ્રશ્નો તેમની સામે આવે છે. અને નિરાકરણ ન થાય તો તે નાસીપાસ થઈને પાછા વળે છે.

હું ઉમેદવારોને અચૂક કહું છું કે તમારો ધ્યેય ચોક્કસ રાખો. જો ધ્યેય ચોક્કસ હશે તો તમે મંજિલ સુધી પહોંચી શકશો. તમને ફક્ત માછલીની આંખ જ દેખાવી જોઈએ જેમ ઈસુ લૂકના શુભસંદેશમાં કહે છે, "જે માણસ હળ ઉપર હાથ મૂકીને પાછુ જુએ છે, તે ઈશ્વરના રાજ્યને લાયક નથી" (લૂક ૯:૬૨). યા હોમ કરીને પડો ફતેહ છે આગે.

"નિશાન ચૂક માફ, નહિ માફ નીચું નિશાન" કોઈપણ કાર્યમાં નીચું નિશાન હોય તેને માફી નથી મળતી. આવી રીતે પુરોહિત તાલીમમાં પણ નીચું નિશાન હોય તો તાલીમ આપનારાઓની તાલીમ એળે જાય છે.

આમ તો પુરોહિતની તાલીમ ઉમેદવારીથી થાય છે, ઉમેદવારી સારી રીતે પૂર્ણ કર્યા બાદ પસંદગી કરીને આગળના તબક્કામાં મોકલવામાં આવે છે. તાલીમનો કાળ ધર્મપ્રાંત કે મંડળમાં જુદો જુદો હોઈ શકે પણ મૂલ્ય અભ્યાસ જ તત્ત્વજ્ઞાન (Philosophy) અને દેવવિદ્યા (Theology) બધાનો સરખો જ હોય છે. આ સિવાય વધારાનો અભ્યાસ Civil degreesથી લાગે છે. આ સઘન અભ્યાસની તાલીમ બાદ તથા તાલીમ આપનારાઓની ભલામણ પછી યાજ્ઞિકદીક્ષા ગ્રહણ કરે છે. અને પોતાનું પ્રેષિતિક કાર્યની શુભ શરૂઆત કરે છે. દીક્ષા બાદ પોતાની આવડતથી આગળ વધે છે, અને વધુ અભ્યાસથી પારંગત બને છે. પોતાની પારંગતતાથી ધર્માધ્યક્ષ બની શકે છે.

**પુરોહિતથી ધર્માધ્યક્ષ :** ધર્માધ્યક્ષની નિમણૂક માટે અંતિમ નિર્ણય તો વડાધર્મગુરુના હાથમાં હોય છે. વડાધર્મગુરુ ઈશ્વરની નજરમાં યોગ્ય હોય તેમની પસંદગી કરે છે. પસંગીની પ્રક્રિયા આ મુજબ છે.

ધર્માધ્યક્ષ માટેના ઉમેદવારની પ્રક્રિયા ધર્મપ્રાંતીય સ્તરે થાય છે. ઘણાં સલાહ સૂચન પછી રોમમાં પહોંચે છે. આ પ્રક્રિયા બહુ જ ખાનગી ધોરણે અને વડાધર્મગુરુના એલચી દ્વારા થાય છે. આની પાછળ ઘણો સમય વિતી જાય છે, લગભગ આઠ મહિનાથી પણ વધારે સમય લાગે છે. ઘણા સંજોગોમાં એક પુરોહિતની પ્રથમ ધર્માધ્યક્ષ તરીકે નિમણૂક અને ધર્માધ્યક્ષની બીજી જગ્યાએ બદલી અથવા મહાધર્માધ્યક્ષ તરીકે બઢતીમાં ઘણો તફાવત છે પણ મૂળભૂત રેખાઓ સરખી જ હોય છે.

વડાધર્મગુરુના એલચી (Apostolic Nuncio) વડાધર્મગુરુના સરકાર અને ધર્મસભાના ધર્માધિકારી - એલચી એ મુખ્ય વ્યક્તિ જે નક્કી કરે છે તેઓને જે નામ આપવામાં આવેલા છે તેના પરથી નક્કી કરે છે.

આ પ્રક્રિયામાં મુખ્ય ચાર તબક્કા છે.

તેરના (Terna) : જે જગ્યા ખાલી છે તે માટે ત્રણ નામ.

**પ્રથમ તબક્કો :** ધર્માધ્યક્ષની ભલામણ : દરેક ધર્માધ્યક્ષ તેમના પ્રાંતના મહાધર્માધ્યક્ષને તેમના પુરોહિતના નામ મોકલશે જે તેમના માટે સારો ધર્માધ્યક્ષ બની શકે. આ પહેલા ધર્મપ્રાંતની સભામાં મહાધર્માધ્યક્ષ, બધા ધર્માધ્યક્ષને પુરોહિતોના સૂચવાયેલાં નામની વર્તણૂંકનો અહેવાલ આપે છે. ધર્માધ્યક્ષની ચર્ચામાં નક્કી કરવામાં આવે છે કે કોના નામ માટે ભલામણ કરવી. મળેલા મત અને મિટિંગની વિગત મહાધર્માધ્યક્ષ દ્વારા વડાધર્મગુરુના એલચીને મોકલવામાં આવે છે.

**બીજો તબક્કો :** વડાધર્મગુરુના એલચી દ્વારા છેલ્લી નામાવલિ રોમ મોકલવામાં આવે છે. આ તબક્કામાં એલચી અગત્યનો ભાગ ભજવે છે. તેઓ ફક્ત સાચી હકીકત ભેગી કરતા નથી પણ માહિતી સ્પષ્ટ રીતે જણાવે છે. વડાધર્મગુરુના એલચીની માહિતી પર વધારે ભાર મૂકવામાં આવે છે. આમાં એવું પણ નથી કે તેમની ભલામણ હમેશાં અનુસરવામાં આવે છે!

વડાધર્મગુરુના એલચી ધર્મપ્રાંત દ્વારા મળેલી માહિતી અને વિગતોની ચીવટપૂર્વક તપાસ કરે છે અને ઉમેદવાર ધર્માધ્યક્ષ માટે લાયક છે કે નહિ તે નક્કી કરે છે.

હાલના ધર્માધ્યક્ષ અથવા એપોસ્તોલિક એડમિનેસ્ટ્રેટરનો અહેવાલ ધર્મપ્રાંતની જરૂરિયાત પ્રમાણે મંગાવવામાં આવે છે. જો નિમણૂક ધર્માધ્યક્ષ કે મહાધર્માધ્યક્ષની હોય તો હોદ્દાની ભલામણને ધ્યાનમાં લેવામાં આવશે. ધર્મપ્રાંતની જરૂરિયાતને વધારે પ્રાધ્યાન્ય આપવામાં આવશે, ઉમેદવારના નામને નહિ.

- અહેવાલમાં ધર્મપ્રાંતના દરેકનાં નામ સામેલ કરવા જેથી વડાધર્મગુરુના એલચી સહાય લઈ તેમનો સંપર્ક કેવી રીતે કરે.
- ધર્મપ્રાંતના પૂર્વ ધર્માધ્યક્ષની સલાહ લેવામાં આવે છે.

- જો જગ્યા મહાધર્મપ્રાંત માટે હોય તો બીજા મહામહાધર્માધ્યક્ષની સલાહ લેવામાં આવે છે.

બધી માહિતી એકઠી કરીને એલચી પુનઃમૂલ્યાંકન કરીને સમગ્ર અહેવાલ (લગભગ ૨૦ પાનાં) તૈયાર કરે છે. ત્રણ ઉમેદવાર કક્કાવારી પ્રમાણે ગોઠવી, તેરના, એલચીનું મંતવ્ય (પ્રાધ્યાન્ય) લેખિતમાં હોય છે. આ બધી માહિતી રોમમાં ધર્માધ્યક્ષના મંડળને મોકલવામાં આવે છે.

**ત્રીજો તબક્કો :** ધર્માધ્યક્ષોનું મંડળ : એલચી દ્વારા બધા દસ્તાવેજ તૈયાર કર્યા પછી ઉપરી મંજૂરી આપી આગળ મોકલે છે. જો ધર્માધ્યક્ષની નિમણૂંક માટે જેની બદલી થવાની છે તો આ પ્રક્રિયા ઉપરી અને કર્મચારીઓ દ્વારા હાથ ધરાવામાં આવે છે, પણ જો પુરોહિતની ધર્માધ્યક્ષ બનવામાં નિમણૂંક હોય તો આખુ મંડળ સામેલ થાય છે.

વરિષ્ઠ સભાસદ (કાર્ડિનલ) પસંદ કરવામાં આવે છે જે બધાં દસ્તાવેજોનું સંક્ષિપ્ત કરી મંડળ માટે એક અહેવાલ તૈયાર કરે છે. જે મહિનામાં ગુરુવારે બે વખત મળે છે, કાર્ડિનલના અહેવાલના આધારે નિમણૂક માટે મંડળ ચર્ચા કરે છે અને પોતાનો મત આપે છે. આ મંડળ એલચીની ભલામણને અનુસરે અથવા બીજા ઉમેદવાર 'તેરના'માંથી પસંદ કરે અથવા બીજી વખત તેરના પસંદ કરવાનું કરે છે.

**ચોથો તબક્કો :** વડાધર્મગુરુ નક્કી કરે છે.

ધર્માધ્યક્ષના મંડળના ઉપરી વડાધર્મગુરુને ભલામણો રજૂ કરે છે. જે દર શનિવારે અંગત રીતે મળે છે. થોડા દિવસો બાદ વડાધર્મગુરુ મંડળને નિર્ણય રજૂ કરે છે. મંડળ એલચીને જાણ કરે છે. જે ઉમેદવારને જાણ કરી પૂછે છે કે તેઓ સ્વીકારવા તૈયાર છે કે નહિ? અને જવાબ હકારમાં હોય તો વેટિકન જાહેરાત કરવાની તારીખ નક્કી કરે છે.

આ પ્રક્રિયામાં લગભગ છ થી આઠ મહિના લાગે છે. જ્યારથી ધર્મપ્રાંતમાં ધર્માધ્યક્ષની જગ્યા ખાલી પડે અને નવા ધર્માધ્યક્ષની નિમણૂંક થાય ત્યાં સુધીની પ્રક્રિયા ઘણો સમય માગી લે છે.

**ધર્માધ્યક્ષની લાયકાત :**

- ધર્મકાનૂન ૩૭૮ પ્રમાણે : શ્રદ્ધામાં મજબૂત, સારી નૈતિકતા, પવિત્રતા, ઉત્સાહી, વિચાર વિવેક માનવીય ગુણો તથા ધર્માધ્યક્ષ બનવાની અન્ય લાયકાતો.
- સારો આદરભાવ
- ઉમંર ઓછામાં ઓછી ૩૫ વર્ષ
- પુરોહિત પદનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ
- જેમની પાસે ડોક્ટરેટ કે વિશેષ અભ્યાસનું પ્રમાણપત્ર અથવા બાઈબલનું સારું જ્ઞાન - ધર્મકાનૂન અને દેવવિદ્યા વગેરે.

**ધર્માધ્યક્ષથી મહાધર્માધ્યક્ષ :** મહાધર્માધ્યક્ષની પસંદગી ધર્માધ્યક્ષ જેવી જ છે. લાયકાત પણ તે મુજબ જ છે. આજકાલ એક વલણ જોવા મળે છે તેમાં જે ધર્માધ્યક્ષ છે તેમાંથી મહાધર્માધ્યક્ષ પસંદ કરવામાં આવે છે. અને આ જેટલા ધર્મપ્રાંત છે તેની પર નિર્ભર છે. મહાધર્માધ્યક્ષ - રાજ્યના પાટનગર જે મહાધર્મપ્રાંતના ઉપરી ગણાય છે. મહાધર્માધ્યક્ષની પદસ્થાપના : જ્યારથી મહાધર્માધ્યક્ષની નિમણૂક કરવામાં આવે છે ત્યારથી બે મહિનામાં તેમણે ધર્મકાનૂની અધિકાર લેવો જોઈએ. પદસ્થાપના ધર્મપ્રાંતના મુખ્ય દેવાલય (Cathedral)માં કરવામાં આવે છે. વડાધર્મગુરુના એલચી અથવા તેમના પ્રતિનિધી વડાધર્મગુરુનો પત્ર જાહેરમાં વાંચે છે. 'પાલ્લિયુમ' (Pallium) આપવામાં આવે છે. જે તેમના મહાધર્મપ્રાંતમાં અધિકારનું ચિહ્ન છે. તે મહાધર્મપ્રાંત સિવાય બહાર પહેરી શકાય નહિ. અને બીજા મહાધર્માધ્યક્ષ દ્વારા ઉપયોગ થઈ શકતો નથી.

મહાધર્માધ્યક્ષની સત્તા અને અધિકારક્ષેત્રે તેમના મહાધર્મપ્રાંતમાં બહુ જ સીમિત છે. જ્યારે અન્ય પ્રાંતના ધર્માધ્યક્ષ સાથે મળે ત્યારે મહાધર્માધ્યક્ષ આગેવાની લઈ ખ્રિસ્તયજ્ઞ અને કાર્યક્રમની શરૂઆત કરે છે. ●

મો. ૯૪૨૭૫ ૪૮૪૪૨


## ડુપ્લેક્ષ મકાન વેચવાનું છે

સાંઈભૂમિ, ઈશિતાપાર્ક પાસે, ચાવડાપુરા, જિંટોડિયા - આણંદ
બે રૂમ, હોલ તથા કિચન, બે સાઈડ ખુલ્લી જગ્યા,
રસોડામાં ફર્નિચર સાથે.

**સંપર્કઃ ૮૨૩૮૦ ૭૫૪૧૦ / ૯૯૭૯૮ ૯૫૨૫૯**

જાહેરાત

"માણસ એકલો રહે તે સારું નથી." (ઉત્પત્તિ ૨:૧૮)
દેશ વિદેશમાં ઘેર બેઠાં પ્રત્યક્ષ માહિતી આપતું
**ખ્રિસ્તી સમાજના બધા મિશનો માટે**

## ઈન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**સમયઃ (સોમવાર થી રવિવાર) ૯.૩૦ થી સાંજના ૬.૩૦**
(એપોઈન્ટમેન્ટ લઈને મળવું.)

૧. આપની ઓળખ અને ફોટા વગરનો તમારો બાયોડેટા છ (૬) વખત જાહેરાતમાં મૂકવામાં આવશે. (બે પેપરમાં, વેબસાઈટ અને ફેસબુક ઉપર)
૨. જાહેરાત તથા અન્ય ખર્ચ પેટે યોગ્યતાના ધોરણે રજીસ્ટ્રેશન ફી લેવામાં આવશે.
૩. આર્થિક રીતે નબળી, વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
4. **GNM નર્સિંગ, B.Sc.નર્સિંગ તથા વિદેશમાં સ્થાયી થવા ઈચ્છતા,** ઉચ્ચ અભ્યાસ ધરાવતા લગ્ન ઈચ્છુક યુવક-યુવતીઓને યોગ્યતાના ધોરણે વિનામૂલ્યે વિદેશ જવાની સુવિધા.
૫. કુંવારા, વિધવા, વિધુર, હેન્ડીકેપ, ૪૦ વર્ષની ઉપરના તથા પેન્શનર સીનિયર સીટીઝન પાત્ર મળશે.
૬. સાપ્તાહિક નવક્રાંતિ તથા ગરવી નવક્રાંતિ પેપર વિના મૂલ્યે મળશે.

**ડાયરેક્ટરઃ ભાઈલાલભાઈ એસ. ટેલર**
પાર્ક સ્ટ્રીટ, મેથોડિસ્ટ નર્સિંગ સ્કૂલ સામે, મિશન રોડ, નડીઆદ - ૦૨ જિ. ખેડા (ગુજરાત)
**મો. ૯૮૯૮૩ ૧૮૬૮૫, ૯૭૧૪૫ ૧૮૩૬૭**



# મહાધર્માચાર્યશ્રીને પ્રણામ

✍ સંકલન : સહતંત્રી

*૮ ઓગસ્ટ ૨૦૧૫ના રોજ 'દૂત'ના પૂર્વતંત્રીશ્રી જોન કાનીસ, ડો. થોમસ પરમાર તથા વર્તમાન તંત્રી-સહતંત્રીએ 'મહાધર્માચાર્યનિવાસ - પેથાપુર (ગાંધીનગર)માં 'દૂત'ના ઉપક્રમે શુભેચ્છા મુલાકાત કરી હતી અને 'દૂત' વતી નિવૃત્તિ ટાણે નિરામય દીર્ઘાયુષ્યની શુભેચ્છા પાઠવી હતી. વળી મુલાકાતને આધારે તેઓશ્રીનો પરિચય અને મહાધર્માચાર્યશ્રી આપના જ શબ્દોમાં... મુલાકાતના કેટલાક અંશ અહીં પ્રસ્તુત છે.*

ગુજરાતમાં કેથોલિક ધર્મસભાનાં આવકારનાં સવાસો વર્ષ થયાં જેના ઈતિહાસમાં અનેક સફળતાઓને યથાર્થ સ્થાન મળ્યું છે, ધર્મસભામાં સમગ્ર ધર્મપ્રાંતને દોરવણી આપનાર સેવક નેતા-ધર્માધ્યક્ષ કે મહાધર્માધ્યક્ષની પણ શ્રદ્ધાળુઓના હૃદય પર અવિસ્મરણ અસર પેઢી દર પેઢી જોવા મળે છે એ વાસ્તવિકતા છે. મુંબઈ મહાધર્મપ્રાંતમાંથી ૧૯૩૪માં 'અમદાવાદ મિશન' એક સ્વતંત્ર એકમ બન્યો. ઈસુસંઘી ફાધર વિલાલોન્ગાની પ્રેરણા ગજબનું કામ કરી ગઈ. પાંચમી મે ૧૯૪૯માં અમદાવાદ ધર્મપ્રાંતની રચના થઈ જેમાં મહી નદીના ઉત્તર ભાગમાં આવેલ ગુજરાત-સૌરાષ્ટ્ર, કચ્છનો સમાવેશ થતો હતો, જો કે મહીથી દક્ષિણના જિલ્લા હજુ મુંબઈ મહાધર્મપ્રાંતનો હિસ્સો હતા. ૨૯ સપ્ટેમ્બર, ૧૯૬૬માં વડોદરા ધર્મપ્રાંત અને ૧૯૭૭માં અમદાવાદમાંથી રાજકોટ ધર્મપ્રાંત અસ્તિત્વમાં આવ્યા.

અમદાવાદ ધર્મપ્રાંતના પ્રથમ ધર્માધ્યક્ષશ્રી તરીકે ધર્માધ્યક્ષ એડવીન પિન્ટોની (૧૯૪૯) નિમણૂંક થઈ. ઓગષ્ટ ૧૯૭૩માં તેઓશ્રીએ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. ૨૦ જુલાઈ, ૧૯૭૪થી ધર્માધ્યક્ષ ચાર્લ્સ ગોમ્સ એસ.જે.ની વરણી થઈ. તેમના આગમનની ધર્મપ્રાંતમાં વિકાસનો એક નવો અધ્યાય ખૂલી ગયો. ૧૯૯૦માં ધર્માધ્યક્ષ ગોમ્સ નિવૃત્ત થતાં ફાધર સ્તાનિસલાઉસ ફર્નાન્ડીઝની ધર્માધ્યક્ષ અને ગાંધીનગર મહાધર્મપ્રાંતની, અમદાવાદ ધર્મપ્રાંતમાંથી અલગ નવરચના થતાં ઓગષ્ટ ૨૦૦૨માં મહાધર્માધ્યક્ષ તરીકે નિયુક્તિ થઈ, હવે ૧૨ જૂન, ૨૦૧૫ના રોજ વયમર્યાદાને કારણે તેઓશ્રી નિવૃત્ત થાય છે, ત્યારે સમગ્ર ગુજરાતની ધર્મસભા આભાર માનતાં નિવૃત મહાધર્માધ્યક્ષશ્રી સ્ટેનીને નિરામય દીઘાપુષ્પ માટે શુભેચ્છા-પ્રાર્થના અર્પણ કરે છે.

બિશપ હાઉસ, મિરઝાપુર - અમદાવાદની બાજુમાં 'ખાનપુર' એજ આપણા નિવૃત્ત મહાધર્માધ્યક્ષ સ્ટેનીનું જન્મ સ્થળ ૮ ઓક્ટોમ્બર, ૧૯૩૯માં જન્મેલા પ્રથમ સંતાનની 'સ્તાનિસલાઉસ નેસ્તોર પીટર મારિયા' નામે સ્નાનસંસ્કાર દીક્ષા થઈ. બાળપણ, ઉછેર અને શિક્ષણ મિરઝાપુરમાં જ થયાં અને જૂન-૧૯૫૫માં ઈસુસંઘમાં જોડાયા. ફિલોસોફીનો અભ્યાસ સ્પેઈનમાં તથા થિયોલોજીનો અભ્યાસ પૂર્ણમાં કર્યા બાદ ૨૩ માર્ચ, ૧૯૬૮માં તેમણે પુરોહિત દીક્ષા ગ્રહણ કરી અને ડેડિયાપાડામાં મદદનીશ પુરોહિત તરીકે સેવાકાર્યનો આરંભ કર્યો. ૧૯૭૪ થી ૧૯૭૮ સુધી પ્રોવિન્શિયલના સેક્રેટરી તરીકે અને ૧૯૭૮ થી ૧૯૮૪ સુધી સતત બે અવધિ(ટર્મ) સુધી ગુજરાત ઈસુસંઘના પ્રાન્તાધ્યક્ષ તરીકે તેમજ ૧૯૮૪ થી ૧૯૮૯ સુધી દે નોબિલી કોલેજ પૂણેના રેક્ટર તરીકે યશસ્વી સેવા આપી. એક વર્ષ કેમ્પ-અમદાવાદમાં સભાપુરોહિત તરીકે સેવા આપ્યા બાદ બાર વર્ષ અમદાવાદ ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષ અને તેર વર્ષ ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષ તરીકે અમૂલ્ય સેવા આપી છે, જે ધર્મસભાના ઈતિહાસમાં સુવર્ણઅક્ષરે લખાશે.

તેમના નેતૃત્વમાં આઠ નવા ધર્મવિભાગ, આઠ પ્રાયમરી, દશ હાઈસ્કૂલ અને બે હાયર સેકન્ડરી સ્કૂલનો આરંભ શક્ય બન્યો જેનું સંચાલન ધર્મપ્રાંતીય પુરોહિત કરવા લાગ્યા. પુરોહિત પરિષદ (Priests' Council) ધર્મપ્રાંતીય ધર્મસેવા સમિતિ (Dioceasan Pastoral Cauncil) ધર્મવિભાગ ધર્મસેવા સમિતિ (Parish Cauncil) પારિવારિક જાગ્રતિસંઘ (Small Christian Communities) અને ધર્મપ્રાંતીય સુમેળ સમિતિ (Diocesan Reconcilation Committee) જેવી સમિતિ અને પરિષદની સ્થાપના કરી ધર્મપ્રાંતના સંચાલનમાં, ધર્મસભાના વિવિધ સ્તરના લોકોને સાંકળવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો હતો : રાજકોટ, વડોદરા અને અમદાવાદ ધર્મપ્રાંતના પુરોહિત તાલીમાર્થીઓ માટે અમદાવાદમાં દેવવિદ્યા માટે શરૂ કરેલ 'ગુજરાત વિદ્યાદીપ' એક સીમાચિહ્નરૂપ હતું, આજે વિશાળ પાયે 'ગુજરાત વિદ્યાદીપ'નું વડોદરામાં સ્થળાંતર થયું છે. વળી પાસ્ટરલ સેન્ટર નડીઆદ અને રીટ્રીટ સેન્ટર નગરાનો આરંભ આજે ધર્મજનોનાં શ્રદ્ધાઘડતરનાં વિકાસ કેન્દ્ર બની ગયાં.

ગાંધીનગર મહાધર્મપ્રાંતના પ્રથમ મહાધર્માધ્યક્ષ તરીકેનો સમય તેમના માટે કપરો હતો, પણ પયંગબર ઈર્મિયાની જેમ મહાધર્માધ્યક્ષને પણ જાણે પરમેશ્વરે પડકાર કર્યો હતો : 'જો તું મારામાં શ્રદ્ધા રાખીને સત્ય, ન્યાય અને ધર્મને વળગી રહે તો બધી પ્રજાઓ મારા આશીર્વાદ માગશે અને મારો મહિમા કરશે. (૪:૨). સંત ફ્રાન્સિસ ઝેવિયર જેવા મહાન મિશનરીઓના જીવનમાં વિરોધ, યાતના, વિષમતાનો અનુભવ સહજ હતો એવું જ ૨૧મી સદીના આ મિશનરીના જીવનમાં બન્યું, પણ અટલ વિશ્વાસના પ્રતાપે તેઓ મહાન મિશનરી કામ કરી શક્યા. ઉત્તર ગુજરાતની ધર્મસભાને

ભૌતિક અને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ કરવા માટે અસંખ્ય પ્રોજેક્ટ તૈયાર કર્યા. વડગામ, મહેસાણા, હિમતનગર, નાના કંથારિયા, સિદ્ધપુરા, ડીસા મિશન કેન્દ્ર ઉપરાંત જીવનવિકાસ કેન્દ્ર - પેથાપુર (આર્ચડાયોસીસન પાસ્ટરલ સેન્ટર, મહાધર્માચાર્ય નિવાસ (આર્ચબિશપ હાઉસ-પેથાપુર) તેમજ શાન્તિવન - પેથાપુર (માયનોર સેમિનરી) જેવાં કેન્દ્ર મહાધર્માધ્યક્ષની યાદગીરી સમાન હમેશાં યાદ રહેશે. તેમના કાળમાં મહાધર્મપ્રાંતનો વિકાસ અવશ્ય થયો છે જેનો કોઈ ઈન્કાર કરી ન કરી શકે! ભાતીગળ ધર્મ અને સંસ્કૃતિના આ પ્રદેશમાં શુભસંદેશની ઘોષણા કરવું લગભગ દુર્લભ લાગે તેમ છતાંયે મહાધર્માધ્યક્ષ સ્ટેનીએ, મહાધર્મપ્રાંતના પુરોહિતગણ, સંન્યસ્તો, સાધ્વીબેનોને હમેશાં મિશનરી અદમ્ય ઉત્સાહમાં આશા પ્રદાન કરતા રહ્યા, ગરમી કે ઠંડી તેમને અવરોધી શક્યાં ન હતાં! લોકકલ્યાણ અને વિકાસની ખેવનામાં તેઓશ્રીએ પ્રાથમિક શિક્ષણને વેગ આપવા તમામ પ્રયત્ન કર્યા. શિક્ષણનિધિની શરૂઆત કરી તેમાં ક્રમિક ઉમેરો કરતા રહ્યા જેથી કોઈપણ વંચિત બાળક, શિક્ષણથી વંચિત ન રહે!

ધર્મજનો અને અન્ય ધર્મના લોકો તેમની સાદગી, નમ્રતા અને શાંત સ્વભાવથી પ્રભાવિત હતા. આમ આદમી માટે તેમનું હૃદય હમેશાં અનુકંપાશીલ હતું. પોતાના માર્ગથી ફંટાઈને પણ જરૂરિયાતમંદને મદદ કરવાને તેઓ પોતાનો ધર્મ માને છે. માનવ અને ઈશ્વર પ્રત્યેની તેમની વફાદારી અને કર્તવ્યનિષ્ઠા પણ અદ્વિતીય હતાં એટલે જ પ્રોવિન્શિયલ તથા રેક્ટર અને ધર્માધ્યક્ષ તથા મહાધર્માધ્યક્ષ પદ તેમના પગપખાળતાં આવ્યાં અને પ્રત્યેક પદ આત્મગૌરવમાં સંવર્ધન કરનાર સાબિત થયાં. કલાકો સુધી લોકોને સાંભળવાની તેમની કુનેહ, તેમની ધીરજની કસોટી કરતી રહી પણ સફળ રહ્યા. ખ્રિસ્ત માટેનો અનુરાગ અને શ્રદ્ધાળુઓ પ્રત્યેની અસીમ ધીરજને પ્રતાપે સંઘર્ષ છતાંયે પ્રત્યેક પદ પર ગૌરવથી કામ કર્યું અને બહુમાનથી સમય આવ્યે ત્યાગ કર્યો. સરળ જીવન શૈલી અને મૃદુ જબાન, મહાધર્માધ્યક્ષના સંભારણારૂપ ચિરકાળ શ્રદ્ધાળુઓના હૃદયમાં અંકિત રહેશે.

તેમના 'સાદગીપૂર્ણ જીવનમાં ઉચ્ચ વિચાર શૃંખલા'ને અપનાવી એકબીજાનો બોજો ઉઠાવી, પવિત્ર આત્મા પ્રેરિત જીવનથી સૌનું ભલું કરતા રહ્યા.

બાળપણમાં ઘર ઘર રમવાની રમત રમતા મોટે ભાગે તેઓ ખ્રિસ્તયજ્ઞની રમત રમતા. બાળપણની એ રમત જીવનની આધ્યાત્મિકતા અને વાસ્તવિકતા બની. જીવનનાં ૭૫ વર્ષ પૂર્ણ કરી, મહાધર્માધ્યક્ષ પદેથી નિવૃત્ત થઈ રહ્યા છે ત્યારે પરમપૂજ્ય નિવૃત્ત મહાધર્માધ્યક્ષ સ્તાનિસલાઉસ ફર્નાન્ડીઝ આપે 'ઈશ્વરની વાડી'માં કાર્યરત લાંબી મજલ કાપી છે, હવે પછીનું મનપસંદ પ્રવૃત્તિમાં નિવૃત્ત જીવનનું સુકાન પણ હમેશની જેમ પરમાત્મા જ હંકારશે. પરમાત્માની સર્વોત્તમ કૃપા આપને પ્રાપ્ત થાય એ જ અમારા હૃદયની પ્રાર્થનાઓ.

સમગ્ર ગુજરાતની ધર્મસભા વતી આપનો હાર્દિક આભાર માનતા આપને પ્રણામ.●

## મહાધર્માચાર્યશ્રી આપના જ શબ્દોમાં...

**મહાધર્મપ્રાંતનો દરજ્જો :** ગાંધીનગર, ગુજરાતનું પાટનગર હોવાથી, મહાધર્માધ્યક્ષશ્રી રાજ્યના પદાધિકારીઓ અને અધિકારીઓના સંપર્કમાં રહીને વિચારવિમર્શની આપલે કરી શકે એવા પ્રયોજનથી ગાંધીનગર પાટનગરને મહાધર્મપ્રાંતનો દરજ્જો આપી, મહાધર્માધ્યક્ષનો તાજ પહેરાવવાનું યોગ્ય માન્યું હતું.

**મહાધર્મપ્રાંત ગાંધીનગર :** મહાધર્મપ્રાંતમાં અનેક રીતે વૈવિધ્ય છે, મધ્યગુજરાત કે પરપ્રાંતીય સ્થળાંતરિત ધર્મજનો, મધ્ય ઉત્તર ગુજરાતનો ઠાકોર, રાવળ કે પટેલ સમાજ, આઝાદી વખતે પાકિસ્તાનથી વિસ્થાપિત થયેલાં માજીરાણા સમાજ તથા ઉત્તર પૂર્વનો આદિવાસી વિસ્તાર - લોકબોલી, સંસ્કૃતિ અને રહેણીકરણીમાં ભિન્નતા ધરાવે છે તેમ છતાંયે વાર તહેવાર કે મેળા મેળાવડામાં એક પગંતે બેસે તે અંતરને ઠારે છે.

યુવાનો માટે ઘણું કામ થાય છે પણ એની પાછળ મંડ્યા રહેનારા કોઈ નથી એટલે દરેક વખત નવેસરથી શરૂઆત કરવી પડે છે. જો કોઈ સતત દેખરેખ રાખે તો ઘણું થઈ શકે એમ છે. સી.બી.સી.આઈ.ના સેક્રેટરી તરીકે ચાર વર્ષ સુધી કામ કર્યું છે.

**નિવૃત્તિ ટાણે :** એક સંન્યાસી તરીકે સ્થળકાળના બંધનમાં સીમિત ન રહેતાં, પરમેશ્વરના દોરીસંચાર પ્રમાણે પદારુઢ અને પદત્યાગ મારા માટે સહજ છે, દક્ષિણ ગુજરાતમાં ઈસુસંઘી ફાધર ઈગ્નેશિયસ ગાલ્દોસ ૮૪ વર્ષની જૈફ ઉંમરે પણ પ્રેષિતિક પ્રવૃતિમાં સક્રિય છે. તેમની જેમ હું પણ જીવન પર્યંત અંતરિયાળ લોકોની સેવા કરતા અને શુભસંદેશની ઘોષણા કરતાં નિવૃત્તમય જીવન વીતાવીશ. વિરોધના વાતાવરણમાં પણ હું સરળતાથી સ્વસ્થતા ધારણ કરી શક્યો હતો.

માંડ ૧૫૦૦૦નું સંખ્યાબળ ધરાવતા મહાધર્મપ્રાંતમાં ફાધર કમજી ડૂંડ (૩૦ ડિસેમ્બર, ૧૯૭૯) પછી એકાદ બે વર્ષ પહેલાં બીજા પાંચેક પુરોહિત મહાધર્મપ્રાંતને મળ્યા છે. પુરોહિતપદની સરખામણીમાં સ્થાનિક સાધ્વીબહેનોની સંખ્યા વધારે છે. ગુજરાત ક્રિશ્ચિયન યુનાઈટેડ ફોરમના સભ્ય નાતે વિવિધ ખ્રિસ્તી મંડળીઓની એકતાને પ્રોત્સાહન આપું છું અને કટોકટીના વખતે પડખે ઉભા રહેવાને મારી ફરજ માનું છું.

**વાંચનને પગલે :** મહાધર્મપ્રાંતના મુખપત્ર તરીકે 'મેગાસભા' કાર્યરત હતું હવે 'ગાંધીનગર હેરોલ્ડ' અસ્તિત્વમાં છે, જે ગુજરાતી અને અંગ્રેજી બન્ને ભાષામાં પ્રકાશિત થાય છે. મોટાભાગના ઘરમાં 'દૂત' જોવા મળે છે. વંચાય છે પણ સ્વયંસેવક દ્વારા 'દૂત' ઘેરઘેર પહોંચે તે માટે વધારે મજબૂત માળખું વિકસાવવું જોઈએ.

**'દૂત'ને સંદેશ :** 'તમારી ધર્મશ્રદ્ધા પર ગૌરવ માનજો. પ્રભુ ઈસુ પ્રત્યે તમારો પ્રેમ ઉત્તરોત્તર વધતો રહે. લોકોની સેવા કરવાની તમન્ના સેવજો. પ્રભુનો મહિમા થાય તેવાં કાર્ય કરીને જીવન જીવજો.'

# પુનિતક્રૂસની પ્રતિષ્ઠા

✍ જાસીન્તા સી. ડાભી

ભગવાન ઈસુના ક્રૂસારોહણ અને પુનરુત્થાન બાદ, યહુદી અને રોમન - બન્ને સત્તાધિકારીઓએ, કાલવારી, તેના પડખેના બગીચામાંની કબર વગેરેની ભારોભાર ઉપેક્ષા કરી હતી. આમ જનતા તેનાથી દૂર રહે તેવા તેમના પ્રયાસ રહ્યાં હતાં. અત્રે માટીનો ટેકરો ખડકી દઈ દેવદેવીઓનાં દેરાં બાંધી દીધાં હતાં. લોકોક્તિ પ્રમાણે જે ક્રૂસ પર ઈસુ મરણ પામ્યા હતા તેને યહૂદી સત્તાધીશોએ અડોશપડોશમાં ક્યાંક સંતાડી દીધો હતો. ઈ.સ. ૩૨૬ના અરસામાં જીવનની ઉત્તરાવસ્થામાં અંતઃપ્રેરણાથી સંત હેલેનાએ જેરુસાલેમ જઈ પવિત્ર કબર અને ખ્રિસ્તના ક્રૂસને શોધી કાઢવાનો નિર્ણય કર્યો. પરંપરાગત માન્યતા પ્રમાણે ઈ.સ. ૩૪૮માં સંત સીરિલે આ દિશામાં પ્રથમ પ્રયત્ન કર્યો હતો. જુદાસ નામના એક યહૂદીને આ અંગે જાણકારી હતી. તેણે તે જગ્યા પર ખોદકામ કરી પવિત્ર કબર અને ગોપનીય સ્થાન પરથી ક્રૂસ શોધી કાઢ્યાં હતાં. એવી માન્યતા છે.

હવે ત્રણ ક્રૂસ મળી આવતાં તેમાંથી ઈસુનો ક્રૂસ કયો? તે જાણવું મુશ્કેલ બન્યું. એક ક્રોસ પર 'નાસરેથનો ઈસુ, યહૂદીઓનો રાજા' એવું લખાણ હતું તેમ છતાંએ એ જ ઈસુનો ક્રૂસ છે એમ માની લેવું સરળ નહતું. મૂળભૂત શિલાલેખ ગુમ થયેલો હતો. છતાં પણ સર્વસામાન્ય હકીકત પ્રમાણે ત્રણમાંથી એક ક્રૂસ ઈસુનો અને બાકીના બે ગુનેગારોના હતા એ સર્વવિદિત બાબત હતી. એટલે સેંટ હેલેના અને જેરુસાલેમના ધર્માધ્યક્ષ સંત મકારિયુસે પુનિત ક્રૂસની કસોટી કરવા વિચાર્યું. બાદમાં જાણીતી બનેલી એક કથા પ્રમાણે મરણ પથારીએ પડેલી એક સ્ત્રી પાસે ત્રણેય ક્રૂસ લઈ જવામાં આવ્યા. પેલી સ્ત્રી વારાફરતી ત્રણેય ક્રૂસને અડકે છે, ઈસુના ક્રૂસને અડકતાં જ તેની બીમારી અલોપ થઈ ગઈ હતી. બીજા એક કિસ્સામાં એક માણસના શબને ક્રમાનુસાર ક્રૂસ પર સુવડાવવામાં આવે છે, ઈસુના ક્રૂસ પર મૂકતાં જ પેલો માણસ સજીવન થયો હતો.

ઈસુના ક્રૂસની ઓળખના બહુમાનમાં કોન્સ્ટેનટાઈન શાસકે પવિત્ર કબર અને કાલવારી સ્થાન પર દેવળ બંધાવ્યાં, જેમનો આશીર્વાદ ઈ.સ. ૩૩૫માં ૧૩, ૧૪ સપ્ટેમ્બરના રોજ થયો હતો., અને ત્યાર પછીનો પુનિત ક્રૂસની પ્રતિષ્ઠાનું પર્વની ઉજવણીનો આરંભ થયો, જે ધીમેધીમે સર્વવ્યાપક બની ગયો. જેરુસાલેમની બહાર અને ૭૨૦માં તો સમગ્ર દુનિયામાં ઉજવણી થવા લાગી. સાતમી સદીના આરંભમાં પર્સિયન્સ રાજ્યકર્તાઓએ જેરુસાલેમ જીતી લીધું, તેમજ પર્સિયન્સ રાજા ખોશરુ બીજાએ પુનિત ક્રૂસની ઉઠાંતરી કરી પર્સિયા લઈ ગયા. ઈ.સ. ૬૨૮માં એમ્પાયર હેરેકિલિયસ બીજાના વિજય બાદ ખોશરુના પુત્રએ જ તેને મરણને ઘાટ ઉતાર્યો તથા ક્રૂસ હેરેકિલિયસને પરત કર્યો. શરૂઆતમાં તેમણે ક્રૂસને પોતાની પાસે રાખ્યો પણ બાદમાં જેરુસાલેમમાં સુરક્ષિત રાખવા નક્કી કર્યું. એક લોકવાયકા પ્રમાણે રાજા ખુદ પોતાના ખભા પર ક્રૂસ ઉંચકી જેરુસાલેમ ગયા હતા., પણ જ્યારે કાલવારી ચર્ચમાં પ્રવેશ કરવા પ્રયાસ કર્યો ત્યારે કોઈ અદૃશ્ય શક્તિએ તેને અટકાવ્યો. જેરુસાલેમના ધર્માધિકારી ઝખરિયાએ રાજાનો સંઘર્ષ જોયો અને પછી રાજાને તેનાં કીમતી વસ્ત્ર પરિધાન ઉતારી પશ્ચાતાપ કરવા આદેશ કર્યો. ધર્માધિકારીની આજ્ઞાનું પાલન કરતાં જ રાજા દેવળમાં પ્રવેશ કરી શક્યો હતો.

કેટલીક સદીઓ સુધી રોમન તથા ગેલિકન ધર્મસભામાં આ તહેવાર ૩જી મેના રોજ ઉજવાતો હતો પણ જેરુસાલેમ વાસીઓનો જે તારીખે સંત હેલેના દ્વારા ઈસુના ક્રૂસની ઓળખ થઈ તે દિવસ ૧૪ સપ્ટેમ્બર જ પુનિત ક્રૂસનું પ્રતિષ્ઠાનું પર્વ ઉજવતા આવ્યા છે.

ભગવાન ઈસુએ આપણા તારણના માધ્યમ તરીકે ક્રૂસનો ઉપયોગ કર્યો એટલે ખ્રિસ્તીઓ માટે ક્રૂસ વિશેષ હોય તે સ્વાભાવિક છે. પરંતુ પુનરુત્થાન પછી પણ, આપણે ખ્રિસ્તીઓ હમેશાં ક્રૂસ તરફ શા માટે મીટ માંડીએ છીએ? ખ્રિસ્તે સ્વયં જાણે તેનો જવાબ આપ્યો છે : "જો કોઈ મારો અનુયાયી થવા માગતો હોય તો તેણે પોતાની જાતનો ત્યાગ કરવો જોઈએ અને હરરોજ પોતાનો ક્રૂસ ઉપાડીને મારી પાછળ આવવું જોઈએ." (લૂક ૯:૨૩) 'પોતાનો ક્રૂસ ઉપાડીને' એટલે સ્વ ત્યાગથી વાત પુરી થતી નથી, એમ કરવા ઉપરાંત ખ્રિસ્તના ક્રૂસ ઉપરના મૃત્યુ સાથે આપણી જાતનું અર્પણ કરીએ છીએ. જ્યારે આપણે ખ્રિસ્તયજ્ઞમાં ભાગ લઈએ છીએ ત્યારે ક્રૂસ ત્યાં હોય છે. ભગવાન ઈસુનું બિનલોહીયાળ અર્પણ વેદી પર થાય છે ત્યારે ઈસુના ક્રૂસારોહણનું બલિદાન ફરી એકવાર થાય છે. જ્યારે આપણે પવિત્ર ખ્રિસ્તપ્રસાદ અંગીકાર કરીએ છીએ ત્યારે કેવળ ઈસુ સાથે એક થતા નથી, આપણે આપણી જાતનું ક્રૂસારોહણ કરીએ છીએ, ઈસુ સાથે મોતને ભેટીએ છીએ જેથી તેમની સાથે પુનરુત્થાન પણ પામીએ.

"યહૂદીઓ પરચારૂપી પુરાવા જોવા માગે છે, અને ગ્રીકો જ્ઞાનની શોધમાં હોય છે, પણ અમે ખ્રિસ્તની ઘોષણા કરીએ છીએ અને તે પણ ક્રૂસે જડાયેલા ખ્રિસ્તની." (૧ કરિંથ ૧:૨૨-૨૩). આજે મોટાભાગનો બિનખ્રિસ્તી સમુદાય ક્રૂસને મુર્ખતા માને છે. મરણ મારફતે વિજ્યોલ્લાસ મનાવતા હક ઉધ્ધારક માટે શું કહેવું? જે માને તે પણ ખ્રિસ્તીઓ માટે ક્રૂસ એ ઈતિહાસ અને જીવનવૃક્ષનો સમન્વય છે. ક્રૂસ વિનાનું ખ્રિસ્તીપણું નિરર્થક છે, ખ્રિસ્તના ક્રૂસારોહણને નજર સામે રાખીને જ આપણે શાશ્વત જીવન પામી શકીએ છીએ.

એટલે હાલની ધર્મસભા પુનિત ક્રૂસની પ્રતિષ્ઠાનું પર્વ, ત્રણ ઐતિહાસિક પ્રસંગોના સ્મરણમાં ઉજવે છે. કોન્સ્ટનટાઈનના એમ્પાયરનાં માતૃશ્રી સેંટ હેલના, જેમણે ઈસુના ક્રૂસની શોધ કરી, પવિત્ર કબર અને કાલવારી પર એમ્પાયર દ્વારા નિર્મિત દેવળનું સ્મરણ અને એમ્પાયર હરક્યુલસ બીજા મારફતે જેરુસાલેમમાં ઈસુના ક્રૂસની પ્રતિષ્ઠા કર્યાની યાદમાં પર્વની ઉજવણી થાય છે. ક્રૂસ માનવજાતની મુક્તિનું પ્રતીક છે, તે રીતે ઊંડાણપૂર્વક મનનચિંતન કરતાં પણ તહેવારની ઉજવણી કરીએ એ ઉચિત છે.

ઈસુના જમાનામાં, ગુનેગારોની ક્રૂર સજાનો ક્રૂસ, એડનવાડીમાં આપણાં પ્રથમ માબાપ આદમ અને હવાએ સારાસારના જ્ઞાનના

વૃક્ષના ફળ ખાઈને, પરમેશ્વરની આજ્ઞાભંગના મૂળ પાપથી મુક્ત કરનાર જીવનવૃક્ષ બની ગયો છે! એટલે જ માતા ધર્મસભા પુણ્ય શુક્રવારે ક્રૂસવંદના કરે છે. ઈસુનો ક્રૂસ જીવન આપે છે મૃત્યુ નહીં, પ્રકાશ, અંધકાર નહીં, શાશ્વત જીવન, નર્કાગાર નહીં. હાથ પગ અને પડખામાં જખ્મી થયેલ ઘાયલ વીર યોદ્ધો ઈસુ ક્રૂસે જડાઈ ગયો અને માનવજાતના જખમ મટાડી ગયો!

પુનિત ક્રૂસના પર્વના શાસ્ત્રપાઠ, ક્રૂસના વિજયગાન સમાન છે. રણમાં ધ્વજદંડ પર મોશેએ ઉંચો કરેલ કાંસાનો સર્પ, સાપના ઝેરનું મારણનું કારણ બન્યો. નવા કરારમાં ઈસુનું ક્રૂસારોહણ માનવજાતના ઉદ્ધારનું નિમિત્ત બન્યો, 'જેથી જેને ક્રૂસમાં શ્રદ્ધા હોય તેને શાશ્વતજીવનની પ્રાપ્તિ થાય.' (યોહાન ૩:૧૫)

ખ્રિસ્તના અનુયાયી એટલે ક્રૂસ ધારણ કરવો, આજીવન તેને જ આધીન રહેવું. પ્રાર્થનાના આરંભે કરેલી ક્રૂસની નિશાની તન-મનને ઈશ્વર ગમ વાળવા અને અંતની નિશાની ઈશ્વરને નજદિક રાખવા મદદગાર બને છે. સ્નાનસંસ્કારની દીક્ષા વખતે ક્રૂસની નિશાની 'તારણહાર ઈસુની મહોર છે.' સતામણી અને પ્રલોભનના સમયે ક્રૂસ આપણી તાકાત અને રક્ષક બને છે.

ક્રૂસને નજર સમક્ષ રાખીએ, ક્રૂસની નિશાની કરતાં આપણું સર્વસ્વ ક્રૂસને ચરણે નમાવીએ.

'ઓ ક્રૂસ, માનવજાતની મુક્તિનું હથિયાર,
તારા દ્વારા અમને શાશ્વત જીવન પ્રાપ્ત થાય.' ●


**પ્રવાસ-૧ : ચાલો - બનારસ - આગ્રા ચાલો**

નડિયાદથી ઉદેપુર - ચિતોડગઢ - અજમેર - જયપુર - આગ્રા - બનારસ - છપૈયા - અલ્હાબાદ - ચિત્રકૂટ - ખજૂરાહો - ઉજ્જૈન - માંડવગઢ - નડિયાદ પરત.

**દિવસ :** ૧૨ **તારીખ :** ૧૭/૧૧ થી ૨૮/૧૧/૧૫ સુધી
**ટિકિટનો દર :** રૂા. ૭,૦૦૦/- (રહેવા જમવા સાથે)

**પ્રવાસ-૨ : ચાલો ગોવા ચાલો**

નડિયાદથી સાપુતારા - નાસિક - શેરડી - ધૂત્મેશ્વર - અંજતા - ઈલોરા - ઔરંગાબાદ - દોલતાબાદ - પંઢરપુર - ગોવા - મહાબળેશ્વર - લોનાવાલા - ખંડાલા - નડિયાદ પરત.

**દિવસ :** ૯ **તારીખ :** ૧૭-૧૧ થી ૨૫-૧૧-૧૫ સુધી
**ટિકીટનો દર :** રૂા. ૬,૦૦૦/- (રહેવા જમવા સાથે)

**:: સંપર્ક કરો વધુ વિગત માટે ::**

વિનુભાઈ એસ. મકવાણા
૧, જૈતુન સોસાયટી, મિશન રોડ, નડિયાદ
મો. નં. ૯૮૨૪૩ ૧૫૯૫૭


# શિષ્યવૃત્તિ અંગે માહિતી

ભારત સરકારની લઘુમતી જાતિઓના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ - મેટ્રીક અને મેરિટ-કમ મિન્સ શિષ્યવૃત્તિ (ધો.૯ થી પી.એચ.ડી. સુધી) માટે ON-LINE અરજી પત્રક ભરવાની પ્રક્રિયા સેંટ ઝેવિયર્સ ચર્ચ, ગામડી-આણંદ પેરિશ ઓફિસમાં **તા.૧૩-૭-૨૦૧૫** થી ક્રિશ્ચિયન લાભાર્થીઓ માટે હાથ ધરવામાં આવેલ છે.

ON-LINE અરજી પત્રક ભરવા માટે સરકારશ્રીના નિયમાનુસાર લઘુમતી જાતિનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર ફરજીયાત સામેલ રાખવાનું છે. એફિડેવિટ તથા સામાજિક અને શિક્ષણિક રીતે પછાત જાતિ (બક્ષીપંચ)નો દાખલો ગ્રાહ્ય રાખવામાં આવતો નથી. અધૂરા અને અપૂરતા પુરાવા સાથે ફોર્મ ભરવામાં આવશે નહિ.

**:: અરજી કરવા માટે નીચેના પુરાવા લાવવા ::**

સ્કેન કરવાના પુરાવા ઓરીજિનલ (ફરજિયાત)

- જે-તે વર્ષની ફીની પહોંચની નકલ
- પાસપોર્ટ સાઈઝનો ફોટો...૧
- છેલ્લા પાસ કરેલી પરીક્ષાની માર્કશીટની (૫૦% કે તેથી વધુ)
- વાર્ષિક આવક અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો (જે સંસ્થામાં અભ્યાસ કરતા હોય તેનું બોનાફાઈડ સર્ટીફિકેટ/ વિદ્યાર્થીનું કબુલાત નામુ (SELF DECLARATION)
- આધાર કાર્ડ
- વિગતોની ખરાઈ અંગે વિદ્યાર્થીનું કબુલાત નામુ (SELF DECLARATION) (ફરજિયાત)
- ઈન્સ્ટીટ્યૂટ વેરીફીકેશન ફોર્મ (INSTITUTE VERIFICATION FORM)
- બેંક પાસબુક (IFSC Code, MICR Code) સાથેની/અથવા કેન્સલ કરેલ ચેક.
- રહેઠાંણનો પુરાવો. રેશન કાર્ડ/લાઈટબીલ/ટેલિફોન બીલ/ આધાર કાર્ડ પૈકી એક.

**સ્થળ :** **સેંટ ફ્રાન્સિસ ઝેવિયર કેથોલિક ચર્ચ, ગામડી-આણંદ પેરિશ ઓફિસ**
**સમય :** **૧૨.૩૦ થી ૫.૦૦ કલાક. સોમવાર થી શનિવાર સુધી**

**:: સંપર્ક ::**

| | |
|---|---|
| ફાધર રિચર્ડ | મો. ૯૮૯૮૦૩ ૫૭૦૦૧ |
| મકનભાઈ ખ્રિસ્તી | મો. ૯૩૭૬૬ ૦૪૮૦૩ |
| સુરેશ માર્કુસ મેકવાન | મો. ૯૪૦૮૭ ૮૯૫૪૯ |
| હાર્દિક મેકવાન | મો. ૯૦૩૩૩ ૯૪૨૪૯ |
| ચિરાગ મેકવાન | મો. ૯૫૧૦૮ ૪૯૬૨૧ |



# ધર્મજનોના ધર્માધ્યક્ષશ્રીના સાંનિધ્યમાં

✍ સંકલન : સહતંત્રી

*૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ, ગાંધીનગર મહાધર્મપ્રાંતના આદરણીય મહાધર્માધ્યક્ષશ્રી તરીકે પદારુઢ થનાર, પરમપૂજ્ય થોમસ મેકવાનની બિશપ હાઉસ, મિરઝાપુર - અમદાવાદમાં 'દૂત'ની ૨જી ઓગષ્ટ ૨૦૧૫ના રોજ કરેલી મુલાકાત રજૂ કરીએ છીએ, જેમાં 'દૂત'ના તંત્રી, સહતંત્રી, તંત્રીમંડળના સભ્ય - ઈન્દુ રાવ તેમજ 'ધર્મસેતુ'ના તંત્રી ફ્રાન્સિસ ડાયર્સા ઉપસ્થિત રહ્યાં હતાં. સતત અઢી કલાકની આ મુલાકાતમાં ઉપસ્થિત સૌએ પ્રભુની પ્રસન્નતા ભરપૂર માણી હતી. આ મુલાકાતમાં મહાધર્માધ્યક્ષશ્રી નિખાલસ વાતો અને સરળ સાદી જીવનશૈલી જાણી સૌને સુખદ આશ્ચર્ય અને ગૌરવ થયાં છે. 'દૂત'ના પાયલાગણ બાદ મુલાકાતનો આરંભ નાની પ્રાર્થનાથી થયો.*

**તંત્રી :** પરમ આદરણીય મહાધર્માધ્યશ્રી, આપની વરણીના સમાચાર સૌ માટે શુભ સંકેત લાવનારા છે. 'દૂત' પરિવાર આપને અભિનંદન પાઠવે છે.

**મહાધર્માધ્યક્ષશ્રી :** 'દૂત' પરિવારને મળતાં મને ખૂબ જ આનંદ થયો. આપણે અવારનવાર મળ્યા છીએ, આજે મળીએ છીએ અને હવે ગાંધીનગરમાં શુભસંદેશની ઘોષણાના પ્રૈષિતિક કાર્યમાં આપણી મુલાકાત થાય એવી મારી અપેક્ષા.

**સહતંત્રીઃ ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષ તરીકેની વડાધર્મગુરુની જાહેરાતના પગલે આપે કેવી લાગણી અનુભવી હતી?**

મે-૨૦૧૫માં હું મારાં સ્વજનો સાથે હળવાશની પળોમાં હતો અને ન્યુ દિલ્હીથી 'ન્યુનસિયો'નો ફોન આવ્યો : આપને ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષ તરીકે પસંદ કર્યા છે, આપ સ્વીકારો એવી અપેક્ષા. પ્રત્યુત્તર આપવા મેં ત્રણચાર દિવસનો સમય માંગ્યો. પ્રાર્થનાને અંતે મેં ન્યુન્સિયોને આ નવી જવાબદારી સ્વીકારવા 'હા' કહી. મારું મન ઈશ્વરના આભારગાનમાં લીન બન્યું.

**મહાધર્માધ્યક્ષપદ પ્રાપ્ત કરવા આપની આકાંક્ષા હતી ખરી?**

'અમારી દરરોજની રોટલી આજ તું અમને આપ' એ મારી નિત્ય પ્રાર્થના છે. રોજ રોજ પ્રભુમય જીવન જીવવાની મારી ઉત્સુકતા છે. એથી વધારે, ધર્માધ્યક્ષ કે મહાધર્માધ્યક્ષ પદ માટે મેં ક્યારે અપેક્ષા કરી ન હતી, પણ પ્રભુની ઇચ્છા હું માથે ચડાવું છું. 'તારી ઇચ્છા પૂરી થાઓ.'

**અમદાવાદ ધર્મપ્રાંતના શ્રદ્ધાળુઓના શ્રદ્ધાઘડતર, સામાજિક, શૈક્ષણિક તેમજ આર્થિક વિકાસના કાર્યક્રમની સફળતા અંગે આપ શું માનો છો?**

શ્રદ્ધાળુઓના શ્રદ્ધાઘડતરમાં અમદાવાદ ધર્મપ્રાંત અગ્રેસર રહ્યો છે તેનો મને આનંદ છે. ધર્મસભા તરફથી પ્રતિવર્ષ કોઈને કોઈ વિશેષ હેતુની ઉજવણી માટે જાહેર કરવામાં આવે ત્યારે ધર્મપ્રાંતે તદનુસાર સફળ અને સાર્થક ઉજવણી કરી છે. ક્યારેક ધર્મપ્રાંતે આત્મસૂઝથી પણ કોઈ વર્ષની ઉજવણી કરી છે. વર્ષ દરમિયાન ધર્મપ્રાંત, અને ધર્મવિભાગ સ્તરે વિવિધ કાર્યક્રમ - પ્રવૃત્તિ-સ્પર્ધાઓ દ્વારા હેતુને સફળ બનાવવા સૌએ - પુરોહિતગણ, સાધ્વીબહેનો તેમજ ધર્મજનોએ સક્રિય ફાળો નોંધાવ્યો છે. દિવ્યદયા ધામ - સલુણ (પાલૈયા-જિ. ખેડા) ખંભોળજ (આણંદ જિલ્લો)માં કેથલિકો સાથે અન્ય ખ્રિસ્તીઓ તેમજ બિનખ્રિસ્તીઓ પણ ઈશ્વરનાં વરદાન પ્રાપ્ત કરે છે, તેમજ રિટ્રિટ સેન્ટર નગરા (ખંભાત) અને પ્રેમકુટિર (કોઈનોનિયા કમ્યુનિટી) બાકરોલ પણ શ્રદ્ધા-ભક્તિનાં કેન્દ્ર બની ગયાં છે, તે જોઈને મારું દિલ ઠરે છે. લગભગ પ્રત્યેક ધર્મવિભાગમાં, રક્ષકસંતનો તહેવાર અને વાર તહેવારે માતા મારિયાની નવસંધ્યા ભક્તિની ઉજવણી શ્રદ્ધાસભર વાતાવરણમાં થાય છે, તેનો હું સાક્ષી છું.

શિક્ષણ સેવામાં પણ ધર્મપ્રાંતે હરણફાળ ભરી છે, અંદાજે દરેક ધર્મવિભાગમાં સમયની જરૂરિયાત પ્રમાણે અંગ્રેજી માધ્યમની શાળા શરૂ થઈ છે. પ્રાથમિક શાળાઓ હતી, ત્યાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનો ક્રમશ ઉમેરો થયો છે. આ બધી શાળાઓમાં વિદ્યાર્થીઓનો ધસારો અભૂતપૂર્વ હોય છે; એ બતાવી આવે છે કે સમાજને મિશનરી શાળાઓ પર સંપૂર્ણ વિશ્વાસ છે. સંખ્યાના અભાવે પી.ટી.સી. કોલેજનું બાળમરણ થયું; એ દુઃખદ બાબત છે, કેટલાંક કારણસર બી.એડ. કોલેજનો આરંભ કરી શક્યા નથી.

પરંતુ આરોગ્ય શિક્ષણક્ષેત્રે વર્ષોનું સ્વપ્ન સાકાર કર્યાનો અનહદ આનંદ છે. સિસ્ટર્સ ઓફ ચેરિટી ઓફ સેન્ટ આન્નનાં સાધ્વીબહેનોની આગેવાની - સંચાલનમાં સાણંદ (જિ. અમદાવાદ) માં નર્સિંગ સ્કૂલનો આરંભ થયો છે. ૮મી ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ સ્કૂલ અને હોસ્ટેલનો આશીર્વાદ સંપન્ન થશે.

ખેડા સોશ્યલ સર્વિસ સોસાયટી - અમદાવાદ ધર્મપ્રાંતના સામાજિક વિકાસની ધૂરા સંભાળે છે. સંસ્થાના સુચારુ અને પારદર્શી વહીવટથી સરકારી પ્રોજેક્ટ મેળવવામાં વિશ્વસનિયતા તેમજ તેના સો ટકા અમલીકરણ માટે, સોસાયટીના નિયામક તથા કર્મચારીગણ અભિનંદનને પાત્ર છે. આ સાથે સેંટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટી - અમદાવાદ, 'પ્રશાંત' - અમદાવાદ તેમજ 'આશાદીપ' માનવવિકાસ કેન્દ્ર - વિદ્યાનગર જેવી સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ રાજ્યની કુદરતી કે કોમી હોનારતમાં તત્કાલ યુદ્ધના ધોરણે અસરગ્રસ્તોને રાહત આપવામાં તેમજ લાંબાગાળાના પુર્નવસવાટના કાર્યક્રમને વેગ આપવામાં નોંધપાત્ર કામગીરી કરે છે.

**મોટાભાગનાં સંન્યસ્તમંડળમાં તેડાંની ઓટ આવી છે ત્યારે અમદાવાદ ધર્મપ્રાંતની આ સંદર્ભમાં કેવી સ્થિતિ છે?**

તેડાંની બાબતમાં ધર્મપ્રાંત પર પ્રભુની કૃપા ઉતરી છે એમ કહું તો ખોટું નથી. સ્થાનિક ધર્મસભામાંથી તેમજ પરપ્રાંતીય ધર્મસભામાંથી ધર્મપ્રાંતીય પુરોહિત માટે દર વર્ષે ઉમેદવાર મળી રહ્યા છે, અને દર વર્ષે લગભગ સાતેક ઉમેદવાર સેમિનરીમાં જોડાવા આગળ આવે છે તેની મને ખુશી છે. જો કે 'સન્ડે સ્કૂલ', 'વેકેશન બાઈબલ ક્લાસ' કે અન્ય ધાર્મિક શિબિર દ્વારા ધર્મશિક્ષણ દ્વારા શ્રદ્ધા ઘડતર સુદૃઢ કરી વધારે તેડાંનો પાક લણી શકાય પણ અફસોસ એ વાતનો કે કેટલાંક માબાપ ટ્યુશન વગેરેને આગળ કરી બાળકોને ધર્મશિક્ષણ માટે નિયમિત મોકલતાં નથી! ભાવિ ધર્મસભા ધર્મશિક્ષણના અભાવે પાંગળી બનશે એની મને ચિંતા છે. માબાપને અનુરોધ કરું છું કે બાળકોને ધર્મશિક્ષણ માટે મોકલે અને જે ધર્મવિભાગમાં આ પ્રમાણેના વર્ગ ન ચાલતા હોય ત્યાં તત્કાળ શરૂ કરવામાં આવે છે.

**બિનકેથલિક, ખ્રિસ્તી મંડળીઓ સાથે એકતા સ્થાપવા માટે, આપના કાર્યકાળ દરમિયાન કોઈ નક્કર કામકાજ-કાર્યક્રમ થયાં છે ખરાં?**

'ગુજરાત યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમ ફોર હ્યુમન રાઈટસ'ના નેજા હેઠળ ગુજરાતની તમામ ખ્રિસ્તી મંડળીઓ-પંથોએ સહયોગ સાધ્યો છે, જેના ધર્માધ્યક્ષશ્રીઓ/ધર્માધિકારીઓ દર ત્રણ મહિને મળે છે. સાપ્રંત પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવે છે. શ્રદ્ધા પ્રેરક કાર્યક્રમનું આયોજન થાય છે. ખ્રિસ્તજયંતી - નૂતનવર્ષ, પાસ્ખાપર્વ વગેરે તહેવાર નિમિત્તે શુભેચ્છા મુલાકાત અવશ્ય થાય છે, ક્યારેક સામૂહિક ઉજવણીના કાર્યક્રમ પણ સફળ રહ્યા છે.

વળી જ્યારે જ્યારે જરૂરિયાત ઉભી થઈ છે ત્યારે ત્યારે સાથે મળી સામૂહિક ચર્ચા-વિચારણા, રેલી, ધરણાં જેવા કાર્યક્રમ પણ યોજ્યા છે.

**આંતરધર્મીય સંવાદની દિશામાં ધર્મપ્રાંતે કોઈ નક્કર કામ કર્યું છે?**

અમદાવાદ ધર્મપ્રાંત સ્તરે, આંત્તર ધર્મીય સંવાદના ક્ષેત્રમાં અસરકારક કામગીરી થઈ છે. વર્ષ દરમિયાન ધર્મપ્રાંતીય આંતર ધર્મીય સંવાદ સમિતિની ત્રણેક સભા મળે છે, પ્રત્યેકમાં આયાસપૂર્વક હાજરી આપું છું. રાજ્ય કોમી એકતા સમિતિનો સભ્ય છું. રથયાત્રા કે મહોરમ જેવા પર્વટાણે સામૂહિક ઉજવણીમાં પ્રતિનિધિત્વ કરું છું. ગાંધી જયંતી કે ગાંધી નિર્વાણદિને ગાંધીઆશ્રમમાં યોજાતી સર્વધર્મ પ્રાર્થનાસભામાં નિશ્ચિતપણે હાજરી આપી છે. બાઈબલનાં વચન વાંચી સંભળાવ્યાં છે. ધર્મપ્રાંતની 'શાંતિ અને ન્યાય સમિતિ' દ્વારા મોટાભાગે દરેક કેન્દ્રમાં આંત્તરધર્મીય સંવાદ હેતુસર પ્રાર્થનાસભાનું આયોજન થાય છે, આપણા મુખ્ય તહેવારોએ અન્ય ધર્મીઓને આમંત્રણ પાઠવવામાં આવે છે ને તેમના તહેવારોમાં શુભેચ્છા મુલાકાત લેવાનો સફળ આગ્રહ રાખું છું.

**સરકારના સત્તાધિકારીઓ સાથે આપે ક્યારેય મુલાકાત કરી છે?**

ગુજરાત યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમ ફોર હ્યુમન રાઈટસના પ્રતિનિધિ તરીકે અન્ય સભ્યગણ સાથે છેલ્લે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની મુલાકાત કરી હતી, અને ધાર્મિક સહિષ્ણુતા અંગે ચર્ચા વિચારણા કરી હતી. વળી અશાંતિના સમયે ખ્રિસ્તી પ્રજા નાતાલ-નૂતનવર્ષની ઉજવણી શાંતિથી કરી શકે એવી રજૂઆત સાથે પણ મળ્યો છું.

**વેસ્ટર્ન રીજિયન અને સમગ્ર રાષ્ટ્ર સ્તરે કોન્ફરન્સ ઓફ કેથોલિક બિશપ્સ ઓફ ઈન્ડિયા (CCBI) તથા કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયા (CBCI)માં અમદાવાદ ધર્મપ્રાંતનું પ્રદાન કેવું રહ્યું?**

વેસ્ટર્ન રીજિયન કે રાષ્ટ્રીય સ્તરે, ધર્મસભાના 'ઈન્ક્લ્યરેશન' 'લેબર' વગેરે કમિશનમાં સંતોષકારક જવાબદારી અદા કરી છે, હાલમાં 'કમિશન કેટેકેથલિક્સના ચેરમેન તરીકે કાર્યભાર કાર્યભાર સંભાળે છે.

**મહાધર્મપ્રાંત ગાંધીનગર અને અન્ય ધર્મપ્રાંત-રાજકોટ, વડોદરા સાથે અમદાવાદ ધર્મપ્રાંતની ભૂમિકા કેવી રહી?**

પ્રત્યેક ધર્મપ્રાંત પોતાની મૌલિક રીતે પ્રૈષિતિક કાર્યમાં પ્રવૃત્ત હોય છે, તેમ છતાંયે એકબીજાના સહકારમાં સમૃદ્ધ પણ બન્યા છે. અમદાવાદ ધર્મપ્રાંત મૂળ ખેડા-અમદાવાદ જિલ્લાનો બનેલો છે, એટલે અચલ શ્રદ્ધા અને પ્રૈષિતિક પ્રવૃત્તિમાં બહેત્તર હોય એ સાહજિક છે.

**આપનો વિદેશ પ્રવાસના અનુભવ વિશે જણાવશો?**

વર્ષો પહેલાં એક ધર્મગુરુ તરીકે ન્યૂજર્સીમાં, મુલાકાત વેળાએ ગુજરાતી ખ્રિસ્તયજ્ઞે અમેરિકન ગુજરાતી શ્રદ્ધાળુઓને ઘેલું લગાડ્યું હતું એટલે ધર્માધ્યક્ષ બન્યા પછી પણ જ્યારે હું તેમની વચ્ચે ગયો છું ત્યારે 'અમારા ધર્માધ્યક્ષ આવ્યા'નો અનેરો આનંદ મને ખુશ કરે છે. ત્યાંની ધર્મસભામાં, ગુજરાતી અમેરિકન શ્રદ્ધાળુઓનો ફાળો નોંધપાત્ર છે, એ જાણીને મારો આનંદ સમાતો નથી. મારી હાજરીમાં માતૃભાષામાં ખ્રિસ્તયજ્ઞ, સાંસ્કૃતિક કાર્યક્રમ, ગુજરાતી ગરબા અને સમૂહભોજનના કાર્યક્રમ યોજીને એકમેકની શ્રદ્ધાના પ્રોત્સાહક બને છે તે ઉત્તમ છે.

**વડાધર્મગુરુની મુલાકાતના પ્રેરણાદાયી અનુભવ વિશે જણાવશો?**

ધર્માધ્યક્ષનો કાર્યભાર સંભાળ્યા પછી કોઈને કોઈ કારણસર મારે ત્રણ વડાધર્મગુરુઓને મળવાનું થયું છે. વડાધર્મગુરુ સંત યોહાન પાઉલ બીજા સાથે ઘણો સમય તેમના નિવાસસ્થાનમાં નિખાલસ વાતચીત કરવાની ઉમદા તક મળી હતી જેનું સ્મરણ આજે પણ એક અલૌકિક આનંદ આપે છે, ઘણી ગોપનીય વાતોની અમે મુક્ત મને ચર્ચા કરી હતી. આ મુલાકાતની અસર દીર્ઘકાલીન રહી છે. નિવૃત્ત વડાધર્મગુરુ બેનેદિક્ત સોળમા સાથે સમૂહમાં દોઢેક કલાક સાંનિધ્ય માણ્યું હતું. અને છેલ્લે વર્તમાન વડાધર્મગુરુ ફ્રાન્સિસ સાથે કેટલીક ક્ષણ માટે મુલાકાત કરી હતી. જ્યારે પણ હું ધર્મસભાના શિરમોર ધર્માધિકારીને મળ્યો છું ત્યારે સમગ્ર ગુજરાતની ધર્મસભાના અંગરૂપે મળ્યો છું એટલે એ પાવન મુલાકાત પુણ્ય સ્મરણ બની રહી છે.

**માર્ચ ૨૦૧૪માં આપે અમદાવાદ ધર્મપ્રાંતના ગુજરાતી મુખપત્ર તરીકે 'ધર્મસેતુ'નો આરંભ કર્યો હતો, તેના પ્રકાશન પાછળ આપનો આશય કયો હતો?**

અમદાવાદ ધર્મપ્રાંતના ગોવાળ તરીકે, ધર્મજનો સાથે સીધો સંવાદ સાધવા 'ધર્મસેતુ'નો આરંભ ઘણી મથામણ, ચર્ચા-વિચારણાને

અંતે કર્યો હતો. ધર્મપ્રાંતમાં ટેમ કે ‘અમદાવાદ ક્રોનિકલ’ જેવાં અંગ્રેજી પત્ર તેમજ ગુજરાતીમાં ‘દૂત’ પ્રકાશિત થાય છે, તેમ છતાંયે ધર્મપ્રાંતના આમ આદમી સુધી મારી વાત - શુભસંદેશની વાત પહોંચાડવા મને ‘ધર્મસેતુ’ની અનિવાર્યતા લાગી અને સૌના સહકારમાં આજકાલ કરતાં ૧૮ અંક પ્રકાશિત થયા છે, ધર્મપ્રાંતમાં ધર્મજનો અનેકવિધ સદ્‌પ્રવૃત્તિમાં મોખરે હોય છે, તેમનાં સદ્‌કૃત્યોને પ્રકાશ લાવવાની મારી મહેચ્છા બર આવી છે, મને અનહદ્ સંતોષ છે કે સૌના સાથમાં ‘ધર્મસેતુ’નો હેતુ સફળ-સાર્થક થયો છે.

**ધર્મપ્રાંતને અલવિદા કહેતાં કોઈ એવી બાબત છે જેનો આપને રંજ થાય છે?**

ધર્મજનોનો વિકાસ એજ મારી મહેચ્છા હતી. મુંબઈ મહાધર્મપ્રાંત કે અન્ય ધર્મપ્રાંતમાં ધર્મજનો ‘યુક્રેસ્ટિક મિનિસ્ટર’ તરીક ધર્મસભામાં સક્રિય છે, વિવિધ સેવા આપે છે; તેવી મારી ઈચ્છા હતી. પરંતુ આ બાબતમાં પુરોહિતગણ કે ધર્મજનોનો સહયોગ મને સાંપડ્યો નહિ. ‘યુક્રેસ્ટિક મિનિસ્ટર’ તરીકે ધર્મજનોની પાળકીય સેવાથી ધર્મપ્રાંત શ્રદ્ધામાં સમૃદ્ધ બન્યો હોત, તે શક્ય બન્યું નહીં, તેનો મને અફસોસ જરૂર છે.

**અમદાવાદ ધર્મપ્રાંત ધર્મસેવા સમિતિની કાર્યવાહી અંગે આપનો કેવો પ્રતિભાવ છે?**

પ્રત્યેક ધર્મવિભાગમાં, ધર્મ સેવા સમિતિ તથા ડિનરી પાસ્ટરલ કાઉન્સિલની રચના થાય, સક્રિય બને તેનો આગ્રહ મેં રાખ્યો હતો. વળી આ બધાની સર્વોપરી અમદાવાદ ધર્મપ્રાંત, ધર્મપ્રાંતીય સેવા સમિતિ (અમદાવાદ ડાયોસીસ પાસ્ટરલ કાઉન્સિલ)ની રચના કરી, વર્ષમાં વધારેમાં વધારે ચારેક વખત ધર્મપ્રાંતના આગેવાનોને સીધા મળવાનું થતું જેમાં ધર્મપ્રાંતનાં આયોજનથી માંડી ધર્મપ્રાંતીય નીતિની ચર્ચા તંદુરસ્ત વાતાવરણમાં થતી હતી. ધર્મપ્રાંતના ધાર્મિક - સામાજિક કે અન્ય સંલગ્ન પ્રશ્ન-સમસ્યાઓની મુક્ત મને ચર્ચા થતી. કેટલાંકને મન આ સમયનો વ્યય લાગતી પ્રવૃતિ, મને - ધર્મપ્રાંતને - ધર્મજનોને સર્વાંગે ધર્મસભાને સમૃદ્ધ કરનારી હતી, એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

**આઝાદીનાં આટલાં વર્ષ પછી પણ રાજકીય નેતૃત્વનો અભાવ છે, તે અંગે કયું કારણ જવાબદાર હોઈ શકે?**

રાજકીય નેતૃત્વનાં સમીકરણ પરિવર્તનશીલ રહ્યાં છે, તેમ છતાંયે એક ખ્રિસ્તી સમાજમાં અમદાવાદ ધર્મપ્રાંતમાં રાજ્ય સ્તરે નેતૃત્વનો શૂન્યવકાશ છે, જેના માટે એકતા જ અક્સીર ઈલાજ છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જ્યાં જ્યાં એકતા પ્રદર્શિત થઈ ત્યાં સફળતા મળી છે, પણ હજુ લાંબો પંથ કાપવાનો છે. આશા રાખીએ આવનાર ભવિષ્ય સારા નેતા આપે.

**ગુજરાતની ધર્મસભાને - ‘દૂત’ના વાચકોને આપનો સંદેશ આપશો.**

ઘણા ધર્મજનો પોતાની આંતરસૂઝ પ્રમાણે વિવિધ ક્ષેત્રમાં આગળ વધ્યા છે, તે સૌને મારાં અભિનંદન, પણ હજુ કેટલાક ધર્મજનો કાંતો ધર્મસભા કે સરકાર ‘આંગળી પકડશે’ એની રાહ જૂએ છે, તેમને મારે કહેવું છે કે સર્વશક્તિમાન પરમેશ્વર પર અટલ વિશ્વાસ મૂકી નીકળી પડો, ફતેહ તમારી હશે. મૂળમાંથી જ ગુજરાતી પ્રજા, વેપારી પ્રજા તરીકે જાણીતી છે. નાનો મોટો સ્વરોજગાર શોધી કાઢો, લઘુ ઉદ્યોગો શરૂ કરો, નિષ્ઠા અને પ્રમાણિકતા તો તમારી નસેનસમાં છે તો ઈશ્વરના આશીર્વાદ પણ છે જ, આગળ વધો, સુખી થાઓ.

વળી એથી વધારે આગ્રહપૂર્વક મારે કહેવું છે કે, સ્નાનસંસ્કારની દીક્ષા પામેલો પ્રત્યેક ખ્રિસ્તીજન ઈસુનો પ્રેષિત છે. ‘તમે દુનિયામાં બધે જઈને આખી સૃષ્ટિને શુભસંદેશ સંભળાવો’ (માર્ક ૧૬:૧૪) ‘ખાતરી રાખજો કે યુગના અંત સુધી હું તમારી સાથે છું.’ (માથ્થી ૨૮:૨૦) ઈસુનાં વચનને માથે ચડાવી, શુભસંદેશની ઘોષણા કરજો. યાદ રાખજો તમારા જીવન સિવાય બીજો કોઈ શુભસંદેશ બીજા વાંચવાના નથી. એટલે સદાયે મધુરાં ફળ આપતા રહેજો, એ જ ઈસુના નામે સર્વને મારો સંદેશ છે.

સહતંત્રી : આભાર ગુરુજી, આપના સાંનિધ્યમાં અમને સુખદ અનુભૂતિ થઈ છે. મહાધર્મધ્યક્ષશ્રીનો માર્ગ આપને માટે ઈશ્વરેચ્છા બની રહે એ જ પ્રાર્થના. મહાધર્માધ્યક્ષશ્રી : ઈશ્વરના આશીર્વાદ આપ સૌની પર ઉતરો. ●


**પર્યાવરણ રીટ્રીટ**

ધર્મજનો તેમજ સંન્યસ્તજનો માટે

**રીટ્રીટ પ્રબોધક :** ફાધર રોબર્ટ આથિકલ, એસ.જે.
તરુમિત્ર, પટણા

**તારીખ :** ૧૩ નવેમ્બર, સાંજથી ૧૯ નવેમ્બર સાંજ સુધી

**સ્થળ :** પાસ્ટરલ સેન્ટર, નેત્રંગ, દક્ષિણ ગુજરાત

છ દિવસનો ભોજન તથા રહેવાનો કુલ ખર્ચ :
રૂા. ૪,૦૦૦/- સીંગલ રૂમ (બે વ્યક્તિ રહી શકે તેવી)
રૂા. ૨,૫૦૦/- ડોરમીટોરી (જૂથ રહી શકે તેવી)

**સંપર્ક :** ફાધર લેન્સી ડી’ક્રુઝ એસ.જે. lancy_dcruz@hotmail.com
ફાધર વિનાયક જાદવ એસ.જે. vinayak.jadav@gmail.com



**શેરોન** વેડિંગ ડ્રેસ ડિઝાઈનર

ક્રિશ્ચિયન લગ્ન માટે બાર વસ્તુઓનું પેકેજ ફક્ત રૂા. ૩,૫૦૦/-માં.
ફર્સ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોઝ ફક્ત રૂા.૧૨૦૦/-માં.
ફક્ત મેક્ષી ૨૫૦૦માં. ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.

શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો, બાકરોલ, તા.જિ. આણંદ

**પરવીન એસ.:** ‘ઈવાઝ’ના સ્પેશ્યલ કારીગર
મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૯૮૧ ૧૩૫૦૩

*બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે.*
*તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.*

**DWELLING SITE FOR SALE**

A plot of 175 sq. mtr. at Jesus Bunglows, Behind Himalaya, 100 Feet Road, Anand is available for sale.

**Intersted buyers may contact**
**Mob. 94299 85276**

નર્સિંગ એડમીશન ૨૦૧૫-૨૦૧૬ Government of India સરકાર માન્ય સંસ્થા

# નાલંદા પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટ

B.S.S. માન્યતા પ્રાપ્ત કોર્ષ

શ્રમ અને રોજગાર મંત્રાલય ભારત સરકાર માન્ય સર્ટીફીકેટ , નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (N.C.V.T.) માન્ય

**ધો.૧૦,૧૨(દરેક પ્રવાહ)તથા કોલેજ પાસ-નાપાસ માટે 100% જોબ લક્ષી કોર્ષ**

| ક્રમ | કોર્ષનું નામ | લાયકાત | મુદત |
|---|---|---|---|
| ૧ | જી.એન.એમ(બેંગ્લોર) | ૧૨ પાસ | ૩½વર્ષ |
| ૨ | નર્સિંગ આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૩ | ડીપ્લોમા ઈન નર્સિંગ | ૧૦,૧૨ પાસ | ૨ વર્ષ |
| ૪ | ડીપ્લોમા ઈન લેબ ટેકનીશીયન | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૫ | સેનેટરી ઈન્સ્પેકટર | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૬ | ડીપ્લોમા ઈન ઓ.ટી આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |




**ખાસ નોંધ**:-(૧)લીમીટેડ સીટ,(૨)દરેક કોર્ષમાં બુકસ,મટીરીયલ્સ ફ્રી મળશે.(૩)ગામડેથી આવનાર બહેનોને મફત બસ પાસ સુવિધા તથા ભાઈઓને કન્સેસન પાસ(૪)ખૂબ જ ગરીબ,વિધવા,મા-બાપ વિનાની બહેનોને ખૂબ જ ઓછી ફી અને જોબ અગ્રીમતા આપવામાં આવશે.

: વધુ માહિતી માટે સંપર્ક કરો :

અર્પણ કેશવલાલ મધુકર / મનિષ અમૃતભાઈ પરમાર — નડીયાદ — મો.૯૯૭૪૦૮૯૪૦૯, મો.૯૦૩૩૧૦૯૦૪૩

દીનેશભાઈ જોષી — આણંદ — મો.૯૮૨૪૧૯૫૧૩૬

હરીશ રાઠોડ / મનિષ અમૃતભાઈ પરમાર — વડોદરા — મો.૯૮૯૮૧૩૩૭૮૦

બીજેશ જોષી — પેટલાદ — મો.૯૯૦૪૮૪૬૦૩૬

મૌલીક ઠક્કર / મનિષ અમૃતભાઈ પરમાર — મહેમદાવાદ — મો.૯૯૭૯૫૩૫૦૧૨, મો.૯૦૩૩૧૦૯૦૪૩

હેડ ઓફીસઃ-નાલંદા ઈન્સ્ટીટ્યુટ,પહેલો માળ,હરિદ્યા કોમ્પ્લેક્ષ,લક્ષ્મી સિનેમા સામે.મો.૯૮૨૪૧૯૫૧૩૬

# પવિત્ર ભૂમિ "ઈઝરાયેલ" યાત્રા

જોર્ડન/ ઈઝરાયેલ/ ઈજીપ્ત રૂા. ૯૫૦૦૦/-

દિવસ-૧૧ ડીસે./જાન્યુ.-૨૦૧૫/૧૬

ગોવા કેરાલા બેંગલોર મૈસુર ઉંટી શિમલા મનાલી કાશ્મીર દિલ્લી આગ્રા રાજસ્થાન

દુબઇ, સિંગાપોર, મલેશિયા, થાઇલેન્ડ

નોંધઃ ઇઝરાયેલ પ્રવાસ ગ્રુપ પેકેજ છે.

અન્ય પ્રવાસ પ્રિમિયમ ફેમિલી પેકેજીસ છે. / બસ ટુર કરતા નથી

The Global Travels

નીલેશ પરમાર (ભૂમેલ)

Mo.: 9510808779 / 9624449793

ઓફીસ : ૪૧૯, કવિતા શોપીંગ સેન્ટર, જી.પી.ઓ સામે, જે. પી. રોડ, આણંદ

E-mail: parmarneel@gmail.com

# હવે ઈઝરાયેલ જવું બન્યું સરળ...

## વર્ક પરમીટ-કેર ટેકર જોબ



- કમાઓ રૂા. ૬૦,૦૦૦/- થી રૂા. ૮૦,૦૦૦/- સુધી મહિને કે ૧૦ લાખ સુધી વર્ષમાં. રહેવા - જમવાની સગવડ ફ્રી
- જોબ ટ્રેનીંગ તથા ઇન્ટરવ્યુ પ્રિપેરેશન ભારત સરકાર માન્ય તેમજ ઈઝરાઈલ એજન્સી ઓથૉરાઈઝડ ગુજરાતની એકમાત્ર સંસ્થા દ્વારા
- કોઈપણ એજન્સીને કામ આપેલ હોય તો પણ એકવાર અમારી સંસ્થામાં અવશ્ય મુલાકાત લો અને સાચી સલાહ તેમજ માર્ગદર્શન મેળવો.



- દિલ્હી, મુંબઇમાં ઇન્ટરવ્યુ પ્રિપેરેશન માટે મહિના/બે મહીના જવાનું તથા રહેવાનો સમય અને પૈસા બચાવો.
- ૨૩ થી ૪૪ વર્ષ સધીના ૦૯ ભાઇઓ અને ૧૮ બહેનોની તાત્કલિક ઈઝરાયેલ માટે જરૂર છે.
- અમારી બીજી કોઇ શાખા નથી અને અમે કોઇ એજન્ટ નિમણુંક કરેલ નથી. કોઈપણ વ્યક્તિ અમારા નામ પર પૈસા કે ડોકયુમેન્ટ માગે અને આપે તો અમારી જવાબદારી રહેશે નહીં.

૬ થી ૮ અઠવાડિયામાં વિઝા | ૨ વર્ષ બાદ કેનેડાના વિઝા | રહેવા-જમવાની સગવડ ફ્રી | નર્સ અને અરબિક સ્પોકનને પ્રથમ પસંદગી

S.K. Visa Consultants

વધુ માહિતી માટે એપોઈન્ટમેન્ટ લઈને રૂબરૂ સંપર્ક કરો

૩૦૯,નથવાણી ચેમ્બર્સ,પટેલ માર્કેટ સામે,સરદાર ગંજ, આણંદ. મો. ૯૪૨૬૬૫૨૭૨૦/૯૪૨૬૫૪૩૭૨૦

E-mail :anandcentre@yahoo.com

ઈઝરાયેલ હાઇ કમિશનના નવા નિયમોની જાણકારી તથા ઇન્ટરવ્યુ પ્રિપેરેશન માટે રૂબરૂ સંપર્ક કરો.

ખાસ નોંધ :- અમારા સેન્ટરમાં ટ્રેનીંગ લીધેલા કોઈપણ ઉમેદવારને ઈઝરાયેલ હાઈકમીશન દિલ્હી કે મુંબઈ દ્વારા હજુ સુધી રીફ્યુઝ કર્યા નથી.



# ગ્રીન સ્કૂલ

✍ **શ્રી. જે. પી. પરમાર (વડોદરા) અને તંત્રીશ્રી**

'પૃથ્વી પર ઝાંખુ ધુમ્મસ છવાયેલું હતું. ફ્રોટોન રોકેટ પૃથ્વીના વાયુમંડળમાં પ્રવેશી ધીમેધીમે ઉડવા લાગ્યું ત્યારે સવારની મેલી લીલી ચારે બાજુ છવાઈ હતી. સૂર્યનો રંગ કબૂતરના લોહી જેવો ગંદો રાતો હતો, સર્વત્ર શહેરોનાં ખંડેર ખડકાયેલાં હતાં. વૃક્ષો ભસ્મીભૂત થઈ ચૂક્યાં હતાં, ખેતરોમાં રાખ ઉડતી હતી. હવામાં બારૂદની ગંધ પ્રસરેલી હતી ને ક્યાંય પણ માનવી જીવનનું એક પણ ચિહ્ન નજરે પડતું નહોતું!

પ્રોફેસર મહેતાએ એમનું ફ્રોટોન કેટલીય વાર પૃથ્વીની ચારેબાજુ ઘુમાવ્યું. પોતાના ઈલેક્ટ્રોનિક અને રડારવાળા દૂરબીનથી પૃથ્વીના સ્તરેસ્તરની તપાસ કરી જોઈ પણ ક્યાંય માનવજીવનની નિશાની જણાઈ નહીં. જોરદાર પવન માતેલા આખલાની જેમ સૂકા મહાદ્વીપ પરથી પસાર થઈ રહ્યો હતો, નદીઓમાં પાણી હતું પણ પીનાર કોઈ ન હતું. વિશાળ મોટાં શિખરો બરફનાં છત્ર ઓઢી ઉભાં હતાં. ક્યાંક કેડીઓ પર ઘાસ ઉગવા માંડ્યું હતું, પણ ત્યાં ચાલનાર કોઈ ન હતું.

જો ત્રીજું વિશ્વયુદ્ધ થાય તો?!.... જો પરમાણુ બોમ્બનો ઉપયોગ થાય તો....!? આથી વધારે ખરાબ પરિસ્થિતિ પૃથ્વીની હોઈ શકે! વૈજ્ઞાનિક સંભાવના પર આધારિત, ઉર્દૂ લેખક કૃશ્ન ચંદરની આ અનુવાદિત વિજ્ઞાનકથા - વાર્તાનો આ એકાદ ફકરો છે, જેમાં લેખકે જો કે સૃષ્ટિને સર્વનાશમાંથી બચાવવા પર્યાવરણ પ્રેમ અને માનવજગતમાં પણ ઘૃણાને સ્થાને પ્રેમનું મહત્ત્વ સ્થાપિત કરવા માટેનો ભાવાત્મક હેતુ સિદ્ધ કર્યો છે; પણ આવી જ એક ચિંતામાં પોતાના જીવન કર્તવ્ય દ્વારા એક બુંદ પ્રયાસ, ઈસુસંઘી ધર્મગુરુ જોલી નડુકુડિઈલ, ઝેવિયર સેન્ટર ફોર માઈગ્રન્ટ વર્કસ, વાઘોડિયા ચોકડી, વડોદરા-૧૯માં કરી રહ્યા છે, તે પ્રસંશનીય છે, અભિનંદનને પાત્ર છે.

૧૯૬૫માં ઈસુસંઘ ગુજરાતે આ જમીન ખરીદી હતી પણ ૨૦૦૧ સુધી કેટલાંક પ્રશ્નના કારણે પડતર પડી રહી હતી, જેમાં ગાંડા કરી નાખે તેવા ભરચક ગાંડા બાવળ સિવાય કંઈ ન હતું, ચોમાસામાં આખો વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ જતો હતો! ત્યાં આજે ગાંડા બાવળનું નામોનિશાન નથી, ૪૦ એકર જમીનમાં ૬૦ હજાર જેટલાં વૃક્ષો લહેરાય છે, જેમાંના કેટલાંક તો ઔષધિય ગુણ ધરાવનારાં છો, જે જોતાં જ અસ્થિર મનનો માનવી પણ સ્થિરતા ધારણ કરે એવી હરિયાળી ચોમેર પથરાયેલી છે. છ વર્ષ રોઝરી - વડોદરામાં નિવાસ કરી, દિવસના ૧૮ થી ૧૯ કલાક કામ કરી જંગલને મંગલ બનાવ્યું. અહીં ધર્મગુરુ જોલીએ એક સાથે બે હેતુ સિદ્ધ કરવાનો મક્કમ મનસુબો કર્યા છે. પ્રકૃતિસંગ દ્વારા માનવમાં ઉમંગ ભરવાના પથ પર પગલાં ભર્યાં છે. તેમણે 'આશાદીપ' વલ્લભવિદ્યાનગરની કામગીરી પરહરી, હાઈકોર્ટમાં વકીલાત કરવા આયોજન કર્યું હતું, પણ વિદ્યાનગરના અનુભવે તેમના જીવનમાં એક નવો વળાંક આપ્યો. ચોકડી પર ભરતાં 'માનવબજાર'ને જોતાં ક્યારેક કુતુહલથી ક્યારેક વિસ્મયતાથી આંતરમનને ઢંઢાળ્યું હતું. 'ઈન્ડિયા શાઈન્સ'ની ગગનચૂંબી ઈમારતો, સડક કે રેલમાર્ગના નિર્માણમાં આયખુ પૂરું કરતા શ્રમિકો મોટાભાગે સ્થળાંતરિત મજૂરો હોય છે, જેમનાં બાળકો આજીવિકાની દોટમાં શિક્ષણ વિના રઝળી પડે છે. તેમના અંધકારમય ભાવિનો વિચાર કરતાં જ ધર્મગુરુને આંખે અંધાળાં આવી જતાં. 'સૌથી વધારે જરૂરિયાતમંદ' અને 'જેની વહારે જનાર કોઈ ન હોય' એવાનો હાથ થામવો એ ઈસુસંઘની એક ખાસ લાક્ષણિકતા છે.' ધર્મગુરુએ આ વિચારધારાને ચરિતાર્થ કરવાનો જાણે નેમ લીધો.

આઝાદીના એ કાળમાં મૂળ ગામ છોડી ધંધો રોજગાર મેળવવા કેટલાંક પરિવાર મહાનગરપાલિકાની કે બીજી કોઈ પડતર જમીનમાં છાપરું બાંધી જેમતેમ ગાડું હાંકતા હોય ત્યાં બાળકોના શિક્ષણની કોણ, કેવી રીતે ચિંતા કરે! ૨૦૦૫નાં ધર્મગુરુએ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓપન સ્કૂલ માન્ય શાળા જાંબુડિયાપુરામાં શરૂ કરી. અભણ પ્રજાને શિક્ષણ પ્રત્યે અનુરાગ જગાડવામાં વર્ષો વીતી ગયાં, વિદ્યાર્થીઓની સંખ્યા વધતાં ઝેવિયર સેન્ટરમાં, શાળાનું સ્થળાંતર કર્યું. મુખ્યત્વે ભરવાડ, વાઘરી, આદિવાસી, વણકર સમાજનાં બાળકો આ 'ગ્રીન સ્કૂલ'માં ભણે છે. ૨૦૧૪માં શાળાની પ્રથમ બેચની જાહેર પરીક્ષા (S.S.C)માં સાતમાંથી ત્રણ ત્રણ વિદ્યાર્થીઓ અનુક્રમે ડિસ્ટિંકશન અને ફર્સ્ટ ક્લાસમાં પાસ થયા હતા. હાલમાં કુલ ૧૪૫ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. ઓપન સ્કૂલના અભ્યાસક્રમ મુજબ પાંચ મુખ્ય વિષય ગુજરાતી, અંગ્રેજી, ગણિત, સમાજ નવરચના, વિજ્ઞાન જેવા વિષય ઉપરાંત કરાંટે, સંગીત જેવી વિવિધ કલાઓ, રમતગમત, કમ્પ્યુટર નોલેજ વગેરે દ્વારા વિદ્યાર્થીઓને જમાના પ્રમાણે કેળવવાનો સઘન પ્રયત્ન કરવામાં આવે છે. હાલમાં જેઓ પણ સંસ્થાની મુલાકાતે આવે તેઓ ધર્મગુરુને આ ભગીરથ કાર્યસિદ્ધિ માટે અભિનંદન પાઠવે છે, પણ શરૂઆતના એ દિવસો આકરા હતા. ખુદ તેમના સાથીમિત્રો પણ તેમના કામને શંકાની દૃષ્ટિએ જોતા હતા! પણ મક્કમ મનોબળ અને કર્તવ્યનિષ્ઠાએ અસંભવિતને સંભવિત બનાવ્યું છે! એટલું ચોક્કસ કે કેટલાંક ધર્મજનો તેમના કામની કદર કરી છે. વડોદરાના 'ફ્રેન્ડસ ઓફ ઈઝરાયેલ' દ્વારા વિદ્યાર્થીઓને વાર્ષિક શિષ્યવૃત્તિ એનાયત કરી છે. ઈન્ડિયન ઓઈલ કોપોરેશન ઓફ ઈન્ડિયાના આર્થિક સહયોગમાં શાળાના કેટલાંક ઓરડાંઓનું બાંધકામ શક્ય બન્યું છે. કેન્દ્ર કક્ષાએ ઈન્દિરા ગાંધી પ્રિયદર્શિની વૃક્ષમિત્ર પુરસ્કાર તેમજ રાજ્ય કક્ષાએ વનપંડિત પુરસ્કાર માટે સંસ્થાનું નામાંકન થયું છે, વળી વડોદરાની એક સ્વૈચ્છિક સંસ્થાએ 'પ્રકૃતિ રત્ન'નું બહુમાન આપ્યું છે, જેમાં પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરી છે. વળી મહારાજા સયાજીરાવ યુનિ.ના ફેકલ્ટી ઓફ સોશ્યલ વર્કના અનુસ્નાતકના વિદ્યાર્થીઓ પ્રતિવર્ષ સંસ્થા પરિચય માટે આવે છે.

હમેશાં 'ઓલ ઈઝ નોટ વેલ' બન્યું નથી. ૨૦૦૭માં ભરબપોરે કેટલાક અસમાજિક તત્ત્વોએ અખબાર અને ચેનલના પ્રતિનિધિઓ સાથે સંસ્થામાં 'તમે ધર્મપરિવર્તન કરો છો? ના આરોપસર હલ્લો મચાવ્યો હતો. ધર્મગુરુ જોલીએ પત્રકારોને હાજર વિદ્યાર્થીઓને આ અંગે સીધી જ વાત કરવા આગ્રહ કર્યો હતો. 'આ ફાધર ઈસુ વિશે શું શીખવે છે?' પત્રકારના પ્રશ્નના જવાબમાં વિદ્યાર્થીઓએ ઈસુનું નામ પ્રથમ વખત સાંભળ્યાનું ફલિત થતાં શરમિંદા બન્યા હતા. ફાધર પર કોઈએ હુમલો કર્યો છે એવી વાત ફેલાતાં ભરવાડો આવી પહોંચતાં પત્રકારો પગ કરી ગયા હતા, ત્યાર પછી અત્યાર સુધી આવી કોઈ ઘટના બની નથી.

શિક્ષણ અને પર્યાવરણનું જતન કરનાર ધર્મગુરુ પોતાના પ્રૈષિતિક પ્રવૃત્તિનાં મૂળ બાઈબલના ઉત્પત્તિના ગ્રંથમાં દર્શાવે છે. પરમેશ્વરે પ્રથમ પર્યાવરણ જળથળ, પશુપક્ષી, વનસ્પતિ, ગૃહ ઉપગ્રહ, રાતદિવસનું સર્જન કર્યા પછી માણસનું સર્જન કર્યું હતું, એટલે માનવના અસ્તિત્વ માટે પર્યાવરણ જરૂરી છે એ સિદ્ધ થાય છે. માનવજાતનું નિકંદન નીકળી જાય તો પણ પર્યાવરણનું અસ્તિત્વ ટકી રહેશે પણ પ્રકૃતિ ન હોય તો માનવજીવન ધૂંધળું બની જાય તે નિર્વિવાદ સત્ય છે. એટલે માનવે પ્રકૃતિનું સંવર્ધન કરવું જ રહ્યું એવો સંદેશ એક પ્રત્યક્ષ મુલાકાતમાં ધર્મગુરુ જોલીએ સૌને આપ્યો હતો.

સ્વાર્થી મનુષ્ય પર્યાવરણ પ્રત્યે બેદરકાર બન્યો, જેનાં માઠાં પરિણામ આપણે ભોગવી રહ્યાં છીએ. પર્યાવરણ એ માનવ અસ્તિત્વનું સહજ બંધારણ છે, જે તેના વિકાસ માટે, ખુશી માટે જ છે, એટલે પર્યાવરણની સંભાળ માનવજાતની સંભાળ છે. 'નિયમશાસ્ત્રની સૌથી મોટી આજ્ઞા કઈ?' ના જવાબમાં શાશ્વત ઈશ્વર અને ગુરુ ઈસુએ કહ્યું હતું : 'પ્રભુ પરમેશ્વર પર પૂરા દિલથી અને માનવબંધુ પર જાત જેટલો પ્રેમ રાખ, પણ ઈસુના શિક્ષણના પરિમાણેની ઉંડાઈ પામવામાં આપણે નિષ્ફળ નીવડ્યા છીએ. 'મંદિર તારું, વિશ્વ રૂપાળું, સુંદર સર્જનહારા રે'ની વિભાવના માનવજાતને પર્યાવરણના રખેવાળ તરીકે સ્થાપે છે નહીં કે ભક્ષક તરીકે! પ્રદૂષિત હવા, ગંદુ પાણી તથા ભેળસેળ મુક્ત ઝેરીલો ખોરાક આપણી કબર ખોદી રહ્યાં છે ત્યારે, પર્યાવરણથી માનવજાતનું અલગ કોઈ વ્યક્તિત્વ નથી એમ દૃઢ રીતે સ્વીકારી પર્યાવરણનું જતન કરીએ, એવી સ્પષ્ટ વાત ફાધર જોલીએ કરી હતી. શિક્ષણ, સંસ્કાર અને પ્રકૃતિજતનનો આ યજ્ઞ અખંડ રહે, જેના સાંનિધ્યમાં સૌ સુખી થાય એ જ અભ્યર્થના. ●

સંપર્ક : મો. ૯૮૨૫૨ ૪૩૮૩૧

Email ID : jollynadukudiyil@yahoo.co.in

**WANTED TEACHERS FOR JR.KG. & SR.K.G.**

St. Xavier's English Medium School, managed by Catholic Church, Mehmadabad needs teachers for Jr.K.G. & Sr. K.G. Teachers who finished english medium montessori and can speak fluent english may apply within 20 days. Exnuns are preferable.

**The Manager, St. Xavier's English Medium School, Sevadal Road, Mehmedabad, Dt. Kheda - 387 130 Mob. 94265 88262**

## લગ્ન વિષયક

*A Gujarati catholic parents, well Settled in USA, invite Alliance for their son, 1989 Indian Born, Single, US Citizen, Height 5'7", very fair and handsome, raised in a very religious family. Qualified - B.S. Chemical Engineering and presently working.

looking for a highly educated beautiful catholic girl from a religious family, who is interested in living happy, peaceful and healthy life and ready to settle down in USA.

Please send detailed Bio-Data with family background and recent picture at

**Email ID: godsgrace8905@gmail.com**

* * *

*ગુજરાતી કેથોલિક યુવક M.S. ડિગ્રી, હાલ હાયર સેકેન્ડરી સાયન્સ ટીચર U.S.A. સીટીઝન. ઉંમર વર્ષ ૨૭, M.A. (એજ્યુકેશનલ લીડરશીપ એન્ડ એડમિનિસ્ટ્રેશન) અભ્યાસ ચાલુ છે. ઉચ્ચ શિક્ષિત લાયકાત ધરાવનાર તથા પરદેશમાં સ્થાયી થવા ઈચ્છતી, રસ ધરાવતી યુવતીઓના વાલીઓએ કૃપા કરી સંપર્ક કરવો.

**Email ID: cpacem7@gmail.com**

**Mob. 78740 30982**

* * *

*ગુજરાતી કેથોલિક યુવક H.S.C. પાસ ઉંમર વર્ષ ૨૫, પોતાની ખેતીવાડીનો કારભાર સંભાળતો યુવક, રસ ધરાવતી યુવતીઓના વાલીઓએ કૃપા કરી સંપર્ક કરવો. **Mob. 97247 14434**

* * *

*ગુજરાતી કેથોલિક યુવક ઉંમર ૨૭ વર્ષ, ઊંચાઈ ૫'૭'' અભ્યાસ B.C.A M.S.W હાલ પંડિત દીન દયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી (PDPU) ગાંધીનગરમાં એક્ઝીક્યુટીવ ઓફિસર તરીકે ફરજ બજાવતા યુવક માટે B.A. B.Ed., M.A. B.Ed. લેક્ચરર P.T.C અથવા સમકક્ષ લાયકાત ધરાવતી યુવતીના વાલીઓએ સંપર્ક કરવો.

જાહેરાતનો હેતુ ફક્ત યોગ્ય પસંદગીનો છે.

**મો. ૯૪૨૭૧ ૮૨૬૬૨**

* * *

*અમદાવાદ નિવાસી, ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર ૨૬ વર્ષ, ઊંચાઈ ૫'૫'', સાઉન્ડ એન્જીનીયર તરીકે નોકરી કરતા યુવક માટે, યોગ્ય લાયકાત ધરાવતી યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. નં. ૯૮૨૪૦ ૬૦૨૩૧,**
**૯૮૨૪૬ ૩૯૭૭૫**



# ચાલો ફરવા જઈએ...

✍ રાજેશ ક્રિશ્ચિયન

'ફરે તે ચરે અને બાંધ્યું ભૂખે મરે' આ ગુજરાતી કહેવત આપણને એક સ્થળેથી જવા પ્રેરણા પૂરી પાડે છે. ગુજરાતી પ્રજા હરવા ફરવાની શોખીન ગણાય છે. દુનિયાના કોઈપણ ખૂણે જાઓ, એકાદ ગુજરાતી તો જરૂર મળી જ આવશે. આમ ઉપરોક્ત કહેવત ગુજરાતી પ્રજાને યથાયોગ્ય લાગુ પડે છે.

ગત શતાબ્દી સુધી પ્રવાસ મોટે ભાગે જાત્રા/યાત્રા સુધી સીમિત ગણાતો. વાહનવ્યવહારની સુવિધા નહિવત હોવાથી પ્રવાસ કરવો ખૂબ કઠીન ગણાતું. લોકો પગપાળા કે બળદગાડા/ઘોડાગાડીમાં એક ગામથી બીજે ગામ જતા. રસ્તામાં આવતા નદી-નાળાં, જંગલો, જંગલી જનાવરોનો ડર રહેતો. લુંટારાઓનો ભય પણ ખૂબ સતાવતો. એક દેશથી બીજા દેશની મુસાફરી વહાણમાં થતી અને અનેક દિવસો કે મહિનાઓ લાગતા. પરંતુ યાંત્રિક ઔદ્યોગિક ક્રાંતિ પછી વાહન વ્યવહારની સગવડ વધતાં એક સ્થળેથી બીજા સ્થળે જવું ખૂબ આસાન અને સુગમ થઈ પડ્યું છે. રેલ્વે વ્યવહાર, હાઈવે અને હવે તો એક્ષપ્રેસ-વેનું માળખું તથા ઝડપી વિમાનની સગવડથી જુદા જુદા શહેરો અને દેશો વચ્ચેનું અંતર ખૂબ ઘટી ગયું છે. તેથી જ પ્રવાસ પ્રવૃત્તિમાં ખૂબ વેગ આવ્યો છે. હવે તો સમગ્ર વિશ્વમાં પ્રવાસને એક ઉદ્યોગનો દરજ્જો પ્રાપ્ત થયો છે. ઘણાં રાજ્યો અને દેશો પ્રવાસનને આવકનું મહત્ત્વનું સ્ત્રોત ગણવા લાગ્યા છે. વિશ્વના ઘણા દેશોની મુખ્ય આવક પ્રવાસન ઉદ્યોગ પર નભેલી હોય છે. ગુજરાત જેવા રાજ્યે મહાનાયક અમિતાભ બચ્ચન દ્વારા 'ખુશ્બુ ગુજરાત કી' જેવી જાહેરાતો દ્વારા પ્રવાસીઓની સંખ્યામાં અચાનક ઉછાળો નોંધ્યો છે. ભારતમાં ૧૯૯૭ દરમિયાન ત્રીસ લાખ તોંતેર હાજર વિદેશી પ્રવાસીઓનું આગમન થયું હતું તેની સરખામણીમાં ૨૦૧૩ દરમિયાન લગભગ સિત્તેર લાખ વિદેશી પ્રવાસીઓ આવ્યાં હતાં. વર્ષ ૨૦૧૫માં આ આંકડો ૮૦ લાખ પ્રવાસીઓની સંખ્યા વટાવી જાય તેવી સંભાવના વ્યક્ત થઈ છે. વિદેશી હૂંડિયામણની આવકમાં પણ ૧૯૯૭ દરમિયાન ૧૦,૫૧૧/- કરોડ રૂપિયાની સામે ૨૦૧૩માં રૂપિયા ૧,૦૭,૬૭૧/- કરોડ રૂપિયાની ૧૪%ના વધારા સાથેની જંગી આવક નોંધાઈ હતી. આમ છતાં વિશ્વના દેશોમાં વિદેશી પ્રવાસીઓના આગમન બાબતે ભારતનું સ્થાન ૪૨મું છે. ફ્રાન્સ દુનિયામાં મોખરાના સ્થાને છે.

વિશ્વભરમાં ૨૭ સપ્ટેમ્બરનો દિવસ વિશ્વ પ્રવાસનદિન તરીકે ઉજવવામાં આવે છે. સયુંક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ૨૭ સપ્ટેમ્બર ૧૯૭૦ના રોજ તેની સામાન્ય કારોબારીમાં વિશ્વ પ્રવાસન નીતિ ઘડી કાઢવામાં આવી હતી. આ પ્રવાસન નીતિ પછી સમગ્ર વિશ્વમાં પ્રવાસનને અત્યંત તેજીલો વેગ મળ્યો. અને ૧૯૮૦થી યુનો દ્વારા દર વર્ષે વિશ્વ પ્રવાસન દિનની ઉજવણી શરુ થઈ. ૧૯૯૭માં તુર્કીના ઈસ્તંબુલ ખાતેની સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય કારોબારીમાં નક્કી કરવામાં આવ્યું કે હવે પછી દર વર્ષે કોઈ એક દેશને વિશ્વ પ્રવાસનદિનની ઉજવણીમાં ભાગીદાર બનાવવો. એ રીતે ૨૦૦૮માં ભારત ભાગીદાર બન્યું હતું. ચાલુ વર્ષે ૨૦૧૫માં આફ્રિકાનું બુર્કિના ફાસો શહેર (Burkina Faso) ભાગીદાર બનેલ છે. દર વર્ષે જુદા જુદા વિષય પણ નક્કી કરવામાં આવે છે. ૨૦૦૮માં 'પ્રવાસનની વિશ્વ પર્યાવરણ અને ગ્લોબલ વોર્મિંગ પર અસરો'એ વિષય હતો. આ વરસે ૨૦૧૫માં 'અનેક પ્રવાસીઓ : અનેક તકો - એ વિષય નક્કી કરવામાં આવ્યો છે. યુનો દ્વારા વિશ્વ પ્રવાસન દિનની ઉજવણીનો મુખ્ય હેતુ સમગ્ર દુનિયાની પ્રજા પ્રવાસન મારફ્તે જુદાં જુદાં દેશના સંપર્કમાં આવે, વિશ્વબંધુત્વની ભાવના ખીલે અને જુદી જુદી પ્રજાને જાણે અને સમજે તથા એકબીજાની સંસ્કૃતિ તેમજ સામાજિક, રાજકીય અને આર્થિક પરિસ્થિતિથી માહિતગાર થાય તે છે. વિશ્વભરમાં પ્રવાસનને લગતું ફોટો પ્રદર્શન, ફોટો સ્પર્ધા, પ્રવાસ નિબંધ સ્પર્ધા, શિબિર, પ્રવાસીઓને પસંદ આવે તેવા નવાં નવાં સ્થળોની માહિતી, પ્રવાસનના વિકાસને લગતી સરકારી સ્કિમની જાહેરાતો વગેરેનું આયોજન કરવામાં આવે છે.

હવે તો જુદા જુદા લોકો માટે તેમને પસંદ આવે તેવા પ્રવાસોનું આયોજન પણ પ્રવાસના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો કરતા હોય છે. જેમકે, ધાર્મિક યાત્રા પ્રવાસ, સાંસ્કૃતિક માહિતીપ્રદ પ્રવાસ, શૈક્ષણિક પ્રવાસ, ગ્રામ્ય સંસ્કૃતિની ઝલક દેખાડતો વિલેજ ટુરીઝમ, ઐતિહાસિક સ્થળોની જાણકારી આપે તેવો હેરિટેજ ટુરિઝમ, આદિવાસી સંસ્કૃતિની માહિતી પ્રદાન કરે તેવો ટ્રાઈબલ ટુરિઝમ, પર્વતારોહણ અને જંગલ ભ્રમણની સગવડ પૂરી પાડે તેવો સમુદ્ર અને તેના પેટાળની સહેલગાહ કરાવે તેવો દરિયા કિનારાનો વગેરે.... અલગ અલગ વય જૂથ માટે પણ અલગ અલગ પ્રવાસોનું આયોજન થાય છે; જેમકે વિદ્યાર્થી ગ્રુપ, સીનિયર સીટીઝન માટે, ફક્ત મહિલાઓના જૂથ માટે વગેરે....

પ્રવાસ આપણને જીવનના અમૂલ્ય પાઠ શીખવે છે. રોજેરોજની બીબાઢાળ જિંદગીમાં થોડું પરિવર્તન લાવે છે અને મનને તરોતાજા કરી દે છે. પ્રવાસે જનાર વ્યક્તિ પોતાની રોજિંદી મુશ્કેલીઓ ભૂલી જઈ તણાવમુક્ત થઈ જાય છે અને જીવનમાં શાંતિ તથા આરામ અનુભવ કરે છે. પરિવારજનો અને મિત્રમંડળમાં પ્રેમ અને નિકટતા વધારે છે. નવા નવા અનુભવોથી અને જુદા જુદા સ્થળ અને જુદી જુદી સંસ્કૃતિથી પરિચિત થતાં જ્ઞાનની વૃદ્ધિ થાય છે. એકબીજાને તથા જુદી જુદી સંસ્કૃતિને માણતાં તથા તેનું સન્માન કરતાં શીખવે છે. નવી જગ્યા જોઈ વ્યક્તિમાં બાળસહજ જિજ્ઞાસા અને નવું જોમ ઉભરાઈ આવે છે. પ્રવાસ વ્યક્તિને નીડર તથા સાહસિક બનાવે છે. કોઈપણ પરિસ્થિતિમાં ટકી રહેતાં અને હિંમતપૂર્વક ધીરજથી નિર્ણય લેતાં શીખવે છે. અને જરૂર પડ્યે એકબીજાને મદદ કરતાં પણ શીખવે છે.

ચાલો, પ્રવાસના થોડા અનુભવ વહેંચીએ... બધા સંમત થશે કે જેવી ટ્રેન આવે એટલે ધક્કા મુક્કી કરતાં મને બેસવાની થોડી જગ્યા મળી જાય એટલે બસ, એજ મારું લક્ષ્ય. તે સમયે આજુબાજુના સહપ્રવાસીઓ સાથે થોડી ચડભડ પણ થઈ જાય, પણ જેવી ટ્રેન ચાલે અને જેમ ઘઉંની બોરી થોડી હલાવીએ એટલે વધારાનું બધું અનાજ જગ્યા કરી લે તેમ ડબ્બામાનાં બધાં પ્રવાસીઓની પણ જગ્યા થઈ જાય. ક્યાંથી આવો છો, ક્યાં જાવ છો, શું કરો છો થી લઈ નોકરી રોજગાર/ધંધાપાણીની, રાજકારણની, ફિલ્મ અને ક્રિકેટ વિશે અલક મલક વાતો થાય. થેપલાં અને છુંદાની આપ-લે થાય, ફેરિયા પાસેથી કશુંક ખરીદતાં પૈસા ચૂકવવામાં 'હું આપું' અને બીજો કહે 'હું ચૂકવું' એવી ખેંચતાણ પણ જોવા મળે, અને ઉતારવાનું સ્ટેશન આવે ત્યાં સુધીમાં તો ફોન નંબર અને ઘરના એડ્રેસની પણ આપલે થઈ જતી હોય છે. એકબીજાને પોતાના ઘરે આવવાનું આમંત્રણ પણ પાઠવી દેવાતું હોય છે.

એક વખત સ્કૂલના વિદ્યાર્થીઓનો પ્રવાસ લઈ જામ્બુઘોડાના જંગલોમાં ગયા હતા. ચોમાસાની સીઝન, વરસાદે પણ માઝા મૂકી હતી. જંગલ વિસ્તારમાં એક આદિવાસીના ઘરમાં પિથોરા ચિત્રકામ જોવા વિદ્યાર્થીઓને લઈને જવાનું હતું. આદિવાસીના ઘર સુધી તો બસ જાય એમ હતું જ નહિ. ડ્રાઈવરને બસ દોન બોસ્કો હાઈસ્કૂલ પાસે પાર્ક કરવાનું જણાવી હું તો વિદ્યાર્થીઓને લઈ જંગલમાં પેલા આદિવાસી ભાઈને ત્યાં જતો રહ્યો.

આગળ બસ વળાવવાની જગ્યા મળશે એમ વિચારી ડ્રાઈવર જંગલમાં બસ થોડી આગળ લઈ ગયો. આગળ તો રસ્તો બંધ - ડેડ એન્ડ. હવે બસ વળે તેમ હતું જ નહિ. અને બસ વળાવવાની કોશિશ કરતાં બસ રસ્તાની કોરે ખેતરમાં ફસાઈ ગઈ. કેમ કરી બહાર નીકળે જ નહિ. તે સમયે દોન બોસ્કો શાળાના સંચાલકો ફાધર બ્રાયન અને ફાધર પ્રવીણે ખૂબ મદદ કરી હતી. વરસતા વરસાદમાં રસ્સી અને વાયર પોતાની જીપ સાથે બાંધી બસ બહાર ખેંચવાનો પ્રયત્ન કર્યો. પણ બસ ખેતરની માટીમાં બરાબરની એવી ફસાઈ હતી કે ટસથી મસ ના થઈ. ટોઈંગ રોડ લગાવી ટ્રેક્ટરથી બસ ખેંચવાનો પ્રયત્ન કર્યો. પરંતુ ટ્રેક્ટર પણ ફસાઈ ગયું. શાળાના મોટા વાહનમાં ફાધર બ્રાયન બધાં બાળકોને અમારા રહેવાના રિસોર્ટ પર મૂકી ગયા. વરસતા વરસાદમાં તેઓ પોતે પણ પૂરેપૂરા પલળી ગયા હોવા છતાં જીપમાં અહીંતહીં ફેરા માર્યા. ક્રેનની વ્યવસ્થા કરવામાં પણ મદદ પૂરી પાડી. અંતે પાંચ-છ કલાકની મહેનત પછી ક્રેનથી બસ બહાર ખેંચી કઢાઈ. મુશ્કેલીના સમયે મળેલી મદદ તો કદાપિ ના ભૂલાય. મારી સાથેના બિનખ્રિસ્તી શિક્ષક મિત્રોએ જણાવ્યું કે આવી મદદ તો તમારા ફાધરો જ કરી જાણે. અને મને પેલું અંગ્રેજી ભજન યાદ આવી ગયું - and they'll know we are Christians by our love, yes they'll know we are christian by our love.....

તમે પરસ્પર ચાહજો, રાખજો સહુ પર પ્રેમ, તોજ તમે મુજ શિષ્ય છો, જાણશે જગ આ એમ.

સૌ મિત્રોને પ્રવાસે જાવ ત્યારે મોજ મજા કરો અને તમારી સફર આનંદદાયી સફળ બની રહે અને અંગ્રેજીના suffer યાતનાનો અનુભવ ના થાય એવી મારી શુભેચ્છા!!! ●


# પવિત્ર ભૂમિ ઈઝરાયેલ યાત્રા પ્રવાસ

**"માણસ ચાલે તે પ્રવાસ, સમૂહમાં ચાલે તે સમાજ, હૃદયથી ચાલે તે યાત્રા."**

**ક્યારે :** ૧૨ નવેમ્બર થી ૨૪ નવેમ્બર
(અમદાવાદ થી અમદાવાદ)

**જોવાલાયક સ્થળો :** જોર્ડન - નાઝરેથ, યર્દન નદી, કાના, ગાલીલ સમુદ્ર, મૃત સરોવર, મિલ્ક ગ્રોટો, જેરીકો, ઓલ્ડ જેરુસાલેમ, જોન બાપ્તિસ્મનું સ્થળ, સિનાઈ પર્વત, પીટરકીશ, નાઈલ બોટક્રુઝ, કેરો સીટી, ગાઝાના પિરામીંડ, ઈજીપ્તનું મ્યુઝિયમ, દુબઈ સીટી, ફહીદાનો કિલ્લો તથા શેખ મહંમદ મહેલ, મર્કેટો શોપીંગ મોલ.

**સુવિધા :** વિઝા, વિમાન ટિકીટ, બસ બુકિંગ, અગ્રગણ્ય સ્ટાર્સ હોટલમાં રહેવા/જમવાની વ્યવસ્થા, બુકીંગ ગાઈડ તથા ઓવરસીઝ વીમો અને બોટક્રુઝ સાથે યાદગીરીરૂપે ભેટ તો ખરી જ.

**ખર્ચ :** યાત્રા-પ્રવાસનો ખર્ચ રૂા. ૧,૦૫,૦૦૦/- (ફેરફારને આધીન) બે હપ્તામાં ભરવાનો રહેશે.

**નોંધ :** (૧) તારીખ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધીમાં પાસપોર્ટ સાઈઝના ત્રણ ફોટોગ્રાફ્સ, પાસપોર્ટની બે ઝેરોક્ષ કોપી તથા રૂા. ૩૫ હજાર જમા કરાવી નામ નોંધાવી દેવાનું રહેશે. (૨) ૩.૫ x ૪.૫ સે.મી.ના બે ફોટોગ્રાફટ વ્હાઈટ બેક ગ્રાઉન્ડવાળા જમા કરાવવા, જેમાં ૮૦ % ચહેરો દેખાવો જોઈએ. (૩) રાજકીય પરિસ્થિતિ તથા કુદરતી સંજોગોવસાત્ કોઈ સ્થળ ના જોઈ શકાય તો રીફંડ મળશે નહીં. (૪) નામ રજિસ્ટર કરાવ્યા પછી સંજોગોવસાત્ યાત્રીને પ્રવાસ મોકૂફ રાખવો પડે તો નિયમાનુસાર કેન્સલેશન ચાર્જ કાપીને રીફંડ મળશે.

**આયોજન :**


**મધુબેન ડી. રાઠોડ**
એન્ટરપ્રાઈઝ સોસાયટી
આણંદ
ફોન નં. (૦૨૬૯૨) ૨૪૨૦૨૮
મો. નં.૮૪૮૮૮ ૦૧૩૩૩

**કલ્પેશ જોનભાઈ નડીઆદરા**
આલ્ફા-૨ એન્ડ ટ્રાવેલ્સ
દુકાન નં.૧, સેરોન એવેન્યુ,
ખોખરા, મણિનગર પૂર્વ
મો.નં. ૯૮૯૮૦ ૫૬૫૪૯
ફોન નં. ૨૨૭૭૭૫૦૦

**રેજી ચેરીયન**
રીયા હોલીડેઝ પ્રા.લિ. મુંબઈ
મો. નં. ૯૯૨૦૪ ૦૫૬૯૭

## જન્મદિન શુભકામના

# *Happy Birthday to you*



### જોસફ જોન મેકવાન

જન્મદિન: ૨૭ સપ્ટેમ્બર, ૧૯૬૫

૫૦મી જન્મતિથિએ પુષ્પોરૂપી શુભેચ્છા અર્પતાં પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થીએ કે આપનું જીવન સફળતાથી ભર્યું ભર્યું રહે અને આપનો જીવનપંથ સદાય મંગલમય રહે...

**જોનભાઈ એ. મેકવાન, શારદાબેન જે. મેકવાન**

| | | | | | |
|---|---|---|---|---|---|
| સરોજ (USA) | રાજુ-શિલા | સંજય - સ્મિતા | અલ્પેશ - શિલા | સોનલ - સચિન | સંગીતા - દિપક |
| પ્રિન્સી (USA) | નિધિ, સ્નેહ | યશ, જેસિકા | | | પરિશી, પાર્થિત |
| રોલ્ફી (USA) | | એન્જુ | | | |

*બી-૩ શ્રેયસનગર, આણંદ*

# પ્રભુ ઈસુની પુણ્યભૂમિની ૧૪મી યાત્રા



## ઈજીપ્ત - ઈઝરાયેલ - જોર્ડન - દુબઈ

**સમય :** ઓક્ટોબર - ૨૦૧૫ (૧૨ દિવસ)

**અંદાજીત ખર્ચ :** રૂા. ૧,૦૫,૦૦૦

| સીંગાપોર, મલેશિયા, થાઈલેન્ડ પ્રવાસ | | દુબઈ ફેસ્ટીવલ, દુબઈ પ્રવાસ |
|---|---|---|
| ડીસેમ્બર - ૨૦૧૫ | સમય | જાન્યુઆરી - ૨૦૧૬ |
| રૂા. ૧,૦૫,૦૦૦ | અંદાજીત ખર્ચ | રૂા. ૬૦,૦૦૦ |

**સંપર્ક**

**કોકિલાબેન એ. પરમાર**
ક્રિશ્ચિયન સ્ટ્રીટ, લાંભવેલ - ૩૮૭૩૧૦
જિ. આણંદ. મો. ૯૪૨૯૬ ૬૩૩૫૪

**રેવ. ફાધર વિક્ટર દેવમણી એસ.જે.**
મો. ૯૪૦૮૬ ૬૭૧૭૮

# બીજી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**"જે કોઈ પ્રભુ ઈસુમાં શ્રદ્ધા રાખે છે તે કદી મૃત્યુ પામતો નથી"**



## સ્વ. સુષ્મા સંજય મેકવાન

જન્મ : ૦૬-૦૭-૧૯૭૩

અવસાન : ૦૧-૦૯-૨૦૧૩

*"તુમ ન જાને કિસ જહાંમે ખો ગઈ*
*હમ ભરી દુનિયામેં તન્હા હો ગયે."*

અકાળે અમને છોડીને શૂન્યાવકાશ સર્જતી ગઈ, દિવસોને પ્રસંગો આવે છે ને જાય છે પણ જીવનમાં એક ખાલીપો સર્જતી ગઈ, ન ગમ્યો અમારો સાથ 'પ્રભુને' એમના સાનિધ્યમાં ખેંચી ગયા! જનારા તો જતા રહે છે પણ સંભારણા મૂકી જાય છે, એમની સુખદ યાદોમાં હસીએ તોય આંસુડા વહી જાય છે, રડી રડીને મન અમારું આટલું કહી જાય છે. હે પ્રભુ તારા સાનિધ્યમાં આવેલ આ આત્માને તારી દિવ્ય અને પરમશાંતિ આપજે.

**એજ તારા દુઃખી સંજય, સારાંશ, સ્મિતા, રિયાન**
**તથા સમગ્ર દુઃખી પરિવાર, વડોદરા**

વ્હાલના દરિયા સમી દીકરી અમારી તું હતી,
તું હતી ત્યારે મનનો વિસામો, અંતરનો આરામ હતી,
હવે ત્યાં ખાલીપો, ઉદાસી, ગમગીની સિવાય કશું જ નથી.
યાદ કરીને આંસુ વહે છે, ક્યાં જઈશું,
કોને કહીશું અમ અંતરની વાત.
પ્રભુને વિનંતી પાસે રાખજો આ જીવને,
પુનરુત્થાનની પ્રભાતે ફરી અમે મળીશું સુષ્માને.

**એજ તારાં દુઃખી પપ્પા-મમ્મી, જોનભાઈ તથા ફુલકેરિયા**
**ભાઈ-ભાભી, જેમ્સ તથા સ્મિતા તથા બાળકો એરિના, શર્લીન**
ભરૂચ

## પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. વાલીબેન રોમાનભાઈ**
અવસાનઃ ૦૨-૦૯-૨૦૧૪

પ્રભુ તમારા આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. રાઠોડ દોમીનીક સિલ્વેસ્ટર**
કરમસદ પટેલની ચાલી, ગોમતીપુર, અમદાવાદ

## પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. મણીબેન પિયુષભાઈ** (ખાંધલી)
જન્મઃ ૧૯૩૫ ★ અવસાનઃ૧૪-૦૯-૨૦૧૪

પ્રભુ તમારા આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. "મા" નો પરિવાર**

## પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. મનુભાઈ અંબાલાલ મકવાણા**
જન્મઃ ૧-૬-૧૯૫૨ ★ અવસાનઃ૨૦-૮-૨૦૧૪

પ્રભુ તમારા આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. પુષ્પાબેન મનુભાઈ મકવાણા તથા સહપરિવાર**
આરાધના સોસાયટી, સુણાવ રોડ, પેટલાદ

## પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. ઈગ્નાસ એસ. મેકવાન**
જન્મઃ ૯-૭-૧૯૩૩ ★ અવસાનઃ૨૪-૮-૨૦૧૪

પ્રભુ તમારા આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**તારો પરમ મિત્ર સાયમન એફ. પરમાર**

## પાંચમી પુણ્યતિથિ



**સ્વ. દિનેશભાઈ યાકુબભાઈ શાહ**
જન્મઃ ૨૭-૮-૧૯૭૨ ★ અવસાનઃ૨૮-૯-૨૦૧૦

પ્રભુ તમારા આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. દીકરો કેવીન તથા સમગ્ર પરિવાર**
૨૨, કમલેશ પાર્ક સોસાયટી, નડિયાદ (ગામ : મરીડા)

## પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. યાકુબભાઈ ત્રિકમભાઈ શાહ**
જન્મઃ ૨૪-૫-૧૯૪૩ ★ અવસાનઃ૧૮-૯-૨૦૧૪

પ્રભુ તમારા આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. લખીબેન યાકુબભાઈ શાહ તથા સમગ્ર પરિવાર**
૨૨ કમલેશ પાર્ક સોસાયટી, નડિયાદ (ગામઃ મરીડા)

## "મહામેળાપ"



**સ્વ. ઓર્ફીયસ જયપ્રકાશ ક્રિશ્ચિયન**


જન્મ: ૦૬-૦૭-૧૯૮૧

અવસાન: ૨૬-૦૯-૨૦૧૩

હું આવું છું કહીને તું ક્યાં ગયો? વરસાદ વરસીને તો રહી ગયો.
પણ તારો સાદ અનસૂનો રહી ગયો.
ખુશીઓ-મિઠાઈ, આપી-લઈ, તું ક્યાં ખોવાયો?
અમો તો જીવન-બાગ શોધી શોધી થાક્યા.
ત્યાં તો તું મંગલમંદિર ખુલ્લાં વિજયીરથ પર સવાર,
"દેવાધિદેવની ગોદમાં જઈ બેસી ગયો.
અમોને રાતનો ખૌફ તો ગયો. પણ, નવ-પ્રભાતે તો દુઃખ મટી,
અમ ઉરે તે પરમાનંદ પરમાનંદ થઈ ગયો.
હે જીવનબાગના માળીડા, તું વહેલો આવજે. અમને પણ તું સાથ લઈ જજે
બસ, એજ વિશ્વાસે જીવીશું, અંતે તો તારી પાસ
અનંત સુધી રહેવા ચોક્કસ આવીશું."

**લિ. સરલાબેન જે. ક્રિશ્ચિયન**
**સુહાસિની, દીપક, રેચલ, રોનાલ્ડ તથા દુઃખી પરિવાર તથા સગાંસંબંધી**

## તૃતિય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ડાહ્યાભાઈ વાલજીભાઈ ચૌહાણ**

જન્મ : ૦૪-૦૧-૧૯૪૫


અવસાન : ૧૬-૦૯-૨૦૧૨

આ સંસારરૂપી સાગરમાં ઘણા સારા માઠા અવસર આવ્યા. તેનો તમે હિંમતપૂર્વક સામનો કર્યો. જીવનભર કઠોર પરિશ્રમ, મહેનત કરી સાદગીપૂર્વક જીવન જીવી અમને સુખશાંતિ આપતા ગયા. આ તમારી નમ્રતા હતી. કુટુંબ પ્રત્યેનો પ્રેમ અને નિખાલસ સ્વભાવ અમારા હૈયામાં કાયમ માટે રહેશે.

પ્રભુ તમારા દિવ્ય આત્માને પરમશાંતિ આપે એજ અમારી અંતરથી પ્રાર્થના કરીએ છીએ.

**લિ. સવિતાબેન તથા બાળકો**
વડોદરા

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ફાબીયાન એફ્રેમ પરમાર**

જન્મ : ૧૨-૦૩-૧૯૪૭

અવસાન : ૨૯-૦૯-૨૦૧૪

"જીવનભર પરિશ્રમ કરી પરિવારને સમૃદ્ધ બનાવી સૌને સુખ અને શાંતિ આપતા ગયા. આત્મા કદી જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી. આપના સંસ્કાર એ શાશ્વત યાદ છે. આપનો પ્રેમાળ સ્વભાવ અમારી પ્રેરણા છે. આજે ભલે શરીર નથી પણ યાદ છે. હાથ નથી પણ આશીર્વાદ છે. આપના આશીર્વાદ એ સંસ્કાર એજ અમારી મૂડી છે. પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું...."

**લિ. આપનો સમગ્ર પરિવાર**
આરાધના સોસાયટી, સુણાવ રોડ, પેટલાદ

## પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. કાંતિભાઈ સીરીલભાઈ પરમાર**

જન્મ: ૧૬-૦૩-૧૯૫૧

અવસાન: ૦૮-૦૯-૨૦૧૦

**સ્વ**જનોના પ્યારા હતા તમે
**કાં**, અચાનક છોડી ગયા અમને
**તિ**મિર કરી તેજ હરી ગયા તમેં,
**ભા**ગ્ન હ્રદયની શ્રદ્ધાંજલિ તમને
**ઈ**, વાડીનો ઘેઘુર વડલો તમે
**સી**! મહેકી ઉઠી **'ઝીલ'** સમી
**રી**ઝવવા અમને **'સાનવી'** તમારી
**લ**હેરખી **'મીતલ, સંજય'** તણી
**પ**લ પલ યાદ કરે **'રોમીન'** તમારો
**ર**ખે ને દાદા સ્વપ્ન કરે **'સમર્થ'**
**મા**ને ન મન **'મીનેષ, પીનલ'** તણું
**ર**ડે છે **'વિશાલ'** હ્રદય અતિઘણું.

"શ્રદ્ધાંજલિ આપતાં બાળકો તથા પુનરુત્થાનની પ્રભાતે મળવાની આશા સાથે."

**આગ્નેશબેન કાંતિભાઈ પરમાર**
સામરખા

## દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. નિર્મલાબેન જેકબભાઈ ક્રિશ્ચિયન**

જન્મઃ ૦૮-૧૦-૧૯૪૮

અવસાનઃ ૧૧-૦૯-૨૦૧૩

મનુષ્ય જીવન મળવું એ ભાગ્યની વાત છે
મૃત્યુ થવું એ સમયની વાત છે
પરંતુ મૃત્યુ પછી લોકોના હૃદયમાં જીવીત રહેવું
એ જીવનમાં કરેલાં કર્મોની વાત છે
તમો અમારા હૃદયમાં સ્મૃતિરૂપે હંમેશાં જીવીત છો
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.

**તારાં બાળકો**
**શીલ્પા - રવી ગુંજન - દિપ્તી મિત્તલ - શીતલ**
**શીતલ - શેરોન સાયની - કેનીલ**
**જેકબ રેમીંગ ક્રિશ્ચિયન**
૧૧૫, મહાસુખ નગર, નોબેલ સ્કૂલ પાસે, કૃષ્ણનગર, અમદાવાદ

## દ્વિતીય પુણ્યતિથિએ સ્મરણાંજલિ



**સ્વ. નિર્મલા રતિલાલ મેકવાન**

જન્મઃ ૨૫-૦૯-૧૯૭૧

અવસાનઃ ૨૪-૦૯-૨૦૧૩

**"જે મારામાં શ્રદ્ધા રાખે છે તે અનંત જીવન પામે છે."**

તારી અણધારી વિદાય, તારી ઘણી ખોટ આપતી ગઈ, અને આ બે વરસનો સમયગાળો ઘણું સમજાવી ગયો. પરંતુ એક વાત મનમાં આજેપણ ખટક્યા કરે છે. ક્યાં અમે ભૂલ કરી બેઠા... કે પછી આ ઈશ્વરઈચ્છાને અમે સમજી શકતા નથી, બસ, એજ એક દીકરી માટે લખાયેલ એક પિતાનાં વચન હંમેશાં મનમાં ધબક્યા કરે છે.

*"તારી આવડતની કદર જો કોઈ ન કરે..*
*અફસોસ કદી જીવનમાં કરીશ નહીં.*
*નુકસાન સદાય ઝવેરીનું જ થયું છે...*
*જ્યારે જ્યારે એણે ઓછી આંકી છે હિરાની કિંમત."*

પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**તારી યાદમાં ડૂબેલો તારો પરિવાર રતિલાલ જી. મેકવાન**
એ-૧૦, કુંજ સોસાયટી, પવનચક્કી રોડ, નડીઆદ

## ત્રેવીસમી સ્મરણાંજલિ



**સ્વ. સંગીતા મીખાયેલ પરમાર**

જન્મઃ ૩૧-૧૦-૧૯૭૫

અવસાનઃ ૧૩-૦૯-૧૯૯૨

અતિ પ્રિય સંગીતા,

૧૯૯૨ની સાલની તેરમી સપ્ટેમ્બરના ગોઝારા દિને, વિંઝાયો કાળનો પંજો ને પીંખાયું પાંગરતું પુષ્પ એક, થઈ સૂની જીવનની નૌકા, થયાં સૂના ઘરનાં આંગણ.

અકાળ વિદાયને અમે જીરવી શકતા નથી : છતાં પ્રભુને ગમ્યું તે ખરું. પ્રભુ તારા આત્માને આજીવન શાંતિ આપે એજ પ્રાર્થના.

**લિ. પપ્પા - મમ્મી**
**સિસ્ટર સ્મૃતિ, રાજેશ-સુનિતા, અલ્પેશ-સ્નેહા, રોઝર-સ્તુતિ**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. મણીબેન પીયુષભાઈ ખ્રિસ્તી**

જન્મઃ ૦૨-૦૮-૧૯૩૦

અવસાનઃ ૧૪-૦૯-૨૦૧૪

વ્હાલી મા,

સમય, સમયનું કામ કરી ગયો, હાથમાંથી તારો હાથ... અરે? મીઠો મધુરો સંગાથ છૂટી ગયો, લાગ્યાં ભલે પડળ હવે વર્ષોનાં. તોય હજી એજ શ્વસતું ઘરને, એજ તુજ સીંચી લીલુડી વાડી. તું હજીયે અમ વચાળે છું એમ, બાળકોનો મીઠો કલરવ કહી રહ્યો હૈયે શ્રદ્ધા છે પુનરુત્થાનની, મુક્તિદાતાના મુક્તિ વરદાનની. મળશું જરૂર પુનઃ એકવાર, સ્મરણોમાં ધબકીશું વારંવાર સ્મરણોમાં ધબકીશું વારંવાર છબીમાંનો તારો ચહેરો કહી રહ્યો. પ્રભુ તમને ચિરશાંતિ બક્ષો.

**પ્રાર્થના મગ્ન તમારાં બાળકો**
**દિનેશભાઈ પી. ખ્રિસ્તી, ઈન્દિરાબેન આર. પરમાર**
**મંજુલાબેન કે. ચૌહાણ, મધુબેન જે. પરમાર (નડિયાદ) તથા સમગ્ર પરિવાર**
૮/બી જયવિજય કોલોની, મુક્તિ નગરની સામે, રામતલાવડી રોડ, નડિયાદ

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જોનભાઈ શીવાભાઈ મેકવાન**

જન્મ : ૩૦-૦૯-૧૯૭૧

અવસાન : ૧૮-૦૮-૨૦૧૪

તારી અણધારી વિદાયને એક વર્ષ પુરું થયું. તારો હસતો ચહેરો હંમેશાં અમારી આંખો સામે તરવરે વાણીની મીઠાશ. ભલે શરીર નથી, પણ યાદ છે અમને દિલમાં ખૂબજ વેદના ઝીલી છે. તારા જીવનમાં તે ભૂલાય તેમ નથી, સમય જિંદગીનો ઓછો હશે, એ ક્યાં ખબર હતી? વિદાય તારી અણધારી થશે એ ક્યાં ખબર હતી? મન હજી માનતું નથી કે તું અમારી સાથે નથી, અમારું હૃદય રડી પડે. યાદ તારી ખૂબ આવતાં દેહ ભીતર પ્રખર દવ લાગ્યો છતાંય ઉંહકારોય ન કર્યો. છતાંય મન માનવા તૈયાર નથી કે તું અમારી વચ્ચે નથી.

પ્રભુ પિતા આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે તેજ અમારી પ્રાર્થના.

**લિ. પરમાર સરલાબેન થોમાસભાઈ**

નવજીવન કોલોની, આણંદ

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ધનજીભાઈ એલ. પરમાર**

જન્મઃ ૦૧-૦૩-૧૯૩૬

અવસાનઃ ૨૪-૦૯-૨૦૧૪

આંખો હજુ નિહાળે છે આપને, અંતર હજુ પોકારે છે આપને
સ્મરણ થાય છે ત્યારે મન મૂકીને રડાવે છે અમને,
આપનું અસ્તિત્વ હવે તસ્વીર બની ગયું,
એ માનવા મન હજુ તૈયાર નથી.
જીવનની દરેક ક્ષણે અમોને આપની ખોટ સાલશે.

પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરશાંતિ બક્ષે એવી પ્રાર્થના.

**લિ. આપનો દુઃખી પરિવાર**
**શાંતાબેન ડી. પરમાર**
**સિરીલ - મંજુલા, એન્થોની - નિરંજના, બેનેડીક - ઉર્મિલા**
**સમીર - નિહારીકા, જોય - એરોમી, વિવાન**

એકતા પાર્ક, પવનચક્કી રોડ, નડિયાદ

## દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. રમેશભાઈ રામજીભાઈ પરમાર**

જન્મઃ ૦૧-૦૬-૧૯૫૭

અવસાનઃ ૨૮-૦૮-૨૦૧૩

**"પ્રભુ આવ્યો છું તુજ દ્વારે, નથી જોઈતુ હવે કશું મારે."**

પૃથ્વી પરનું ચોપન વર્ષનું જીવન પૂરું કરી તમે પરલોક સિધાવી ગયા. પત્નિએ પતિને અને સંતાનોએ પપ્પાને વિદાય આપવી પડે એ ઘટના વસમી છે. પરંતુ નિયતિ સામે કોઈનું ચાલતું નથી. જોત જોતામાં બે વર્ષ વિતી ગયાં, પરંતુ તમારી યાદ હરેક ક્ષણે તાજી રહે છે. દેહ સ્વરૂપે તમે અમારી સાથે નથી પરંતુ ક્રુવિલનાં રૂપમાં અમો તમને હંમેશાં નિહાળીએ છીએ.

પરમાકૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમશાંતિ આપે એવી પ્રાર્થના સાથે.

**લિ. આપનો દુઃખી પરિવાર**
**વિમળાબેન આર.પરમાર (વડોદરા), રાઠોડ દિનેશ ડી. તથા પરિવાર**

## દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. મેલ્વીન રાકેશ ક્રિશ્ચિયન**

જન્મઃ ૦૪-૧૨-૨૦૦૪

અવસાનઃ ૩૦-૦૯-૨૦૧૩

પ્રિય મેલ્વીન,

નાની એવી તારી જિંદગી મોટી માયા લગાડી ગયો, અમારી આંખોનું નુર હતો તું, તે આંખોને રડાવી ગયો, હસતો હતો જે પરિવાર તને જોઈને, તે પરિવારને તું છોડી ગયો, આવશે સદાને યાદ તારી, તું અમોને ખૂબ રડાવી ગયો. પરમકૃપાળુ પરમાત્મા આપની દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના.

**લિ. મોજીસ પી., પુષ્પાવતી**
**સેજલ, ટીમ્સી, એન્જલ, સ્વરા**

| | | | |
|---|---|---|---|
| ઈશબ(દાદા) | રાકેશ(પપ્પા) | હેમંત(કાકા) | ડૉ. ચેતન(ફુવા) |
| માર્થા(દાદી) | પ્રેમીલા(મમ્મી) | મનીષા(કાકી) | રીટા(ફોઈ) |

એચ-૬, માનસરોવર ડુપ્લેક્ષ, મણીનગર (પૂર્વ) અમદાવાદ (મો. ૯૪૨૯૯ ૦૭૨૭૬)

## પંખીની પાંખે

## ધર્મવસુધા

### અજોડ કફનની મુલાકાત

**તુરિન (ઈટાલી)** : ૨૧, ૨૨ જૂન, ૨૦૧૫ દરમિયાન આર્જેન્ટિનિયન વડાધર્મગુરુ ફ્રાન્સિસે એક સંબોધનમાં પોતાના પરિવારનાં મૂળ ઈટાલીમાં છે તેમ જણાવી પોતાને તુરિનના પૌત્ર તરીકે ઓળખાવ્યા હતા. એ સાથે નગરના ધાર્મિક ઉત્સાહની પ્રસંશા અને દોન બોસ્કોનું પુણ્ય સ્મરણ કરતાં, સાપ્રંત યુગના ખજાના તરીકે તુરિનના અજોડ કફનને ગણાવ્યું હતું. તુરિન પહોંચ્યા બાદ વડાધર્મગુરુએ પ્રથમ દિવસ શ્રમિકો વચ્ચે ગાળ્યો હતો, જ્યાં એક ફેક્ટરી કામદાર, ખેડૂત તથા ઉદ્યોગપતિ દ્વારા તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. તેમની સાથે વાર્તાલાપ કર્યા પછી ઈસુસંઘી વડાધર્મગુરુ પગપાળા સ્નાનસંસ્કારક સંત જોન મહાદેવાલય પહોંચ્યા હતા. જ્યાં 'અજોડ કફન' જેને ઈસુના પાર્થિવ દેહને વિટાળેલ કફન માનવામાં આવે છે, આગળ તેમણે કેટલોક સમય પ્રાર્થનામાં ગાળ્યો હતો, અંતે વડાધર્મગુરુએ વિશાળ ચોકમાં પવિત્ર ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો જેમાં એક લાખ જેટલા શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો. ખ્રિસ્તયજ્ઞ બાદ 'દૂત વંદના'માં વડાધર્મગુરુએ 'અજોડ કફન' વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, પ્રેમના પ્રતીક સમા અજોડ કફન પ્રત્યે ઘણા લોકોએ ભક્તિ દર્શાવી અત્રે પધાર્યા છે. વળી દોન બોસ્કોની જન્મજયંતીની દ્વિશતાબ્દીએ ફરી એકવાર સંતવંદના કરી હતી. પુરોહિત અને સંન્યસ્ત ગણની મુલાકાત કરતાં તેમણે ઉમેર્યું હતું : 'તમારી પાળકીય જવાબદારીને નિષ્ઠાપૂર્વક વળગી રહો અને લોકોની વચ્ચે હાજરી આપો એ જરૂરી છે.' — Zenith

### યુનેસ્કો સુરક્ષિત વારસો જાહેર

**જેરુસાલેમ** : ભગવાન ઈસુએ જે જગ્યાએ સ્નાનસંસ્કાર ગ્રહણ કર્યો હતો તે 'બેથેની બીઓન્ડ ધ જોડન' યર્દન નદીના પૂર્વકાંઠાના સ્થાનને સયુંક્ત રાષ્ટ્ર સંઘે(યુનેસ્કો) વિશ્વસ્તરે સુરક્ષિત સાંસ્કૃતિક વારસો (વર્લ્ડ હેરિટેજ સાઈટ) તરીકે જાહેર કરી છે, એમ જેરુસાલેમના ક્રિશ્ચિયન આર્કિઓલોજિ (પુરાતત્વવિદ્યા) ના પ્રાધ્યાપક ફ્રાન્સિસકન ફાધર યુગેનિયો અલ્લિએત્તાએ જણાવ્યું હતું., "આ નિર્ણય તાર્કિક અને આવકાર્ય છે. આજ સ્થળે બીઝાન્ટાઈન એન્ટિક્વાટિઝ (પુરાતન અવશેષો) અને દેવળો અસ્તિત્વમાં છે, યર્દનના પશ્ચિમ કાંઠા તરફ માંડ ૬૦૦ વર્ષ પહેલાંથી જ યાત્રીઓએ મુલાકાત શરૂ કરી હતી, પણ આપણા માટે યર્દન નદી, તેનો મધ્ય ભાગ, સૌથી વધારે પવિત્ર સ્થાન છે." એમ પ્રાધ્યાપકે ઉમેર્યું હતું.

પ્રવાસનમાં વધારો કરવા માટે જોડન અને ઈસ્રાયેલ બન્ને દેશ ઈસુના સ્નાનસંસ્કારની જગ્યા માટે બન્ને કાંઠે પોતાની રીતે અલગ દાવો કરતા હતા. ઈસ્રાયેલે નદી કિનારે, ઈસુના સ્નાનસંસ્કારની જગ્યાએ યાત્રીઓના સ્નાન માટેની સુવિધામાં સુધારો કર્યા છે, વળી નદીના મધ્ય વહેણ સુધી પહોંચવા લાકડાનો સુરક્ષિત કઠેરો તેમજ ભવ્ય પ્રવેશદ્વારનું નિર્માણ કર્યું છે. છેલ્લા ત્રણેક વડાધર્મગુરુએ યર્દન નદીના પૂર્વકાંઠે યાત્રા કરી, 'બેથેની બીયોન્ડ ધ જોડન' નામની જગ્યાએ કેથોલિક ધર્મસભા માન્ય સ્થળ તરીકે મહોર મારી છે. સંત યોહાનના શુભસંદેશ પ્રમાણે ( ૧ : ૨૮ અને ૧૦:૪૦) આ એજ જગ્યા છે, જ્યાં સ્નાનસંસ્કારક યોહાને પશ્ચાતાપ કરનારાનો તેમજ ભગવાન ઈસુને સ્નાનસંસ્કાર આપ્યો હતો. વડાધર્મગુરુ સંત જોન પોલ બીજાએ સહસ્ત્રાબ્દી (૨૦૦૦) વેળાએ પ્રથમ વખત આ સ્થળની યાત્રા કરી હતી. તેમના પગલે વડાધર્મગુરુ બેનેદિક્ત સોળમાએ ૨૦૦૯માં અને વર્તમાન વડાધર્મગુરુ ફ્રાન્સિસે ગયા વર્ષ (૨૦૧૪) યાત્રા કરી હતી. આ જગ્યાની આજુબાજુ અંદાજે ૨૦ જેટલી જગ્યાઓ પર ઈસુના સ્નાનસંસ્કારની મૂળ જગ્યા હોવાનો દાવો છેલ્લાં ૬૦૦ વર્ષથી કરવામાં આવ્યો છે. — CNS

### દાદીદાદાના પર્વની ઉજવણી

**વેટિકન** : પૂર્વ વડાધર્મગુરુ બેનેદિક્ત સોળમાએ પર્વની ઉજવણી ટાણે ૨૮ જુલાઈના રોજ સેન્ટ આન્ન પેરિશમાં પુરોહિતગણ સાથે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. ખ્રિસ્તયજ્ઞ બાદ તેમણે પ્રત્યેકને ગુલાબમાળા, પુસ્તક અને ફળનો કરંડિયો ભેટ આપ્યાં હતાં. મોટાભાગના દેશમાં ૨૬ જુલાઈ, માતા મારિયાનાં માબાપ અને ભગવાન ઈસુનાં નાનીનાનાનું પર્વ, દાદી-દાદાના પર્વ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષ ૧૬મા પર્વ ટાણે સ્પેઈનના વેટિકન એલચીને વડાધર્મગુરુ ફ્રાન્સિસે સ્પેઈનવાસીઓને સંદેશ મોકલ્યો હતો : 'શ્રદ્ધાનો પુનઃ આવિષ્કાર કરો અને પરમાત્માનું સાયુજ્ય સાધો. પરમાત્મા કોઈને પણ અસહાય પરિસ્થિતિમાં છોડી દેતો નથી, વડીલો હજુ પણ વાત્સલ્ય અને અનુભવજ્ઞાનથી પરિવારજનોને વિકાસમાં ઉપયોગી બની શકે છે. તેમ કરવાથી પરિવારજનોનાં જીવનમૂલ્ય અને આધ્યાત્મિક સ્તરનું જતન થશે.' વડીલોને સંદેશ આપ્યા પછી વડાધર્મગુરુએ તેમની દેખરેખ રાખનારને આગ્રહ કર્યો હતો : 'અપાર પ્રેમથી વડીલોની સંભાળ રાખીને તેઓ સમાજના સાર્વજનિક ભલાઈમાં ટેકો આપી રહ્યા છે, માટે તેમને તરછોડશો નહીં!' — Zenit.org.


**ટેનામેન્ટ વેચવાનું છે**

2 BHK બે બાજુ જગ્યા, સંપૂર્ણ સુવિધા સાથે.

૭૨/એ, કર્મવીર - ૮, નવા બિલોદ્રા, નડિયાદ

સંત આન્ના હાઈસ્કૂલની નજીક

**સંપર્ક : મો. ૯૯૭૯૮ ૮૭૦૬૨ / ૮૮૬૬૬ ૦૦૪૨૪**

**મકાન વેચવાનું છે**

પ્લોટ એરિયા ૨૫૮ ચો.વાર, તેમાં ૨૧૨ ચો.વારનું બાંધકામ. ગાડી પાર્કિંગની જગ્યા, સર્વન્ટરૂમ સાથે, સ્વતંત્ર પોતાનો બોર, બધી જ સુવિધા સાથે.

**સરનામું:** ફાતીમા પાર્ક, સેંટ જૂડ પાર્કની બાજુમાં, પાધરિયા,આણંદ

**સંપર્ક : મો. ૯૫૧૦૭ ૮૯૦૨૨, ૯૦૯૯૫ ૫૯૨૪૬**

## ધર્મભારતી

### સુરક્ષિત વારસામાં સ્થાન

**મુંબઈ :** ધ યુનિર્વસિટી ગ્રાન્ટ કમિશનએ દેશની ૧૯ કોલેજોને સુરક્ષિત સાંસ્કૃતિક ઈમારત તરીકે જાહેર કરી છે જેમાંની એક ઈસુસંઘી સંચાલિત સેંટ ઝેવિયર્સ કોલેજ-મુંબઈ છે. આ કોલેજની ઈમારત-પટાંગણ સો વર્ષનો ભવ્ય વારસો ધરાવે છે. સમગ્ર દેશમાંથી ૬૦ પ્રસ્તાવ અરજીમાંથી ૧૯ને જ કેવળ આ સ્થાન મળ્યું છે. સુરક્ષિત સાંસ્કૃતિક વારસા તરીકે પસંદગી પામ્યા પછી તેમને વિશેષ અનુદાન આપવામાં આવે છે, જેનો ઉપયોગ પટાંગણને સુરક્ષિત રાખવા તથા ભવ્ય વારસા સંબંધી અભ્યાસક્રમ શરૂ કરવા માટે કોલેજ સત્તાવાળા કરી શકે છે.

– Ucan news

### નૃત્ય દ્વારા સંદેશ

**ન્યુ દિલ્હી :** 'આબોહવા પરિવર્તન' અંગે વડાધર્મગુરુના વૈશ્વિક પડકારને તાત્કાલિક પ્રતિસાદ આપતાં દિલ્હીનાં બાળકોએ શેરીઓમાં-રસ્તા પર ખુલ્લા આકાશ નીચે-વરસતા વરસાદમાં પર્યાવરણ જાગૃતિ માટે નૃત્ય દ્વારા સંદેશ આપ્યો હતો. 'જરૂરિયાતોને મર્યાદિત કરી, પર્યાવરણને સુરક્ષિત તથા સમૃદ્ધ કરવાના વડાધર્મગુરુના સંદેશને આ રીતે બાળકો ઠેર ઠેર પહોંચાડી શકશે, એમ માનું છું.' એમ ૧૨ જુલાઈના રોજ દિલ્હીમાં રજૂ થયેલ નૃત્ય કાર્યક્રમના સહભાગી, કલ્પના સિંઘે યુકેન ન્યુઝને જણાવ્યું હતું. લોકોનું ધ્યાન ખેંચવા માટે તેમણે રંગબેરંગી છત્રીઓ, એકસરખી સાયકલ અને બેનરનો ઉપયોગ કર્યો હતો. સમગ્ર વિશ્વ કુદરતી આફતથી પરેશાન છે ત્યારે ધરતી માતાને - પર્યાવરણને થયેલું નુકશાન આપણે ભરપાઈ કરવું જોઈએ.

### વિદ્યાપીઠમાં ચમત્કાર

**પૂણે (મહારાષ્ટ્ર) :** સદીઓ અગાઉ ખરીદેલી જ્ઞાનદીપ વિદ્યાપીઠ પૂણેની જમીન પથ્થર યુગની વેરાન, નિર્જળ હતી. ઈસુસંઘીઓની અનેક પેઢીઓ અને અન્ય લોકોએ તેને હરિયાળી કરવા તનતોડ મહેનત કરી પણ પાણી વિના, પાણીમાં ગઈ! જમીન બિનઉપજાવ હતી, નગરપાલિકાનું પાણી મળવું આસાન ન હતું. પુરોહિતના ઉમેદવાર યુવાનોના પરિશ્રમથી ઉજ્જડ જમીનમાં કેટલાંક વૃક્ષ ઉગાડ્યાં હતાં, કેટલાક પાક લેવાનું શક્ય બન્યું હતું.

ગુજરાત ઈસુસંઘના ફાધર જેકોબ કુલન ગુરુ ૨૦૦૭માં પેપલ સેમિનરીના મિનિસ્ટર બન્યા, એક અનુભવી ખેડૂતના સુપુત્રએ વેરાન જમીનને ઉપવન બનાવવાનો ભગીરથ પ્રયાસ કર્યો, તેમણે ચાર કૂવા ખોદાવ્યા, કેટલાક તો ૪૦૦ ફૂટ ઉંડા, પણ પાણી મળ્યું નહીં, તેમણે હાર માની નહીં. આ સમયમાં રસોડાનો કચરો, સેન્દ્રિય ખાતર, ઘાસ વગેરે ખડકાળ જમીન પર પાથરી, નવસાધ્ય બનાવવામાં આવી. માવજત કરી વળી કેટલાક પ્રોજક્ટ ફંડથી વરસાદી પાણીના સંગ્રહ માટે ૧૫ ફૂટ ઊંડુ તળાવ ખોદવામાં આવ્યું. પૂણેની કોન્સ્ટ્રક્શન કંપનીનો સંપર્ક કરી તળાવની માટી આપી દીધી અને બદલામાં ૪૦૦૦૦ ટ્રક ફળદ્રુપ માટી જમીનમાં પાથરી, સમથલ કરી, જમીનને નવસાધ્ય કરી, વરસાદી પાણી અને ખાતરવાળી માટીની જુગલ જોડીએ ચમત્કાર સર્જ્યો. ૨૦૦ વ્યક્તિના સામૂહિક રસોડામાં ૩૦% શાકભાજી ઘર આંગણથી મળવા લાગી. ધન્યવાદ.

– ફાધર રપ્પાઈ એસ.જે.

### પ્રોજક્ટ મિસિંગ

**કોલકત્તા :** માનવકદથી જરા ચહેરાવિહોણા યુવતીઓના છાયાચિત્ર દ્વારા, ખ્યાતનામ કલાકાર લીના કેજરીવાલ, સમાજને ગુમ થતી યુવતીઓ અને લોહીના વ્યાપારના સંભવિત ગઠબંધન સામે લાલબત્તી ધરે છે. અસુરક્ષિત ચહેરા અને અવાજ વિહોણી યુવતીઓ માટે લીના જોરશોરથી લડત આપે છે. લીનાની કલાકૃતિનું પ્રદર્શન વિશ્વમાં કોલકત્તા, દિલ્હી, તહેરાન, બર્લિન અને વ્હીમેરમાં - અત્યાર સુધી યોજાયું છે. દુનિયાની સફર કરીને હવે તેઓ ઘરઆંગણ પરત ફર્યા છે અને લોહીના વ્યાપારમાં ઘરકામ યુવતીઓની મુક્તિ અને પુર્નવસવાટના કાર્યમાં જોડાયેલ સ્વૈચ્છિક સાથે જોડાયાં છે. દેશના મહિલા અને બાળવિકાસ મંત્રાલયના ૨૦૦૭ના અહેવાલ પ્રમાણે અંદાજે ૩૦ લાખ મહિલાઓ આ વ્યવસાયમાં (?) જોતરાયેલ છે, જેમાં ૩૪.૫ ટકા મહિલાઓની ઉપર ૧૮ વર્ષથી નાની છે! લાંબા મનોમંથન બાદ લીના કેજરીવાલે 'પ્રોજેક્ટ મિસિંગ' સાથે આગળ ધપવાનો નિર્ધાર કર્યો છે. ભારતનાં દસ મહાનગરમાં ફાઈબર ગ્લાસનાં ૧૨ થી ૧૫ ફૂટ ઉંચા યુવતીઓનાં શિલ્પ મૂકી, દેશવાસીઓને જાગ્રત કરવાનો આયાસ કરવામાં આવશે. તદુપરાંત મોબાઈલ એપ દ્વારા પણ યુવતીઓની કનડગતને પ્રકાશમાં લાવવા અને તે દિશામાં ઘટતું કરવા તેઓ મનસૂબો ધરાવે છે.

– better india.com.

### બાઈબલ લેખન કાર્યક્રમ

**ભોપાલ (મધ્યપ્રદેશ) :** મહાધર્મપ્રાંત ભોપાલ દ્વારા, તાજેતરમાં સેંટ જોસફ કો-એજ્યુકેશન સ્કૂલમાં મહાપ્રાંતના શ્રદ્ધાળુઓ માટે બાઈબલ લેખન કાર્યક્રમયોજાયો આ એક અનુપમ પ્રસંગનું આયોજન 'બાઈબલ મિત્ર સંગઠન' દ્વારા કરવામાં આવ્યું જેમાં પુરોહિતગણ, સાધ્વીબહેનો અને ધર્મજનો કાર્યરત છે. આ સંમેલનમાં હાજર સૌને બાઈબલ (હિન્દી આવૃત્તિ) પેન, કાગળ આ સંગઠન દ્વારા પૂરાં પાડવામાં આવ્યાં હતાં. અત્યાર સુધી ૧૩૩૪ પ્રકરણ લેખન માટે વ્યક્તિગતરૂપે ફાળવવામાં આવ્યાં હતાં.

'પ્રકરણના લેખન દ્વારા લોકો બાઈબલ વિશે વધારે જાણે, સભાનતા કેળવે એવો શુભાશય આ બાઈબલ લેખન કાર્યક્રમ પાછળ છે એમ 'બાઈબલ મિત્ર'ના પ્રમુખ ફાધર સુમનકુમાર તિરકીએ જણાવ્યું હતું. મહાધર્માધ્યક્ષ ડો. લીઓ કોનેલિયોએ આરંભની પ્રાર્થના બાદ ઉપસ્થિત શ્રદ્ધાળુઓને આશીર્વાદ આપ્યા હતા. 'બાઈબલ આપણને હકારાત્મકપણે જીવન જીવવાની કળા શીખવે છે, બાઈબલમિત્ર આ રીતે સુંદર કામ કરી રહ્યું છે.' એમ તેમણે અભિનંદન આપતાં જણાવ્યું હતું, હિન્દી બાઈબલ 'બાઈબલ મિત્ર'ની વેબ પર મૂકવામાં આવશે એમ પ્રમુખે જણાવ્યું હતું.

– website : http//biblemitr.yahoo.com

# ધર્મગુર્જરી

## તાલીમ કાર્યક્રમ

**અમદાવાદ :** ઉનાળાની ધોમધખતી ગરમીમાં શેકાતા અમદાવાદમાં જીવનદર્શન પાસ્ટરલ સેન્ટર વડોદરાના નિયામક ફાધર જીતેન્દ્ર ડી'મોન્ટે એસ.જે.ના માર્ગદર્શનમાં સેન્ટ ઈગ્નેશિયસ લોયલાના પેરીશ પાસ્ટરલ કાઉન્સિલના સભ્યગણ માટે, દૃશ્યશ્રાવ્ય માધ્યમના ઉપયોગ દ્વારા જ્ઞાનપ્રદ, કૌશલ્યયુક્ત તાલીમ શિબિર યોજાયો. તાલીમ દરમિયાન નિયામકે સભ્યગણને સામાજિક જવાબદારી પ્રત્યે આત્મઅવલોકનનો ભરપૂર પ્રયાસ કર્યો હતો. આગળના દિવસે 'મધુર સાઠી પરિવાર' (વૃદ્ધવસ્થામાં પાંગરેલા) સાથે, ઈશ્વરના કૃપાનું દીઘાયુષ્ય માણવા હૈયા ધારણા આપી હતી. સભાપુરોહિત ફાધર મીકી અને ફાધર વિન્સેન્ટના પ્રયાસથી આ શક્ય બન્યું હતું.

— વાઈસ પ્રેસિડેન્ટ પી.પી.સી.

## અંગ્રેજી માધ્યમની શાળા

**બોચાસણ :** ૮ જૂન-૨૦૧૫ના રોજ નવા સત્રના આરંભે બોચાસણની આજુબાજુના ગામના સરપંચશ્રીઓ, આગેવાનો અને ધર્મજનોની હાજરીમાં ધર્માધ્યક્ષ થોમસ મેકવાને શાળાના મકાનનો નવો ભાગ, નવીનીકરણ થયેલ છાત્રાલય અને સેંટ ઝેવિયર્સ ઈંગ્લિસ મીડિયમ સ્કૂલનો આશીર્વાદ કર્યા. ફાધર કુમારના નવા સભાપુરોહિતના આગમનથી ધર્મવિભાગો ટૂંકા ગાળામાં અસામાન્ય વિકાસ સાધ્યો છે. આગેવાનોએ ફાધર કુમારના સહકારની સરાહના કરી હતી, નાનકડા સન્માન કાર્યક્રમના અંતે ફાધર નટુએ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

— TAM Aug.15

## ત્રણ વર્ષની કાયદેસર માન્યતા

**ગાંધીનગર :** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ અનુસૂચિત જાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુક્ત જાતિઓ, લઘુમતિ જાતિઓ, વિકલાંગો, નિરાધારો તેમજ આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની અનુસૂચિત જનજાતિઓ માટેની કલ્યાણ યોજનાઓ માટે હાલ ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮૦૦૦/-ની આવક નકકી કરેલી છે.

અત્યાર સુધી એક જ ઉમેદવારે દર વર્ષ નવું વાર્ષિક આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેતું હતું તેના બદલે હવે ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક સશય/૧૧૨૦૧૫ / ૫૦૦૨૭૮ /અ સચિવાલય, ગાંધીનગર, ૭ જુલાઈ, ૨૦૧૪ પ્રમાણે રાજ્ય સરકારના તમામ વિભાગો હેઠળની કલ્યાણકારી યોજનાઓ માટે જરૂરી આવકના પ્રમાણપત્ર ત્રણ વર્ષ સુધી માન્ય રાખશે. જો કે પ્રમાણપત્ર પર સક્ષમ અધિકારીએ અવધિનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે અને આ ગાળા દરમિયાન જો ઉમેદવારની આવકમાં વધારો થાય તો સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રહેશે એવો ઉલ્લેખ પણ ઠરાવમાં કરવામાં આવ્યો છે. ઠરાવની ઉપયોગિતા માટે પરિપત્રનું વાંચન આવશ્યક છે.

— જયંતીભાઈ પી. શાહ, ગાંધીનગર

## સેંટ આન્નસ' ફેમિલી મેમ્બરર્સ

**નડીઆદ :** સિસ્ટર્સ ઓફ ચેરિટી ઓફ સેન્ટ આન્ન, સાધ્વીસંઘે ધર્મજનોને પ્રેષિતિક પ્રવૃત્તિમાં પોતાની સાથે જોતર્યા છે. આ નવા સંગઠનને તેમણે 'સેન્ટ આન્નસ' ફેમિલી મેમ્બરર્સ' એવું નામ આપ્યું છે. અમદાવાદ ધર્મપ્રાંતના 'બેઝિક ક્રિશ્ચિયન કમ્યુનિટી'ના ડાયરેક્ટર ફાધર ટાઈટસ ડી'કોસ્ટાના માગદર્શનમાં સાધ્વીબનોએ ૫ જુલાઈના રોજ, તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

સંકલ્પના સ્પષ્ટ કરતાં તેમણે કહ્યું હતું : 'પરમેશ્વર તરફથી આપને જે મળ્યું છે તે અન્ય વચ્ચે વહેંચી આપો., એજ ઈશ્વર સાથેનો મારો નાતો મને સમજાવે છે. જ્યાં સુધી પવિત્ર ખ્રિસ્તયજ્ઞમય જીવન હું જીવું છું ત્યાં સુધી જ બી.સી.સી.જીવંત રહેશે, અન્યથા મૃતપ્રાય:' ઉપસ્થિત સભ્યોને તેમણે પ્રશ્ન કર્યા હતા :'એક ખ્રિસ્તી સમાજ તરીકે આપણે ક્યાં ઉભા છીએ? સાંપ્રત કાળમાં આપણા સમાજની શી પરિસ્થિતિ છે?' ચર્ચાના પરિપાકરૂપે 'ધર્મજનોની ધર્મસભા' માટે પ્રત્યેકની જવાબદારી સૌએ સ્વીકારી. અવાર નવાર મળતા રહી, ધર્મસભાને સમૃદ્ધ કરવા સૌ એકમત થયા.

— TAM.Agu.2015

## યશ કલગીમાં વધારો

**ખંભાત :** સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે ત્યાંજ નવા સત્રથી ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ (સામાન્ય અને વિજ્ઞાનપ્રવાહ)નો આરંભ ૫ જુલાઈના રોજ થયો. વિદ્યાર્થી-વાલી-શિક્ષકગણની ઉપસ્થિતિમાં મુખ્ય મહેમાન શ્રી.ઈ.પી.દેસાઈ (જોઈન્ટ સેક્રેટરી - ગુજરાત એજ્યુકેશન બોર્ડ ગાંધીનગર) એ ઉદ્ઘાટન કર્યુ હતું અને આ વિદ્યાર્થીઓ ભાવિના પુરસ્કૃત વૈજ્ઞાનિક બને તેવી આશા વ્યક્ત કરી હતી.

શાળાના પ્રથમ આચાર્ય ફાધર હેનરી ડી'સોઝા સાથે અન્ય આચાર્યશ્રીઓ તેમજ નગરની એસ.ડી. કાપડિયા હાઈસ્કૂલનાં આચાર્યા સુજ્ઞશ્રી જ્યોત્સનાબેન હાજર રહ્યાં હતાં અને પ્રસંગને ગૌરવ અપાવ્યું હતું.

— TAM Aug.15

## પર્વની ઉજવણી

**દાહોદ :** ત્રણ દિવસની સંધ્યાભક્તિની આધ્યાત્મિક તૈયારી બાદ ૩૧ જુલાઈના રોજ, સંત જોસફ ધર્મવિભાગ દાહોદમાં સંત ઈગ્નાસના પર્વની શાનદાર ઉજવણી થઈ. સભાપુરોહિત રેવ. ફાધર વિન્સેન્ટ એસ. વી.ડી.એ ઈસુસંઘના સ્થાપક સંત ઈગ્નાસના પ્રેરણાદાયી જીવનનો સંદેશ આપ્યો હતો.

ખ્રિસ્તયજ્ઞ બાદ ગુજરાત કેથોલિક સમાજ દ્વારા સંન્યસ્ત સાધુ-સાધ્વીઓનું સન્માન તથા બાલમંદિરથી ઉચ્ચશિક્ષણમાં સિદ્ધિ પ્રાપ્ત વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને આઠ દાયકા વટાવી જનાર વયોવૃદ્ધ શ્રી જોસફ ક્લેમેન્ટ મકવાણા અને શ્રી સેમ્યુલ જોન પરમારનું શાલ ઓઢાડી જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. બન્ને વડીલોની સમાજોદ્ધારની પ્રવૃત્તિઓની નોંધ લેવામાં આવી હતી. હાલમાં ગુજરાતી કેથલિક સમાજ તેમજ ક્રેડિટ સોસાયટીનું સંચાલન પ્રમુખશ્રી સીરિલ મેકવાન, ઉપપ્રમુખશ્રી અંતોન મકવાણા, મંત્રીશ્રી પિનાકીન

**'દૂત'ના ગ્રાહકમિત્રો માટે અગત્યની સૂચના**

## ૦૧-૦૯-૨૦૧૫ થી 'દૂત'ના વાર્ષિક લવાજમનો દર રૂા. ૧૫૦/- રહેશે.

**નિયામકશ્રી**

મેકવાન તથા ખજાનચીશ્રી જયંતી મેકવાન, ઉત્તમ કર્તવ્યનિષ્ઠાથી નિભાવે છે. સમાજના અને ધર્મસભાની સ્તુત્ય કામગીરી માટે એકબીજાને અભિનંદન આપતાં, આભાર માનતાં, સમૂહભોજનના અંતે ઉજવણી પૂર્ણ થઈ હતી. — સેમ્યુલ જોન પરમાર

**કરમસદ :** ૪ થી ઓગષ્ટ ૨૦૧૫ના રોજ સંત જોસફ દેવાલયમાં વ્યાનીના સંત જોન મારીના તહેવારની ઉજવણી કરવામાં આવી. ખ્રિસ્તયજ્ઞ દરમ્યાન સભાપુરોહિત ફાધર અંતોન અપ્પાઉએ સંતના પવિત્ર જીવન વિશે રજૂઆત કરી, પુરોહિતગણ માટે રોજ પ્રાર્થના કરવા શીખ આપી. ધર્મજનોએ ઉપસ્થિત પુરોહિતગણનું ફૂલહારતી સન્માન કરી, રક્ષક સંતના તહેવારની શુભેચ્છા પાઠવી હતી. — મેકવાન રમણ ગાલ્લુસ

૧૫ ઓગષ્ટના રોજ સંત જોસફ દેવાલયમાં માતા મારિયાના ઉદ્‌ગ્રહણ પર્વના માનમાં વિશેષ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો. ધન્ય કુમારી મા મારિયાની જેમ ઈશ્વરને આધીન જીવવા ફાધર વિનુ જયોર્જ સંદેશ આપ્યો. ખ્રિસ્તયજ્ઞ બાદ આર. સી.મિશન શાળા પટાંગણમાં ફાધરે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો અને સ્વ. ડો. કલામને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં તેમના જેવા જિજ્ઞાસુ વિદ્યાર્થી અને મહાન દેશભક્ત બનવા અનુરોધ કર્યા. શાળાના આચાર્ય ધુળાભાઈ પરમાર અને સહકાર્યકરોની જહેમતે બન્ને પર્વની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં થઈ.

— મેકવાન સ્લેની હિતેશ

**નડીઆદ :** ૧૫ ઓગષ્ટ, ભારતમાતાનું આઝાદી પર્વ અને માતા મારિયાના સ્વર્ગારોહણનું પર્વની સર્વોદય પ્રજા દ્વારા અર્થસભર ઉજવણી કરવામાં આવી. દેશભક્તિના અન્ય કાર્યક્રમ સાથે યુથ દ્વારા માતા મારિયાનાં ભજન સ્પર્ધા યોજાઈ, જેમાં ૨૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ફાધર મારી જોસફ અને સિ. ફેમીક્ષ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહન આપ્યું હતું.

— આલ્ફોન્સ ફ્રાન્સિસ

### નર્સિંગ સ્કૂલ - હોસ્ટેલનું ઉદ્‌ઘાટન

**સાણંદ (અમદાવાદ) :** ૮મી ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ અવર લેડી ઓફ પિલાર નર્સિંગ સ્કૂલ અને હોસ્ટેલનું ઉદ્‌ઘાટન, ગાંધીનગર મહાધર્મપ્રાંતના નવનિયુક્ત મહાધર્માધ્યક્ષ અને એડમિનિસ્ટ્રેટર ઓફ અમદાવાદ ડાયોસીસ પરમ પૂજ્ય થોમસ મેકવાને, સ્પેઈનથી પધારેલા મહેમાનો, પ્રોવિન્શિયલ તેમજ નિકટના સાથીદારોની હાજરીમાં કર્યું. આ વર્ષે નવાસત્રથી નર્સિંગ (એ.એન.એમ) કોર્સ સપ્ટેમ્બર-૨૦૧૬થી શરૂ થશે. અમદાવાદ ધર્મપ્રાંતના આ સ્વપ્નને સાકાર થતાં, સૌનાં અંતર પ્રભુના આભારગાનમાં ઝૂકી ગયા.

— સિ. પ્રભા પરમાર

### તેરમી પ્રશ્નોત્તરી ૨૦૧૫

**કપડવંજ :** ૦૯-૦૮-૨૦૧૫ના રવિવારે દોન બોસ્કો, મુકામે માતા મરિયમને શરણે રહી શ્રદ્ધાનાં મૂળ ઉંડા ઉતરે અને માતા મરિયમ વિશે વધુ જ્ઞાન પ્રાપ્ત થાય એવા બેવડા હેતુથી તેરમી માતા મરિયમની પ્રશ્નોત્તરીનું આયોજન અમૃતધારા જીવનપ્રેરણા કેન્દ્ર દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં ઉમરેઠ ડીનરી અને ગુજરાતની દોન બોસ્કો સંસ્થાઓએ ભેગા મળી કુલ ૯ તાબાઓ ડાકોર, કવાંટ, છોટાઉદેપુર, નારુકોટ, ઉમરેઠ, ઠાસરા, બાલાશિનોર, કઠલાલ અને ખેમપુર-માંથી ત્રણ ત્રણ બાળકોએ દરેક તાબાનું પ્રતિનિધિત્વ કરીને ૨૭ સ્પર્ધકો ભાગીદાર થયા હતા. આ પ્રશ્નોત્તરીના કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ફાધર લોરેન્ઝો ડી'સોઝા એસ.ડી.બી. (દોન બોસ્કો હાઈસ્કૂલ, ડાકોર) એ હાજરી આપી હતી.

પ્રશ્નોત્તરીની શરૂઆતમાં મુખ્ય મહેમાન તથા ઉપસ્થિત પુરોહિતગણના વરદહસ્તે દિપ પ્રગટાવી પ્રશ્નોત્તરીનો શુભઆરંભ કરવામાં આવ્યો. આ પ્રશ્નોત્તરીનું સંચાલન જોય મેકવાન (ઉમરેઠ) દ્વારા કરવામાં આવ્યું હતું. ટાઈમકીપર તરીકે મિ. આગ્નેલો (અમદાવાદ) અને સ્કોરર તરીકે મિસ. જોઈશ (અમદાવાદ)એ સેવા આપી હતી.

આ પ્રશ્નોત્તરી દ્વારા બાળકોને માતા મરિયમ તથા તેમના જીવન વિશે જ્ઞાન સાથે જુદી-જુદી પઝલો દ્વારા ઘણું બધું જાણી શક્યા હતા. અંતે આ પ્રશ્નોત્તરીમાં પ્રથમ વિજેતા તરીકે કઠલાલ (૬૬ ગુણ), દ્વિતીય વિજેતા તરીકે નારુકોટ (૬૨ ગુણ) અને તૃતીય વિજેતા તરીકે ઠાસરા(૬૧ ગુણ)બન્યા હતા. આ વિજેતા બનેલા સ્પર્ધકોને મુખ્ય મહેમાનના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રશ્નોત્તરીના અંતે પ્રશ્નોત્તરીના આયોજન અમૃતધારા જીવનપ્રેરણા કેન્દ્રના ડાયરેક્ટર ફાધર એલેક્ષ ફર્નાડીસ એસ. ડી.બી. એ પ્રશ્નોત્તરીમાં ભાગ લેનાર પાઠવતાં આભારવિધિ કરી હતી.

— અમૃધારા જીવનપ્રેરણા કેન્દ્ર (કપડવંજ)

### સંચા વિતરણ કાર્યક્રમ :

**નડીઆદ :** સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ, નિર્મલ મરિયમ કોન્ફરન્સ મારફ્તે બેરોજગાર બહેનોને સ્વરોજગાર માટે બાર જેટલાં સિવવાના સંચાનું વિતરણ, ૧૫ ઓગષ્ટના રોજ કર્યું હતું. આ પ્રસંગે ચર્ચના પુરોહિતગણ, ધર્મસેવા સમિતિ અને વિન્સેન્ટ દે પોલ મંડળના હોદ્દેદારો, મંડળના દાતાગણ તથા શુભેચ્છકો હાજર રહ્યા હતા. 'આ સંચો તમારી સ્વરોજગારી માટે જ છે, જ્યારે તમારા માટે બિનજરૂરી લાગે ત્યારે મંડળમાં જમા કરશો. જેથી, બીજા બેરોજગાર બહેનને રોજગારી મળી શકે.' એવો સંદેશ કોન્ફરન્સના આધ્યાત્મિક સલાહકાર રેવ. ફાધર મારી જોસફે બહેનોને - સૌને આપ્યો હતો. રૂા. ૬૦,૦૦૦/-ના આ પ્રોજેક્ટમાં મંડળ અને લાભાર્થીએ ઉમેરી કુલ ૭૬૦૦૦/-ના બાર સંચા બહેનોને વિતરણ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન કોન્ફરન્સના યુવાન ઉપપ્રમુખ સુકેતુ શાહે કર્યું હતું. — વિન્સેન્ટભાઈ મેકવાન



# સ્મરણાંજલિ

**સ્વ. સુસાન્નાબહેન બિપિનભાઈ આઝાદ**
**(૨૪-૦૫-૧૯૩૩ – ૦૫-૦૯-૨૦૧૪)**



અચાનક વરસાદી રાત્રે બે વાગ્યે મોટાભાઈ પ્રદીપભાઈનો ગાંધીનગરથી ફોન આવ્યો કેપ મમ્મી પ્રભુમાં ઊંઘી ગયાં છે ત્યારે વાત માની શકાય તેમ નહોતી. એ દિવસે સવારે-સાંજે રસોઈ પણ મમ્મીએ બનાવી હતી. સરસ રીતે જમ્યાં હતાં, ને પછી...! મૃત્યુ એ ફક્ત શરીરનું દફનાઈ જવું એટલું જ નથી. મૃત્યુ સાથે યાદો વિંટળાઈ વળે છે. પ્રખર પ્રાર્થનામય-પ્રેમાળ આપના જીવન સાથેનું અમારું સહજીવન, સહચિંતન, સહઅસ્તિત્વ જોડાયેલું છે.

એ ફક્ત વ્યક્તિની ગેરહાજરી નથી. એ તો એનો અવાજ, એનો રણકો, ટહુકો, ગુસ્સો, હાસ્ય, એનો પુષ્કળ પ્રેમ એવી કેટલીય વસ્તુઓની ગેરહાજરી છે.

મમ્મી આજીવન આપણી આંગળી પકડી રાખે છે. આપણું દર્દ મમ્મીની આંખોથી છલકાઈ જતું હોય છે.

માતૃત્વ પામીને આપણને આ ધરતી પર લાવનાર માતાની મહત્તા ગાતાં આપણે ક્યારેય થાકતા નથી. સ્વર્ગ કરતાં જનની મહાન છે એમ કહેવું એ અલગ વાત છે અને માતાની સારસંભાળ રાખવી, પ્રેમ અને ભક્તિ રાખવાં તથા લાગણીનું ઝીણું જતન કરવું એ જુદી બાબત છે. અમારા મોટાભાઈએ મમ્મીની સાચા અર્થમાં સાર-સંભાળ રાખી હતી.

પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરકાલીન શાંતિ બક્ષો. પુનરુત્થાનની પ્રભાતે ફરી મળવાની દૃઢ આશા સાથે...

**લિ. આપનાં વહાલસોયાં બાળકો**

# ''વ્હાલી મમ્મી પિન્કીને
# પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ''



*" I am the resurrection and the life. He who believes in me will live, even though he dies."*
John : 11:25-45

## PINKY PRAVASI

BORN : 21-05-1970

LEFT FOR HEAVENLY ABODE : 24-07-2015

**''જીવન એવું જીવી ગયાં કે મૃત્યુ શરમાઈ ગયું, દુઃખને ગાયું નહીં, સુખને ક્યારે છલકાવ્યું નહીં, હસતો રાખી ચહેરો, વિદાય લીધી ઓચિંતી, સદ્‌ગુણો થકી વસી ગયાં સૌના હૃદયમાં.''**

**સુની થઈ છે મનની દીવાલો, સુનું છે ઘરનું આંગણું, નયનો અમારાં શોધે છે તમને, તમારી હયાતીનું સ્મરણ થાય ત્યારે મન મૂકી રડીએ અમે, વ્હાલી ''મમ્મી'' તા. ૨૪-૦૮-૨૦૧૫ના રોજ તમારાથી અળગા થયે એક માસ પૂરો થયો, પરંતુ તમારું પ્રેમાળ, નિખાલસ, મુક્ત મનનું હાસ્ય કેમ કરીને ભૂલી શકાય? તમારી પ્રેમાળ છબી અમ સૌના દિલમાં કાયમી અંકિત રહેશે.**

**પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું એજ આશા સાથે હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.**

જોયલ, નોયલ તથા

વિજય પ્રવાસી
''રાધે બંગલો'' ચાંદખેડા - અમદાવાદ
સમગ્ર દુઃખી પ્રવાસી પરિવાર (આણંદ)
મો. ૭૫૭૪૮૪૦૦૪૦

દુઃખી સમગ્ર પૉલ પરિવાર
મેરીબેન (અમદાવાદ)
મો. ૯૨૨૮૧૯૦૫૧૬

**નોંધ :** *સ્વર્ગસ્થની માંદગીથી અંતિમ વિદાય યાત્રા સુધીમાં અમને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આશ્વાસન આપનાર સર્વ ફાધર, સિસ્ટર, સગાં-સ્નેહીઓ, મિત્રમંડળ તથા સર્વ હિતેચ્છુઓનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.*

# Macwan Vinifred Rakesh

## Birth: 25-10-1957

## Death: 20-07-2015

My Loving Immortal Mumma
If Roses grow in Heaven Lord,
Please pick a bunch for us.
Place them in our mother’s arms
And tell her they’re from us.
Tell her that we love her and miss her,
And when she turns to smile,
Place a kiss upon her cheek
And hold her for while.
Because remembering her is easy,
I do it every day,
But there’s an ache within our heart
That will never go away.



***We love you Mummy and We miss you so much.***
***Your’s miserable Rosemary,***
***Celine and Leevence.***
***With***
***Your Loving Husband Rakesh C. Macwan  And***
***Late Cyprian Macwan & Family***

*2, Marisha Apartments,*
*Opp. Beulah Church,*
*Sardar Park Society,*
*Maninagar East, Ahmedabad*



# અમારા પૂજ્ય પપ્પાને નવમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

"મરણ અસ્તિત્વને રૂંધી શકે છે પણ
વ્યક્તિત્વનો વિલય કરી શકતું નથી."

## સ્વ. શ્રી ચંદ્રકાન્ત જે. રાજન
## જન્મ : ૦૧-૧૦-૧૯૬૬
## સ્વ : ૧૩-૦૯-૨૦૦૬

વ્હાલા પપ્પા,

આમ સાવ આપ પ્રભુ પાસે જતા રહેશો એમ ધાર્યું જ નહોતું. અત્યારે પણ એવું લાગે છે કે, હમણાં આપ આવીને અમને બધાને બોલાવશો.

આપની સાથે વિતાવેલી પ્રત્યેક ક્ષણને, વાતોને, લાગણીઓને, પ્રેમને તેમજ આપે અમારા માટે જે કાંઈ કર્યું તે બધું યાદ કરીએ છીએ. આપ દેહાવસાન પામ્યા છો પણ આપની યાદો હજુ જીવંત છે. યાદોને વાગોળતાં હૈયું હચમચી જાય છે. ક્યારેક આપને ગમતા, ગીતના શબ્દો યાદ આવી જાય છે.

છોટા સફર હો, લંબા સફર હો,
સૂની ડગર હો યા મેલા,
યાદ આપ આયે મન રો જાયે,
ભીડ કે બીચ અકેલા
લેના હોગા જનમ હમે કઈ કઈ બાર....

પરમાત્મા આપના આત્માને શાંતિ અર્પે
એજ ખરા અંતઃકરણની પ્રાર્થના.



લિ. આપના.
અલકા, અચલ, અક્ષત
નડિયાદ તથા અમદાવાદ પરિવાર

# દ્વિતીય પુણ્યતિથિ

## સ્વ. આશિષ જશવંતભાઈ જાદવ

આલોકે આગમન - ૦૧.૦૩.૮૪
પરલોકે ગમન - ૦૮.૦૯.૧૩



**સમયધારા રહે વહેતી.....**
**સૌ ધારામાં રહે અશ્રુધારા વહેતી !**
**પરંતુ તારા સ્મરણની ધારા ય**
**એમાં રહે ભળતી,**
**ને સદા માટેની તારી ગેરહાજરી**
**અમારા હૈયે રહે ભરીભરી.....**
**પળે પળે પડે**
**અમારા મનના જળમાં**
**તારી યાદના પ્રતિબિંબો !**
**એમાં ઝળહળતો રહે તારો ચહેરો**
**ગયો તુ દૂરાતિ દૂર.....**
**પણ આમ છે પાસે ને પાસે,**
**ને આમ છે સાથે ને સાથે !**
**હૈયે ધબકે તુ,**
**આંખે વસે તુ,**
**આમ તુ થયો દૂર-**
**પણ છે તું દૂર ?**
**જોને ! ધબકે અમારા હૈયે !**


**વૃક્ષની ડાળેથી કલરવ કરતું**
**એક પંખી ઊડી ગયું.....**
**ને આકાશમાં ક્યાંક**
**વિહાર કરતું, સ્વર્ગે ભળી ગયું !**
**અમારે મન**
**એ પંખી એ તુંજ.....**
**કુટુંબકેરા આ બાગના**
**એ વૃક્ષેથી ગયું ઊડી**
**એ પંખી !**
**પણ એના સ્નેહનો કલરવ**
**ફેલાવતું ગયું.....**
**એના આનંદગીતના સ્મિત**
**રેલાવતુ ગયું.....**
**એની સારપના ફૂલ**
**ખીલવતું મહેંક મૂકતું ગયું.....**
**એથી જ એ પંખી**
**નથી ઊડી ગયું દૂર-**
**કિલ્લોલ જ કરે છે**
**અમારા હૈયે !**

**આશીર્વાદ – મારિયા પરિવાર**

**માતા – વિદ્યા જશવંત જાદવ**
**પિતા – જશવંત પીટર જાદવ**

**પીટર ગાબ્રિએલ જાદવ પરિવાર**

PAVAN HRUDAYA DOOT, September, 2015 No. of Pages 64 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2015-17 and LWPP-02. Licensed to post without Prepayment Up to 31.12.2017
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.



# અખંડ આરોગ્યદાયી માતાનો
# ૬૧મો મેળો
# ૦૨-૧૦-૨૦૧૫, શુક્રવાર



સ્થાપના : ૧૯૫૫

**ચાલો મરિયમપુરા** **મરિયમ તીર્થ** **ચાલો મરિયમપુરા**

**પ્રથમ ખ્રિસ્તયજ્ઞ** : સવારના ૭.૦૦ કલાકે

**સરઘસ** : બપોરના ૧૧.૦૦ કલાકે
આશાદીપ સોસાયટી, (સુણાવ રોડ) પેટલાદથી
મરિયમપુરા ચર્ચ સુધી ત્યારબાદ

**મહાખ્રિસ્તયજ્ઞ** : મહાધર્માધ્યક્ષ સ્ટેનિસ્લાઉસ ફર્નાન્ડીસના વરદહસ્તે

**ગરબા** : ખ્રિસ્તયજ્ઞ બાદ માતા મરિયમના ગરબા
(ગાયકવૃંદ સાથે)



**લોકહૃદયમાં અંકિત થયેલું**
**સ્વયંભૂ મરિયમ તીરથ!**

“દૈહિક રોગ બધા હરનારી, રૂઝવ આત્મિક ઘાવ,
પ્યારી ઓ આરોગ્ય માતા, નમીએ આખી માનવજાત”

**વિશેષ આકર્ષણ**
**ધર્મસભાના રક્ષકસંતોનું અદ્ભુત પ્રદર્શન**

સંન્યસ્ત વર્ગ અને ધર્મજનો
આરોગ્યદાયી માતા ધર્મવિભાગ, મરિયમપુરા, પેટલાદ



Publisher’s & Printer’s Name : Jerry Leo Sequeira S.J., Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier’s Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan